


વાચક, લેખક, પ્રવચનકાર રૂપે...
પથદર્શક, ગુરુ – ગુરુદક્ષિ રૂપે...
પુત્ર, પૌત્ર, ભાઈ, પતિ, પિતા રૂપે...
કોઠારી રૂપે...
વિદ્યાર્થી, મિત્ર, શિક્ષક રૂપે..
સમાજ સુધારક રૂપે...
પપ્પાજી અનંત સ્વરૂપે....

કિરણ-૧

# પપ્પાજી અનંત સ્વરૂપે...

લેખક : પૂ.ડૉ.નીલમબેન




શ્રી ગુણાતીત જ્યોત, વલ્લભ વિદ્યાનગર

પપ્પાજી અનંત સ્વરૂપે...

પ્રેરણામૂર્તિ : પ્રગટ બ્ર.સ્વ.પ.પૂ.પપ્પાજી મહારાજ

© પ્રકાશક : શ્રી ગુણાતીત જ્યોત
પપ્પાજી માર્ગ, પો.બો.નં.૨૩
વલ્લભ વિદ્યાનગર ૩૮૮૧૨૦
ફોન નં.૨૩૦૧૬૩, ૨૩૬૬૪૬

web site : www.gunatitjyot.org

પ્રથમ આવૃત્તિ : ૩૦મી ઑગષ્ટ, ૨૦૨૧
**'પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવ'**
ગુરુહરિ પપ્પાજીનો ૧૦૫મો પ્રાગટ્યપર્વ


मूल अक्षरमूर्ति श्री गुणातीतानंद स्वामी
पूर्ण पुरुषोत्तम श्री सहजानंद स्वामी
अनादि महामुक्त श्री गोपालानंद स्वामी

# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પાન |
|---|---|---|
| ૧. | પ્રસ્તાવના | ૫ |
| ૨. | પ્રાણાધાર પપ્પાજી | ૭ |
| ૩. | નવજાત શિશુ સ્વરૂપે... | ૧૧ |
| ૪. | બાળપ્રભુ સ્વરૂપે... | ૧૫ |
| ૫. | નાની–નાનાના પૌત્ર સ્વરૂપે... | ૧૯ |
| ૬. | પિતા પૂ.ડૉ.નાથાભાઈના પુત્ર સ્વરૂપે... | ૨૮ |
| ૭. | પૂ.દિવાળીબાના પુત્ર સ્વરૂપે... | ૩૩ |
| ૮. | પૂ.ચુનીભાઈના નાના ભાઈ સ્વરૂપે... | ૩૮ |
| ૯. | મોટી બેનના નાના ભાઈ સ્વરૂપે... | ૪૫ |
| ૧૦. | બ્ર.સ્વ.દાદુભાઈના મોટા ભાઈ સ્વરૂપે... | ૪૮ |
| ૧૧. | વિદ્યાર્થી સ્વરૂપે... | ૮૩ |
| ૧૨. | પૂ.કમળાબેનના પતિ સ્વરૂપે... | ૯૪ |
| ૧૩. | જમાઈ સ્વરૂપે... | ૧૦૮ |
| ૧૪. | પિતા સ્વરૂપે... | ૧૧૩ |
| ૧૫. | મિત્ર સ્વરૂપે... | ૧૩૩ |
| ૧૬. | પાડોશી સ્વરૂપે... | ૧૪૪ |
| ૧૭. | શિક્ષક સ્વરૂપે... | ૧૪૯ |
| ૧૮. | વાચક સ્વરૂપે... | ૧૫૭ |
| ૧૯. | લેખક સ્વરૂપે... | ૧૬૬ |
| ૨૦. | પ્રવચનકાર સ્વરૂપે... | ૧૭૨ |
| ૨૧. | કોઠારી સ્વરૂપે... | ૧૮૪ |
| ૨૨. | પથદર્શક, ગુરુ, ગુરુહરિ સ્વરૂપે... | ૧૯૮ |
| ૨૩. | સમાજ સુધારક, સેવક, આદર્શ માનવ સ્વરૂપે... | ૨૧૦ |

# પ્રસ્તાવના

દિવ્ય ગુરુહરિ પપ્પાજીની જીવનયાત્રામાં તેઓ વિધવિધરૂપે, વિધવિધ સમયે, વિવિધ સંબંધે, અનેકવિધ જીવો સંગે, વિધ વિધ જીવનચર્યાએ, વિવિધ કળાએ, અનંત કળાએ ખીલ્યા... અને સંબંધમાં આવનાર સૌને સર્વ પ્રકારે ખીલવ્યા !

માનવ તરીકે – 'બાબુ' નામ ધારીને જન્મ્યા !

પટેલ કુળ અને ચરોતર-કરમસદની ખાનદાની !

ખેતીપ્રધાન બાપદાદાઓ !

અને પિતા નાથાભાઈ ડૉક્ટર બન્યા,

એલ.સી.પી.એસ. ઈંગ્લૅન્ડની ઉચ્ચ ડીગ્રી ધારક !

પ્રખર નામાંકિત સેવાભાવી પરગજુ દાક્તર – ખેડા જિલ્લાના ૧૨૦ ગામોમાં ૩૦-૪૦ વર્ષ સુધી ખૂબ સેવા સુશ્રુષા કરી.

શ્રી શાસ્ત્રીજીમહારાજ અને શ્રી પુંજાજી બાપુરાજના શ્રધ્ધાવંત ભક્તરાજ પણ !

એવા ડૉક્ટરના દીકરા બાબુભાઈને કૉલેજનો વિજ્ઞાનનો અભ્યાસ અધૂરો મૂકીને યુવાન વયે જ આફ્રિકા મોમ્બાસા જવાનું થયું અને સામાન્ય શિક્ષકની નોકરી કરી. સામાન્ય માનવો જેવી જ, સામાજીક, વ્યવહારિક, રૂઢિ-પ્રણાલિગત જ ઉછેર-વિકાસ અને જીવનની યાત્રા ! છતાંયે જે જે સંબંધમાં આવ્યા તે સૌ જડ-ચેતન સાથે અલૌકિક રસબસતા સાધી, 'જેવો છે તેવો જ' તેનો સ્વીકાર આવકાર ! પણ સંબંધ એવો વિકસાવે કે તે 'જેવો છે તેવો ન રહે' પણ સર્વ પ્રકારે ઉન્નતિ પામીને સુખિયો થાય !

ડૉક્ટરના દીકરા બાબુભાઈ માસ્તર બન્યા અને તેમાંથી યોગીજીના બ્રહ્મરૂપ એવા દાસ કેવી રીતે બન્યા ? દાસ તો બન્યા અને અનેકોના તારણહાર પણ બન્યા ! અને 'શરણે આવ્યાના સંત સુજાણ' બનીને જીવોની આધ્યાત્મિક પ્રગતિ સરલ અને સુગમ બનાવી !

માનવના દેહમાં જ જન્મથી જ ગોપનીય રાખેલું બ્રહ્મતત્ત્વ પ્રત્યેક સંબંધમાં છતરાયા થતાં વાર ન લાગી. પોતે તો સ્વાભાવિક સહજભાવે

જ જોડાણ સાધ્યુ'તું ને તે દરેકને 'નોય આ બાબુભાઈ સામાન્ય માનવી! તે તો છે કોઈક વિશિષ્ટ ચૈતન્યશક્તિ ધારક અલગારી' તેવો સ્પર્શ – આંતર અનુભવ સૌને સાંપડ્યો !

તેથી જ મનાય છે કે જન્મથી જ યોગીજીએ સાક્ષાત્કાર કરાવ્યો ત્યાં સુધી – છૂપી સંબંધયોગીની બ્રાહ્મી અવસ્થા અને સંબંધ આપી સૌને પોતાનું મનન–ચિંતન કરાવી કલ્યાણના અધિકારી બનાવી દીધા ! પોતે મૌનભાવે રહી, હૃદયથી સૌને પ્રીત કરીને પ્રત્યેક સંબંધની ઉત્તમ ગરિમા જાળવીને એક અદ્‌ભુત ઉદારતા–વિશાળતા–સહનશીલતા રાખીને સંબંધોને અંતરાયરહિત કરતા રહેતા. ખુલ્લા મને સૌ સાથે જોડાતા. એક નિશ્ચિત સંબંધ બંધાય પછી સૌનો વિકાસ વણકહ્યે, વણવિચારે, વણપ્રયત્ને થયા જ કરતો !

એવા લૌકિક લાગતા અનેક સંબંધોની અહીં વાત કરીને, એક અનાદિ પૂર્ણ બ્રહ્મતત્ત્વ પપ્પાજીમાં જન્મથી જ આવિર્ભાવ થયેલું જ હતું તે જ દર્શન કરાવવું છે. જો કે કરાવવું નહીં પડે પણ પ્રત્યેક સંબંધની જે ગૌરવવંતી કહાનીનું દર્શન કરાવવાનો અલ્પ પ્રયાસ આ 'પપ્પાજી અનંત સ્વરૂપે...' પુસ્તકમાં કર્યો છે. તેનો અનુભવ આપણે સૌએ પણ કર્યો છે જ અને આપણે પણ આપણા આદર્શ પપ્પાજીનો દાખલો લઈને આપણા જીવનમાં પણ તેવા આપણા સંબંધોને સુવિકસિત કરવા વિચાર, વાણી, વર્તન કરીએ જેથી આપણા જીવનમાં સંબંધોમાં સંવાદિતા, સમન્વયતા અને સહનશીલતા પ્રગટતી રહે ! એવી અભીપ્સા સહ ડૉ.નીલમના જય સ્વામિનારાયણ.

૧લી સપ્ટેમ્બર, ૨૦૨૧
'પપ્પાજી સ્મૃતિ સૌરભ ઉત્સવ'
ગુરુહરિ પપ્પાજીનો ૧૦૫મો પ્રાગટ્યપર્વ

# પ્રાણાધાર પપ્પાજી

શ્રી સ્વામિનારાયણ ભગવાને પૃથ્વી પર પ્રગટીને જીવોને સંજીવની અર્પી. 'હું પૃથ્વી પર અખંડ રહીશ.' એવા આર્ષવચનો ઉચ્ચારીને પૃથ્વીને સનાથ બનાવી.

પોતાના ધામ સમાન અક્ષરસ્વરૂપો – વારસદારોનું પૃથ્વી પર સમયે સમયે પ્રાગટ્ય થયા કરે અને જીવો 'સંબંધયોગ'ના નાતે પ્રગતિ પામ્યા કરે. સુખે સુખે તેવી એક દુર્લભ યોજનાના અનુગ્રહે ઈ.સ. ૧૯૧૬ની પહેલી સપ્ટેમ્બરે બોરસદ ગામે – બાબુભાઈ નાથાભાઈ પટેલ નામ દેહધારી 'પપ્પાજી' પ્રગટ્યા – અવનિ ધન્ય બની. આ બાબુભાઈ છ ગામના પટેલ, કરમસદના વતની, નડિયાદ મોસાળમાં બાળપણ વીત્યું.

૫ વર્ષની ઉંમર સ્વસ્વરૂપનું જ્ઞાન થતાં જ, 'દાદા, દાદા હું તો પરમહંસ છું. તમારા કલ્યાણ કરવા આવ્યો છું.' એવા અમૂલ્ય વચનો સરી પડ્યા હતા.

૯ વર્ષની ઉંમરે પોતાના અનુજ દાદુભાઈ સાથે મળી પૃથ્વી પર સ્વર્ગ ઉતારવાનો સંકલ્પ કર્યો.

૧૧ વર્ષની કિશોરવયે ધર્મજના કમળાબેન સાથે પ્રભુતામાં પગલાં પાડ્યા.

૨૧ વર્ષની યુવાવયે કૌટુંબિક જવાબદારીઓ અને દેવામાં ડૂબેલા માતાપિતાના આંતરિક દર્દને પીછાણી પોતાનો અભ્યાસ અધૂરો રાખી ૧૯૩૭માં મોમ્બાસામાં પધારી ઉચ્ચ અને આદર્શ વ્યવસાય શિક્ષક તરીકેનો સ્વીકાર્યો. પૂરાં ૧૫ વર્ષ ત્યાં રહીને સમાજ સેવાની સાથોસાથ પોતાના આંતરિક ઉત્થાન અર્થે આધ્યાત્મિક પુસ્તકોનું વાંચન અને ધ્યાનમાં મગ્ન બન્યા.

૧૯૪૫માં આત્મામાં અગમ્ય તલસાટ થયો. ૧૯૫૦માં અંતરમાં દૃઢ થયું કે annihilate ego and He will be there. પણ એ He ક્યાં ? કોણ છે ? એની શોધમાં નીરવ સમાધિમાં ઊંડા ઉતરી જતાં.

૧૯૫૨ની ૧૫મી એપ્રિલે મુંબઈ – ભારત દેશમાં પદાર્પણ કર્યું. અને યોગીજીમહારાજની દષ્ટોદષ્ટ પ્રત્યક્ષ ઓળખ થઈ, ૧૯૫૨ની પહેલી જૂને આત્મસાક્ષાત્કારે દર્શન થયું, વચનામૃત ગ.પ્ર.૭૧મું પૃથ્વી પર ભગવાન અક્ષરધામ સહિત બિરાજે છે જે આ સમે યોગીજીમહારાજમાં પ્રત્યક્ષ છે.

ત્યારથી જ બાબુભાઈ મટી ગયા અને યોગીજીમહારાજનો દાસ – પ્રકાશ બની ગયા. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ ટળી ગયા અને 'હું યોગીનો ને યોગીનાં તે સૌ મારા' એવી પળેપળની જીવનશૈલીથી વર્તવા માંડ્યા.

બંધ આંખો અને ગંભીર મુખારવિંદ ધારીને સમગ્ર રીતે પરમાત્માનો પ્રકાશ બનીને યોગીજીના પરમ સિદ્ધાંતે 'યોગીજીના સંબંધે સૌ સ્વરૂપ' તેમ જીવવા લાગ્યા.

શ્રીજીના વચ.ગ.છે.૨૬ના સંકલ્પની પૂર્તિ આ સમે શ્રી યોગીજીએ સ્વહસ્તક લીધી. ગૃહસ્થ યોગી બાબુભાઈને એ કાર્યનું સુકાન સોંપતા આદેશ કર્યો – 'બહેનો ભગવાન ભજે તો શું ખોટું ? તે કાર્ય તમારે કરવાનું છે.'

તેવો સ્પષ્ટ નિર્દેશ પામીને બાબુભાઈ 'પપ્પાજી' નામ ધારીને સમગ્ર સત્સંગ સમાજના પરમ પિતા બની આધ્યાત્મિક ઉત્થાનનું કાર્ય શરૂ કર્યું ૧૯૫૨થી.

પપ્પાજી પ્રેમાળ, સુકોમળ માતૃહૃદયી અને વજ્રસમ રક્ષક બનીને, પોતાની તેજસ્વી પ્રતિભા છૂપાવીને, ભક્તો સંગે ભક્તો જેવા બનીને, ગૃહસ્થો, સંતો, ભાઈઓ, બહેનોનાં આધ્યાત્મિક માવતર બની રહ્યા.

નિષ્કામ જીવન અને પળેપળની ભક્તિભરી કાર્ય શૈલી નિહાળી સૌ બહેનો આત્મવિશ્વાસથી તેમના જ ઘરમાં, તેમની નિશ્રામાં તારદેવ મુંબઈમાં પ્રવેશવા લાગી. શરૂઆત થઈ શ્રી સોનાબા અને તેમની બે દીકરીઓ પૂ.જ્યોતિબેન અને પૂ.તારાબેનથી. આ બહેનોનાં જીવન પરિવર્તન અને આત્માના અનોખા ઓજસ અનુભવી ૧૯૫૬માં પૂ.હંસાબેન દવે અને ૧૯૫૯માં પૂ.દેવીબેન આવ્યાં. તેમની ભક્તિનો નિખાર જોઈ અનેક બહેનો વચ. ગ. છે.૨૬ને સિદ્ધ કરવા તેમનાં ગૃહમંદિરે પ્રવેશી.

૧૯૬૩માં યોગીજીએ સ્પષ્ટ આદેશ આપ્યો – 'બહેનોનું જુદું કરી આપો, વિદ્યાનગર તમારા પ્લોટમાં.'

૧૯૬૫માં યોગીજીમહારાજના વરદ હસ્તે 'ગુણાતીત જ્યોત'નું વિદ્યાનગરમાં ખાતમુહૂર્ત થયું અને આશીર્વાદ સરી પડ્યા – 'ગુણાતીત જ્ઞાનના સંદેશા દુનિયામાં અહીંથી ફેલાશે.'

૧૯૬૬માં તારદેવથી ૫૧ બહેનો વિદ્યાનગર રહેવા આવ્યાં. યોગીજીની આજ્ઞાથી પૂ.જશભાઈ સાહેબ પણ શ્રી કાકાજી, શ્રી પપ્પાજીની સેનામાં જોડાયા. ૧૯૬૭માં પોષીપૂનમે તે આઠ ભાઈઓને વ્રત આપીને 'અનુપમ મિશન' વ્રતધારી યુવકોને નેકટાઈ સાધુ બનાવ્યા.

૧૯૯૨માં નૂતનયુગના યુવકો આવ્યા અને તેમના પ્રાણાધાર બનીને 'ગુણાતીત પ્રકાશ'નું વ્રત આપીને તેમને પણ ગુણાતીતભાવ ૪પામવાના માર્ગે ચડાવ્યા.

ગૃહસ્થોને 'ગુણાતીત સૌરભ'નું વ્રત આપ્યું. ગુણાતીત સમાજની સ્થાપના ૧૯૬૬માં શ્રી યોગીજીની કરૂણાથી થઈ અને કાકાજી અને પપ્પાજી તેના પ્રાણાધાર બન્યા.

૧૯૬૬ થી ૧૯૮૦ સુધી વિદ્યાનગરમાં પોતાના નિવાસસ્થાને જ અખંડ અડગ રહેતા અને સંકલ્પથી કાળ, કર્મ, માયાથી સૌ ભક્તોની રક્ષા કરતા રહ્યા.

'બહેનો થકી બહેનો' તૈયાર કરવાનું ભગીરથ કાર્ય હતું. જે પોતે પ્રભુકૃપામાં રહીને સંકલ્પથી સેવતા. જરૂર પૂરતું જ ગુણાતીત જ્યોતના આંતરિક વહીવટ કાર્યમાં ભળતા અને સૌને તનથી કેમ કરીને ભક્તિરૂપ વર્તવું, મનથી કેમ કરીને પ્રભુમય જ રહેવું, ધનથી કેમ નિષ્કામ જીવન જીવવું અને આત્માથી દાસત્વભાવે રહી કેમ કરીને પ્રભુનો અવાજ, અનુવૃત્તિ ઝીલવી તેની સમયે સમયે કથાવાર્તા, શિબિરો, સમૈયા કરીને પાયાનાં ગુણાતીત સ્વરૂપો પ.પૂ.સોનાબા, પ.પૂ.બેનને તૈયાર કર્યાં. પૂ.જ્યોતિબેન, પૂ.તારાબેન, પૂ.હંસાબેન, પૂ.દેવીબેન તારદેવથી જ આધ્યાત્મિક ગુરુની પદવી પ્રાપ્ત કરીને અહીં આવેલાં તેમને તેમના આધ્યાત્મિક કાર્યક્ષેત્રમાં સંપૂર્ણ સ્વતંત્રતા આપી ઘડ્યા, પૂર્ણ કર્યાં. પૂ.જસુબેન, પૂ.પદુબેન જેવાં બીજા ૩૦ સદ્ગુરુઓ વિદ્યાનગર આવીને

તૈયાર થયાં. તેમની છત્રછાયામાં ૪૩૪ બહેનો સંન્યાસી બનીને, 'સ્વરહિત' બનીને આત્મારૂપે વર્તતા થવાની સાધના વચનામૃત, સ્વામીની વાતુના આધારે કરી રહી છે. તેમાંથી કર્મયોગી બહેનોને શુભ્રવસ્ત્રોનું વ્રત આપી સમાજમાં કર્મયોગ કરવા મોકલ્યા અને ડૉક્ટરો, નર્સો, શિક્ષકો મળીને ૧૦૦ જેટલાં બહેનોએ કર્મયોગના માર્ગે સાધના કરી રહ્યાં છે.

પ.પૂ.પપ્પાજીએ અનોખું જ્ઞાન આપ્યું : અનુપમ ભાગ – ૧ થી ૮ પુસ્તકો સાધકોને પ્રેરણા કરે અને પળેપળની આંતરિક શુદ્ધિ જાગ્રતતાથી કરી શકે તેવા સરળ ને સચોટ સૂત્ર તે પુસ્તકોમાં છે.

પોતાના જીવનના નિચોડરૂપે ભક્ત સમાજ સમક્ષ પોતાની આત્મકથા – 'પરાભક્તિની સૌરભ' અર્પીને તેમણે ભક્તોને ધન્ય કરી દીધા છે. સંજીવની મંત્ર અને આચારસંહિતા એ આધુનિક યુગના સાધુઓ માટેના નૂતન વચનામૃત છે.

પપ્પાજીનું જ્ઞાન એમના વર્તનનું જ્ઞાન છે જીવંત જ્ઞાન. તેમણે જે પચાવ્યું અને ૯૦-૯૦ વર્ષ સુધી જીવનના છેલ્લા શ્વાસ સુધી પોતે જે વર્ત્યા છે તેનો નિચોડ આ શાસ્ત્રોમાં છે.

બાલિકા, કિશોરી, યુવતીઓ અને મહિલામંડળો, આશિષમંડળોમાં જુદી જુદી રીતે કેળવણી આપી – સામાજિક, વ્યવહારિક અને ધાર્મિક જ્ઞાન આપીને 'ઘર અને દેહ મંદિર' બનાવવાનો આદેશ ઘરોઘર વહેંચ્યો.

સત્સંગની પ્રવૃત્તિઓ માટે અમદાવાદ, મુંબઈ, સુરત, નડિયાદ, માણાવદર, રાજકોટ વગેરે સ્થળોએ શાખાઓ શરૂ કરી. ઈંગ્લેન્ડમાં ૧૯૮૦માં ગુણાતીત જ્યોતની સ્થાપના કરી તો આજે ૨૯ બહેનો કાષાંબરી વસ્ત્રોધારી સાધુ સમાન કર્મયોગીનું આદર્શ જીવન જીવે છે.

આવા અનેક આદર્શોનું સ્થાપન કરનારા ગુણાતીત સમાજના પ્રાણાધાર પપ્પાજીએ ઈ.સ.૨૦૦૬માં ૨૮મી મે રવિવારે સંવત ૨૦૬૨માં જેઠ સુદ એકમે સવારે અગિયાર વાગે પોતાની જીવનલીલા સંકેલી નિજધામે મહાપ્રસ્થાન કર્યું.

આજે વ્યાપકરૂપે સમગ્ર ભક્તજનોના હૃદયમાં બિરાજીને ભક્તોને સર્વ પ્રકારે આધ્યાત્મિક પ્રગતિના પ્રેરણાના પાન પાઈ રહ્યા છે.




## નવજાત શિશુ સ્વરૂપે...

ઉચ્ચ ખાનદાનીવાળું કરમસદના પટેલનું કુળ, ચરોતર ભૂમિ. ડૉ.નાથાભાઈ બાબરભાઈ પિતા સ્વરૂપે. પૂ.જડીબેન નરસંડાની દીકરી સાથે પ્રથમ લગ્ન કર્યાં હતાં અને બીમારીમાં તેઓએ દેહ ત્યાગ્યો હતો. તેથી ડૉ.નાથાભાઈનાં બેંતાળીસ વર્ષની વયે બીજવર રૂપે નડિયાદના નાથાભાઈ સવદાસની અઢાર વર્ષની દીકરી દિવાળીબેન સાથે લગ્ન થયાં.

મણીબેન અને શાંતિબેન નામની બે પુત્રીઓનો જન્મ થયો અને આખાય કુટુંબમાં ચિંતા પ્રગટી. અને પુત્ર પ્રાપ્તિની ઝંખના તીવ્ર બની. તે ચિંતવને મોક્ષની તૈયારી થઈ. ડૉ.નાથાભાઈએ આખું વર્ષ નિર્જળા એકાદશી કરી અને પૂ.શાસ્ત્રીજીમહારાજ પાસે આશિષ માગ્યા. સર્વજ્ઞ સ્વરૂપ – પ્રગટ સંત વરસી ગયા. ‘બે દીકરા – એક જોટો પુત્ર આપીશું. જે અમારૂં કામ કરશે.’ આવી પુત્ર પ્રાપ્તિની તીવ્ર તમન્ના, પ્રાર્થના અને ઊંડી ચિંતિત અવસ્થામાં ગુણાતીત સ્વરૂપોના આશિષથી પહેલી સપ્ટેમ્બર ૧૯૧૬ ભાદ્ર વદ છઠ વિ.સં.૧૯૭૨ના સાંજે પાંચ વાગે બોરસદ મુકામે પુત્ર રત્ન પ્રગટ થયું ને તે આપણા બાબુભાઈ – પપ્પાજી ! સૌને ખૂબ રાહ જોવડાવી હૃદયમાં વિરહની એક તપસ્યા કરાવી ને પ્રગટ્યા એટલે સૌને સ્વર્ગ મળ્યાનું સુખ આવ્યું. દિવાળીબેનની ધીરજ અને ભક્તિમય આંતરિક ઉપાસના, માવજત, જતનથી એમના મન, બુધ્ધિ, ચિત્તમાં પુત્રના પ્રાગટ્યથી દિવ્ય આનંદનો ઉદધિ છલકાઈ ગયો. જે તેમના આત્માને પણ

આનંદથી ભરી રહ્યો ! પ્રભુ પ્રાગટ્યનાં એંધાણ થયાં !

કુટુંબીજનો, આડોશીપાડોશી અને મોસાળ પક્ષમાં સર્વત્ર ધન્યતાનો અહોભાવનો ભાવ ઊમટી રહ્યો. એ પ્રત્યક્ષ દિવ્ય તત્ત્વનું પ્રાગટ્ય! અહો ! બે દીકરી – જેને તે સમયે 'અજબ' ને 'ગજબ' કહેવાતી તેની પર પ્રભુકૃપાથી પ્રભુધારક ઓજસવંતા પુત્ર બાબુભાઈ દિવ્યતા ધારી પ્રગટ્યા. જે તેના અનુજ દાદુભાઈને અઢી વર્ષ બાદ પૃથ્વી પર લાવવા નિમિત્ત શુકનવંતા નીવડ્યા.

નાનપણથી સાધારણ અશક્તિ ને માંદગી – ઢીલી તબિયત. તેથી સૌનું ચિત્ત અખંડ બાબુની તબિયત ને તેની સગવડ, સુશ્રુષામાં લય ને લીન રહેતું. તેથી તો દાદાએ મોસાળ પક્ષે તરત નડિયાદ સાચવવા માટે બોલાવી લીધા.

દિવાળીબાને દૂધ નહોતું આવતું. તેથી નડિયાદમાં આસપાસની મામીઓ પણ આ પવિત્ર ભાણાને પોતાનું દૂધ આપીને પોતે આનંદ ને અહોભાવનો અનુભવ કરતાં. સેવા ને સાંનિધ્યનું સુખ માણતાં.

પુત્ર પ્રાપ્તિનો અહોભાવ તો નાની સૂરજબાને અપાર ! તેમની ચોવીસ કલાકની અંતરની બહારની નજરોથી સેવા સાચવણી થયા જ કરતી. રાજકુંવર પ્રગટ્યા ન હોય ! તેવો ઉન્માદ અને કેફ એમને અખંડ રહેતો તે અમથું યે બાબુ રડે તો દોડાદોડી ને હૈયાથી ગભરૂ બની જતાં. ડૉક્ટરો વૈદોને પણ બાબુની સેવા કરવા માટે વારેવારે બોલાવતા. તેથી નવજાત શિશુનાં પુનિત દર્શન તેઓને પણ સહજભાવે થતાં. અરે એકવાર એરિયો ખવડાવ્યો ને ગળામાં ઉતર્યો નહીં ને અટકી ગયો તે બાબુએ કરી લીલા – ફીણ આવવા માંડ્યાં ને નાની સૂરજબાએ બૂમાબૂમ કરી ને 'અરે આ મારા બાબુને શું થઈ ગયું ? કોઈ ડૉક્ટરને બોલાવો !' એમ કરીને ઊંડાણથી પ્રાર્થના કરી ને બહાર ઓસરીએ દોડ્યાં. અંદર બાબુ ઘોડિયામાંથી બહાર નીકળી ભાખોડિયા ભરી દાદરો ચડીને ઊપર બેસી ગયો. આડોશીપાડોશી ભેગા થયા, ડૉક્ટર આવી ગયા. બધા બાબુને શોધે. 'ક્યાં ગયો ? ક્યાં ગયો ?' ત્યાં તો બાબુભાઈએ ઉપરથી સર્વને દર્શન દીધાં. ને હાશ કરી દીધી. ને સૂરજબા છોભીલાં પડી ગયાં. બધા કહે 'બાબુ

તો સાજોનરવો છે ને આ ડોશી ખોટી ચિંતા કરે છે, દોડાદોડી કરાવે છે.' તે રીતે સૂરજબાના જીવમાં તો ચોંટી ગયા પણ ડૉક્ટર અને સૌ પાડોશીઓ પણ દિવ્ય બાબુની નિત નવી લીલાઓની મૂર્તિથી ભર્યા ભર્યા રહેતા.

દાદાની કસ્ટડી પણ ભારે. તેમની ચોવીસ કલાકની ચોકી. અઢી વર્ષ સુધી ઘોડિયામાંથી બહાર કાઢતા જ નહીં. કોઈની નજર ન લાગી જાય તેની પણ ખાસ તકેદારી રાખે. પ.પૂ.દાદુકાકા ઘણીવાર સ્મૃતિ આનંદમાં વાત કરતા કહેતા કે 'બાબુ કરતાં હું અઢી વર્ષ નાનો પણ દાદા–દાદી મને ઘોડિયામાંથી બહાર કાઢે ને નીચે સૂવડાવે ને મારા મોટાભાઈ બાબુને ઘોડિયામાં સૂવડાવતા. હું તે દર્શન કરીને હરખાતો. ધન્ય છે મારા વડીલ ભાઈને જેને લાડ લડાવવાનો મને પણ લહાવો મળ્યો ! મારૂં ઘોડિયું એને આપવાનો મને ખૂબ આનંદ આવતો.'

તો વળી એકવાર સમી સાંજનો સમય હતો ને બાબુને મોઢામાં દશમી આપી સૂવાડ્યો હતો. તે ઉંદરડો આવ્યો ને બાબુની છાતી પર ચઢીને સામેની બાજુથી તે દશમી ખાવા લાગ્યો. બેઉએ સાથે મળીને દશમીની પાર્ટી કરી. ધન્ય છે ને એ ઉંદરને કે જેને બાબુ સાથે મળીને દશમી ખાવા મળી ! કેવો કલ્યાણનો અધિકારી ઉંદર !

બાબુના જન્મની અપાર ખુશાલી. તે દાદા વિચારે કે આવા દિવ્ય પ્રભુ જેવા બાબુ – ભાણાનો જન્મ થયો તેની સનાતન કોઈ સ્મૃતિ પૃથ્વી પર બનાવું. ખડકીની બહાર જે જમીન હતી તેની પર ડેલાવાળુ એક ઘર બનાવ્યું. કેવો પૌત્ર પ્રાપ્તિનો ઉન્માદ ! ને જે તે ડેલાનું દર્શન કરે તેનું પણ કલ્યાણ.

તે પછી વળી નવીન લીલાઓ શરૂ થઈ. રાત્રે દાદી પાસે ખડકીમાં સૂવે અને અધરાતે 'દાદા પાસે ડેલામાં જવું છે,' તેવી હઠ પકડે. તેથી દાદીમા ખડકી ખોલી ડેલી ખખડાવી દાદા પાસે મૂકી આવે. તો વળી ફરીથી 'બા પાસે જવું છે.' તો પાછા ભાણાભાઈને લાડકોડથી ખડકીમાં મૂકવા જાય. આવી લીલામાં બા–દાદાને અપાર આનંદ આવે અને કદીયે ના પાડે નહીં. ચીડાય નહીં – ધોલધપાટની તો વાત જ ક્યાંથી? ભાણાભાઈનો ભારે વટ પડતો. બોલ ઝીલી લેનારા

નાના-નાની, મામા-મામી અને વળી સૌ સંબંધીઓ, આડોશીપાડોશી, મિત્રમંડળ - આમ શિશુરૂપે સૌને અપાર મૂર્તિની સ્મૃતિની લહાણી કરી અને સંબંધયોગી બનાવી આનંદથી હર્યાભર્યા કર્યા. ચિંતવને સૌનો છેલ્લો જન્મ કરાવ્યો અને સેવા કરાવી ભક્તની પદવી કૃપામાં આપી.

સૌને અનંત લીલારૂપે પોતાની સ્મૃતિમાં ગરકાવ કરીને સંબંધમાત્રે અક્ષરધામના અધિકારી બનાવ્યા. પ્રભુ સમાન પુત્રની સામાન્ય લાગતી ક્રિયાઓ લીલારૂપે જ હોય ને ! ભાણાઓ ભગવાનનું જ સ્વરૂપ ગણાય. સૌ દિવ્ય આનંદ ને મસ્તીમાં 'બાબુ' 'બાબુ' રટણ કરતા થઈ ગયા.

પ્રગટતાં પહેલાંની ધખણા - પ્રગટ્યા પછીની આનંદ ભરતી બાળલીલાઓથી અંતર-મન ભર્યું ભર્યું અને અનંત સેવાઓ આપીને અનંત સ્વરૂપે સૌને સનાતન સુખિયા કર્યા આપણા પપ્પાજીએ! એ જ નવજાત શિશુ, બાળપ્રભુ સ્વરૂપે જ સૌને પોતાની મૂર્તિમાં ખેંચી લીધા.

એટલે જ કહેવાયને કે પ્રગટ્યા પહેલાથી કલ્યાણની પેઢી શરૂ કરી દીધી હતી. ને પ્રગટ્યા પછી અનંત રીતે પોતાની મૂર્તિમાં રમમાણ કરાવી સુખ સુખથી ભરી દીધા!




બાબુભાઈ કહેવાય કરમસદના, જન્મ્યા બોરસદમાં અને શૈશવ વીતાવ્યું નડિયાદમાં! બોલો આ ત્રણેય ભોમકાને કેવી રમણરેતી બનાવી! અને વળી બાળલીલાઓ કરીને ગોકુળ, મથુરા કે વૃંદાવનની જેમ એ ભૂમિને પવિત્રતા અને દિવ્યતા બક્ષી દીધી !

સરદાર વલ્લભભાઈ, વીર વિઠ્ઠલભાઈ જન્મ્યા કરમસદમાં અને કર્મયોગ – વકીલાતનો કર્યો બોરસદમાં. બાબુભાઈના પિતાશ્રી ડૉ.નાથાભાઈ તે વખતે બોરસદમાં જ દાકતરી સેવાઓ કરતા અને વ્યવહારિક રીતે તેઓ પિત્રાઈ ભાઈ–ભાઈ કહેવાતા. ડૉ.નાથાભાઈ સાલસ, સરલ, ભક્ત અને વળી પરગજુ ! પોતે ભીડો ખમતા અને અન્યનું સારૂં કરતા. ભક્તિમાં ખૂબ ગૂંથાયેલા! પણ જ્યારે સરદાર વલ્લભભાઈનાં ધર્મપત્ની મૃત્યુ પામ્યાં ત્યારથી દિવાળીબા આ બેઉ ભાઈને ખૂબ મદદ કરતાં. જમવાનું સાચવી લેતા અને આત્મીયતાથી તેઓની સર્વે વ્યવહારિક જરૂરિયાતો પૂરી કરતા. આમ તેઓને પણ સંબંધ આપીને સુખિયા કર્યા હતા.

અહીં પુત્ર બાબુભાઈ જન્મ્યા અને નડિયાદના નાના–નાની તેમને પોતાને ઘેર સાચવવા લઈ ગયા. કારણ કે ડૉ.નાથાભાઈ શાસ્ત્રીમહારાજના પૂરા ભક્ત ! અને તે વખતે સમાજમાં એવી છાપ કે જે શાસ્ત્રીમહારાજના ભક્ત થાય તેઓને માથે દેવું આવે, અનેક મુશ્કેલીઓ વધી જાય. તેનાથી બચાવવા બાબુભાઈને ઉપાડી લીધા પોતાની કસ્ટડીમાં અને બાબુને બેરીસ્ટર કે કલેકટર બનાવવાના શમણાં જોવા લાગ્યા.

બાબુભાઈ શાંત અને સરળ. સામાને રાજી કરવા તેમની હા એ હા કરતા. આપણે નાના બાળકોને ક્યારેય આવા જોયા છે ? તેથી જ સૌ કોઈ તેમની સરળતા ને હસતી મૂર્તિમાં ખેંચાઈને રમાડવા લઈ જતા. સૌને સારા ને વ્હાલા લાગતા! ને સૌનું કલ્યાણ કરતા. નડિયાદમાં 'ભાણા'ને ભગવાનનું સ્વરૂપ કહેવાય. તેથી આસપાસના સૌ તેમના મામા-મામી કહેવાતા. હોળીના ધૂળેટીના ઉત્સવો રમાતા ને બાબુ પર બધા છાણ, માટી ચોપડી જાય ત્યારે બાબુ હસતા હસતા સૌના પ્રેમભાવનો સ્વીકાર કરતો. સામનો ન કરે પણ એવી મીઠી નજરોથી સૌને ભરી દેતો કે સૌ કોઈ તેમને પજવવા પ્રયત્ન કરતા ને બાબુ તેમના હૈયામાં બેસી જતો.

નડિયાદમાં સંતરામ મંદિરની મુખ્ય ગાદી. તેના મહાન સંત શ્રી જાનકીદાસ મહારાજ! દાદાની આંગળી પકડી બાબુ મંદિરે દર્શને જાય. ને જાનકીદાસ મહારાજના ચરણસ્પર્શ ભાવેયુક્ત કરતો ! એને જોઈ જાનકીદાસ મહારાજથી સહેજે ભવિષ્યવાણી ઉચ્ચારાઈ ગઈ 'આ ભાણાભાઈ સામાન્ય નથી. અનંતનાં કલ્યાણ કરવા આવ્યા છે.' એ સાંભળી દાદા હરખાતા ને બાબુ તો કંઈ સમજતો ન હોય તેમ પોતાની મસ્તીમાં દર્શન કરતો. એક સંતને ગુણાતીત સંતની પરખ કેવી સહેજે થઈ ગઈ ! ક્યારેક સત્યનારાયણની કથા હોય તો બાબુ કહે, 'અમે તો બહારે રમીએ. કથા પૂરી થાય એટલે પડિયામાં શીરો ને કેળાં મળે તે આરોગવાનો આનંદ આવતો.' બે હાથ પહોળા કરી એકવાર પપ્પાજીએ જ્યોતની સભામાં કહેલું કે, 'અમે આટલો બધો પ્રસાદ ખાધો છે.' સંતરામ મંદિરમાં રિવાજ હતો કે દર્શને આવનાર પ્રત્યેકને લીલા કોપરાની શેષ અને સાકરનો પ્રસાદ આપતા. તો બાબુને રોજ એ પ્રસાદ ખાવા મળતો. અહીં જ્યોતમાં પણ ક્યારેક ક્યારેક કોઈ ઉત્સવ પ્રસંગે એવો જ લીલા કોપરા ને સાકારનો પ્રસાદ વહેંચવાની પપ્પાજી આજ્ઞા કરતા ને સંતરામ મંદિરની સ્મૃતિ તાજી કરતા - કરાવતા ! ગુણાતીત સત્પુરૂષની અલૌકિક રીત છે કે અન્ય ધર્મના સર્વે સંતો મહંતોને માન આપી, નમન કરી સેવા-ભક્તિ કરી લેવી ને સૌનું દર્શન માત્રે કલ્યાણ કરવું.

પૂ.શ્રી જાનકીદાસ મહારાજ શ્વેત વસ્ત્રો જ પહેરતા અને તેમનું આસન

પણ એકદમ સફેદ! તે જોઈને પપ્પાજીએ મનોમન નક્કી કરેલું કે હું પણ શ્વેત વસ્ત્રો જ પહેરીશ ને આવું જ મારૂં આસન બનાવીશ જેના પર એકપણ ડાઘ ન હોય! બાળપણનો સંકલ્પ પપ્પાજીએ વર્તનમાં મૂક્યો જે આપણને સૌને ખબર છે. ને તેમના વિચાર, વાણી, વર્તનની શ્વેત પવિત્ર ચાદર પર ક્યાંયે કોઈ ડાઘ પડ્યો જ નથી ! ડાઘ કોઈ બતાવી જ ન શકે તેવું સ્ફટિકસમ નિર્દોષ જીવન છે પપ્પાજીનું! આ બાળપ્રભુનો સંબંધયોગ તો છેક ૨૦૦૬ સુધી ચાલુ જ રહ્યો. પપ્પાજીનો ૭૫મો જન્મદિન અમૃતપર્વ ૧૯૯૧માં બ્રહ્મજ્યોતિ ઉજવાયો ત્યારે કરમસદના અને ઉમરેઠના સંતરામ મહારાજ પધારેલા. જેમણે ખૂબ ભક્તિભાવે પપ્પાજીના જીવનકવનની દિવ્યતાની મહિમાગાનની વાણી વહાવી હતી. તો ૨૦૦૦માં કરમસદમાં સંતરામ મંદિરની શાળાની ઉદ્‌ઘાટન વિધિમાં પપ્પાજીને વિશિષ્ટ મહેમાન તરીકે ખાસ બોલાવ્યા હતા. અને ૨૦૦૪માં જ્યારે શ્રી લક્ષ્મણદાસ મહારાજ સ્વધામ સિધાવ્યા અને શ્રી રામદાસ મહારાજ નડિયાદના ગાદીપતિ બન્યા ત્યારે પુષ્પનો હાર અને પ્રસાદ લઈને તેમનું બહુમાન કરવા ગુણાતીત જ્યોતનાં સંત બહેનોને પપ્પાજીએ ખાસ મોકલ્યા હતા. બાળપણનો સંબંધયોગને છેક સુધી જતન કરીને પપ્પાજીએ સર્વ પ્રકારે જાળવ્યો અને તેને દિવ્યતાસભર કરીને ગરિમાએ જાળવ્યો છે.

આવા બધા ધાર્મિક સંસ્કાર ! ઘરમાં ગોખલામાં ઠાકોરજીની મૂર્તિ હોય ત્યાં નાહી-ધોઈ એક પગે ઊભા રહીને ‘બાપુરાજ બાપુરાજ’ એમ અગિયાર માળા કરીને પગે લાગી અને રોજ માગણી કરતાં કે, ‘પહેલો નંબર આપજો, સારી બુધ્ધિ આપજો.’ એમ પ્રાર્થના કરી આદર્શ બાળક બન્યા. પછી મેડે ચડીને લેસન કરવા જાય અને જમવાનો સમય થાય એટલે પહેલાં થાળી પીરસી ઠાકોરજીને ધરાવે. પાણીનો પ્યાલો પણ ધરે અને પ્રસાદી માનીને બાબુ બધું જ આરોગી જતો! આવી રોજની બાળપણની ભક્તિની રીત !

એ ‘બાપુરાજ’ને બાલ્યાવસ્થામાં સાક્ષાત્ ભગવાનતુલ્ય માનીને ભજતા રહ્યા. જ્યારે બાપુરાજ ઘરે પધારે ત્યારે તેમની પૂજા, દર્શન, ખૂબ ભક્તિભાવે બાબુ કરતો. મન મંદિરે સાક્ષાત્ ભગવાનની જગ્યાએ એમને બેસાડ્યા હતા. ને જ્યાં... ૧૯૨૭ એટલે કે ૧૧-૧૨ વર્ષની ઉંમર હતી ને બાપુજી ડૉ.નાથાભાઈ કહે, ‘એ બાપુરાજ ‘પૂરા’ નથી. હવે આપણે એમને ભજવા

નથી.' એ સાંભળી બાબુ ખૂબ દુઃખી થયો ! અરે ! આ કેવું? ભગવાન માન્યા ને હવે તે અધૂરા છે? પપ્પાજી સભામાં ઘણીવાર આ વાત કરીને કહેતા કે 'મારૂં કુંવારું હૈયું નંદવાયું' યુવતીને જ્યારે કોઈ યુવાન સાથે સંબંધ બંધાય અને અચાનક એ તોડી નાંખવામાં આવે તો યુવાનીની પ્રથમ પ્રીત! કેવું દુઃખ થાય ? તેવું પપ્પાજી કહે મને ખૂબ દુઃખ થયું ને પછી મનોમન બાબુએ નક્કી કર્યું કે હવે જેનો મને પોતાને જીવમાં અનુભવ થાય અને મારી બુધ્ધિમાં તેની ગેડ બેસે તો જ એને ભગવાન તરીકે માનીશ. તે દિવસથી પપ્પાજી ભક્ત મટી ગયા અને સમાજવાદી, સેવાભાવી, વ્યવહારૂ, રેશનલ બનીને જીવવા માંડ્યા ! સૌ સત્સંગીઓ તેમને નાસ્તિક માનતા. પણ બાબુ કહે આ એક અનુભવ જ બસ છે. અને છેક ૧૯૫૨માં યોગીજીમહારાજમાં પ્રભુની નિષ્ઠા થઈ.

દિવાળીના પર્વો આવે એટલે દાદા લાલ મખમલનો કોટ-પાટલૂન ને ભરેલી ટોપી સીવડાવે. અને દાદાની આંગળી પકડી ઘેર ઘેર બધાને (દર્શન દેવાસ્તો !) સાલમુબારક કહેવા જતા અને સૌ કોઈ ભાણાને આઠ આના કે રૂપિયો હાથમાં મૂકે ! એમ સૌની સેવા લઈ, દર્શન આપી સંબંધે કલ્યાણ કરતા!

બાબુ નાનો ને ડેલાની ચોકડીમાં સૂરજબા સ્નાન કરાવે. ગરમ ગરમ પાણીથી લાડકોડથી ભીંજવે. ને બાબુ મોટેથી 'સ્વામી નાવ ! નાવ! સ્વામિનારાયણ નાવ નાવ !' બોલે. બા કહે, 'તું આ ક્યાંથી શીખ્યો ?' તો બાબુ કહે, 'કરમસદ ગયો'તો તો સારાભાઈએ શીખવ્યું છે. સ્મૃતિ વગર સ્નાન કરીએ તો લોહીથી સ્નાન કર્યા બરોબર છે.' અને સહેજ મોટા થયા એટલે પોતે સ્નાન કરે ને નાના દાદુ માટે પણ ગરમ પાણીની બાલદી તૈયાર કરી દે ! આ કેવી અદ્‌ભુત વાત ! સૂરજબાને પણ મદદ કરે ને નાનાભાઈની છૂપી પ્રીતિથી સેવા કરી લેતા ને સૌના મનમંદિરમાં સ્થાન પામી જતા !

આમ બાલ્યાવસ્થામાં નડિયાદ અને કરમસદના સમગ્ર સંબંધીઓનું પ્રેમથી કલ્યાણ કર્યું.



પપ્પાજી

# નાની-નાનાના પૌત્ર સ્વરૂપે...

અનંત સ્વરૂપે...

નાની સૂરજબાને તેમના ભાણા પૂ.બાબુભાઈ સાથે પ્રગાઢ આત્મબુધ્ધિ અને પ્રીતિ. બાબુભાઈને ૮-૯ મહિના થયા પછી દિવાળીબા બાબુને નાની પાસે મૂકીને નડિયાદથી કરમસદ ગયાં. અને આપણા બાબુભાઈ દાદી દાદાનાં ખૂબ લાડકોડમાં ઉછર્યા. દાદા તો દેખરેખ રાખે પણ બધું જ ધ્યાન તો દાદી જ રાખે ને ! નાની કાળજી રાખીને હૃદયના ભાવથી જમાડે, રમાડે, સ્નાન કરાવે, સૂવડાવે અને ભાણાને કોઈનીય નજર ના લાગી જાય તેથી ૨।। વર્ષ સુધી ઘોડિયામાંથી બહાર નો'તા કાઢ્યા ! દાદીમા બાબુની 'એળિયો લીલા'માં ખૂબ ગભરાઈ ગયાં ને દાદીનો જીવ તાળવે ચોંટી ગયો ! હાયવોય ખૂબ કરીને ડૉક્ટરને બોલાવી લાવ્યાં ત્યારે તો બાબુ દાદરો ચઢીને ઉપર પહોંચીને દિવ્ય દર્શન દેતો હતો !

શાળામાં દાખલ થયા ને પાંચ વર્ષના બાબુને તૈયાર થઈને સવારે ૧૦ વાગે સ્કૂલે જવાનું અને બે વાગે દોડીને ઘરે આવે. તે નાનીમા નાસ્તો લઈને તૈયાર જ બેઠાં હોય ! શેકેલું ચૂરમું, પાપડ, હીરા આકારના મગસનું એક ચકતું ને પાંચ મઠિયાં રોજ ઝાપટવાનાં. લગ્ન ગાળામાં ગુંદરપાક, જલેબી જેવી મીઠાઈ આવે તેમાંથી ઘસિયો કંઈક કંઈક જુદું કરીને બાબુ માટે તૈયાર રાખે ને ખૂબ ભાવથી આ બધું બાબુ ગ્રહણ કરે ને દાદીમા હરખાતાં. તેમને જીવમાં આનંદ ને સુખનો અનુભવ થતો ! એમ સૌને સૌની રીતે બાબુભાઈ જીવમાં ઘુસતા ને સ્મૃતિ આપતા અને કલ્યાણના અધિકારી બનાવી રહેતા.

બાબુને કપડાંનો શોખ નહીં અને જે કપડાં નાની પહેરાવે તે પહેરતા. પણ નવી ખાખી ચડ્ડીની પાછળ સરસ મોટાં બે થીગડાં મારીને જ પહેરાવતાં. જેથી ઘસારો ઓછો લાગે અને પૈસાની બચત થાય – પણ બાબુ હસતો હસતો દાદીની સેવાભક્તિ જોઈને સંજોગો અનુસાર તેનો પણ અહોભાવે સ્વીકાર કરતો. હા – ના કંઈ જ નહીં...

૧૯૨૭માં લગ્ન કરીને બાબુભાઈ નડિયાદ દાદીમા પાસે ગયા ને તેમના ખોળામાં માથુ નાંખી છૂટે મોંઢે રડ્યા, ખૂબ રડ્યા. દાદીમા કેવાં પોતાનાં મનાયાં હશે ! હૈયામાં ભરી રાખેલી વેદના જે ગોદમાં ઠાલવી તે ગોદ કેવી પ્રેમાળ અને ઉદાર હશે ! તેની કલ્પના પણ આપણે કરવી જ રહી ને ! દાદીમા કહે, 'શું થયું ?' તો બાબુ કહે, 'કાંઈ થયું નથી. પણ ૧૧ વર્ષે મારે માથે આટલી મોટી જવાબદારી નાંખી ?' લાચારી, પૈસાની તંગી, બાપનો અંધાપો, નાનાના ધંધામાં પણ ખોટ આવી રહી હતી. દાદીમા કહે, 'તેનું અત્યારે શું છે ? હજી તો પાંચ વર્ષ પછી કમળાને તેડવાની છે ને ! શાને અત્યારથી ચિંતા કરે છે!' બાબુએ રડ્યા જ કર્યું ને નાનીમા મનોમન આ બધી તકલીફોનો ઉકેલ શોધવા લાગ્યાં ! બાબુ પોતાના હૃદયની વાત દાદીમા પાસે ખુલ્લા દિલે કરી શક્યો તે દાદીમા પણ કેવાં નસીબદાર ! કેવી પ્રીતિ ને એકતા! બાબુ કહે, 'ત્યારથી જ સાદાઈ અને મોજશોખ છોડી દસ વર્ષ મોટા હોય તેવી સમજણથી કુટુંબને આગળ લાવવા ઉદ્યમ કરવા લાગ્યો.' દાદા–દાદીનો દીકરો જે બાબુભાઈના મામા થાય તે વારેઘડિયે બીમાર પડે તેની સેવા ચાકરી દાદીમા કરે અને બાબુ પાસે કરાવે પણ ખરા.

દાદીને મદદ કરવા

૧) ઘંટીથી લોટ દળવામાં મદદ કરતા

૨) માટલીમાં પાણી ભરતા

૩) ખારા–મીઠા પાણીની માટલી બાબુ ભરીને લાવતો.

૪) પાણીની તંગી રહેતી તેથી કપડાં ધોવા ઉંડેવાળ તળાવે દર રવિવારે જવાનું. પહેરણ, ચાદરો સોડાના ગરમ ઉકળતા પાણીમાં બાફવાનાં ને ૧૦ વાગે મોટા કટકામાં બાંધી પોટલું લઈને તળાવે જતા. પ્રથમ કપડાં છબછબાવી સોડા કાઢવાનો, તેમાં પછી સાબુ નાંખવાનો અને

ધબધબાવાનું ! પથ્થર પર પછાડવાનું. પાણીનો ધધુડો પડતો હોય ત્યાં છબછબાવીને સાબુ કાઢવાનો એ કપડાં સફેદ બાસ્તા જેવા કરીને તેને ગળી પણ કરતા. પછી વાડ પર સુકવવાના પછી ત્યાં જ સ્નાન કરીને સાથે ખાવાનું લઈ ગયા હોય. ખાઈ પીને સાંજે ૪-૫ વાગે કપડાંની ગડી કરીને ઘરે આવતા.

૫) લોટામાં દેવતા ભરીને કપડાંના કટકાથી પકડી બાબુભાઈ ઈસ્ત્રી કરી દેતા.

દાદીનો ખૂબ પ્રેમ. રાત્રે દાદા સાથે વાળુ કરે તેમાં રોટલો હોય જે બાબુને ભાવે નહીં. તેથી દેખાડો કરે ને ચંચવાળે. ખાધું ન ખાધું કરે. પછી પાણીની માટલી ભરવા ફરી ખડકીમાં જાય ત્યારે દાદી ખીચડી વઘારીને રાખે, રોટલામાં ભરપટ્ટે ઘી નાખીને ગોળમાં ચોળીને લાડવો કરી રાખે તે જમવા મળે ! વઘારેલી ખીચડી, કઢી ને લાડવો. તેમ કંઈક કંઈક બનાવીને દાદાથી ખાનગીમાં દાદીમા જમાડે!

દાદીમાને દાદા રોજ કહે કે 'બાબુ  મારો હીરો છે, તે આપણું સાચવશે.' એમ કરી તેને લાડ લડાવતા ને માન પાન આપતા.

૧૯૩૭માં જ્યારે આફ્રિકા જવાનું થયું ત્યારે દાદા દાદીમાની સેવા માટે ધર્મપત્ની કમળાબેનને ત્યાં નડિયાદ રાખ્યાં, જે કરમસદ પણ બા-બાપુજીનું ધ્યાન રાખતાં. આફ્રિકા જતી વખતે દાદા-દાદી ખૂબ રડ્યાં. ને કહે, 'બાબુ તને જાતે લઈને ખાતાંય નથી શીખવ્યું તો તું શું કરીશ ?' બાબુ કહે, 'બે-ત્રણ વર્ષમાં પાછો આવીશ.' એમ કહીને પગે લાગીને નીકળ્યા. પણ બાબુને અંદરમાં પ્રેરણા થઈ કે હવે ફરી આ દાદી સૂરજબાનાં દર્શન નહીં થાય તેથી વારે વારે સ્નેહથી પાસે બેસતા વહાલ કરવા દેતા અને નીકળ્યા. બાબુના વિરહમાં દાદા-દાદી ત્રણ-ચાર વર્ષ જ જીવ્યાં.

એવા સૂરજબાનો પ્રેમ પ્રભુપૌત્રને પૂર્ણ ભીંજવી ગયો ! તો તેમના મરણ સમયની વાત પપ્પાજી કરતા - જે મમ્મીજી ને મામીએ તેમને કરી હતી. બા કહેતા કે 'બેન મને હવે ખાટલા પરથી નીચે છાણનો ચોકો કરીને સૂવડાવો. આ સ્વામી મને લેવા આવ્યા છે !' એમ અર્ધબેભાન અવસ્થામાં બોલ્યાં કરતાં. એ વાત જણાવે છે કે તેમને

લેવા શાસ્ત્રીજીમહારાજ અને પપ્પાજી જ આવ્યા હશે ! એમ બાબુ માટે જે પ્રેમથી ભીડો-ભક્તિ વેઠયો ને મનન-ચિંતન જીવથી કરેલું, તો પપ્પાજી સ્વયં તેમને અક્ષરધામમાં તેડી ગયા ! એવા આપણા બાબુભાઈને પપ્પાજીને જે કોઈ સાચા દિલથી પ્રેમ કરીને ભક્તિ કરે તેનું કલ્યાણ કરી દેતા !

આવી નાનીમાની પ્રીતિથી બાબુએ તેમના અંતરમાં સભરતા બક્ષીને સનાતન સુખિયા કરી દીધાં. કરમસદનાં દાદી (પિતાના માતુશ્રી)ની એક સ્મૃતિ છે. પપ્પાજી કહે, 'હું પરણીને ૧૧ વર્ષે કરમસદ આવ્યો, રહ્યો ત્યારે અમારાં ઘરડાં બા (દાદી) કમળાને કહે કે 'વહુ તમારે લાજ કાઢવાની.' તેથી મમ્મીજી લાજ કાઢે ને કામકાજ માટે દોડાદોડી કરતાં. તે તેમને લાજને લીધે કાંઈ દેખાય નહીં તે બાબુભાઈ સાથે અથડાઈ જાય! આમ નાની ઉંમરે દાદીમાની આજ્ઞા પાળીને તેમને રાજી કરવાનો ઉમળકો પણ બાબુભાઈને, કમળાબેનને ખૂબ રહ્યો !

નડિયાદના નાનાજી – નાથાભાઈ સવદાસભાઈ
નાનીમા – સૂરજબા

પપ્પાજી ઘણીવાર નાનાજી નાથાભાઈ સવદાસભાઈ અને નાનીમા સૂરજબાની વાત કરતાં ભાવવિભોર બની જતા. ને તેમને જ દાદા-દાદી તરીકે બોલાવતા.

પાંચ મહિનાના બાબુભાઈ હતા ત્યારે સારંગપુર મંદિર માટે કાષ્ટના ઘનશ્યામ મહારાજની મૂર્તિ પૂ.સારાભાઈ – પપ્પાજીના બાપુજીએ કરાવેલી. ને તે માટે તેમણે દિવાળીબાને કહ્યું, 'તમે ભાણાને લઈને ત્યાં ચાલો.' પણ નડિયાદના દાદા કહે, 'આ તો મારો મોંઘો લાડકો ભાણો ! ન જવાય.' દાદાએ ધરાર જવા ન દીધા. આ દાદાની પ્રીતિનું લક્ષણ. અને દિવાળીબા પોતાના પિતાનું વધારે માને અને શાસ્ત્રીજી મહારાજના રંગે રંગાયેલા ડૉ.નાથાભાઈની ભક્તિ તેમને પણ ન ગમે. તેથી સત્સંગમાં ભાણાઓ ન ભળે તેનું દાદા વિશેષ ધ્યાન રાખતા.

ભાણા એટલે બ્રાહ્મણ. તેવું બધા માને અને નડિયાદમાં દાદાનો ખૂબ વટ, મોટા નેતા ગણાય તેથી ભાણાને બધા ખૂબ જ સાચવે –

માન આપે એવું પપ્પાજીએ ગ્રહણ કરીને અનેક જીવોને કલ્યાણના અધિકારી સહેજે બનાવ્યા.

દાદા પટેલિયા તે આખા લખાવાડમાં એવા પ્રસંગો જ્યાં હોય ત્યાં બધાય જમવાનું નોતરૂં આપે ને બાબુ જમવા જાય ને સૌને સુખથી ભરી દે.

દાદાને રાજી કરવાની બાબુને ખૂબ ભાવના. તેથી દાદાની રીતે પોતે વર્તી લેતાં. દાદાના ફેરા–ધક્કા ખાવાની સેવા કરીને તેમને રાજી કરી લેતા. દાદા બાબુને રાજી કરવા મથે ને નાનો બાબુ દાદાને !

બાળક બાબુમાં આવી રાજી કરવાની ભાવના ક્યાંથી ઉદય થઈ ? પણ બાબુનું જીવન જન્મથી જ પરને અર્થે ! તેથી સાથે જે જે હોય તે સૌને રાજી કેવી રીતે રાખવા તે જ નિશદિન ઉદ્યમ કર્યા કરતા. ને તે રીતે હૃદયગુહામાં બેસી જતા.

પાંચ વર્ષની નાની ઉંમરે 'દાદા મારે પણ નિશાળે જવું છે.' તેવું જ્યારે બાબુએ સ્વયં કહ્યું ને દાદાનો આનંદ... અહોહો... તે રાજી રાજી થઈ ગયા. નવાં કપડાં, સ્લેટ–પેન લઈને શાળાએ દાદા મૂકવા આવ્યા. મોટાં મોટાં પતાસાં વહેંચ્યાં અને દાદા સૌને કહેતા, 'મારો બાબુ તો શાળાએ જવા લાગ્યો છે ને મારે તેને બૅરિસ્ટર કે કલેક્ટર બનાવવો છે. તેવું મારે તેને ભણાવવું છે.' આ કેવી વાસના દાદામાં હતી !

નાના ખૂબ વ્યવહારૂ ને ગામમાં તેમની આબરૂ, તેથી લગ્નગાળામાં પીરસણ લાડુ ઘરે ખૂબ આવે. તે શેકી નાખેલું ચૂરમું અને પાપડ બાબુભાઈને આરોગવા મળતા. આ નાનાને ખૂબ ગમતું. તેમ મોકલનાર સૌનું ગ્રહણ કરી કલ્યાણ કરતા !

પોતાનો ખૂબ વટ પડે એટલે બાબુ ખૂબ મહેનત કરીને દરેક ધોરણમાં પ્રથમ બે–ત્રણ નંબરમાં જ પાસ થતો. સ્કૂલમાં શિક્ષકો વખાણે અને તેથી દાદા અને બીજા વડીલોની ખૂબ શાબાશી મળતી. તે બધાના આશીર્વાદ પામતા. સૌ વડીલોને અંતરથી આશિષ આપનારો બાબુ સૌના આશિષ પામતો. દાદા કહેતા,'બહુ સરસ ભણીગણીને મોટા અમલદાર બનો.' ૧૧મે વર્ષે તો ગવર્મેન્ટ હાઈસ્કૂલમાં અંગ્રેજી પહેલા ધોરણમાં દાખલ થવા માટે પરીક્ષામાં પાસ થયા તેમાં દાદાનો

સમાજમાં ખૂબ વટ પડ્યો. 'ભાણા તો નાથા સવદાસના' જ એમ જ કહેવાતું. આ કેવી પૌત્રની પ્રીતિ ! દાદાને ખૂબ માન, પ્રતિષ્ઠા અને મોભો આપીને ચકચૂર રાજી કરતા ને તેમના જીવમાં પોતે ઊંડે ને ઊંડે ઉતરતા. દાદા કહે, 'પહેલો નંબર રાખવાનો' તેથી બાબુ આગળથી લેસન કરીને આજ્ઞા પાળે. સી.સી.દેસાઈ કરીને જે શિક્ષક હતા તે દાદાને કહેતા, 'બાબુભાઈ ભણવામાં ખૂબ હોંશિયાર છે.' તે દાદા ફૂલીને ફાળકો થતા. આ હરખમાં પ્રભુ સમાન પૌત્રનું કેવું સુખ આવતું હશે!

બાબુ પહેલેથી જ પોતાના નાના જેવા સ્પષ્ટ, ચોક્કસ ને ચીવટાઈવાળા. સ્વભાવે ધીર, ગંભીર, ચંચળતા બિલકુલ નહીં. પણ દાદાને રાજી કરવાની ધગશ અજબની. બધું જ શીખી લઈને વધુ પડતું કામ કરે, મહેનત કરીને પણ દાદાને સદાયે ખુશ રાખતા.

પપ્પાજી ઘણીવાર કહેતા કે દિવાળીબા એકદમ હોંશિયાર અને સ્હેજમાં બીજાને પારખે તેવાં. બહુ પાકાં કહેવાય તેવાં. આ ગુણ તેમનામાં તેમના પિતા નાથાભાઈમાંથી આવેલો. વળી આ ગુણથી વિરૂધ્ધ હતા પિતાશ્રી પૂ.ડૉ.નાથાભાઈ. ભલા, ભોળા, સામો જે કહે તે સાચું માની લે ને ભોટમાં ઠરે. બધા માટે નિસ્વાર્થભાવે ખૂબ મદદ કરે, ખર્ચ કરે પણ તેમને જ્યારે જરૂર પડી ત્યારે કોઈ તેમની મદદમાં ન આવ્યું. દસ વર્ષના ભાડા પેટે આણંદમાં જમીન લઈને મોટી હૉસ્પિટલ બનાવી. અને એટલી કમાણી ન થઈ તો મકાન સાથે જમીન આપી દેવી પડી.

પપ્પાજી કહે, 'બોરસદમાં મારી સાથે મુસલમાનનો એક છોકરો – સરફ મારી કાળજી રાખતો ને મને રમાડતો. મુસલમાન છોકરાને ડૉ.નાથાભાઈએ પૈસા આપીને ખૂબ ભણાવ્યો ને ડીગ્રી અપાવી હતી.' આમ મોસાળ પક્ષના સમજણના, ડહાપણના, વ્યવહારૂ સ્વભાવ પપ્પાજીમાં આવ્યા અને સાથે સાથે પિતાનો ભલમનસાઈ, સરળતા ને નિસ્વાર્થપણું સેવાભાવી ને શ્રધ્ધાવાનના ગુણ પણ આવ્યા.

બાળપણની પપ્પાજીની આખીય આત્મકથામાં દાદાની પ્રસન્નતા પ્રાપ્ત કરવાની ધગશ વર્તાય છે. નાની ઉંમરે નામું લખતાં શીખી ગયા. ઘરના હિસાબ રાખે, વેપારનો હિસાબ રાખે. ડેલા માટે માટલીમાં

ખારા પાણી ભરી લાવે. તે વખતે પટેલની સ્ત્રીઓ પાણી ભરી ન લાવે તેવો રિવાજ, ભાઈઓ જ જાય. તો પપ્પાજીના કાકાના દીકરા ભાઈ તેમની સાથે જતા ને ભારે ભારે કામમાં મદદ કરતા. ગામની વાડીએથી લીલી તુવેર, ભીંડા, દૂધી, રીંગણ વિગેરે શાક તોડી લાવે અને શાક ફોલાવે પણ ખરા.

દર રવિવારે કપડાં ધોવા તળાવે જાય અને ઈસ્ત્રી પણ કરતા. દાદા અને તેમના મિત્રોના હુક્કા-પાણી પણ ભરી આપતા.

દાદાને ખૂબ વહાલા તે એકવાર પાંચ વર્ષની ઉંમરે સામેથી કહ્યું કે, 'હું તો પરમહંસ છું. તમારાં કલ્યાણ કરવા આવ્યો છું.' તે વાત સાંભળીને દાદાને કેવો અહોભાવ હૃદયમાં થયો હશે !

વહેલી સવારે દાદા ઉઠાડે ને કહે, 'બાબુ, ઊઠો ભાઈ.' ને માથે હાથ ફેરવી ઊઠાડે એટલે જ બાબુ ઊઠે. અને રાત્રે ડેલાની મેડીએ સૂવે પણ દાદા સૂવે પછી જ સૂવે ને દાદુભાઈને પણ પ્રેમથી સૂવડાવે.

૧૯૨૧ ડિસેમ્બરમાં અમદાવાદમાં કોંગ્રેસનું અધિવેશન હતું. તેમાં દાદા સાથે પપ્પાજી ગયા હતા. અને દેશભક્તોને દર્શન આપ્યાં હતાં. અને દેશની સ્વતંત્રતાના સૌને અંતરથી આશીર્વાદ આપ્યા હતા.

પપ્પાજીની ધગશ, હોંશિયારી અને આવડત જોઈને દાદા કહેતા, 'આ બાબુ મારો હીરો છે. મારૂં ઘર, વ્યવહાર સાચવશે.' મામા ગુજરી ગયા પછી દાદાએ 'સઘળી મિલકતનો વહીવટ એકચક્રી બાબુભાઈ કરે' તેવું વીલ બનાવેલું. દાદા મામીને કહેતા, 'તને આ મારો બાબુ સાચવશે.' એટલો બધો વિશ્વાસ ને શ્રધ્ધા દાદાને હતા. ભક્તને ભગવાન માટે કેવું હોય, તેવું જ ને !

એકવાર દાદાના મિત્ર અંબાલાલભાઈ આવેલા. તેમની પિસ્તોલથી બાબુએ રમવા માંડ્યું. ને દાદા તરફ તાકીને પિસ્તોલનો ઘોડો દબાવવા ગયા. ત્યાં અંબાલાલભાઈનું ધ્યાન ગયું અને પિસ્તોલ લઈ લીધી ને બોલ્યા, 'નાથાભાઈ, હમણાં તમારા રામ રમી જાત. આ તો ભરી પિસ્તોલ છે.' તો દાદાજી વઢવાને બદલે હસતાં હસતાં કહે, 'મારો બાબુ તો મારૂં કલ્યાણ કરવા આવ્યો છે. પછી જે રીતે થાય તે રીતે કરે ને !' આ કેવી સ્વરૂપનિષ્ઠા ! આ કેવી ભક્તિ !

બાબુના લગ્ન વખતે પણ ખૂબ ગરીબી. તે સસ્તાં કાપડનો કોટ ને ધોતી જોટો લાવ્યા. તે દાદાથી ન જોવાયું ને તેમણે સરસ ધોતીજોટો અને ચાયના કાર્ડનું કાપડ પહેરણ માટે અપાવી દીધું ને લગ્ન માટે તૈયારી કરાવી. એ દાદાની કેવી દિવ્યભાવભરી અલૌકિક પ્રીતિ !

નાના બાબુના જીવનના રોજનું સમયપત્રક જ દાદાને આધારિત અને દાદાને કેમ કરીને આરામ મળે અને ચિંતા ન કરવી પડે તે રીતે પોતે ગોઠવેલું. દાદાને કપાસિયાનો વેપાર હતો તેથી પોષ્ટ આવતી તે લેવા બાબુભાઈ સ્ટેશન પાસે પોસ્ટઑફિસે પહોંચી જાય અને દાદાની પોસ્ટ લઈ આવતા ! ત્યાં પોસ્ટમેનનું કામ જોઈ બાબુ મંદમંદ હસે. તેથી પોસ્ટમેને પૂછયું, 'ભાઈ કેમ હસે છે ?' તો બાબુ કહે, 'મારે તો પત્રોની આપ-લે વગર જ મનથી સંદેશો ઝીલવાનું ને આપવાનું કાર્ય કરવું છે. મારૂં જીવન એવું જ હશે!' તો પોસ્ટમેન સ્તબ્ધ બની ગયો ને નમન કરીને બોલ્યો, 'વાહ ભાઈ, એવું જીવન તો શ્રી રામ કે શ્રી કૃષ્ણ જેવા ભગવાનનું હતું. શું તું એવો બનીશ ?' બાબુએ હાસ્ય સભર મૌન સેવ્યું. આ વાત પપ્પાજીએ સ્વમુખે સભામાં કરી હતી.

ઘરના દેવાની સ્થિતિ ને ખૂબ નબળી આર્થિક પરિસ્થિતિમાં ૨૧ વર્ષે ૧૯૩૭માં પપ્પાજીને આફ્રિકા જવાનું થયું. દાદા-બા પાસે બાબુ બેઠો. તો દાદા કહે, 'તું ન જા. અમારૂં અહીં કોણ ? અમારી ઉંમર ને ઘરમાં કોઈ નથી.' તો બાબુ કહે, 'હું તમને પણ ત્યાં લઈ જઈશ.' તો દાદા કહે, 'અહીંનો મારો ધંધો તું સંભાળને !' તો બાબુ કહે, 'ત્યાં સરસ શિક્ષકની નોકરી કરીને દેવું ચૂકતે કરીને આવી જઈશ.' દાદાએ ભારે હૃદયે ચાંદલો કર્યો, હાર પહેરાવ્યો. બાએ નાળિયેર ને સાકરનો પડો આપ્યો. બાબુ સૌને પગે લાગ્યો. ટ્રેન ઉપડવાની થઈ ને બાબુને થયું કે હવે આ 'બા, દાદા ને સારાભાઈને' ફરી નહીં મળાય. ખૂબ ભાવથી ભેટ્યા ને પ્રણામ કરીને ટ્રેનમાં બેઠા. દાદાને બાબુ સાથે આત્માની પ્રીતિ તેથી પરમાત્મા સ્વરૂપ બાબુને તે અંતર સંદેશો મળી ગયો ! ને થયું પણ તેવું જ.

પોતાના દેહ કરતાંય દાદાએ બેઉ ભાણાની જીવની જેમ ખૂબ કાળજી રાખી હતી. ને અખંડ તેમનું ચિંતવન કર્યું હતું. તેથી પપ્પાજી વાત કરતા કે અંતરમાં સ્વામિનારાયણ ધર્મનો વિરોધ હોવા છતાંયે


દાદાને મરણ આવતાં પહેલાં શાસ્ત્રીમહારાજ રૂપે શ્રીજીમહારાજે દર્શન દીધાં. જે તેમની છેલ્લી ઘડીની અર્ધતંદ્રા અવસ્થામાં દાદા બોલતા હતા, 'અરે આ બંડિયા આવ્યા ! આ બંડિયાને કાઢો !' આમ મહારાજે સ્વયં દર્શન દીધાં અને અક્ષરધામમાં જ તેડી ગયા. આખી જીંદગી વિરોધ પણ બાબુ–દાદુનું દિવ્ય ચિંતવન કર્યું હતું તો છેલ્લી ઘડીએ મહારાજે દર્શન દીધાં. પપ્પાજીએ એકવાર વાત કરતાં કહેલું કે કરમસદના દાદાજી બાબરભાઈ ! તેઓ આંખે જોઈ શકતા નહીં. તેથી નાનો બાબુ વૅકેશનમાં કરમસદ જાય ત્યારે ખૂબ ભાવે સેવા ચાકરી કરતો. દૈનિક ક્રિયાઓમાં હાથ પકડીને મદદ કરતો ને દાદાજીને ગમે તે રીતે વર્તીને તેમનાં જીવમાં પણ બેસી ગયા હતા.

આવી દાદાની પૌત્ર પ્રત્યેની પ્રીતિ–ભક્તિએ આખું જીવન આનંદ મંગલ બનાવી દીધું. અને પળેપળે છતીંદેહે મોક્ષનો અનુભવ કરીને અક્ષરધામમાં ભાણાઓ તેડી ગયા.

પપ્પાજી

## પિતા પૂ.ડૉ.નાથાભાઈના પુત્ર સ્વરૂપે...

અનંત સ્વરૂપે...



ડૉ.નાથાભાઈનાં પ્રથમ લગ્ન નરસંડાના પૂ.જડીબા સાથે થયાં હતાં. તેમના થકી તેમને એક દીકરો : પૂ.ચુનીભાઈ હતા. પૂ.જડીબા સ્વર્ગમાં સિધાવ્યાં તેથી પૂ.દિવાળીબા (નડિયાદ) સાથે દ્વિતિય લગ્ન થયાં અને તેમના જ્યેષ્ઠ પુત્ર પૂ.બાબુભાઈ એટલે આપણા પપ્પાજી અને નાના પુત્ર તે પૂ.દાદુભાઈ એટલે કે કાકાજી ! બે બેનો પછી જન્મેલા તેથી પિતાનો આનંદ સમાતો નહોતો ! શ્રી સ્વામિનારાયણ ભગવાન, કૃષ્ણજી અદા અને શ્રી શાસ્ત્રીજીમહારાજનો પિતાશ્રીએ અંતરથી ખૂબ આભાર માનીને દેવના દીધેલ ચૈતન્ય સ્વરૂપોને પ્રેમે સ્વીકાર્યા.

બાબુભાઈ એમના પિતાને ઘરે કરમસદ વાર-તહેવારે જતા. પણ મુખ્યત્વે નડિયાદ મોસાળમાં જ રહેતા. પપ્પાજી ઘણીવાર કહેતા 'મારું પડછંદ શરીર, મોટું ગોળ માથું ને વિશાળ બાહુ તે બધું જ પિતાશ્રી જેવું જ.' પિતાના ગુણોમાંથી તેમનામાં ભલમનસાઈ, સરળતા, ઉદારતા, પરગજુપણું અને સાલસતા આવી હતી. ભક્તિ તો ઘરમાં પિતાશ્રી કરે તેથી - અમારામાં બાળપણથી ગૂંથાયેલી. અમો તેમને પ્રેમથી સારાભાઈ કહેતા. પૂંજાજીબાપુનું પ્રકરણ પણ પિતાશ્રીની નિષ્ઠારૂપે અને પૂરૂં થયું તે પણ પરીક્ષારૂપે. પોતાના અનુભવે ગુરુ કે પ્રભુનો ભાવ પ્રગટાવવો તે જ્ઞાન પપ્પાજી ત્યારે જ શીખેલા.

ભણવાનું શરૂ થયું પછી તો વૅકેશનમાં કરમસદ જવાનું થતું ને ત્યાં રમવાનું, જમવાનું અને ભાંડરડાઓ સાથે ઉછેરને પામતા. દિવાળીબા

ચૂનીભાઈનું સાવકા દીકરા તરીકે નહીં પણ અમારી જેમ જ પ્રેમથી જતન કરતાં. તે પણ પપ્પાજીએ નાનપણમાં નોંધેલું. બોરસદમાં પ્રેક્ટીસ કરનારા ડૉ.નાથાભાઈ સમય જતાં આણંદ રહેવા આવ્યા અને ત્યાં દવાખાનુ ચાલુ કરેલું.

એક પ્રસંગ છે જેમાં – આણંદના ઘરની બાજુમાં પૂ.હરિબા કરીને હરિભક્ત. તેમણે પુજાજીબાપુને બોલાવેલા અને સૌને જમાડ્યા હતા. તેથી હરિબા કહે, 'મારા દીકરાઓ પણ જમે. તેઓ ન હોય તો મારે ગળે ન ઉતરે.' તેથી નડિયાદથી ખાસ આણંદ બાબુ–દાદુને લઈ ગયા. ત્યાં પૂંજાજીબાપુ પધારેલા અને સત્સંગની ધામધૂમ ચાલી. ત્યાં નડિયાદના મામા ડાકોરથી આણંદ આવ્યા અને આ બધું જોઈને નડિયાદ જઈ દાદા આગળ ભાંડો ફોડી દીધો. દાદા સારાભાઈને તો શું કહે ? જમાઈ ખરા ને! પણ દીકરી દિવાળીબાને ખૂબ ધમકાવ્યાં અને ફરી કદી નહીં જ લઈ જવાની સૂચના આપી. આ પ્રસંગથી સારાભાઈને દીકરાઓ પ્રત્યે પ્રેમ પણ પોતાના સસરાની કડકાઈ અને સત્સંગનો તીવ્ર વિરોધ, તેથી બોલાવી ન શકે અને તેમને લાડ પણ ન લડાવી શકે. દરેક દિવાળીએ સારાભાઈ બંને પુત્રો માટે ફટાકડા અવશ્ય મોકલે અને આપણા બાબુભાઈ પોતાના ભાગના બધા જ ફટાકડા દાદુભાઈને આપી દે. અને પોતે ઓટલે બેસી અથવા મેડા પર બારી પાસે બેસીને બધા ફટાકડાં ફોડે તે જુએ ને સૌને દર્શન આપે ! અન્યને પોતાની વસ્તુ આપીને રાજી થવાની એમને બાલ્યાવસ્થાથી જ ટેવ. તે પોતે હસતા જાય, સૌને સાથ આપતા જાય ને પોતે દર્શન દઈને કલ્યાણ કરતા જાય.

પપ્પાજી કહે, 'મારી ઉંમર નાની પણ સમજણ ઉંમર કરતાં ૧૦ વર્ષ મોટી. તેથી સારાભાઈની પરિસ્થિતિનો અંદાજ પહેલેથી જ આવી ગયો હતો.' આણંદમાં હૉસ્પિટલ બાંધી. બધાએ ના પાડી કે આટલી નાની મુદ્દતમાં મકાન ન બંધાય પણ સારાભાઈ ભલા ને ભોળા. ધાર્યુ કરનારા પટેલ. તે હૉસ્પિટલ બાંધી અને દસ વર્ષે જમીન પાછી માંગવા તેના માલિક આવ્યા. સારાભાઈને કલ્પના કે દસ વર્ષમાં તો ખૂબ કમાઈ લઈશું. પણ બીજો ભાગીદાર ડૉક્ટર પૈસા

ખાઈ ગયો ને સારાભાઈને આંખે ઝામર આવ્યો ને ઓછું દેખાય તે ખૂબ મુશ્કેલી પડે. માંડ એક બે વર્ષ હૉસ્પિટલ ચાલી અને જમીન પાછી માંગી તેથી બધો સામાન રફેદફે કરવો પડ્યો. પપ્પાજી ત્યારે ત્યાંથી એક ટેબલલેમ્પ લાવેલા જે હજુ પ્રસાદીરૂપ જ્યોતમાં છે. આ બધું જ પુત્રની પારખુ નજરમાં હતું પણ પિતા પાસે વિવેકથી મૌન રહી સ્નેહથી તે સ્વીકારી લીધું.

પોતાના પિતા સાથે કરમસદથી અહીં – અત્યારે જ્યાં બ્રહ્મવિહાર છે ત્યાં સારાભાઈનાં ખેતરો હતાં. તેમાં મોટા ઘટાદાર આંબા હતા. બાળપણમાં આંબાના ઝાડ નીચે સૂઈ જવાનું અને કાચી કેરીઓ વીણી મીઠું-મરચું, ખાંડ ને જીરૂ સાથે ભેળવીને ટેસથી ખાતા. પિતા સાથેની બાળપણની આ વૅકેશનની સ્મૃતિ. કરમસદના ઘરેથી દોડતા અહીં આવતા ને આ ભૂમિને ત્યારે તીર્થભૂમિ કરી દીધેલી. પપ્પાજી કહે, 'અહીં બે ઓરડી ને કૂવો પણ હતો.' ક્યારેક અમુક પક્ષી ટહુકે તો પપ્પાજી કહે, 'અમે બાળપણમાં અહીં આવતા ત્યારે આવા જ પક્ષીઓના મીઠા કલરવ સાંભળવા મળતા.' એમ મધુરી સ્મૃતિ ભક્તોને કરાવીને સૌને બાળપણની સફર કરાવતા.

સારાભાઈએ દેહની સર્વે ક્રિયાઓ કરતી વખતે ભગવાનને સંભારવા તેવી ટેવ પડાવી હતી. કરમસદ જાય ને સારાભાઈ શીખવે – સ્નાન કરતી વખતે ''હે સ્વામી ના'વ, ના'વ.'' ને થાળ કરવાની રીત પણ તેમણે શીખવેલી. ભક્તિનો થાળ કરીને જમવું, પૂજા પાથરીને પ્રાર્થના કરવી એ એક સારાભાઈ જ શીખવતા.

પિતા-પુત્રને અનન્ય સ્નેહ. ક્યારેય અપેક્ષા કે ફરિયાદ નહીં. બાબુભાઈ પિતાનું ખૂબ માન રાખે ને રાજી રાખે. એમ કરીને તેમના જીવમાં બેસી જતા. ૧૧ વર્ષે બાબુભાઈનાં લગ્ન થયાં. ૧૯૨૭ના મેના વૅકેશનમાં કરમસદના ઘરની અગાશીમાં તેમણે બે ચાર મહેમાનોને જોયા અને તે જ દિવસે પિતાએ વિવાહનું નક્કી કરીને ચાંલ્લો આપ્યો. પ્રતિભા જ પપ્પાજીની એવી કે સૌ કોઈને ગમી જતા ! ન તો બાબુએ કમળાને જોઈ કે કમળાએ બાબુભાઈને! કેવા છે ? શું કરે છે ? કોઈ પૃચ્છા જ ન કરી. એ સમયે રિવાજ

જ ક્યાં હતો ! મા-બાપ જે નક્કી કરે તે સ્વીકાર્ય. પિતા પર પૂરો ભરોસો ! સારાભાઈનું કુળ ઉંચુ. કરમસદના ડૉક્ટર અને હરિદાસના થડિયાની ખાનદાની. તેથી ધર્મજનું માગું આવેલું. બાપુજીની સ્થિતિ ૧૯૨૭માં લગ્ન સમયે દેવાદાર. જમીન ગીરો ને આંખે દેખાય નહીં. ખાધાખરચમાં તંગી. લગ્નનો શો આનંદ આવે ! સસ્તા કાપડનાં ખમીસ ને કોટ લાવ્યા અને ધોતીજોટો પણ. પપ્પાજીને અંતરથી કોઈ માંગ નહીં. જેવું તેવું, જેમ તેમ આનંદથી જ સ્વીકારવું તે પપ્પાજીની જીવનશૈલી. ત્યારથી જ પિતાશ્રીને કોઈ પ્રશ્ન કરે નહીં કે પણ, શું, કેમ, ક્યારેય નહીં. આવા આજ્ઞાંકિત પુત્ર તરીકે રહ્યા. લગ્ન કર્યા અને પિતાને હૂંફ આપી. બાબુભાઈને તેમના પિતા માટે ભારોભાર પ્રેમ અને માન. એમને જે ગમે તે માટે તેઓ કદીયે રોકટોક કરે નહીં. ખૂબ દેવું હતું. છતાં - દા.ત.

૧) પૂંજાજીબાપુએ એકવાર રૂ।.૩૦૦૦/- માંગ્યા તે આઠ આનાના વ્યાજે લઈને આપ્યા.

૨) શાસ્ત્રીજીમહારાજના બોચાસણ મંદિરમાં સમૈયા માટે વેપારીને કહી દીધેલું કે 'મંગાવે તે સીધુસામાન તમારે મોકલી દેવો. હિસાબ મને આપજો, હું ચૂકવી દઈશ.'

૩) સારાભાઈને અંતરમાં પોતે જ્ઞાની છે એવું મનાય, તેથી પુસ્તકો લખે અને એમ કે તે બહાર પાડું, છપાવું ને જે પૈસા આવે તેમાંથી દેવું ચૂકવું. જમીન ગીરેથી મૂકાવું. તેથી ત્રણ પુસ્તકો લખ્યાં. તે છપાવવા દેવું કર્યું. કોઈએ સાથ ના આપ્યો તે વેચાયાં નહીં, કબાટમાં પડી રહ્યાં ને છેવટે ફેંકી દેવાં પડ્યાં.

૪) એક ભગત આવ્યા. કહે, 'મારી જમીન તમે રાખો, તમારા ખેતરની લગોલગ છે.' તે સારાભાઈએ તે રાખીને કિંમતનું ખાતું ચઢતા વ્યાજે પાડી આપ્યું. સાથી ખેતરોમાં પાક બતાવે નહીં ને સારાભાઈને દેખાય નહીં. ખેતરે જવાય નહીં ને ફેરા કરનાર બીજું કોઈ નહીં.

બાબુએ તેમને સૂચન કરીને કહ્યું ખરું પણ વિવેકસર. ન માન્યું તો 'કાંઈ નહીં, ભલે. તમે જેમાં રાજી તેમ.'

૫) એમ પિતાની ભલમનસાઈથી એક ભાઈ આવ્યાને કહે, ‘તમારા ભત્રીજાએ લગ્ન માટે સોનાના દાગીના મંગાવ્યા છે તે આપો. લગ્ન થઈ જશે પછી પાછા આપી દઈશું.’ તો ભલા સારાભાઈ ! બધા જ દાગીના આપી દીધા. આંખે દેખાય નહીં. તે કોણ લેવા આવ્યું હતુ તે ચોકસાઈ કરી નહીં. ને ફરી એ ભાઈ દાગીના દેવા આવ્યા જ નહીં.

બાબુભાઈ ખૂબ પ્રેમાળ અને જ્યેષ્ઠ પુત્ર તરીકે સંપૂર્ણ જવાબદારી ઉઠાવી  માતા-પિતાને નિશ્ચિંત કરવા ભણવાનું છોડી આફ્રિકા ચાલ્યા. પિતાને પાયલાગણ કરતા હતા ને અંદરમાં પ્રકાશ થયો કે આ છેલ્લાં દર્શન છે ! અને ૧૯૩૯માં સારાભાઈ ધામમાં ગયા ત્યારે અલિદીના વિશ્રામ સ્કૂલમાં તાર આવ્યો. ચુનીભાઈથી ના રહેવાયું. તેઓએ બાબુભાઈને બહાર બોલાવી સમાચાર આપ્યા. પપ્પાજીને પણ ઘણું લાગ્યું પણ બીજા ઘણા શિક્ષકો ગેરહાજર હતા તેથી ‘ભાવના સે કર્તવ્ય બઢતર હૈ’ વિચારી સ્વસ્થ બની શાળામાં ફરી ભણાવવાનું શરૂ કર્યું ને ચાલુ જ રાખ્યું. પિતા અને પુત્રની જે પ્રીતિ તે આ રીતે દિવ્ય ને આત્મશક્તિ દેનારી હતી.

સારાભાઈ દેહના પિતા પણ ભક્ત હતા. ને બાબુભાઈ સૌના આત્મપિતા. તેથી બાપને હૂંફ ને સ્વાધીનતા આપી. સ્વમાન જાળવીને સમાજમાં જીવન જીવતા કર્યા. સદાયે તેમનો જ પક્ષ અને કાળજી. એવા પુત્રરૂપે પપ્પાજીને અનંત પ્રણામ !




જે પુનિત ગોદને બાબુએ સાંનિધ્યનું સુખ આપ્યું તે દિવ્ય જનનીને અનંત વંદના. દિવાળીબા જેને પપ્પાજી કહેતા- દી'બા. પાતળો એકવડો બાંધો અને કૃતનિશ્ચયી, દઢ મનોબળ ધરાવતું મુખારવિંદ, ઓછાબોલા અને પગલે વ્યક્તિ અને સંજોગો પારખી લે તેવાં વિચક્ષણ. જવાબદારીઓ હસતે મોંઢે સ્વીકારે અને સામાજીક કે વ્યવહારની ગૂંચોને પોતાની આગવી શક્તિથી ઉકેલી નાંખતાં. પપ્પાજી કહેતા, 'મારામાં મારી માતાની આ સમજદારી, વિચક્ષણતા અને હૈયાઉકલત આવી છે !' એ જનનીને આપણે સૌ સહસ્ત્ર વંદન કરીએ.

કરમસદ ગામના ડૉક્ટરનાં પત્ની દિવાળીબા. બે દીકરીઓ પર બોરસદ પુત્રરત્ન બાબુભાઈ પ્રગટ્યા ને હૈયામાં ઉમંગ ને શાતાની હેલી વરસી. આનંદનો ઓઘ ઉભરાયો. ગૃહમાં પ્રીતનો દિવ્ય મહાસાગર ઉછળ્યો! પ્રભુતાભર્યો, શ્યામલવર્ણી 'બાબુ' પ્રગટ્યો, જેની આભા જ સૂર્ય સમ અને સ્મિત ચંદ્રમા સમ માતાએ નિહાળ્યું અને અહેસાસ થયો કે આ ગોળ ગોળ દિવ્ય મુખારવિંદ તો પ્રભુપુત્રનું જ હોય ને ! તેના પોરહાટમાં ને પ્રતીતિના ભાવમાં એક સુખ સમાધિમાં દિવાળીબા વિહરવા લાગ્યાં. ત્યાં તો થોડા સમયમાં નડિયાદથી દિ'બાના પિતાશ્રી પૌત્ર જન્મની ખુશાલીમાં પધાર્યા અને મા-દીકરા બેઉને ઘોડાગાડી કરી બોરસદથી તેડી ગયા. નડિયાદમાં હેત, પ્રીત, લાડકોડ ને સતત સ્નેહભરી માવજત અને ભક્તિભાવે ઉછેરવા લઈ આવ્યા.

દિવાળીબાની કૂખે દીકરો અવતર્યો ને તે શુકનવંતો મનાયો કે તેના જન્મ પછી પણ બે વર્ષે બીજા પુત્રરત્ન દાદુની પ્રાપ્તિ થઈ ! બેઉ પુત્રો પ્રભુતાનું ઓજસ ને દિવ્યતાની સૌરભ લઈને પૃથ્વી પર પ્રગટ્યા !

મુખ્યત્વે મોસાળમાં જ બાળપણ અને કિશોર અવસ્થા પસાર કરેલી ને પૂ.દિવાળીબા બોરસદ, આણંદ કે કરમસદ ડૉ.નાથાભાઈ હોય ત્યાં સાથે જ રહેતાં. પણ મનમાં પુત્રદર્શન અને સેવાની અખંડ લગની રહેતી ને પ્રસંગોપાત એક યા બીજા બહાને નડિયાદ આવી જતાં ને બાબુ-દાદુને પોતાના માતૃપ્રેમથી ભીંજવી દેતાં. ૧૨મી જૂન ૧૯૧૮માં દાદુભાઈનો નડિયાદ મોસાળમાં જ જન્મ થયો ! દાદુભાઈના પ્રાગટ્યનાં વધામણાં બે વર્ષના બાબુભાઈએ ખૂબ ભાવથી કરેલા! બાબુએ પાંચ વર્ષે શાળામાં જવાનું શરૂ કર્યું. તે દરેક વૅકેશનમાં કરમસદ માતા-પિતાને દર્શન દેવા બેઉ ભાઈઓ જતા ને કરમસદની ભૂમિને પણ પાવન કરીને સૌ પિત્રાઈઓને સંબંધ આપીને કલ્યાણ કરતા. દિવાળીબા પોતાના પિતાના પક્ષમાં - તેમને પણ સત્સંગ રૂચે નહીં. બોલે નહીં, દેખીતો વિરોધ નહીં પણ મનમાં સમજી રાખે ને ડૉ.નાથાભાઈની રુચિ જેટલું જ ભળે ને સેવા કરે. શોભે તેટલું જ કરતાં ને સત્સંગમાં જતાં- આવતાં. સંતોની સેવા ચાકરી કરતાં. તે ડૉ.નાથાભાઈને ખુશ રાખવા જ.

૧૯૩૩માં બાબુભાઈ મેટ્રિકની પરીક્ષા આપવા વડોદરા ગયા હતા. નાનાજીએ દસ રૂપિયા આપેલા. તેમાંથી નડિયાદથી વડોદરાની નવ આનાની ટિકિટ એટલે જવા આવવાના કુલ ૧૮ આના વપરાયા. સયાજીગંજમાં એક સંબંધીને ત્યાં પરીક્ષામાં અઠવાડિયું રોકાયા તેથી કોઈ ખર્ચ બીજો કરેલો નહીં. પપ્પાજીને ઘરની ચિંતા - પૈસાની ખેંચ અને પિતાજી અને નાનાજી બેઉનાં ઘર બધી જ રીતે ઘસાઈ ગયેલાં. કોઈ બીજા સાથ આપનારા સગાં નહીં. આવા સંજોગોમાં પપ્પાજી પરીક્ષા આપીને પાછા ફાસ્ટ ટ્રેઈનમાં જતા હતા ત્યારે વચ્ચે આણંદ સ્ટેશન આવ્યું ને દિવાળીબા કરમસદથી મળવા આવ્યાં. તેઓ કરમસદમાં ખૂબ ગરીબાઈથી રહેતાં. પૈસા બિલકુલ નહીં હોય

પણ સ્ટેશનથી ગાડી ઉપડી ત્યાં સુધી 'સ્વમાની' દિવાળીબાથી પુત્ર બાબુને કંઈ કહેવાયું નહીં. પણ જેવી ગાડી સ્હેજ ચાલવા માંડી ત્યાં જ 'ભઈ ! થોડા પૈસા હોય તો આલતો જાને !' એમ બોલ્યાં. ને પપ્પાજીએ ખિસ્સામાં હાથ નાંખી જે કાંઈ બાકી વધેલા પૈસા હતા તે દિવાળીબાને આપ્યા ! આ પ્રસંગને પપ્પાજી વર્ણવતાં ખૂબ ભાવુક બનીને દઢતાથી કહેતા 'આવાં દેવ જેવા ઉમદા માતા-પિતાને આવી પૈસાની લાચારી !' માતાના આ વાક્યે ક્રાંતિ સર્જી ! લક્ષ્મીને હવે વશ કરવી છે ને ગમે તેમ કરીને ભણવાનું મૂકીને, નોકરી કરીને પૈસા ભેગા કરીને મા-બાપને સુખી કરવા છે, નાનાભાઈ દાદુને ભણાવવો છે, કોઈની પાસે હાથ લાંબો જ ન કરવો પડે તેવા સંજોગો સ્વ પ્રયત્નથી ઉભા કરવા છે. કરકસરથી ભણી, નોકરી કરીને આખા કુટુંબને આગળ લાવવું છે તેવો દઢ સંકલ્પ થઈ ગયો !

પપ્પાજી કહે, 'મારા ને દાદુભાઈના જીવનમાં માતાના આ વાક્યે – આવા સંજોગોએ દઢ કૃતનિશ્ચયતા અને દઢ મનોબળ સર્જ્યું.' આ પ્રસંગ પરથી માતા-પિતા માટે કુટુંબ માટે બાબુભાઈને કેવી ઊંડી પ્રીતિ હશે ! અને એ અલૌકિક જનેતાને જરીયે દુઃખ સહન કરવું ન પડે તેવો સમગ્રતાથી પૂર્ણ શક્તિથી ઉદ્યમ શરૂ કર્યો. ધન્ય છે ને તે માતૃપ્રેમને એ પુત્રપ્રેમને !

ફરી વળી બીજો એક પ્રસંગ બન્યો ! આવી લાચારીમાં દાદુભાઈ મોમ્બાસા ગયા ને તેમને મૂકવા બાબુભાઈ મુંબઈ ગયા હતા. ત્યાંથી પાછા વળતાં વડોદરા એક સંબંધીને ત્યાં ઉતર્યા હતા. ત્યારે બાબુભાઈએ ખમીસ પર સોનાનાં બટન પહેર્યાં હતાં. તે જમાનામાં પેટીને બદલે ડબ્બો રાખતા. તેમાં જૂનું ખમીસ કાઢીને સોનાનાં બટન સાથે જ મૂક્યું. કરમસદ આવીને ડબ્બો ખોલ્યો તો ખમીસ પરથી સોનાના બટન ગાયબ ! બાબુએ દિવાળીબાને આ વાત કરી તે દિવાળીબા એટલું જ બોલી શક્યાં, 'કાંઈ નહીં ભાઈ !' દિવાળીબાની ગજબની સહનશક્તિ અને બાબુ માટેનો અપાર પ્રેમ – વઢવાનું કે ટોકવાનું જ નહીં. દીકરો તો પ્રભુ સમાન ! પણ બાબુભાઈ કહે, ''આ વાક્યે 'કાંઈ નહીં ભાઈ' મારા જીવનમાં જબરી ચોટ લાગી

ગઈ. તે દિવસથી નિશ્ચય કર્યો કે કિંમતી વસ્તુ શરીર પર જોઈએ જ નહીં.'' અને તે છેક સુધી પપ્પાજીએ કદીએ સોનાની કે હીરાની કોઈ વીંટી કે કંઠી કે કોઈ વસ્તુ કાયમી ધોરણે ગ્રહણ કરી જ નથી.

આવા માતાની ધીર ગંભીર ઊંડી પ્રીતિથી બાબુભાઈને ચટકી લાગી ગઈ. એક જ ધ્યેય 'કુટુંબની લાચારી દૂર કરો' એવું એકાવધાની થઈને મંડી પડ્યા.

ડૉ.નાથાભાઈને આંખે દેખાતું બંધ થયું ને આણંદ દવાખાનુ બંધ કરીને કરમસદ રહેવા આવી ગયા. દિવાળીબા સર્વ પ્રકારે તેમની ને સૌ સંબંધીઓની કાળજી રાખે ને ખૂબ સેવા કરે. પૈસાની તંગી પણ કોઈને ય કળાવા ન દે. ડૉ.નાથાભાઈએ પુસ્તકો છપાવ્યાં. બીજા ખેતરો લીધાં. ખેતી માટે સાથી રાખ્યા. નુકસાન પર નુકસાન ને દેવા પર દેવુ. આ બધું જ જાણવા છતાંયે મૌન રહીને ઘરવ્યવહાર ચલાવ્યે જ જતાં. કોઈ ફરિયાદ નહીં કે કોઈની યે અપેક્ષા નહીં. કેવી જબરજસ્ત નારીશક્તિ હશે દિવાળીબામાં!

૧૯૩૯માં ડૉ.નાથાભાઈ ધામમાં ગયા તે પછી તેઓ વિધવાનાં વસ્ત્રો - શેલુ પહેરતાં. અને કરમસદ જ રહેતાં. તેમની સેવામાં બાબુભાઈનાં પત્ની પૂ.કમળાબેન અને દીકરા રમેશભાઈ હતા. તેઓ ૧૯૩૭ થી ૧૯૩૯ રહ્યા. ૧૯૩૯માં કમળાબેન અને રમેશને મોમ્બાસા બોલાવ્યા ત્યાં સુધી. બાબુભાઈએ નડિયાદ મોસાળમાં, કરમસદ માતુશ્રી, મુંબઈ બેન કમળાબેન અને લંડન દાદુભાઈને પૈસા મોકલવાના. ૧૯૩૯થી ૧૯૪૧ પત્નીને મોમ્બાસા બોલાવ્યાં ત્યારે દિવાળીબા નડિયાદ રહેવા ગયાં હતાં.

૧૯૪૧થી ૧૯૪૫ દાદુભાઈને ભણાવવાના પૈસા બચાવવાના હતા તેથી પત્નીને દેશમાં મોકલ્યાં. અને ડિસેમ્બર ૧૯૪૮માં દિવાળીબાને ભેંસે શીંગડું માર્યું હતું તેથી તેમની ખબર જોવા માટે બાબુભાઈ મોમ્બાસાથી આવ્યા. અને પોતાની બેન કમળાબેનના ઘરે તારદેવ ઉતર્યા. અને જોગીમહારાજના ધબ્બા સાથે ગળી રોટલી જમ્યા. પપ્પાજી કહે, 'એ દિવાળીબાને જોવાનું નિમિત્ત અને યોગીજીમહારાજનો સંકલ્પ તે ગળી રોટલી અને ધબ્બાએ

મારા અંતરમાં ચૈતન્યમાં તણખો કરી દીધો. વ્યવહાર કાર્ય કરવા ને દિવાળીબાની દેખરેખ રાખીને સેવાચાકરી કરતા. અને છેલ્લે ૧૯૫૨માં પધાર્યા ત્યારે પોતાનાં માતુશ્રી તારદેવ જ પૂ.દાદુભાઈ સાથે રહેતાં હતાં. પપ્પાજીને તેમને જોઈને ખૂબ આનંદ થયો. ઘણાં વર્ષો પછી પૂ.દિવાળીબા આનંદથી ભક્તિ કરતાં હતાં. પણ દાદુભાઈનું જે ઉપશમ તેની ચિંતા ખૂબ રહેતી. તે દિવાળીબા પાસે હૈયાનો બળાપો પપ્પાજીએ ઠાલવ્યો. ને જ્યારથી પપ્પાજીને સાક્ષાત્કાર થયો ત્યારથી દિવાળીબા પણ એક મુક્તરાજની જેમ જ તારદેવ સૌ સાથે સેવા-ભક્તિમાં હળીમળીને રહેતાં. સૌ સાધક બેનો પણ તેમની ખૂબ ભાવથી સેવા પણ કરતાં. અને પપ્પાજીની જૂની જૂની સ્મૃતિઓનો ખજાનો ભેગો કરતાં. ૧૨મી માર્ચ ૧૯૬૫માં તેમણે તારદેવ અક્ષરધામના તખતમાં દેહ ત્યાગ કર્યો. ત્યારે પપ્પાજી-કાકાજી પુરૂષોત્તમપુરા ગુજરાતમાં પૂ.યોગીજીમહારાજ સાથે વિચરણમાં હતા. ત્યાંથી પાછા આવતાં વાર લાગે તેથી તેમની અંત્યેષ્ઠિ તારદેવના મુક્તોએ ખૂબ મહિમા અને ભાવથી કરેલી. તેમની પાછળ 'સ્વામીની વાતુ'નું સાત દિવસનું પારાયણ પણ ગોઠવાયું હતું. ને બારસ-તેરસના કરમસદ પાટીદારના ખાનદાન રિવાજ પ્રમાણે વિધિ પણ કરાવી હતી.

દિવાળીબાના જીવનમાં આનંદ અને શાંતિનો જોગ છેક ૧૯૪૮ પછી થયેલો ને તે તારદેવ રહેવા આવ્યા પછી. પ્રભુ સમાન પુત્રોની જનેતાને કેવી કેવી આલોકની તકલીફો પડી ? પણ કોઈ ફરિયાદ નહીં ને કોઈની અપેક્ષા નહીં. તેવા ઉચ્ચ ખાનદાની ગુણો અને અપાર આત્મબળ. એવી બાબુ-દાદુની પરમ દિવ્ય જનેતા સમગ્ર ગુણાતીત સમાજના મુક્તો વતી સાષ્ટાંગ દંડવત પ્રણામ !




પપ્પાજીના પિતાશ્રીનાં પ્રથમ લગ્ન નરસંડાનાં પૂ.જડાવબેન સાથે થયેલાં. તેમના થકી પુત્ર પૂ.ચુનીભાઈનો જન્મ થયેલ. તે ચુનીભાઈ પપ્પાજીના મોટાભાઈ. આશરે ૧૫ વર્ષ મોટા હતા. પપ્પાજીના પિતા પૂ.ડૉ.નાથાભાઈએ તે પછી દ્વિતીય લગ્ન નડિયાદનાં પૂ.દિવાળીબેન સાથે કરેલ જે પપ્પાજીનાં માતુશ્રી. એ રીતે સામાજીક વ્યવહારની દષ્ટિએ પૂ.ચુનીભાઈ પ્રથમ માતાના પુત્ર - ઓરમાન ભાઈ કહેવાતા.

પપ્પાજીનો જન્મ થયો તે પછી તેઓ નડિયાદ મોસાળમાં જ ઉછર્યા અને મોટા થયા. બે બેનો પર ભાઈ તરીકે બાબુભાઈ જન્મ્યા હતા. પણ આપણા મોટાભાઈ તે ચુનીભાઈ તેમ તેઓ સૌ માનતા અને એ રીતે તેમનો આદર કરતા. ચુનીભાઈને કોઈ બીજા ભાઈ-બેન નહોતાં. તેથી મણિબેન, બાબુ, દાદુમાં તેઓ પોતાના ભાંડરડા જેવો જ સ્નેહ રાખતા. કાળજી પણ એવી જ રાખતા. ચુનીભાઈનો ઉછેર, અભ્યાસ કરમસદ જ થયેલો અને તેમનાં લગ્ન ડાહીબેન સાથે થયેલ. તેઓ કરમસદની મેડી પર જ રહેતાં. વૅકેશનમાં પપ્પાજી કરમસદ આવે ત્યારે માતા અને ભાભીના હાથની રસોઈ જમતા ને ખૂબ કાળજી પણ ભાભીશ્રી રાખતાં. તેવું પપ્પાજી કથામાં ઘણીવાર કહેતા. ડૉ.નાથાભાઈને આંખે દેખાતું બંધ થયું ને જમીન-મકાન ગીરે મૂકવું પડ્યું તેથી મોટાભાઈ ચુનીભાઈ શિક્ષકની નોકરી સ્વીકારી પત્ની સાથે જ આફ્રિકા મોમ્બાસા ગયા હતા. તેથી બાળકો પણ ત્યાં જ ઉછર્યાં.

૧૯૩૩માં કરમસદના કુટુંબની અને નડિયાદના મોસાળની

આર્થિક કપરી પરિસ્થિતિ હતી. તેથી મોટાભાઈએ આફ્રિકાથી આવીને ડૉ.નાથાબાપાને સમજાવી દીધું કે બાબુ-દાદુને આફ્રિકા શિક્ષક તરીકે હું નોકરી અપાવી દઈશ અને દેવું બધું ચૂકતે થઈ શકશે. એ માટે ૧૯૩૩માં જ્યારે મોટાભાઈ આફ્રિકાથી દેશમાં આવેલા તે પપ્પાજીની સ્કૂલના હેડમાસ્તર શાસ્ત્રીને મળ્યા અને પપ્પાજીને છઠ્ઠી અંગ્રેજીમાંથી જ મેટ્રિકની પરીક્ષા આપવાનું કહ્યું જેથી બે વર્ષ બચી જાય ને વહેલા આફ્રિકા જવાય. પપ્પાજીએ ૧૯૩૩માં સીકસ્થમાંથી મેટ્રિકની પરીક્ષા આપી તે વખતે ૩૩ ટકા જ પરિણામ આવ્યું હતું. તેમાં બાબુભાઈ પાસ તો થઈ ગયા પણ થર્ડક્લાસ આવ્યો. જેથી અત્યાર સુધીની જે ફર્સ્ટ ક્લાસની કેરીયર હતી તે જતી રહી. મોટાભાઈના ખૂબ આગ્રહથી નાનાભાઈ દાદુભાઈ તો મેટ્રિકની પરીક્ષા આપ્યા વિના જ મોમ્બાસા નોકરી કરવા ગયા. ૧૯૩૭માં બે વર્ષ પછી આફ્રિકા મોટાભાઈની રુચિ અને મદદથી બાબુભાઈ પણ શિક્ષકની નોકરી કરવા આફ્રિકા પહોંચી ગયા.

પહેલાં મોટાભાઈના ઘરે જ બાબુભાઈ રહેતા. પૂ.ડહીબેન - (ભાભી) તેમની મદદ અને સેવા કરતાં. બાબુભાઈ પણ તેમને રાજી રાખવા ખૂબ મદદ કરતા. સાયકલ પર જઈને અનાજ, ચીજ વસ્તુ વગેરે રોજ લાવી આપે. ભાભીને એક પછી એક ચાર દીકરાઓ અને ત્રણ દીકરીઓ. તેથી તેમને પણ પ્રેમથી જાળવતા - રમાડતા. અને ખૂબ મદદરૂપ થતા. ખાધા ખરચના દર મહિને ૪૦ શિલીંગ ભાઈને ચૂકવતા.

૧૯૩૯માં ડૉ.નાથાભાઈ અક્ષરધામ સિધાવ્યા ત્યારે મોટાભાઈ ચુનીભાઈ પર તાર આવ્યો હતો. તે બપોરના સમયે સ્કૂલમાં પીરીયડ લેતા હતા. ચુનીભાઈએ બાબુભાઈને વર્ગની બહાર બોલાવીને તાર વંચાવ્યો. પપ્પાજીને અંદરમાં ખૂબ લાગ્યું તો ખરું કે પિતાશ્રી ધામમાં ગયા ! પણ શાળામાં તે દિવસે ઘણા શિક્ષકો ગેરહાજર હોઈ (ચુનીભાઈ તો શાળા છોડીને ઘરે ગયા- પણ) પપ્પાજી 'ભાવના સે કર્તવ્ય બઢતર હૈ' એ વિચારે સ્વસ્થ થઈને ફરી પાછો વર્ગ લેવા માંડ્યા. ને શાળા પૂરી થઈ પછી જ તેઓ ઘરે ગયા ! કેવો આદર્શ!

આવા બાબુભાઈના વર્તનથી શાળાના પ્રિન્સીપાલ અને અન્ય શિક્ષકોને ખૂબ માન થયું ને ગુણ આવ્યો. જેના થકી પપ્પાજીએ એમનાં પણ અંતકાળે કલ્યાણ કર્યાં.

એકવાર પપ્પાજી ભીંડાનું શાક લાવ્યા હશે તે સૂકાયેલું ને કરમાયેલું હશે તો ડહીભાભી કહે 'આ શાક સારૂં નથી.' તો બાબુભાઈ કહે, 'લાવો !' કરી તેને બીજે માળેથી બહાર ફેંકી દીધું.' અને પછી કહે, 'હવે ફરીથી કદીએ હું શાક નહીં લાવું. ભાઈને કહેજો.' એમ પટેલિયાનો જે સ્વાભિમાનનો ગુણ – તે પપ્પાજી એકવાર સભામાં ગમ્મત કરતાં કહે, 'હું જે લાવું, જેવું લાવું તે સારૂં જ લાગવું જોઈએ. સારૂ જ કહેવું જોઈએ. હું તો પરમહંસ છું. કંઈ શાકભાજી લાવવા થોડો જન્મ્યો હતો ! એ તો ભાભીની સેવા કરતો હતો.'

૧૯૪૧ થી ૧૯૪૫ નાનાભાઈ દાદુભાઈને ભણાવવા પપ્પાજીએ પોતાની પત્ની કમળાબેનને દેશમાં રાખ્યાં. તે વખતે ડાહીભાભી કહે કે અહીં જમો. પણ પપ્પાજી કહે 'મેં જમવાનું તો શરૂ કર્યું પણ મારે ત્યાં ટાઈમસર જમવા જવું પડે ને મારે સ્વતંત્રતા જોઈએ. ભાભી રોકટોકે તે ન ગમે. તેથી ત્યાં જમવાનું બંધ કરીને લૉજમાં જમવા જતો ને મારા ક્વાર્ટરમાં રહેતો.'

ચુનીભાઈના ઘર સામે મોટું ઝાડ. ત્યાં ચાંદનીમાં પપ્પાજી મિત્રો સાથે આનંદ કરતા. પૂ.જયંતીભાઈ, પૂ.વિનુભાઈ, પૂ.ચંદુભાઈ, પૂ.મુકુંદભાઈ એમ ચારેય ભત્રીજા માટે પપ્પાજી ખૂબ પ્રેમ અને ભાવ રાખી તેમને રમાડતા ને ભણાવતા. એમ મોટા કર્યા હતા.

ચુનીભાઈના મોટા દીકરા જયંતીભાઈનાં લગ્ન પૂ.મગનબાપાની દીકરી સાથે કરવાનું ગોઠવ્યું. તે વખતે આપણાં પૂ.તારાબેન અમીન સાથે મગનબાપાના દીકરાના વિવાહની વાત પણ કરી હતી.

પપ્પાજી આ આખા પ્રસંગને આધ્યાત્મિક રીતે મૂલવીને હંમેશાં કહે છે કે મેં પૂ.મગનબાપા જેવા સ્વામિનારાયણના પરમ ભક્તનો જ પક્ષ રાખ્યો. અને પોતાના ભાઈ-ભાભીને મહિમાથી સમજાવ્યા કે અક્ષરમુક્તની દીકરી આવે છે તો દહેજ પૈઠણ માટે ખૂબ આગ્રહ ન રાખવો. પણ ભાભી ડહીબેન ખૂબ આગ્રહ રાખ્યો તેથી પપ્પાજીએ

પોતાના ૪૦૦૦ શિલીંગ મગનબાપા તરફથી આપીને તેમને શાંત કર્યાં અને પૂ.જયંતીભાઈનાં લગ્ન મગનબાપાની દીકરી પૂ.મંજુલા સાથે કર્યાં.

બાપા યુવકોને સાધુ બનાવે છે તે જાણી જયંતિભાઈ કહે, 'હવે મારે પણ સાધુ થવું છે !' પપ્પાજી કહે 'મગનબાપાની દીકરી સાથે વેવિશાળ થઈ ગયા છે હવે લગ્ન કરવા જ જોઈએ. પછી સાધુ થવું હશે તો તારા ઘરની સર્વે જવાબદારી હું પૂરી કરીશ.' આવા સમયે જયંતીભાઈને માનસિક બીમારી આવી. તેમાં આખા કુટુંબ પર ચિંતા આવી ગઈ. ત્યારે પપ્પાજીએ ચુનીભાઈ ને ભાભીને કહેલું કે મગનબાપા નારાજ થયા છે તેથી આવું મહારાજે ગોઠવ્યું. આખી રાત ગોષ્ટિ કરીને ભક્તોના અભાવ-અવગુણ, ખટપટમાં ન પડવું ને મગનબાપાનો પક્ષ જ રાખવો તેવો અપાર મહિમા પપ્પાજીએ મોટાભાઈ પાસે કહ્યો. ને બીજે દિવસે સવારે જ પોસ્ટમાં જોગીબાપાનો પત્ર આવ્યો. જેમાં 'વ.ગ.મ.૬૦ પ્રમાણે ભગવાનના ભક્તનો અભાવ નહીં જ. ને તેનો પક્ષ રાખવાનો' તેવી વાત બાપાએ સ્વયં લખેલી આવી. તેથી ભાઈ-ભાભી શાંત પડ્યા. ખૂબ અંતર્દષ્ટિ કરીને ભજન કર્યું. પરિતાપ ને પ્રાર્થના કરી ને જેના ફળ સ્વરૂપે જયંતીભાઈ પાછા તંદુરસ્ત થઈ ગયા અને સર્વ વ્યવહારનું કાર્ય કરી રહ્યા.

પૂ.તારાબેન અમીનના વિવાહની વાત જ્યારે પૂ.મગનબાપાના દીકરા સાથે કરવાની હતી ત્યારે તેમનાં પત્ની પૂ.ચંચળબેન સાથે પપ્પાજીએ વાત કરી ત્યારે તેમણે મોટી મોટી પૈઠણ ને છોકરા માટે ધંધો, વેપાર એવી માગણી કરી. એટલે તેમની સાથે વિવેકસર ચર્ચા કરી તટસ્થ રહીને મગનબાપાના ગૃહસંસારને જોયો. મગનબાપા એકાંતિક ને તેમનાં ઘરવાળાં ? પૂ.સોનાબાને પત્ર લખીને આ બધું જણાવ્યું ને જવાબમાં તારાબેનનો વિવાહ ત્યાં કરવો નથી તેવો સંદેશો આવ્યો.

આવાં કામ તટસ્થ રહીને કરવાનું બળ ને બુધ્ધિ જોગી મહારાજે જ પપ્પાજીને આપ્યા. પપ્પાજી કહે, 'ધર્મરાજા જેવી મારી સાત્ત્વિક

બુધ્ધિ જે સૌનો અભાવ લેવડાવે તેવી હતી તે આવો એકાંતિક ભક્ત મગનબાપાનો ખુલ્લો પક્ષ પોતાના ભાઈ-ભાભી સામે લીધો તો નિર્દોષબુધ્ધિ દઢ થઈ ગઈ અને 'બાપા ભગવાન છે' તેવી નિષ્ઠા પપ્પાજીએ પોતાની બુધ્ધિનાં રૂપાંતરથી અનુભવી. તટસ્થતા, નીરવતાનાં ગુરુહરિ પપ્પાજીના પ્રત્યેક કાર્યમાં વિચાર, વાણીમાં આપણે સૌએ દર્શન કર્યાં છે.

પૂ.ચુનીભાઈની દીકરી હંસાનાં લગ્નનું ૧૯૫૫માં કરમસદ મુકામે ગોઠવાયેલું. પૂ.દાદુભાઈની આજ્ઞાથી પપ્પાજી કરમસદ આવ્યા અને અખંડ મૂર્તિમાં લય ને લીન રહ્યા. પપ્પાજી કહે, 'હું તો રોબોટની જેમ જ બધી જ લગ્નની વ્યવહારની ક્રિયાઓ બીજા કહે તેમ કરતો. ને જેવો સમય મળે તેવો મંદિરમાં જઈને ભજન, ધૂન કરતો. લગ્નમાં જરાયે મન જ નહીં. (૧૯૫૧માં ચાર વર્ષ પહેલાં મોટી દીકરી કુસુમનાં લગ્ન મોમ્બાસા ખૂબ સરસ રીતે ધામધૂમથી પપ્પાજીએ જ કરાવ્યાં હતાં.)

હજુ જાન વળાવી ને જોગીબાપા કરમસદ પધાર્યા ! પપ્પાજી કહે, 'તે સાંભળ્યું ને મારામાં જીવ આવ્યો. મંદિર સાફ કરાવ્યું, ગાદલાં-ગોદડાં તૈયાર કર્યાં ને બાપાની સરભરાની પૂરી તૈયારી કરી દીધી. આત્મા જાગ્રત બની ગયો ને ભક્તિમાં પરોવાઈ ગયો. બધા સગાવહાલાંઓને અચરજ થયું કે આ લગ્ન પ્રસંગે બાબુભાઈ કેવા સુનમૂન હતા ને હવે?

બાપા મંદિરમાં ઉતરેલા. ત્યાંથી કરમસદ ગામ વીંધી, આખા બજારની પાર થઈ લાઈબ્રેરી આગળ થઈને ડાહ્યાભાઈ ભાદરણવાળાને ત્યાં પધરામણીએ જવાનું હતું. બાપાએ બાબુભાઈને કહ્યું, 'પધરામણીએ ચાલો.' આગળ ગયા ત્યાં બાપા કહે, 'તાળી પાડતાં પાડતાં ધૂન કરતાં કરતાં ચાલો.' પપ્પાજી કહે, ''મને સહેજવાર ખચકાટ થયો. આ ગામ આખું મને ઓળખે. બધા બજારમાં બેઠા હોય. એ બધા મને આવું તાળી પાડતા જોશે તો કેવું લાગે ? સહેજ શરમનો ભાવ આવ્યો. પોતાના જ ગામ ને સગામાં સૌ લોકમાં કીર્તિ ને આબરૂ શું રહેશે ! તેવો ભાવ ઊઠ્યો ને તરત જ

પપ્પાજી કહે, 'મેં વિચાર્યું - હું આત્મા છું, અક્ષર છું' કરી તાળી ઊપાડી ને મોટેથી ધૂન કરવા માંડી. પપ્પાજી કહે, 'આ મારી લોક ઊડાડવાની છેલ્લી પરીક્ષા હતી. તેમાં જો જુક્તિ કરીને હાર્યો હોત તો બાપા ફરીથી પ્રસંગ ગોઠવત. ૧૦૦% માર્કસથી પાસ જ થવાનું. તેવું ધ્યેય રાખીને લોક, ભોગ, દેહ ને પક્ષ ઉડાડવા જ છે. લૌકિક, અલૌકિક ગણતરીઓ મૂકીને ગુરુ આજ્ઞાએ આપણે સૌએ ઝૂકાવી જ દેવાનું છે.

ચુનીભાઈના દીકરા વિનુભાઈ તેઓ ખાસ મિત્ર અને સાથીદાર તરીકે પપ્પાજી સાથે મોમ્બાસામાં રહ્યા. તેમનાં સૌ બાળકોની સર્વ પ્રકારે પપ્પાજી કાળજી રાખતા. તેઓ કસ્ટમની ઑફિસમાં કામ કરતા. તેથી નાના મોટા હરિભક્તોની સેવા કરી લેવી તેવું પપ્પાજી તેમને સૂચવતા. તેમના પત્નીની દાળઢોકળી પપ્પાજી વખાણતા. મમ્મીજીની ૧૯૫૦માં પ્રફુલ્લભાઈના જન્મ વખતે ખૂબ સેવા કરી હતી. તેમના દીકરા અશ્વિનભાઈ હાલ અમેરિકા છે. તેમના દીકરા પૂ.વિમલભાઈ જેમણે હાલ પૂ.દિનકરભાઈ પટેલ શીકાગોની દીકરીની સાથે ગૃહસ્થાશ્રમ માંડ્યો છે ને તેમનો દીકરો નારાયણ વત્સલ પણ પપ્પાજી - કાકાજીનો અદ્‌ભુત વારસદાર હોય તેવાં દર્શન થાય છે. તેમ પપ્પાજીના મોટાભાઈ ચુનીભાઈ... વિનુભાઈ... અશ્વિનભાઈ... વિમલભાઈ + એમીબેન નારાયણ વત્સલ. એમ ચાર ચાર પેઢીમાં પ્રત્યક્ષની નિષ્ઠા ને આધ્યાત્મિક વારસો આવી ગયો છે.

પપ્પાજી કહેતા 'નાથાભાઈનું જે દેવું ને ગીરે મૂકેલી જમીનો હતી તેના વ્યવહારિક રીત પ્રમાણે ત્રણ ભાગ પડેલા જેથી અમારે બાબુ+દાદુને ૨/૩ ભાગ આપ્યા અને જે જમીન-ઘર હતી તેના માતા પ્રમાણે બે ભાગ પડેલા જેથી અડધો અડધો વહેંચાયેલો પણ 'હશે ! મોટાભાઈ છે ને ! જે કરે તે સારૂં' એમ વિચાર કરીને પૂરેપૂરૂં દેવું ચૂકવ્યું ને ગીરવે મૂકેલી જમીન છોડાવી હતી. (૧૯૬૬માં ચુનીભાઈ કરમસદ રહેતા હતા. ને આપણને વિમુખનારાયણની પદવી પ્રાપ્ત થઈ ત્યારે મોટાભાઈ અક્ષરપુરૂષોત્તમ સંસ્થામાં જ રહ્યા ને તેથી કોઈ વ્યવહારિક સામાજીક સંબંધ નહોતો.)

ગુણાતીત જ્યોત મહિલા કેન્દ્રની જે આઠ પ્લોટની જમીન હતી તેમાંથી તેમનો જે ભાગ હતો તેના પૂરા પૈસા રોકડાથી આપી દીધા હતા ને બધું જ ગુણાતીત જ્યોત મહિલા ટ્રસ્ટના નામે કરી દીધું હતું. છેલ્લે ડહીભાભી ને ચુનીભાઈ બીમાર હતા. તો પપ્પાજી તેમની ખબર જોવા પણ કરમસદ ગયા અને અન્ય સેવકો, ભક્તો પાસે તેમની દેખરેખ કાળજી રખાવી હતી. ને તેમને કલ્યાણના અધિકારી બનાવ્યા હતા.

ગુજરાત મશીનરીવાળા જેઠાભાઈ વાઘજીભાઈ કરમસદમાં પપ્પાજીના ખાસ પાડોશી. કાકાના દીકરા થાય. તેમને પણ ખૂબ ગરીબી હતી. દિવાળીબા તેમને સાચવે, જમાડે ને ખૂબ પ્રેમભાવ રાખે. ૧૯૬૬ પછી અહીં પપ્પાજી-કાકાજીને મળવા ઘણીવાર આવે. મોટા ઉદ્યોગપતિ તરીકે નામના થઈ હતી. પણ પપ્પાજી પાસે નાનાભાઈ તરીકે આત્મીયતાથી પધારે પપ્પાજી કદીએ ફંડફાળો માગે નહીં. અપેક્ષા જ ન રાખે. તો તેમને ખૂબ ગુણ આવી ગયેલો. ને ખૂબ મહિમાથી ગુણાતીત જ્યોતનો પક્ષ રાખતા હતા. આજે તેમના વંશજોએ પણ ગુણ લીધો છે ને અક્ષરધામના અધિકારી બની ગયા છે. ઓરમાનભાઈ કે કુટુંબીભાઈ બધાને પોતાની ભક્તિ ને પાકી નિષ્ઠાથી અક્ષરધામના અધિકારી બનાવી દેનાર પપ્પાજીને અનંત વંદન !



# પપ્પાજી

## મોટી બેનના નાના ભાઈ સ્વરૂપે...

## અનંત સ્વરૂપે...

બાબુ ને દાદુ દિવ્ય જનેતા દિવાળીબાની કૂખનું ગૌરવ બન્યા ને ગુણાતીત સમાજનું સર્જન કરીને સૌને ધન્ય કર્યા !

ગુરુહરિ પપ્પાજીના જો પ્રત્યેક વર્તનને આપણે ફક્ત લૌકિક, વ્યવહારિક કે સામાજિક દૃષ્ટિથી મૂલવીએ તો પણ તેમાંથી ઉપસી આવતું ચિત્ર એવું દર્શાવે કે તેઓ ખૂબ પ્રેમાળ અને અંતરથી સંબંધી સર્વેની કાળજી રાખનાર માનવ. માનવીય સંબંધોમાં ગાઢ નાતો બાંધીને, પોતે નિર્મોહી રહીને પ્રત્યેક સંબંધને ગરિમા આપીને સામી વ્યક્તિની જીંદગીમાં સર્વ પ્રકારે પ્રગતિ કરાવે અને લૌકિક હૂંફ અને આધ્યાત્મિક માર્ગદર્શન આપીને ભક્તિ તરફ દોરવે.

મોટાં બે બહેનો – મણિબેન અને શાંતિબેન. શાંતિબેન કિશોરવયે અક્ષરધામ સિધાવ્યાં. મણિબેન સાથે અલૌકિક પ્રીતિ. બેન મોટાં તેથી નાના બાબુ પ્રત્યે ખૂબ પ્રીતિ અને એમને ખૂબ લાડ લડાવતાં. મોસાળ નડિયાદમાં ખડકીના ઘરમાં સાંજે ભાઈને ઘોડિયામાં અને પછી ખાટલા પર સૂવડાવીને ભજનોના રસમાં ડૂબાડી દેતાં. જે બાબુભાઈના આતમના સંસ્કારને દિવ્ય સિંચન અર્પતું. 'ના ગઈ ગંગા ગોદાવરી કાશી...', 'મને પ્રગટ મળ્યા પુરૂષોત્તમ આજ...' જેવાં હજારીનાં ભજનો ગાય અને બાબુ ને દાદુ એને સાંભળીને પોઢી જાય. ખારી કૂઈથી ખભે પાણીનું બેડું લઈને મણિબેન આવે તો સામેથી મદદ કરવા બાબુભાઈ દોડી જતા. મણીબેનનાં લગ્ન ધર્મજના રાવજીભાઈ સાથે થયેલાં. તેઓ ખૂબ ધનવાન. સાઉથ આફ્રિકામાં

વેપાર કરતા હતા. તેઓએ એકવાર બાબુભાઈને કાંડા ઘડિયાળ ભેટ આપેલું જે ૨૫ વર્ષ સુધી પપ્પાજીએ પહેરેલું.

પપ્પાજી સુરત ભણતા ત્યારે એકવાર મણિબેન સુરતથી પસાર થવાનાં હતાં. મેલમાં જવાનાં તે સમાચાર આવ્યા. પણ કઈ ગાડીમાં ? તે ખબર નહીં તેથી રાત્રે સાડા દસ વાગ્યે સુરત સ્ટેશને સાયકલ લઈને ગયા અને દરેકે દરેક ટ્રેઈનના ડબ્બા પાસે 'મણિબેન રાવજીભાઈ પટેલ છે ?' એમ દરેક ડબ્બે બૂમો પાડી. ત્યારે ઉપરના પાટિયે મણિબેન સૂતાં હતાં તે બોલ્યાં અને નીચે ઉતર્યાં. બાબુભાઈ નાના પણ બેન માટે ખૂબ પ્રેમ અને અતિ વ્યવહારૂ તેથી બેન બનેવીને મળવા ગયા તો સુરતની ઘારી લઈને ગયેલા તે બેનને આપી. એ રીતે દર્શન અને પ્રસાદ આપીને બેન-બનેવીના જીવમાં સ્થાન લીધું. મણિબેનને બાળકો થઈ શકે તેવું નહોતું, તેથી મહારાજે જ ભાઈ સાથે રહેવાય તેવા જોગ-સંજોગ આપ્યા ને ! મણિબેનને સગવડ કરી આપી. પૈસે ટકે વ્યવહાર સચવાય તેમ મુંબઈ સોનાવાલા બિલ્ડીંગમાં ચોથા માળે એક ફ્લેટ પણ લઈ આપેલો જ્યાં મણિબેન રહે અને સ્વનિર્ભર રહીને પોતાનો જીવન નિર્વાહ કરે તેવી સુંદર સગવડ રાવજીભાઈએ કરી આપી હતી. અને એ જ ફ્લેટ બન્યોઃ અક્ષરધામનું તખત. તારદેવનું તીર્થધામ. જ્યાં આધ્યાત્મિક જીવનનાં મંડાણ, ખેડાણ અને ઉપજ થયાં ! એ મણિબેનની છૂપી સેવા.૧૯૫૨ના ઑક્ટોબરથી કાકાજી-પપ્પાજી ને ૬/ડી સોનાવાલામાં મણીબેનના ફ્લેટમાં રહેવાનું થયું. ત્યારથી બે ભાઈઓ અને સોનાબાના કુટુંબ સાથે એક થઈને રહ્યાં. પણ ભાઈઓના અને બહેનનાં પ્રેમમાં ક્યાંયે પ્રશ્ન જ નહીં. ઓટ આવી જ નહીં. મણિબેન  પણ ભક્તિમાં સેવામાં તરબોળ ! ૧૯૫૨માં દાદુભાઈની તબિયત માટે પપ્પાજીએ મણિબેન પાસે ખૂબ રડીને હૈયું ઠાલવ્યું હતું.

૧૯૬૬માં જ્યારે ગુણાતીત જ્યોતની સ્થાપના થઈ ત્યારે મણિબેન પણ કાષાંબરી વસ્ત્ર ધારણ કરીને વ્રતધારી બહેનો સાથે સાધક તરીકે જોડાયાં. બાબુભાઈ અને દાદુભાઈની મોટી બેન, પણ આજ્ઞા પ્રમાણે જ જીવન. તે પપ્પાજીની આજ્ઞાથી પૂ.જ્યોતિબેનને ગુરુ બનાવ્યાં

અને તેમની જ મરજી અને રૂચિ પ્રમાણે નાનામાં નાના સાધક, સેવક બનીને છેક સુધી દાસભાવે વર્ત્યાં. 'પ્રભુકૃપા'માં ભાઈઓ જમવા પધારે તો તેમના માટે રસોઈ લાવવી, વાસણો ધોવા વિગેરે જબરજસ્ત સેવા રાંકભાવે કર્યા કરી છે. એક નાનો પ્રસંગ પણ આધ્યાત્મિક સર્વોચ્ચ ભાવનાનો આપણે વાગોળીએ : પૂ.કમળાબા (મણિબેનનું નામ) એક વાર બપોરે વાસણ સાફ કરીને ખૂબ તાપ હતો તેથી પપ્પાજીના વરંડામાં પંખા નીચે બેસવા આવ્યાં. હજુ બીજી વારનાં વાસણો કરવાનાં બાકી હતાં. ત્યાં બિરાજમાન ગુરુહરિ પપ્પાજી (બેન-ભાઈનો નાતો નહીં પણ ગુરુ-શિષ્યનો નાતો) એકદમ આદેશાત્મક અવાજે બોલ્યા, 'શેઠનો પંખો નોકરથી ખવાય નહીં.' આ સાંભળી કમળાબા ઊઠીને અંદર વાસણની સેવામાં જતાં રહ્યાં. આ પ્રસંગથી દર્શન થાય છે કે પપ્પાજીએ તો દેહના સંબંધો છોડ્યા હતા પણ એમણે એવું છૂપું જતન ને ભજન કર્યું હશે તે મોટી બેન કમળાબેનને પણ તેમના માટે ગુરુહરિ - પ્રભુનો જ ભાવ અને નિષ્ઠા. એમને રાજી કરવા એ જ કમળાબેનના જીવનનું ધ્યેય.

તારદેવમાં અઢળક સેવા, જ્યોતમાં પણ એવો જ ભીડો. તેમાં અખંડ સેવકભાવે જ હોમાયાં. છેવટે બીમારીમાં પણ 'પપ્પાજી-યોગીજી' એમ રટણા કરતાં ૧લી જાન્યુઆરી, ૧૯૮૫માં દેહનો ત્યાગ કરી અક્ષરધામમાં સિધાવ્યાં. જન્મ્યાં ત્યારથી બ્રહ્મસ્વરૂપ ભાઈઓની સેવા અને મરજી પ્રમાણે જ જીવન જીવ્યાં. મોટી બેન તરીકેનો પ્રેમ હોવા છતાંયે ક્યાંયે હક્ક કે અધિકાર નહીં ! એવું ગુરુહરિ પપ્પાજીના આધ્યાત્મિક જતન અને પૂર્ણ પ્રેમથી તેમનામાં ઉદય થયું હતું. છેક છેલ્લે સુધી બેનની સંપૂર્ણ આલોક અને પરલોકની જવાબદારી પૂર્ણ કરીને તેમની પાછળ પારાયણ અને મહાપૂજા કરાવીને કમળાબેનની એક દિવ્ય સાધક સંતની કક્ષાએ ભાવાંજલિ ગુરુહરિ પપ્પાજીએ આપીને પૂર્ણ ઋણ અદા કર્યું, કરાવ્યું છે. આવા દિવ્ય, અવર્ણનીય બેન-ભાઈના અપ્રતિમ ભવ્ય સંબંધને અનંત વંદન અને સલામ ! પપ્પાજીએ બેનને છેક સુધી પોતાની સાથે જ રાખ્યાં. ગુણાતીત સાધુ બનાવી અને અક્ષરધામના અધિકારી બનાવ્યાં !

પપ્પાજી

# બ્ર.સ્વ.દાદુભાઈના મોટા ભાઈ સ્વરૂપે...

અનંત સ્વરૂપે...



અહોહો ! સમગ્ર બ્રહ્માંડનું આ એક અદ્‌ભુત આશ્ચર્ય ! એક જ માતા-પિતાની કૂખે બે-બે બ્રહ્મસ્વરૂપો અવતાર લઈને જન્મ્યા અને સર્વોપરી અવતારી શ્રીજી-યોગીજીનો સાક્ષાત્કાર પણ બેઉને ૧૯૫૨માં જ થયો. વળી ચાહોમ કરીને કેવળ 'અવતારનાયે અવતારી'ના જ થઈને બેઈ ભાઈઓ સંકલ્પ, ભાવ ને ક્રિયા કરતા રહ્યા. ઓગણીસમી સદીમાં, એક સાથે જન્મેલા આ બેઉ માતા દિવાળીબાની પવિત્ર ભક્તિભરી કૂખ અને પિતા ડૉ.નાથાભાઈનાં નિષ્ઠાપૂર્વકનું સ્વધર્મેયુક્ત જીવન ! જાણે ભક્તિમાતા અને ધર્મપિતા જ જોઈ લો ને !

૧લી સપ્ટેમ્બર ૧૯૧૬ મોટાભાઈ તરીકે પપ્પાજી બોરસદમાં પ્રગટ્યા અને બરોબર ૬૫૦ દિવસ પછી ૧૨મી જૂન ૧૯૧૮માં મોસાળમાં નડિયાદમાં નાનાભાઈ તરીકે દાદુભાઈ પ્રગટ્યા ! પપ્પાજી કહેતા કે મારો જન્મ તો ખરેખર ૧૯૧૫માં હતો પણ મારા નડિયાદવાળા દાદાને મને કલેક્ટર બનાવવો હતો તેથી એક સાલ મોડી લખાવીને ૧૯૧૬ કરી. પછી શાળામાં અને પાસપોર્ટમાં આ જ ૧૯૧૬ની સાલ હોવાથી આપણે સૌ પપ્પાજીના પ્રાગટ્યનું સૌભાગ્ય ૧૯૧૬ના જ વર્ષને જ આપીએ છીએ !

નાનો ભાઈ જન્મે એટલે પોણા ત્રણ વર્ષ મોટા બાબુભાઈને કેવી ખુશાલી હોય ! કેવો આનંદ અને આશ્ચર્ય ! પોતે મોટા બની ગયા. નાનાભાઈના જન્મને કારણે... સાહજિક પ્રીતિ અને કાળજીથી

નાનાભાઈને સાચવતાં, રમાડતાં, જતન કરતા અને ઉત્સુકતા અને કુતૂહલતાથી નવજાત શિશુની પ્રત્યેક ક્રિયાનું દર્શન પણ કરે અને તેની સગવડ સાચવવા માટે માતા દાદીને મદદ પણ કરતા ! નાનાભાઈની સેવામાં ખડે પગે રહેતા ! સ્હેજ રડે એટલે હીંચકો નાંખે ને દિવાળીબાને બોલાવી લાવે ! આવો શિશુ અવસ્થાથી જ પ્રેમાળ સ્વભાવ હતો બાબુભાઈનો !

મોટાભાઈ સદાયે 'મોટા' તરીકે જ રહ્યા, જીવ્યા અને નાનાભાઈની સાથે પૂરાં ૬૭ વર્ષ આ ધરા પર રહ્યા. ૧૯૮૬માં જ્યારે દાદુભાઈ દેહનો ત્યાગ કરી સ્વધામ સિધાવ્યા ત્યાં સુધીની પ્રત્યેક પળ અને ક્રિયાઓ એકમેકના શ્રેય અને પ્રેયને અર્થે જ કરી છે! સત્સંગ પહેલાં કે પછી. દાદુભાઈ અંતર્ધ્યાન થયા પછી તો મોટાભાઈનો ભાતૃપ્રેમ અતિશે દર્શનીય બન્યો અને દાદુભાઈના બોટેલાં સર્વે ચૈતન્યોને અનંત પ્રકારે જતન કરીને આધ્યાત્મિક માર્ગે હસતાં રમતાં પ્રગતિ કરાવવા એકપક્ષીય શ્રમ વેઠી રહ્યા'તા.

દાદુભાઈના જન્મને ત્રણ માસ થયા ને કરમસદથી સારાભાઈ તેડવા આવ્યા અને કહે, 'બાબુ ભલે નડિયાદ રહે, ભણે, મોટો થાય. આપણે દાદુને કરમસદ જ રાખીશું.' અને બેઉ ભાઈઓ અલગ રહેવા લાગ્યા. ત્રણ મહિનાના દાદુભાઈ કરમસદ જ મોટાં થયા અને બાબુભાઈ જ્યારે જ્યારે વૅકેશનમાં આવે ત્યારે એકમેકમની અનોખી પ્રીતિનાં દર્શન કરીને માતાપિતા અતિશય હરખ પામતા. ત્યારે ડૉ.નાથાભાઈનું આણંદમાં દવાખાનું હતું તેથી દાદુભાઈ ત્યાં જતા અને ત્યાનાં દવાખાનાના મદદનીશો સાથે ખૂબ રસબસ થઈને ખૂબ ધમાલ, મસ્તી કરતા. દાદુભાઈ એકદમ નટખટ ને રમતિયાળ! સૌને મૂર્તિ આપવા પજવે ને પછી માફી માંગીને પાછા મદદ પણ કરતા.

બાળપણ આમ વીત્યું ને દાદુભાઈને આણંદની શાળામાં ભણવા મૂક્યા. દાદુભાઈને ભણવાનું જરાયે મન નહીં. તેથી શાળાના સમયે દવાખાનામાં ક્યાં ને ક્યાં સંતાઈ જાય ને શોધ્યાયે જડે નહીં. તેવું ઘણા સમય ચાલ્યું. તેથી માતાપિતાએ વિચાર્યુ 'દાદુને નડિયાદ જ ભણવા મૂકી દઈએ. ત્યાં બાબુભાઈની સાથે શાળાએ ખુશીથી જશે ને

ભણશે.' આ જ મહારાજની યોજના હશે ને ! પાછા બેઉ ભાઈઓને ભેગા કર્યા. બાબુની આંગળી પકડીને દાદુભાઈ પ્રાથમિક શાળામાં જવા લાગ્યા. અભ્યાસ કરવા લાગ્યા. બાબુ ભણાવે, શીખવે, રમાડે, બધું જ કરાવે તેથી દાદુભાઈનું અભ્યાસમાં મન પરોવાયું ! ને તેઓ હોંશિયાર તો હતા જ પણ બાબુની પ્રીતિ ને માવજત અને સાથીદારી તો છેક... મેટ્રિક સુધી બેઉ સાથે ને સાથે શાળામાં જતા. રીસેસમાં ઘરે દોડીને નાસ્તા માટે આવતા.

બેઉ ભાઈઓ ઉંમરમાં ખાસ ફરક નહીં તેથી મિત્રતા અને એકતા. સાથે સાથે રમત ગમત પણ કરતા. પત્તાં રમવાં, લખોટી રમવી. ડેલાના રસ્તા પર પાંચ - સાત ફૂટ દૂર ગબ્બી કરી રમે. જેટલી અંદર જાય તેટલી જીત્યા કહેવાય. ગિલ્લીદંડાની રમતો એકમેક સાથે રમીને જે હારે તે પંખા નાંખે તેવી આદર્શ શરતો રાખતા. જેથી ખોટા ખર્ચા કે બીજાત્રીજા જગતના પાશ પડ્યા નહીં. બહારે ઓટલા પર ભીનો ટુવાલ ઓઢીને જીતેલો એક ભાઈ સૂવે ને હારેલો બીજો ભાઈ લેણાના પંખા નાંખે. આ પ્રસંગની ચાલોને આપણે સૌ માનસી કરીએ ને એ પ્રસંગને વાગોળીને આનંદીએ !

મારામારી કે ઝઘડા ઝઘડી કે ટંટાફિસાદ જ નહીં. દાદા-દાદી પાસે ફરિયાદ જ નહીં. દાદુનું તોફાનીપણું, બાબુભાઈનું શાંતપણું, બેઉની અલગ અલગ પ્રકૃતિ હોવા છતાંયે ક્યાંયે તકરાર જ નહીં. મોટાભાઈ હંમેશાં નાનાભાઈની મદદમાં ને રક્ષામાં જ હોય ! દાદાને ખબર કે દાદુભાઈ  તોફાની છે તેથી તેઓ તેની ચોકી કરે પણ બાબુભાઈ એવી માવજત કરે ને સિફારસ કરીને દાદુભાઈના તોફાનની દાદા સુધી ખબર જ ન પહોંચે. બાબુને તોફાન ન ગમે પણ તોફાની દાદુ ખૂબ ગમે !

લખાવાડના ઢાળે રામલીલા થતી ને નાટકો થતાં. રાજા-રાજાની લડાઈના ખેલ થતા. બેઉ ભાઈઓ જોવા જાય. જગ્યાઓ રોકવી પડે પણ બાબુભાઈ ઢીલા તે ધીરજ રાખે ને દાદુભાઈ દોડીને ઘૂસી જાય અને સરસ જગ્યા રોકી લે. અને પછી 'મોટાભાઈ ! મોટાભાઈ !'ની બૂમો મારીને તેમને બોલાવીને સાચવેલી જગ્યામાં સરસ સાચવીને

બેસાડે ને પછી બેઉ ભાઈઓ સાથે રામલીલા જોવે.

પાતળી રંગીન રીબીનથી મોટી ચાદર ગળે બાંધીને હાથમાં બોયાની ભુંગળીમાં લોખંડનો સળિયો નાખી તલવાર કરીને કેડે લટકાવી બેઉ ભાઈઓ નડિયાદનાં ડેલે પટ્ટા ખેલી 'રાજા-રાજા' રમત રમે. હાર-જીત તો હોય જ ને ! પણ શરત એટલી કે એકમેકને ચીડવવાના કે મશ્કરી કરવાની નહીં. ને આનંદ જ લૂંટવાનો !

એકવાર રામલીલા જોવા ગયેલા નવ વર્ષના બાબુભાઈ ને સાત વર્ષના દાદુભાઈ ! એમાં દશરથ રાજાનો સ્વર્ગવાસ થયો ! તેથી બાળક દાદુ કહે, 'ભાઈ દશરથ રાજા ક્યાં ગયા?' બાબુભાઈ કહે, 'સ્વર્ગમાં.' તો દાદુ કહે, 'એ સ્વર્ગ શું છે ?' તો બાબુભાઈ કહે, 'જ્યાં બેઉ ભાઈ-ભાઈ વચ્ચે ધન, કીર્તિ, જમીન કે સ્ત્રી માટે ઝગડા ન હોય, બધા જ એક. સંપીને રહેતા હોય તે સ્વર્ગ. દાદુભાઈ આપણે એવું સ્વર્ગ પૃથ્વી પર લાવવું છે ! છે કબૂલ !' તો દાદુભાઈએ મોટાભાઈના હાથમાં પ્રોમીસની તાલી આપીને હાથ પકડીને વચન આપ્યું – 'હા ભાઈ આપણી વચ્ચે સ્ત્રી, ધન, કીર્તિ માટે કદીયે કજીયા, ઝગડા નહીં થવા દઉં !' અને બેઉ ભાઈઓએ એ રામલીલાનાં દર્શન પરથી આદર્શ ઘડ્યો કે દેહ મૂકીને સ્વર્ગમાં નથી જવું પણ એ સ્વર્ગ અહીં પૃથ્વી પર છતીંદેહે લાવવું છે, અનુભવવું છે ને સૌને આપવું છે. એ સ્વર્ગ તે જ અક્ષરધામ ! વચ.ગ.છે.૨ અને ૭માં જે મહારાજે લખ્યું હતું તે વાત ૧૯૨૫માં બેઉ ભાઈઓએ એકમેકને વચન આપીને મનોરથ કર્યો હતો. આપણે કેવા નસીબદાર ! બાળપણની રમત પણ હકીકત બનીને આપણને બક્ષિસમાં મળી ગયું. અને આપણને આ બેઉ ભાઈઓ એક સાથે મળ્યા તે જ આપણા માટે છતીંદેહે મોક્ષ! અક્ષરધામ !

ઉત્તરાયણ પર ધાબા પર પતંગ ચઢાવવાનો બેઉ ભાઈઓને ખૂબ શોખ ! પણ પૈસા એટલા બધા નહોતા કે એટલા બધા પતંગ લવાય. તે જેટલા દાદા લાવે તેટલા દાદુને ઓછા પડે. તેથી બાબુભાઈ પોતાના ભાગના પતંગ માંજો પણ નાનાભાઈને આપી દે ! વળી એની ફીરકી પણ પોતે પકડે. મદદ કરે ! ને બાબુભાઈ લાકડી પર છેડે

કાંટાળા બાંધીને પતંગ પકડે, માંજો પકડે ને તે બધું જ નાનાભાઈને વાપરવા આપી દે ! મોટાભાઈને પ્રીતિ ! એ અસાધારણ પ્રીતિથી દાદુભાઈ ભીંજાઈ રહેતા ને મોજ, મઝા, મસ્તીથી પતંગ ચઢાવે ! તો પણ પતંગ ઓછા પડે. તેથી બાબુભાઈ આડોશીપાડોશીના ઘરે જઈને તુવેર ફોલી આવે ને તેના જે પૈસા આવે તેમાંથી પતંગ ખરીદીને નાનાભાઈને આપે ને દાદુભાઈ હરખાઈને તે પતંગ ચગાવે. ને તે જોઈને મોટાભાઈને આનંદ! અહોહો! મોટાભાઈની કેવી ભક્તિ ને પ્રીતિ ! ઉત્તરાયણમાં એક ધાબા પરથી બીજા ધાબા પર દાદુભાઈ કૂદકા મારીને દોડે ! તે દાદાને ખબર ! તેથી દાદા એકદમ ચોકી રાખે ને પડી ન જાય તેની તકેદારી રાખે. દાદુભાઈ ચકોર ને તોફાની, તેથી જેવા દાદાને જુવે તેવા બીજા કોઈના ઘરના ધાબા પરથી ઉતરે, કોઈના નાના બાબાને રમાડતા રમાડતા આવે. જાણે કે દાદુ અગાસીએ ગયો જ નહોતો. ને દાદા પૂછે તો બાબુ પણ હસતાં હસતાં નાનાભાઈનો પક્ષ રાખીને અષ્ટમ પષ્ટમ જવાબ આપે ! આમ બાબુભાઈ દાદુની સર્વ પ્રકારે મદદ ને રક્ષા કરે કે ક્યાંયે દાદુના પરાક્રમો પકડાઈ ન જાય ને માર ન ખાવો પડે! આ મોટાભાઈનો પ્રેમ !

પોણા ત્રણ વર્ષનો જ ફરક પણ બાબુભાઈનો મોટાભાઈ તરીકે પ્રેમ જાણે ૧૫-૨૦ વર્ષનો હોય તેવો જ સમજણપૂર્વક ને મદદરૂપ થયો ! એકવાર હરિબાએ આણંદમાં બાપુરાજને બોલાવીને પારાયણ રાખીને પાકી રસોઈ રાખી હતી. તો કહે, 'મારા ભાણાઓ આવે.' તે બેઉ બાબુ ને દાદુ ગયેલા. ત્યાં મામા આવી ગયા ! તે પકડાઈ ગયા ને દાદા ખૂબ વઢ્યા ! પણ બન્યું એવું કે બેઉ ભાઈઓ આણંદથી નડિયાદ જવા એકલા નીકળ્યા હતા. દાદુભાઈ ટ્રેનમાં ચઢી ગયા ને પછી બાબુભાઈ ચઢ્યા. સાચવીને અંદર ગયા. હજુ તો ટ્રેન ચાલુ થઈ ને તરત જ તોફાની દાદુ ચાલુ ટ્રેને નીચે ઉતરી ગયો ! ને ટ્રેન ઉપડી ગઈ તેથી બાબુભાઈ અંદર રહી ગયા. બાબુભાઈ ગભરાઈ ગયા. રડમસ ચહેરે નડિયાદ ઉતર્યા. અને ઘરે જઈને દાદા આગળ છૂટે મોં એ ખૂબ રડ્યા ! 'દાદુ ક્યાં ગયો હશે !' તેની ચિંતામાં મોટાભાઈ ગભરાઈ ગયા. પછી નડિયાદ સ્ટેશન માસ્તરને દાદા મળી

આવ્યા. આણંદ તપાસ કરાવી ડૉ.નાથાભાઈનું દવાખાનું બધા જાણે. તેથી દાદુને કોઈ સંબંધી તેના ઘરે દવાખાનામાં મૂકી આવેલા. ને દાદુભાઈ સુખરૂપ ત્યાં બેઠા હતા ! આવી અવર્ણનીય પ્રીતિ ને એકતા! દાદુભાઈ નડિયાદ આવ્યા તો પાછા બાબુભાઈ વઢ્યા પણ નહીં ને કાંઈ બે શબ્દની સૂચના પણ ન આપી !

દર રવિવારે ઊંડેવાળ તળાવે નડિયાદમાં પાડોશી રવજીભાઈ સાથે બેઉ ભાઈઓ કપડા ધોવા જતા. એકવાર કપડા ધોતા ધોતા દાદુભાઈને તોફાન સૂઝ્યું તે તળાવમાં બીજા છોકરાઓ તરતા હતા તેમાં એમણે પણ ઝંપલાવ્યું. પણ તરતા તો આવડે નહીં ! ને ઉંધા થઈ ગયા. પાણી પી ગયા ને ડૂબવા લાગ્યા. બાબુભાઈનું ધ્યાન ગયું તે જોરથી બૂમો પાડવા લાગ્યા, 'બચાવો બચાવો ! મારો ભાઈ ડૂબી રહ્યો છે !' ને ગામના કોઈ બીજા ભાઈએ આવીને દાદુને તળાવની બહાર કાઢ્યા. ઊંધા સૂવડાવી પાણી કાઢ્યું ને થોડીવાર સૂવડાવ્યા ને સારવાર આપી. બાબુ તો રડવા જેવો જ થઈ ગયો ! ને પછી સાંજે ઘરે આવ્યા.

ગામમાંથી કોઈએ દાદાને ફરિયાદ કરી હતી કે, 'તમારો ભાણો દાદુ આજે તળાવમાં ડૂબતો હતો' દાદાનો જીવ તાળવે ચોંટી ગયો ને જેવો દાદુ આવ્યો તો તેને ધોલધપાટ કરવા લાગ્યા ! દાદુ રડવા લાગ્યો. બાબુભાઈ કહે, 'દાદા ના મારો. હવે એ એવું તોફાન નહીં કરે.' એમ દાદાને રોકવા લાગ્યા ! દાદીમા પણ તેમાં ભળ્યા તો દાદા કહે, 'આ દાદુ ! ડૂબી ગયો હોત તો પટેલને શું મોઢું બતાવાત ? આ બાબુ મારો હીરો છે. એ હતો તો દાદુ બચી ગયો !' પછી દાદીને કહે, 'દાદુનો પક્ષ ન રાખ. આ દાદુ તોફાની ! શું તે દિલ્હીનો પાદશાહ થવાનો છે એમને !' પછી બધું શાંત પડ્યું.

પપ્પાજી એકવાર કહે, 'આ પ્રસંગ પછી રાત્રે મેં દાદુભાઈને પૂછ્યું કે તું કેવી રીતે પડી ગયો ? લપસી ગયો હતો ?' તો દાદુ કહે, 'ના ભાઈ ના, મારે પણ તરતાં શીખવું હતું તેથી હું જ પડ્યો.' તેથી બાબુભાઈ કહે, 'દાદુ આપણે તો તરતાં નહીં તારતાં શીખવાનું છે એ માટે આપણો જન્મ છે ! અનેક જીવોને ભવસાગર પાર કરાવવાના

છે. હવે આવા તોફાન કરીશ નહીં. સાચવીને કામ લેજે હં મારા ભાઈ !'

એકવાર શાળાએથી દાદુભાઈ રિસેસમાં ઘરે આવ્યા હતા. એક બંગડીવાળા પાસે લખાવાડના કેટલાંક બહેનો બંગડી લેતા હતા. એ ભાઈની નજર સારી નહોતી તેવું બાબુભાઈએ દાદુને કહ્યું, 'આ માણસ સારો નથી લાગતો.' તેથી દૂર જઈને શાળાએ પાછા જતા દાદુએ એક મોટો પથ્થર ફેંક્યો. ને તે બંગડીવાળાની બધી જ બંગડી તૂટી ગઈ. ને તે ચીડાઈને જતો રહ્યો તે ફરીથી કદીયે લખાવાડમાં આવ્યો જ નહીં. બાબુના શબ્દો પર દાદુએ પોતાની શક્તિથી તોફાની હોવાથી કાર્ય કર્યું ને સમાજની બહેનોની રક્ષા કરી.

દિવાળીમાં સારાભાઈ બંને ભાઈઓ માટે દારૂખાનું ફટાકડા વિગેરે દર વર્ષે નડિયાદ મોકલે. બાબુ પોતાના ભાગનાં ફટાકડા દાદુને આપી દે. ને દાદુ હોંશથી ફોડે તે જોઈને મોટાભાઈ રાજી થાય ! દાદુની સાથે બાબુ ઓટલે બેસે ને દાદુ દાઝી ન જાય તેની કાળજી રાખે. લખાવાડના છોકરાઓ બધા જ ફટાકડા ફોડે, પણ બાબુભાઈને તેમાં રસ નહીં પણ તે દર્શન કરીને આનંદ કરે !

★ બાબુ – દાદુની ભાતૃપ્રેમથીયે વિશેષ પ્રીતિ હતી તે આ બધા પ્રસંગો પરથી અનુભવાય છે. બેઉ ભાઈઓનો એક સરખો ગળફૂડો સ્વાદ. શીરો ને પાપડ, લાડુ ને ભજીયાં, વઘારેલો ભાત અને સૂકીભાજી, ઢેબરાં ને ચા એકદમ ફેવરીટ. એકવાર દાદુભાઈ મોટાભાઈને કહે, 'ભાઈ ! તમારા લગ્નમાં મેં ૧૫ પાન ખાધાં હતાં.' એ વાત બાબુને યાદ રહી ગઈ.

નડિયાદમાં સંતરામ મહારાજનો મેળો મહા સુદ પૂનમે હોય ત્યારે બાબુ કહે, 'દાદુ આપણે પાનની હાટડી માંડીશું. હું બનાવીશ ને તારે બધાને સાદ દઈને પાન ખરીદવા માટે બોલાવવાના !' દાદુભાઈ ખૂબ મસ્તીખોર ને મીઠડા. તે મધુર ટહુકા કરીને બધાને હાટડી પર પાન ખાવા બોલાવતા. એક મિત્ર પણ સાથે હતો. તે પાન બનાવે અને બાબુ પાસે બેસી હિસાબ રાખે ને મેળાના અંતે જે આવક થાય તે હોંશથી મિત્રો ને દાદુને વહેંચી દે. પોતે તો મસ્તરામ ! કાંઈ જ ન

જોઈએ. ને આખા મેળામાં બેઉ ભાઈઓએ ખૂબ સરસ વેપાર કર્યો. આ સ્વામિનારાયણ ને અક્ષરપુરૂષે તેમના ધર્મની હાટડી પણ આમ જ ચલાવી છે ને ! દાદુ બુલડોઝર ! બધાને ભેગા કરીને સંબંધમાં લાવે અને બાબુ તેમને મીઠા મધુરા જ્ઞાન અને પ્રેમના પાન કરાવીને અક્ષરધામના મુક્ત કરી દે છે, ખરૂં ને ! આવી દિવ્ય બંધુ બેલડી!

બાબુભાઈ સાત વર્ષના થયા ત્યારથી ખડકીના ઘરની બહારની ચોકડીમાં સ્નાન કરતા. નાના હતા ત્યારે અંદર દાદરાની નીચે ચોકડીમાં સ્નાન કરતા. તે ચોકડીની બેય બાજુ પાળ હતી તેથી પાણી બહાર ન જાય. નાહી લે પછી નાના દાદુ માટે પોતે ઊંચકીને પાણીની બે બાલદી લાવે. એક ગરમ ને એકમાં ઠંડુ ને ભાઈને સ્નાનમાં મદદ કરે.

બાબુ સાત વર્ષનો ને દાદુ ચાર વર્ષનો. ત્યારથી તેઓ ભાઈઓ સાથે બહાર ડેલામાં સૂતા. દાદા બધાનું ધ્યાન રાખે ને બાબુને સૂવડાવીને પોતે સૂઈ જાય. પણ બાબુ તો નાનાભાઈ દાદુને જાતે સૂવડાવે. જ્યાં સુધી દાદુ સૂઈ ન જાય ત્યાં સુધી બાબુ એને વાર્તાઓ, કથાઓ કરે ને લાડ લડાવે. દાદુ સૂવે પછી જ બાબુ સૂવે. ત્યાં સુધી દાદુના માથે હાથ ફેરવ્યા જ કરે અને પ્રેમથી ભરી દે.

નડિયાદ બાબુ ને દાદુ એક સાથે કનૈયાલાલ મુનશીના પૌરાણિક નાટકો વાંચતા. તેમાંથી સંજીવની મંત્ર બેઉ ભાઈઓએ એક સાથે મોઢે કરેલો :

ડરવું નહીં, હઠવું નહીં, નમવું નહીં ને
યુધ્ધ કરવું સર્વદા, અજયમાં કે વિજયમાં
આ લોકમાં ને પછી પરલોકમાં

ને તેને આત્મસાત કરવાનો નિશ્ચય કરેલો. જે ૧૯૭૮માં પપ્પાજીએ પોતાના અનુભવો પરથી મહામાનવની સાધના કરતા સાધકો માટે સંજીવની મંત્ર લખ્યો છે.

નડિયાદના દાદાનો વેપાર ચાલે નહીં ને રોજીંદા જીવન વ્યવહારમાં પૈસાની ખેંચ પડે. હાથ ભીંસમાં રહે. તેથી દાદીમા, દિવાળીબા, ને મામી ત્રણેય દાદા ન જાણે તેમ તુવેર - પાપડી ફોલવાનું કામ કરે.

દોઢ શેર તુવેર ફોલે તો એક પૈસો ને અઢી શેર પાપડી ફોલે તો એક પૈસો મળે.

તેમ મહેનત કરીને પૈસા ભેગા કરે. ડેલેથી બાબુ અને દાદુ જમવા આવે ત્યારે પહેલાં તુવેર-પાપડી ફોલવાની સેવા કરે ને પછી જમવા બેસે. ને ઘરકામમાં મદદ કરે. એવું બેઉ ભાઈઓનું સમજણપૂર્વકના સમર્પણનું જીવન.

એકવાર શાળાનો વાર્ષિક દિન હતો ત્યારે 'સંયુક્તા હરણ'નું એક નાટક રાખ્યું હતું. દાદુભાઈ પૃથ્વીરાજ ચૌહાણ બન્યા હતા અને એક વિદ્યાર્થી સંયુક્તા ! નાટક સરસ સેટ થઈ ગયું ને નાટકના આગલા દિવસે જ તે વિદ્યાર્થી બીમાર પડી ગયો. તે નાટકમાં આવી શકે તેમ ન રહ્યું તેથી દાદુ મૂંઝાયો. તો બાબુ કહે, 'કેમ ભાઈ શું થયું ?' દાદુએ વિગતે બધી વાત કરી. પછી કહે, 'ભાઈ, તમે સંયુક્તા બનશો?'

બાબુ હસી પડ્યો, 'મને ન ફાવે ભાઈ ! તું સંયુક્તા બન અને હું પૃથ્વીરાજ !' દાદુ તો એકદમ હોંશીલો અને હોંશિયાર. તત્કાળ હા પાડી દીધી. ને દાદુ સંયુક્તા ને બાબુ પૃથ્વીરાજ બન્યા. અને શાળાનો વાર્ષિક દિન ઉજવાયો. ગુણાતીત સાધનામાં આ બેઉ ભાઈઓએ અવનવા રોલ અદા કરીને આપણને સૌને અક્ષરધામનાં આનંદમાં ગરકાવ કર્યા છે ને !

બાબુભાઈ મેટ્રિકની પરીક્ષા આપવા વડોદરા ગયા હતા ને પાછા વળતા દિવાળીબા આણંદ સ્ટેશને મળ્યાં ને બોલ્યાં કે, 'ભઈ! થોડા પૈસા હોય તો આલતો જા !' એ વાક્યથી બાબુ ને દાદુના જીવનમાં ક્રાંતિ સર્જી ! કુટુંબને આગળ લાવવું તે જ સર્વોપરી ધ્યેય. લક્ષ્મીને દાસી બનાવવી છે તેવો દઢ નિર્ણય કરીને કરકસરયુક્ત નિયમબધ્ધ મહેનતુ જીવન શરૂ કર્યું. મોજમજા બંધ કર્યા.

બાબુભાઈનાં લગ્ન પછી તેમના સાસરેથી ધર્મજના અંબાલાલ ભાઈના ઘરેથી ઉત્તરાયણ પર પતંગો, દિવાળી પર ફટાકડાં ને મીઠાઈઓ, વિગેરે મોકલે. તે બાબુ નાનાભાઈ દાદુને બધું જ આપી દે ને પોતે તેનાં દર્શનથી આનંદે.

૧૯૨૭માં બાબુનાં લગ્નમાં નાના ભાઈ તો ખૂબ આનંદથી મહાલ્યા ! હવે દાદુ માટે ૧૯૩૫માં નડિયાદના દેસાઈ વગાના પૂ.લલિતાબેનની કુટુંબના વડીલોએ પસંદગી કરી. જેમાં દાદુભાઈની ખાસ મરજી નહોતી. ઉદાસ ફર્યા કરે. તે બાબુની નજરમાં આવ્યું. કહે 'શું થયું ?' દાદુ કહે, 'મન નથી માનતું.' બાબુ કહે, 'ભલે આપણે ફરી વિચારીશું.' ત્યાં દાદુભાઈ કહે, 'ના ભાઈ, એક વાત કહું? મેં ૨૫૦૦/-રૂા.નું દેવું કર્યું છે. દાદાના જીરા ને કપાસિયાના વેપારમાં આવડત વગર ઝંપલાવ્યું ને ખોટ આવી તેથી ઉદાસ છું.' તો બાબુભાઈ કાંઈ બોલ્યા નહીં. 'વાંધો નહીં. એ તો પછી કરી લઈશું.' પણ દાદુભાઈને અંદર ખટકો લાગ્યો ને મન મનાવીને હા પાડી. ને જે રૂ।.૫૦૦૦/- પૈઠણ આવી તેનાથી દેવું ચૂકતે કરી લઈશું એવું બાબુભાઈને જણાવ્યું. બેઉ ભાઈઓમાં નિષ્કપટભાવ ને અંતરની એકતા. એકનું દુઃખ-તકલીફ તે બીજાની ! મોટાભાઈનું વિશાળ દિલ અને નાનાભાઈને જરાય મૂંઝવણ કે ક્ષોભ ન આવે, દુઃખ ન આવે તેની સર્વ પ્રકારે કાળજી લેતા !

આમ ૭મી મે ૧૯૩૫માં લગ્ન લીધાં. વરઘોડો કાઢવાનો હતો. સમય થઈ ગયો ! પણ દાદુભાઈ તૈયાર થઈને બેસી રહ્યા હતા. બધાં રાહ જોતાં હતાં. પછી બાબુભાઈ બીજા વ્યવહારના કામમાંથી દાદુ પાસે આવ્યા. કહે, 'ચાલ, વરઘોડામાં.' તો દાદુ કહે, 'મારે તો ખુલ્લી મોટરમાં વરઘોડો કાઢવો છે !' તે છેલ્લી ઘડીએ નડિયાદમાં ગાડી શોધી. તે એક કલાક સુધી આવી નહીં. તે બાબુ કહે, 'ચાલ ને દાદુ હવે ચાલતા જ જવું પડશે.' દાદુએ હઠ પકડી 'ના, ખુલ્લી મોટરમાં જ જઈશ.' છેવટે બે કલાકે ગાડી આવી, શણગારી ને પછી વરઘોડો નડિયાદમાં - દેસાઈવગામાં લઈ ગયા ! દાદુ કહે તે ગમે તે હિસાબે બાબુ કરી જ આપે. ભાઈની બધી જ ઈચ્છા, હઠને પણ શિરોમાન્ય કરીને નાનાભાઈને રાજી જ રાખવાની બાબુની અંતરની પ્રીતિ ! શું આપણે આવા મોટાભાઈ ને નાનાભાઈના સંબંધો ક્યારેય આ જગતમાં બીજે ક્યાંયે જોયા છે ! આ જ અક્ષરધામની બંધુ બેલડીને !

લગ્ન પછી દાદુભાઈ ઉદાસ રહે. એને ગમે નહીં. ૧૯૩૬માં મોટાભાઈ ચુનીભાઈ આફ્રિકાથી આવ્યા ને કહે, 'ખૂબ દેવું છે તો તમે બેઉ ભાઈઓ આફ્રિકા મારી સાથે આવો. ત્યાં શિક્ષકની નોકરી અપાવીશું.' દાદુભાઈ હજુ મેટ્રિકમાં જ હતા. તેથી દાદુને દુઃખી ને મૂંઝાતો જોઈને બાબુભાઈ કહે, 'આ દાદુને લઈ જાવ. ત્યાં એને મેટ્રિક ભણાવજો ને સાથે સાથે નોકરી પણ કરાવજો. સાચવીને તમે તમારા ઘરે રાખજો.' આમ ભલામણ કરીને ચુનીભાઈના દીકરા ચંદુભાઈ સાથે પૂ.દાદુભાઈને મોમ્બાસામાં મેટ્રિક ભણાવ્યા !

દાદુભાઈ ૧૯૩૭માં મોમ્બાસા ગયા ત્યારે ભાઈને દુઃખ ન લાગે તે માટે છેક મુંબઈ સુધી મૂકવા ગયા હતા. ને ખૂબ હૂંફ આપીને વિશ્વાસ આપ્યો, 'હું તારા પછી ચાર-છ મહિનામાં મોમ્બાસા આવું છું.' મોમ્બાસા મોકલવા માટે નડિયાદ કે કરમસદ ક્યાંયે ઘરમાં ટિકિટના પૈસા નહોતા. તે ગમે ત્યાંથી માંગી લાવીને બાબુએ દાદુની ટિકિટ કઢાવી. દાદુ નડિયાદથી દૂર જાય ને કામે વળગે તો મનની ઉદાસીનતા જતી રહે તેવા પ્રેમભાવથી ગોઠવી દીધું ! વર્ષના અંતે ૧૯૩૭માં બાબુભાઈને મોમ્બાસા જવાનું હતું ત્યારે પૈસા જ નહીં! કેવી રીતે જવું ? એની મૂંઝવણ બાબુને થઈ! નાનાભાઈને સરસ રીતે સગવડ કરીને પોતે સ્વયં મુંબઈ સ્ટીમર પર મૂકવા ગયા હતા જેથી દાદુ મૂંઝાય નહીં ને હસતા હસતા મોમ્બાસા જાય ! ને પોતાને માટે ? આ મોટાભાઈ ! નાનાભાઈની બધી જ સગવડ કરી ને...

છેવટે શાસ્ત્રીજીમહારાજને મળવા ગાના ગયા જે આશાભાઈ નામના હરિભક્તની પાસે ડૉ.નાથાભાઈના થોડા પૈસા હતા તે માટે ચિઠ્ઠી લખાવવા ગયા ! ના છૂટકે સાધુની પાસે જવું પડ્યું ! બાબુને આ ગમે નહીં પણ લાચારી!

શાસ્ત્રીજી મહારાજ ઉકાળો પીતા હતા. તે સેવક કહે 'આ ડૉ.નાથાભાઈના દીકરા આવ્યા છે ! આશાભાઈ પર ચિઠ્ઠી લખવાની છે !' તો શાસ્ત્રીજી મહારાજ કહે, 'હા, હા. લાવો. લખી આપીએ! નાથાભાઈએ દુકાળમાં કોદરા પૂર્યા છે ! આ બાબુભાઈ આગળ અમારું બહુ કામ કરવાના છે.' એમ કહી પ્રસાદીનો ઉકાળો આપ્યો અને

ચિઠ્ઠી લખી આપી. ને તે પૈસા આશાભાઈએ આપ્યા અને તેનાથી બાબુભાઈ મોમ્બાસાની ટિકિટ લઈને જઈ શક્યા !

૧૯૩૭ થી ૧૯૪૧ સુધી બેઉ ભાઈઓ મોટાભાઈ ચુનીભાઈને ઘરે રહ્યા. બાબુભાઈ નોકરી કરે, ટ્યુશનો કરે. દાદુભાઈ નોકરી કરે અને કેન્યાની મેટ્રિકની પરીક્ષા પછી આગળ ભણ્યા. પછી ૧૯૪૧માં થોડું દેવુ ચૂકતે કરીને બાબુએ ધર્મપત્ની પૂ.કમળાબેન અને મોટા દીકરા પૂ.રમેશભાઈને દેશમાંથી બોલાવ્યા. ૧૯૪૫માં દેવુ ચૂકતે થયું. જમીન ઘર જે ગીરો હતાં તે છોડાવ્યાં અને આર્થિક ચિંતા ટળી.

મોટાભાઈ બાબુભાઈ કહે, 'દાદુ હું તો ભણી ન શક્યો પણ મારે તને ભણાવવો છે. હું કમાઈશ ને કરમસદ દિવાળીબા, મુંબઈમાં કમળાબા, નડિયાદ મામીને પૈસા મોકલીશ ને તું ભણવા કોલંબો – સિલોન જા. ત્યાંનું ભણતર સારૂ છે. તેની ડીગ્રી પણ સારી ગણાય.' આમ પોતે ભીડો વેઠીને કુટુંબને સાચવી લીધું ને નાનાભાઈને કોલંબો સિલોન ઈકોનોમીક્સમાં બે વર્ષ ભણવા મોકલ્યા ! કલ્પના કરીએ... આ કેવો ભ્રાતૃભાવ ! બાબુને ફક્ત દાદુની પ્રગતિ ને વિકાસમાં જ રસ હતો. પોતે ભીડો વેઠે ને સર્વ પ્રકારે ઘસાય. વીસમી સદીમાં શું આવા મોટાભાઈ કોઈ બીજા હોઈ શકે ! દાદુભાઈ કેવા નસીબદાર ! મોટાભાઈ પિતાતુલ્ય – મિત્ર અને આત્મસાથી મળી ગયા !

કોલંબો બે વર્ષ ભણ્યા ને બીજું વિશ્વ યુધ્ધ ચાલતું હતું તેથી દાદુને 'કોલંબો છોડીને દેશમાં જા' તેવું બાબુએ કહ્યું ને મુંબઈમાં ફર્ગ્યુશન કોલેજમાં ઈકોનોમીક્સમાં બી.કોમ કર્યું અને સરસ અભ્યાસ કર્યો. ભણવાનું પૂરૂ થયું ત્યારે બાબુએ મોમ્બાસામાં એક બેંકમાં સરસ નોકરી તૈયાર રાખી હતી કે હવે ભાઈ અહીં આવીને સરસ કુટુંબ વસાવી લે. બાબુને ખબર હતી : ગૃહસ્થાશ્રમમાં દાદુ સુખી નથી ને બાળકો નથી. તેથી અહીં પૂ.લલિતા સાથે આવી જાય તો સંસાર સુખેથી પસાર થાય.

પણ શાસ્ત્રીમહારાજે ના પાડી ને કહ્યું, 'અહીં મુંબઈ જ રહો. આફ્રિકા નથી જવું.' ગુરુ આજ્ઞા માની દાદુભાઈ આફ્રિકા ન ગયા. બાબુની બધી જ આશા ને ભાવના પર પાણી ફરી ગયા ! બાબુએ

મન મનાવ્યું ! ભલે ! મારા ભાઈને જે ગમ્યું તે ખરૂં ! એના ગુરુની જેવી મરજી ! અભાવ કે અવગુણ નહીં ને કોઈ પ્રશ્ન જ નહીં. બાબુ કહે, 'ભાઈ ભલે !'

આ બાજુ ૧૯૪૮માં પૂ.દિવાળીબાને ભેંસે શીગડું માર્યું હતું ને બીમાર હતાં તેથી બાબુભાઈ મોમ્બાસાથી તેમને જોવા આવ્યા! સ્ટીમર પરથી બાબુભાઈ આવે તેની રાહ જોઈને તારદેવ સોનાવાલા બિલ્ડીંગમાં યોગીમહારાજ બેઠા હતા. બપોરે ત્રણ વાગે બાબુભાઈ આવ્યા. તો યોગીજીમહારાજ કહે, 'લ્યો ! મોટાભાઈ આવી ગયા!' એમ કહીને દાદુભાઈના મોટાભાઈનું સ્વાગત કર્યું. ને જાતે ગળી રોટલી બનાવીને જમાડી. હજાર મા જે ભાવથી જમાડે તેથી યે વિશેષ ભાવથી યોગીજીમહારાજે જમાડ્યા. ને બાબુભાઈના આત્મામાં તેજ તેજ થઈને બેસી ગયા. બાબુભાઈ કહે, 'તે દિવસથી મારા આત્મામાં યોગીજીમહારાજ ભગવાનનું સ્વરૂપ છે તેવી પ્રતીતિ થઈ ગઈ' ને આત્મામાં સોરામણ શરૂ થઈ ગઈ.

આ રીતે એક બાજુ દાદુભાઈ ધંધામાં અને સત્સંગમાં ડૂબ્યા. ને બીજી બાજુ બાબુભાઈ મોમ્બાસામાં ૧૯૪૮થી ૧૯૫૨ સુધી આધ્યાત્મિક વાંચન-મનન ને ધ્યાનમાં રમમાણ થયા. બેઉ ભાઈઓના એકમેક પરના અલૌકિક દિવ્ય પત્રો આપણી પાસે એક મૂડી રૂપે છે. જેનું વર્ણન થાય તેવું નથી.

★ દાદુભાઈ સત્સંગમાં પૂરા સમર્પિત ને બાબુભાઈ વ્યવહારકુશળ અને કુટુંબને આગળ લાવવાની મહેનત કરતા રહ્યા. તો પણ ક્યાંયે ટકરામણ નહીં, વિવાદ નહીં. સમન્વય અને દાદુભાઈ જેમાં રાજી તેમાં બાબુભાઈ રાજી !

ધંધા માટે દાદુભાઈ વિલાયત - યુરોપ જવાના હતા તે પહેલાં આફ્રિકા બાબુભાઈને મળવા ગયા. તો બ્રહ્મજ્ઞાનના પ્રણેતા બાબુભાઈ કહે, 'શાસ્ત્રીમહારાજ ભગવાન હોય તો તમે દાદુભાઈ સારંગપુર જાવ કે વિલાયત જાવ ! પણ તમને જે ગમે તે કરો.' આમ દિશા સૂચવી પણ આગ્રહ ન રાખ્યો. દાદુને પૂરી સ્વતંત્રતા. દાદુનો નિર્ણય - એને એમાં સુખ લાગે તો ભલે.

આ સમયે જર્મનીમાં એકવાર એક મોટા બીઝનેસમેન દાદુભાઈને કહે, 'તમે હોટલમાં ન રહો. અહીં રહો.' ને પછી તેમની દીકરીને દાદુભાઈ સાથે પ્રીતિ થતાં લગ્નની વાત મૂકી. દાદુભાઈએ એ વાત બાબુભાઈને જણાવી ને પૂછ્યું. તો મોટાભાઈ કેવા વિશાળ ને ઉમદા વિચારના - ભાવિક ભાઈ ! કહે, 'દાદુ ! તું તારા લગ્નજીવનમાં જરાયે સુખી નથી તો જો તને ગોઠતું હોય ને ગમે તો મને વાંધો નથી. અહીંનું હું ગોઠવીશ. બીજા વ્યવહારોમાં હું જોઈ લઈશ. તું રાજી તેમાં હું રાજી. જગતની મને જરાયે પરવા નથી.'

આ કેવો આદર્શ ભ્રાતૃભાવ ! નાનો ભાઈ સુખી રહે ને તેનો આનંદ તે જ મોટાભાઈનો આનંદ. જગતમાં આવી દિવ્ય બંધુ બેલડી ક્યાંયે જોવા મળે ખરી ? મોટાભાઈની મોટપ ને અદ્‌ભુત પ્રીતિ ! ભૂલી ન ભૂલાય ને વર્ણવી ન વર્ણવાય ! કેમ ખરૂંને !

૧૯૫૨ની ૩જી ફેબ્રુઆરીએ પૂ.દાદુભાઈને સાક્ષાત્કાર થયો ને તેમને વિભ્રાંત દશા આવી. તે બાબુભાઈને સમાચાર મળ્યા ! તટસ્થતા ને નીરવતા રાખીને બાબુભાઈ કહે, 'હું દેશમાં જાઉં ને જોઉં કે શું હકીકત છે ?' કોઈ કહે...

૧) વિભ્રાંત દશા છે - નર્વસ બ્રેક ડાઉન.

૨) શાસ્ત્રીજી મહારાજ પ્રગટ્યા છે.

૩) સોનાબાએ ભૂરકી નાખી છે.

તેના કોઈ મૂલ્યાંકનમાં પડ્યા વિના બાબુભાઈ ૧૭મી એપ્રિલ ૧૯૫૨માં દેશમાં આવી ગયા ! ત્યારે દાદુભાઈ બેંગકોક હતા. ત્યાંનું વાતાવરણ ને દાદુની તકલીફ જોઈ બાબુભાઈ મણીબેનને અગાશીમાં લઈ ગયા ને ખૂબ રડ્યા ! મારા ભાઈને આ શું થઈ ગયું ! આવું કેમ થઈ ગયું ! એકાદ મહિના પછી દાદુભાઈ આવ્યા ને તેમણે દાદુભાઈની વર્તણૂંક તપાસી ને જોયું કે વિભ્રાંત દશા છે જ. તેથી બાબુભાઈ દાદુભાઈને લઈને એકલા જ હેંગીગ ગાર્ડન ગયા અને બધી વાતો કરી. જોયું હતું તેનું વર્ણન કર્યું. દાદુભાઈએ તેમની રીતે જવાબ આપ્યા. પણ બાબુભાઈની બુધ્ધિમાં ઉતરે તેવા નહીં. કારણ કે દાદુભાઈનું મન સ્થિર નહીં. 'મહારાજ, મહારાજ કર્યું ને ભગવાન પર નાખીને

બાબુભાઈએ ભજન કર્યું.

દેશ આવવાનું કારણ પણ દાદુભાઈ સાથેની અનન્ય પ્રીતિ ને અંદરમાં તેને સુખી જ રાખવો તેવી ધખણા. દેશમાં આવીને જોયું કે દાદુને પહેલા હું ને મારું કુંટુંબ પહેલું ને પ્રાધાન્ય હતુ તેને બદલે દાદુભાઈની ધરી બદલાઈ ગઈ છે. તેને સોનાબા, કાંતિભાઈ વિગેરેના કુટુંબ માટે વધારે પ્રીતિ છે ! તેમણે જોયું કે જે શાસ્ત્રીજીમહારાજના છે તેમના માટે દાદુભાઈને ખૂબ ભાવ ને સમર્પણ છે. ને પોતાનો નંબર પાછળ ગયો છે ! તે જાણીને બાબુભાઈ વિચારે છે કે હું પણ યોગીજીને ઓળખી લઉં ને ભાઈના હૃદયમાં પહેલા જેવો હતો તેવો રહું !

દાદુભાઈને ૩.૨.૫૨માં ગોંડલમાં સાક્ષાત્કાર થયો ને તેમણે તે પછી અક્ષરધામના તેમનાં અનુભવના વર્ણનમાં પત્ર લખ્યો હતો તે તેમાં તેમણે મોટાભાઈ બાબુભાઈનાં ત્યાં બેઠેલા દર્શન કર્યા હતાં. બાબુભાઈ મોમ્બાસા હોવા છતાંયે ત્યાં ગોંડલ પ્રગટ થયા હતા. તેવું વર્ણન છે. દિવ્ય દેહે બાબુભાઈને ત્યાં બાપાએ પ્રગટ કર્યા તે કેવો અનુભવ ! આ દાદુભાઈનો પ્રેમ ! ને દાદુભાઈની આધ્યાત્મિક સ્થિતિ.

બેઉના હૈયામાં કેવી એકતા ! તેથી ખ્યાલ આવે કે દાદુભાઈને પણ બાબુભાઈ માટે કેવી અલૌકિક પ્રીતિ હશે ! બાબુભાઈ તો ત્યારે મોમ્બાસા બિરાજમાન હતા ! આવી હતી બેઉ ભાઈઓની અરસપરસની પ્રીતિ ! પછી તો સત્સંગનો ઈતિહાસ આપણને સૌને ખબર છે જ.

દાદુભાઈએ અખાત્રીજ વિ.સ.૨૦૦૮ના બાબુભાઈને આણંદ બાપાનાં દર્શન કરવા મોકલ્યા. અને પૂ.જ્યોતિબેન સાથેના તેમના લગ્નનું પૂછતા આવવાનું કહેલું. દાદુભાઈની ઈચ્છાએ જ ભારત આવ્યા પછી યોગીજીમહારાજ સાથે બાબુભાઈનું પ્રથમ દિવ્ય મિલન થયુ. અને બાપાએ ત્રણ વાર લગ્ન માટે 'ના, ના, ના.' કહી. અને દાદુભાઈની વિભ્રાંત દશા અને એગ્રી ઓરીયેન્ટ કંપનીનો વેપાર બરોબર નથી તે બાબત વિશે બાબુભાઈએ પૂછયું તો બાપાએ આશીર્વાદ આપ્યા.

કહે, 'આવતી અખાત્રીજ સુધીમાં સારું થઈ જશે.'

આમ વ્યવહારની ગૂંચો, દિવ્ય તત્ત્વ પાસે ઉકેલવા બાબુભાઈને દાદુભાઈએ આણંદ મોકલ્યા. અને બાબુભાઈને અંતર્યામી ને સર્વોપરી બાપાનો અંગત અનુભવ થયો.

પછી ૩૧ મે, ૧૯૫૨. ૪/સી સોનાવાલામાં બાપાનો ઉતારો હતો. ને વચ. ગ. પ્ર.૭૧ બાપા સમજાવતા હતા ને બાબુભાઈને આત્મ સાક્ષાત્કાર, જ્ઞાનસમાધિ થઈ ને બાબુભાઈ યોગીરૂપ બની ગયા.

ગુરુપૂનમે સંવત ૨૦૦૮ના બોચાસણ બાપાનાં દર્શને ગયા ને બાબુભાઈએ ત્રણ સંકલ્પ કર્યા. જે નાનાભાઈની સાથે અસાધારણ પ્રીતિ હતી તે સંબંધી જ હતા.

૧. એગ્રીની ખોટ
૨. દાદુભાઈનું ઉપશમ
૩. દાદુભાઈનાં લગ્ન

આ ત્રણે બાબતોમાં બાબુભાઈના અનન્ય ભ્રાતૃપ્રેમનું દર્શન થાય છે.

બાપાને કહ્યું કે 'લાવો તમારી શરતો. છતીદેહે અક્ષરધામનું સુખ ભોગવવું છે.' તો બાપા કહે, '૧. અહીં રહો. ૨. દાદુભાઈ સાથે કામ કરો. ૩. બધે દિવ્યભાવ રાખવાનો. દાદુભાઈ, છગનભાઈ, હર્ષદભાઈ, કાંતિભાઈ એ ચારેયમાં દિવ્યભાવ. ૪. એગ્રી મહારાજની માની થાય તે સેવા કરવી.

'કબૂલ' કરીને સાધના કરવાની શરૂ કરી ને સાત્વિક ભાવના ભૂક્કા બોલી ગયા. 'સ્વ' ઊડી ગયું અને બાબુભાઈ ચૈતન્યદર્શી બની ગયા.

તારદેવના ઘરમાં કથાવાર્તા ધમધોકાર ચાલે. બાબુભાઈ વચનામૃત વાંચે ને દાદુભાઈ સમજાવે. એમ બેઉ ભાઈઓ સત્સંગની સેવામાં એકદમ ખોવાઈ ગયા.

માણેકઠારી પૂનમ ૨૦૦૮ દાદુભાઈએ બાપાને પૂછવાની આજ્ઞા આપી કે ગોંડલ જાવ ને જ્યોતિ – તારાનાં લગ્નનું કાંઈ ગોઠવાતું નથી. તો શું કરીએ ? ને બાપાનો જવાબ હતો –

'બેનો ભગવાન ભજે તો શું ખોટું ? મહારાજ જોગ બહેનો ગોઠવી

દેશે. આ કામ તમારે કરવાનું છે. શાસ્ત્રીજી મહારાજ તમારી સાથે રહેશે.' આ જવાબ.

આમ ભારત દેશમાં પધાર્યા પછી દાદુભાઈની બધી જ વાત માની, બધી જ વાતે હા એ હા અને સત્સંગમાં તેમને આગળ રાખીને બાબુભાઈ ડગલાં ભરતા. પપ્પાજી કહે, 'મને બાપાએ સમકક્ષાના ભિન્ન અંગવાળા મિત્ર આપી દીધેલા. જેથી તેનું સૂચન મારી રક્ષા કરે. અને અમારે પ્રીતિ તો જન્મથી જ. તેથી છૂટા પડી જવાનો કે અભાવમાં પડી જવાની કોઈ વાત જ નહીં. દાદુભાઈ સત્સંગમાં મારા કરતાં વધારે અનુભવી અને આગળ વધેલા મુક્તરાજ. તેથી 'રખેને હું પાછળ રહી જાઉં.' માટે અંદરમાં ખપ અને ગરજ વધતા જાય. દાદુભાઈનું સૂચન અને વચન તે જો સ્વધર્મ ચૂકાવે તેવું ન હોય તો બાબુભાઈ અવશ્ય માને જ. અને બાબુભાઈની કોઈપણ સંકલ્પ, ભાવ ને ક્રિયા દાદુભાઈને અમાન્ય ન જ હોય. અન્યોન્ય સુહૃદભાવ, મુક્તનો ભાવ અને બાપાના જ અન્વય યંત્રો જેવું માન રાખીને તેઓ બેઉ સત્સંગની શોભા બનીને પળેપળ જીવ્યા.

આપણે જોઈએ તો જેમ તુલસીની માળા હોય તેમાં અંદર એકધારો એક સૂત્રે બાંધનારો દોરો હોય છે તે જેટલો પાકો ને દઢ તેટલો તેના મણકા લાંબા સમય સુધી માળામાં એકઠા રહે છે ! તેમ બાબુભાઈને મહારાજે મોટાભાઈ તરીકે જન્મ આપ્યો ને આંતરિક આત્મબુધ્ધિ ને પ્રીતિ નાનાભાઈ સાથે પૂર્વજન્મથી જ કરાવી હશે કે દાદુના જન્મ ૧૯૧૮ થી તે છેક ૧૯૮૬ સુધી અકબંધ રહ્યું. દિવ્ય પ્રીતિ, નિરપેક્ષ પ્રીતિ, એકદમ આપોપુપણું. બેઉના દેહ અલગ પણ સહેજે જુદાગરો જ નહીં. પપ્પાજી કહે, 'અમે બેઉ એક જ હાથના આગળપાછળના ભાગ જેવા' એવા એકરૂપ અને મનથી મનભેદ કે મતભેદ જ નહીં. ને એકનું ગમતું બીજાને ગમે તેવો તાદાત્મકભાવ. આ સેતુ એવો દઢ હતો કે તેનાં વર્ણન માનવબુધ્ધિ કે કલમ ન જ કરી શકે. તે બેઉને એકસાથે ધરાએ જીવન જીવતા જેણે દર્શન કર્યા હશે તે બધાને એ વાતની દઢ અનુભૂતિ હશે જ. બેઉના મધ્યબિંદુ તરીકે યોગીજીમહારાજ, બેઉના જીવનધ્યેય તરીકે

યોગીજીની પ્રસન્નતા, બેઉનું એક જ જીવનકાર્ય 'યોગીજીમહારાજ શ્રીજી મહારાજ જ છે' તેવું સર્વે સંબંધમાં આવે તેને જીવમાં મનાવવું ને અક્ષરમુક્ત બનાવીને યોગીજીના શ્રી ચરણે રમતા કરવા છે !

દાદુભાઈ ગૃહસ્થાશ્રમી છતાંયે અલગારી. અંદર બંધાયા જ નહીં. બાબુભાઈ પણ ગૃહસ્થાશ્રમી પણ જીવનમાં પોતાના નાનાભાઈ અને કુટુંબને જ પ્રાધાન્ય આપીને પત્ની ને બાળકોને સેવ્યા ને કુટુંબ માટે પોતે હોમાયા તો આ બાળકોને પણ સાથોસાથ હોમ્યા. સાક્ષાત્કાર પછી બાબુભાઈ યોગીજીમય બનેલા તો ગૃહસ્થાશ્રમ નામનો જ રહ્યો. તેઓ જેટલા યોગીજીના થાય તેટલા જ મારા તેવી રીતે જીવ્યા.

બાબુભાઈને સાક્ષાત્કાર થયો તે પછી તેમને બધા જ આધ્યાત્મિક સત્યો વણસમજાવ્યે સમજાઈ ગયા, દાદુભાઈના જીવન સાથે તેમણે જોયું તો તેમને થયું 'આ દાદુભાઈ, સોનાબા અને જ્યોતિબેન આધ્યાત્મિક ક્ષેત્રે ખૂબ આગળ પ્રગતિ કરી ગયાં છે! હું આ સત્સંગમાં મોડો આવ્યો તો રહી ન જાઉં ! એમ દાદુભાઈના વર્તનથી બાબુભાઈને ઝડપથી પ્રગતિ કરીને પૂર્ણ ગુણાતીતભાવના ધારક એકાંતિક બનવાની લગની લાગી ગઈ. એમાંયે ૧૯૫૪માં હૃદયરોગનો હુમલો થયો ! તો તો મનમાં ગાંઠ જ વાળી કે ૪ વર્ષમાં પૂરું જ કરી દેવું છે! બાપાને દાદુભાઈ, સોનાબા અને જ્યોતિબેને કેવા સેવી લીધા છે તેવા મારે ધારી જ લેવા છે ! આ હાર્ટ એટેક છે તો ક્યારે દેહ છૂટી જાય ! એમ બાબુભાઈ નિશ્ચય કરીને પળેપળ બાપાની વફાદારી રાખીને સંકલ્પ, ભાવ ને ક્રિયા કરવા લાગ્યા ને ૧૯૫૬માં – ૪ વર્ષમાં પૂરું કરી દીધું ! એ પૂરું તે શું ? કે મહારાજની ચૈતન્યશુધ્ધિની લીલા મનાઈ ગઈ અને સત્સંગમાં કોઈનોયે અભાવ અવગુણ નહીં. અને બાપાની ને તેના ભક્તોની સેવામાં પરમપદ મનાઈ ગયું ! બાપા વચ. ગ. પ્ર. ૨૭, ૬૨ જેવા ને પોતાનું જીવન ગ. છે. ૧૧, ગ. મ.૨૩ પ્રમાણેનું બનાવીને જ ઝંપ્યા!

આધ્યાત્મિક જીવન ૧૯૫૨ થી ૧૯૬૬ સુધીનું જે તારદેવમાં રહીને પસાર કર્યું તેમાં –

★ જે કેસ થયો ને જેલમાં જવાનું થયું તેમાં બાબુભાઈને અંદરમાં

એમ પણ ન થયું કે બાપાએ આ સળગતી એગ્રી ઑરીયેન્ટમાં મને ડાયરેક્ટર બનાવીને ભીડા ને ભીંસમાં નાખ્યો ! અક્ષરાધીશ બાપા છે ને તેમની મરજી વિના કાંઈ જ થતું નથી તેવું મનાવવા માટે આ કેસ છે. ને હું જેલમાં રહીને ભજન કરીશ ને મારો નાનો ભાઈ દાદુ ભલે બહાર રહે ને જામીન લાવે! તેમને દાદુભાઈની આવડત અને શક્તિ વિશે ખૂબ વિશ્વાસ! નહીં તો ન લેવા કે દેવા ને પોતે જેલમાં. આ બધું કરનારા તો ચાર ડાયરેક્ટર હતા. બાબુભાઈ  નહીં. પણ બાપાને કર્તાહર્તા માન્યા અને નાના ભાઈને જેલમાં ન જવું પડે તેવી ઊંડી પ્રીતિ ને ભક્તિથી તેમણે આ નિર્ણય લીધો ને પૂ.કાંતિકાકાને જણાવ્યો ! બધું જ સહન કરવાનું પોતાને માથે ! અને બાબુભાઈ પોતે તો સાવ નિર્દોષ ! છતાંયે નાનાભાઈ પાસે ફરિયાદ કે વિવાદ નહીં. બાપાના છે દાદુભાઈ ! તેથી બાપા તેમને વાપરે છે વિગેરે વિગેરે...

★ બાબુભાઈ તો એવું જાણે ને માને કે દાદુભાઈમાં બાપા રહ્યા છે. ને મારા માટે બાપા તેમને પ્રેરણા કરે છે, વાપરે છે. ને મારી આધ્યાત્મિક પ્રગતિ થાય છે ! તેથી જ બાબુભાઈ દાસભાવે નાનાભાઈને મોટા માનીને રહ્યા ! અને એમની બધી જ વાત માની સ્વીકારી અને અહોહોભાવે તેમને ગમે તે રીતે વર્તતા રહ્યા ! તેથી તારદેવને 'અક્ષરધામનું તખત' બાપાએ નામ આપ્યું છે કારણકે કોઈનાયે મન કે હૃદય નોંખા જ નહીં.

★ બાબુભાઈના જીવનદર્શન 'પરાભક્તિની સૌરભ'નો અભ્યાસ કરતા કરતા આપણને સતત એવું અનુભવાય છે કે તે પુસ્તકમાં દાદુભાઈ માટેનો પ્રેમ અને તેની સુખાકારી માટેની સમર્પણની ભાવના તરી આવે છે !! બાબુભાઈને એમ થાય કે હું એવું શું કરું કે દાદુભાઈ સંપૂર્ણ સુખ પામે ! એમ પ્રત્યેક વાતમાં અનુભવાય ! સાક્ષાત્કાર થયો, તો ચાર જ મહિનામાં બેઉ ભાઈઓને સાથે થયો ! ને તેમાં ય જે સાધના ને સાધનો વપરાયા તે બેઉ માટે એક સરખા! પપ્પાજી શાંત, સરળ, મૌન, ગંભીર, અંતર્દષ્ટિવાળા અને પ્રાર્થનાથી સર્વે વાત કરે કે ઉકેલ લાવે. દાદુભાઈ ઉમંગી, ઉત્સાહી, અટપટા,

વાતોડિયા, હસમુખા અને જગત સાથે જગત જેવા બનીને, તેઓની કક્ષાએ જઈને વર્તતા. એકદમ વિરોધ પ્રકૃતિ છતાં ય આત્માની પ્રીતિ એવી હતી કે ક્યાંયે ગાંઠ પડી નથી કે કોઈને ય સહેજે ય વિસંવાદ અનુભવાયો નથી. એકમેકનું માન રાખે વિવેકભાવે સૂચન કરે, પ્રેમભાવ રાખીને સમો જાળવી લે. ચર્ચા કરે પણ આગ્રહ નહીં. એક આગ્રહથી વાત કરે તો બીજો નમી દે એમ સમન્વય અક્ષરધામનો. તારદેવ સુહૃદભાવની ગંગોત્રી તેથી જ બનીને !

યોગીજી મહારાજ દાદુભાઈને પોતાની સાથે બધે વિચરણમાં લઈ જાય ને પોતાનો મહિમા ગવડાવે. કાર્ય કરાવે. બાબુભાઈ તારદેવ રહીને બેનોને એકાંતિક ધર્મ સિધ્ધ કરાવવાની ભક્તિ કરે ! હજુ તો દાદુભાઈ સાંજે તારદેવ આવ્યા જ હોય ને બાપાની ટપાલ આવે 'દાદુભાઈ ! તમારાં દર્શનની તાણ છે. કાલે સવારે આવો.' આમ દાદુભાઈનું કાર્યક્ષેત્ર સમગ્ર યોગી સમાજનું જતન ને મહિમા પ્રસારનું. ને બાબુભાઈ તારદેવ સ્થાયી રહીને મુંબઈ મંડળને સાચવે ને અક્ષરપુરૂષોત્તમના સત્સંગીઓ મુંબઈ સારવાર માટે આવે તેનું બધું ધ્યાન-કાળજી રાખવાની સેવા કરે. બેનોને આધ્યાત્મિક માર્ગે પ્રગતિ કરાવે ! આધ્યાત્મિક ક્ષેત્રે ક્યાંયે સરખામણી કે ચડસાચડસી નહીં. એકનું સારું તે બીજાને માન્ય. ને બીજાનું સારું તે એકને ગમે. વિશ્વના અનંત વર્ષોના ધર્મના ઈતિહાસમાં બે ધર્મધૂરંધરો એક જ ક્ષેત્રમાં, એક જ ગુરુના, એક જ પ્લેટફોર્મ પર, એક જ યુગમાં - વર્ષોમાં - એક જ કાર્ય માટે, એકસાથે, આત્મીય ને એક બનીને રહ્યા હોય તેવો દાખલો શું મળશે ? કદીયે તે શક્ય નથી જ બન્યું. એકને ચડતો જુવે તો માનસિક ઈર્ષ્યાથી બીજો અવગુણ શોધે ને ગાય. અહીં તો સહેજ પણ વિવેક મર્યાદાની ચૂક નહીં ને વિશેષ ને વિશેષ મહિમા ગાન ને મહિમાદર્શન અન્યોન્યનું થાય ને સૌને વિચાર, વાણી, વર્તનથી પ્રસાર કરાવે ! પપ્પાજીના અનેક પ્રસંગોમાં આપણે જોઈએ તો -

★ ૧૯૫૨માં દાદુભાઈ નાણાવટી શેઠની ઑફિસમાં કામ કરતા હતા. દિલ્હીમાં તેમનો એક કેસ ચાલતો હતો. દાદુકાકા તે કેસ માટે ત્યાં

ગયા હતા. તો દિલ્હીથી વહેલી સવારે દાદુભાઈએ બાબુભાઈને ફોન કર્યો કે 'કેસ તો ખૂબ તકલીફમાં છે. કાંઈ સૂઝ પડતી નથી. તો બાબુભાઈ તમે બાપાને મળીને આ વાત કરો ને જવાબ મોકલો.' બાબુભાઈ બાપાને તત્કાળ મળવા ગયા ને બાપા કહે, 'દાદુભાઈને કહો – તમે ખુરશી બની જાવ.' તેવો તાર કરી દો. પછી બાબુભાઈએ તાર કર્યો – 'Be thou flute.' દાદુભાઈને કોર્ટમાં જતા પહેલાં આ તાર મળી ગયો ને કેસ જીતી ગયા. બાબુભાઈ કહે, 'આપણે બંસરી બનવા આવ્યા છીએ.'

★ ૧૯૫૨માં શરૂઆતમાં જ બાબુભાઈ ને દાદુભાઈ એગ્રી ઓરીએન્ટની ઓફિસમાં બેઠેલા. ત્યારે દાદુભાઈ કહે, 'આ જ્યોતિ – તારા ભગવાન ભજવા માગે છે પણ સ્ત્રીઓ ભજી ન શકે.' તે વખતે બાબુભાઈએ કહ્યું, 'આ જોગીમહારાજ અવતારી પુરૂષ છે?' તો દાદુભાઈ કહે, 'હા.' બાબુભાઈ કહે, 'બાપાનું વચન છે ને તેની આજ્ઞાથી આપણે જવાબદારી લઈએ ને કરવું બાપાને છે તેથી બેનોને ભજાવીએ.' ત્યારનો બાબુભાઈનો સંકલ્પ 'જેને લીધા એનું પૂરું કર્યા વિના છોડવાના નહીં. મૂર્તિ વાપરવાની ને રૂપાંતર કરાવવાનું કામ કરવાનું.' ને પછી બેઉ ભાઈઓએ નક્કી કર્યું 'કરો કંકુના' ને બેઉ ભાઈઓએ એ કાર્ય માથે લીધું. બેઉ ભેળા મળીને સર્વ પ્રકારે આધ્યાત્મિક ચર્ચા ને વિચારણા કરતા. બેઉને બાપાનો અપાર મહિમા ને તેમના વચનમાં શ્રધ્ધા. એ કહે તેમ જ કરવું તે જીવનનું ધ્યેય. તેથી એકમના ને એક જ ધ્યેય.

★ એકવાર દાદુભાઈએ મોટાભાઈને એગ્રી ઓરીએન્ટની ઓફિસમાં પૂછ્યું કે, 'ભાઈ ! તમને બાપાએ આફ્રિકાથી અહીં લાવી આ એગ્રીની હોળીમાં નાંખ્યા તો તમને કાંઈ થતું નથી ?' કેવો દાદુભાઈનો પ્રેમ! પણ સાક્ષાત્કાર પામેલા બાબુભાઈ કહે, 'થાત – જરૂર થાત, પણ આ જોગીમહારાજ મળી ગયા ને ! એ પ્રાપ્તિ થઈ ગઈ ને ! એ પ્રાપ્તિની સરખામણીમાં આ કાંઈ નથી ! બીજું કાંઈ તેથી થતું જ નથી. એ પણ એમની કૃપા છે.'

આમ બેઉ ભાઈઓ એકમેકની કેવી દરકાર અને અંતરની

એકતાની વાતો ખુલ્લા દિલે કરતા હશે ? તે ખ્યાલ આવે.

★ ૧૯૫૪માં જાન્યુઆરીમાં દાદુભાઈએ આફ્રિકા જઈને મગનબાપાને ત્યાં પૂ.તારાબેનનો વિવાહ કર્યો. ને ૨૫૦ માણસોને જમાડ્યા તેનો પત્ર લખ્યો. પૂ.તારાબેન ભગવાન ભજવા માગતાં હતાં ને તેમને બાબુભાઈનો સાથ મળી ગયો હતો ને શ્રધ્ધા ને વિશ્વાસ બેસી ગયા હતા. તેથી આફ્રિકા તાર મોકલ્યો જે બાબુભાઈએ જ લખાવ્યો હતો, "Don't play with fire. We are already married with Purushottamnarayan.' ને વિવાહ કેન્સલ કર્યો ને પછી દાદુભાઈ આફ્રિકાથી પાછા આવ્યા પણ કાંઈ પૂછ્યુ નહીં.

★ ૧૯૫૫માં ચુનીભાઈની દીકરી હંસાનાં લગ્નના વ્યવહારિક કામ માટે દાદુભાઈએ આજ્ઞા કરી તેથી બાબુભાઈ કરમસદ આવેલા. બાપાની મૂર્તિમાં ખોવાયેલા તે બધો જ વ્યવહાર રોબૉટની જેમ કરતા. દાદુભાઈની આજ્ઞા ન હોત તો આવાં કામ માટે બાબુભાઈ કરમસદ જાત જ નહીં. ને પછી કરમસદમાં બાપા પધાર્યા તે બધો જ લાભ મળ્યો.

★ દાદુભાઈ ને બાબુભાઈની વાતથી યોગીજીમહારાજનું જે સ્વરૂપ દર્શન થયું તે –

૧. એકવાર સભામાં ચેષ્ટા ગવાતી હતી. તે બાપા કહે, 'શાસ્ત્રીમહારાજ પર લગાડીને ગાવી.' તો દાદુભાઈ કહે, 'બાપા આ બાબુભાઈ કહે છે કે મેં તો શાસ્ત્રીમહારાજનાં દર્શન નથી કર્યાં તો કોની પર લગાડુ?' તો બાપા હસી પડ્યા ને કહે, 'તેમને જે મળ્યા છે તેની પર લગાડવી.' એનો સીધો અર્થ કે યોગીજીમહારાજ પર લગાડવી.

૨. રાત્રિસભામાં ભક્તચિંતામણીનું ૬૪મું પ્રકરણ ગાતા હતા. તેમાં આવ્યું –

'કે'દી દેશો મા સંસારી સુખ, દેશો મા દેહ સુખ સંયોગ'

તો દાદુભાઈ કહે, 'બાપા ! બાબુભાઈએ તો એમાં સુધારો કર્યો છે. કે'દી દેશો મા સંસારી દુઃખ, દેશો મા દેહ દુઃખ સંયોગ' તો બાપા એકદમ ફુલારામાં આવીને કહે, 'હા નિર્દોષબુધ્ધિવાળા માટે આ બરાબર છે.' એટલે આપણે નિર્દોષબુધ્ધિ, સત્પુરૂષ ને સત્સંગીમાં

રાખતા થઈ જવું. તો સંસારી દુઃખ કે દેહ દુઃખ નહીં આવે.

★ ૧૯૬૨ની ૯મી જાન્યુઆરીની પોષીપૂનમે દાદુભાઈ બાબુભાઈ ને બીજા ૫૦ ગૃહસ્થોને ડભાણ મુકામે બાપાએ પાર્ષદી દીક્ષા આપી હતી.

★ ૧૯૬૨માં દાદરમંદિરે બેઉ ભાઈઓ સામે ટ્રસ્ટ કમિટીના સભ્યોએ ખૂબ વિરોધ કર્યો ને જેમ તેમ બોલ્યા. દાદુભાઈ ને બાબુભાઈ બાપાને અંતર્યામી, કર્તાહર્તા માની આ પરીક્ષા જ છે. માની હસતા રહ્યા. તો બેઉ ભાઈઓને બાપાએ નજીક બોલાવી પૂછ્યું, 'તમને કશું થાય છે ?' 'ના, બાપા.' બાપા કહે, 'જાવ, સવાસો માર્ક !' એ હતી દાદુભાઈ ને બાબુભાઈની આધ્યાત્મિક દષ્ટિ, સમતા અને સ્થિતિની છેલ્લી કસોટી.

★ ૧૯૬૩માં ત્રીજી ઑક્ટોબરે ગોંડલમાં દાદુભાઈ ને બાબુભાઈને શાસ્ત્રીજીમહારાજના ઓરડે બોલાવીને આજ્ઞા આપી કે હવે બેનોનું જુદુ કરી આપો. તો બાબુભાઈ કહે, 'બાપા ક્યાં કરીએ ?' તો બાપા કહે, 'વિદ્યાનગરમાં. આપણા પ્લોટમાં.' બાબુભાઈ કહે, 'બાપા ! ગોંડલ કરીએ તો ? તમે છો તો તમારી સેવા કરશે ને પછી ડેરીની સેવા.' તો બાપા કહે, 'સત્પુરૂષ ક્યાં અદ્દ્શ્ય થવાના છે! તે તો કાયમ રહેવાના છે. માટે ત્યાં વિદ્યાનગર તમારા જ પ્લોટમાં કરી આપો.' બાબુભાઈ કહે, 'હા બાપા ! તમારી આજ્ઞાએ જંગલમાં કરીશું તો ય તમે મળ્યા છો તો સ્થિતિ કરાવી જ આપશો.'

૧લી જૂન ૧૯૬૬માં ગુણાતીત જ્યોતની સ્થાપના થઈ. તે પહેલાં ૧૯૬૫માં અટલાદરા યોગીજીમહારાજે સહજ પરભાવમાં આવીને આજ્ઞા આપી : 'તમે બંને ભાઈઓ ભેળા મળી જે કરો તેમાં હું આવી ગયો. હવે તમે મને પૂછશો નહીં.'

આ સનાતન જીવનસૂત્રને બેઉ ભાઈઓએ શિરસાટે પાળ્યું અને શ્રીજી અનુવૃત્તિના ધારક બનીને સમાજમાં સંતો, બહેનો, ભાઈઓ અને હરિભક્તોને યોગીજીમહારાજના મહિમાના અખંડ રસપાન કરાવ્યાં જ કર્યાં. બેઉ ભાઈઓનાં કાર્યોની બાહ્ય દેખાતી વહેંચણી નહોતી. બીજા જે હાજર હોય તો શિરસાટે આધ્યાત્મિક દષ્ટિથી અને

કેવળ પોતાના કલ્યાણના ખપ ને ગરજથી કાર્ય કરતા. કાકાશ્રી–પપ્પાજી બેઉનાં 'મજિયારાં હૈયાં' એવું સભામાં વારેવારે અનુમોદન થતું અને સૌ આશ્રિત ભક્તોને એ વાતના દર્શન ને અનુભવ નિરંતર રહેતા.

બેઉની બાહ્ય પ્રકૃતિ સાવ જ અલગ, નોંખી છતાંયે ભક્તોને સહેજ પણ અંતરાયના કે અન્ય આવરણના અનુભવ થતા નહીં. કારણ કે બેઉ ભાઈઓ દેહથી નોંખા, આત્માની દષ્ટિએ એક બની ગુણાતીત અવસ્થામાં અખંડ વર્તતા.

ગુણાતીત સમાજની સ્થાપના પછી તે સમાજની એકતા સચવાય અને અન્યોન્યનું માહાત્મ્ય સહજ ઉદય થાય તે હેતુથી સર્વોચ્ચ કમિટીની રચના થઈ. પ.પૂ.દાદુકાકા પ્રમુખ નીમાયા અને તેમની નીચે પ.પૂ.પપ્પાજી, પ.પૂ.હરિપ્રસાદસ્વામીજી, પ.પૂ.અક્ષરવિહારીસ્વામીજી, પ.પૂ.જશભાઈસાહેબજી, પ.પૂ.ભાઈ, પ.પૂ.સોનાબા, પ.પૂ.શાંતાબેન પોપટને સમાજના આધ્યાત્મિક નેતા તરીકે વરણીય કરવામાં આવ્યા. જે સ્વરૂપને માને તેની આજ્ઞામાં રહેવાનું અને અન્ય સ્વરૂપનો તેવો જ મહિમા સમજવાનો તેવો નૂતન આધ્યાત્મિક નિર્ણય અને નિશ્ચય થયો. અને ભક્તોને એ રીતે જ દોરવણી આપીને વિવિધતામાં એકતા સ્થાપી. પપ્પાજી મોટા હોવાં છતાંયે દાદુભાઈની પ્રમુખ તરીકે વરણી થઈ તેમાં મોટાભાઈ અતિશે રાજી. કારણ કે તેમને પ્રેમ તો અસાધારણ પણ સાથે કાકાજીની જીવનશૈલી અને સમર્પણભર્યા વર્તનનો ખૂબ મહિમા રહેતો. જેથી ક્યાંયે માનસિક ચડસાચડસી કે વિતંડાવાદ નહીં, અલૌકિક ભૂમિકાને તો અહીં સ્થાન જ નહોતું !

બાબુભાઈ હવે 'પપ્પાજી' બન્યા ને દાદુભાઈ 'કાકાજી' બનીને ને પ.પૂ.સોનાબા 'બા'ની અમૂલ્ય હૃદયપદવીને પામીને આખાય સમાજને આત્મબુધ્ધિ ને પ્રીતિથી માહાત્મ્યેયુક્ત સેવાભક્તિમાં જોડી દીધો. દાદુકાકા જબરજસ્ત વિચરણ કરે ને પપ્પાજી ૧૯૬૬ થી ૧૯૮૦ ચૌદ વર્ષ સુધી વિદ્યાનગરમાં તેમના ભાડાના મકાન 'પ્રભુકૃપા'માં સ્થિતપ્રજ્ઞ રહ્યા અને કેવળ સંકલ્પ ભજનથી સમાજને આંતરિક બળ આપતા. બેઉ ભાઈઓએ ભેળા મળીને જે જે વિરોધો–અવરોધો

આવ્યા તેનો મહિમાભરી આધ્યાત્મિક દૃષ્ટિથી જ સામનો કર્યો ! બાપા પરીક્ષા માટે જ સૌને વાપરે છે. તેથી અંતર્દષ્ટિ કરીને તેઓ પોતાના અહમ્‌ની તપાસ કરીને ભજન કરીને સંપીને એકમેકનો અભિપ્રાય જાણીને એક જ નિર્ણય કરીને વર્તતા. તેથી ગુણાતીત સમાજનો આધ્યાત્મિક વિકાસ થવા લાગ્યો.

બેઉ ભાઈઓએ એકમના થઈને સ્થાપેલા વિવિધ કેન્દ્રોની ઝલક જોઈએ :

★ પોષી પૂનમ ૧૯૬૭માં શ્રીજી કૉલોનીમાં વિદ્યાનગરમાં રહેતા પૂ.જશભાઈ સાહેબ ને તેમના આઠ મિત્રોને મળવા સવારે પ.પૂ.પપ્પાજી, પ.પૂ.કાકાજી, પ.પૂ.સોનાબા ત્રણેય સ્વરૂપો ગયાં ને તેમને વ્રતધારી યુવકો તરીકે વરણીય કર્યા અને બ્રહ્મચર્ય પાળી યોગીબાપાના જ થઈને આજીવન વ્રતધારી જીવન જીવવાનો સંકલ્પ કરાવ્યો. ને આમ ગુણાતીત સમાજની ચોથી પાંખ બેઉ ભાઈઓએ એક થઈ શરૂ કરી. જેના આજે વિશ્વમાં ડંકા વાગે છે. કર્મયોગી બનીને ફેક્ટરી શરૂ કરાવી જેમાં બેઉ ભાઈઓએ એકમના થઈને ભવ્ય કાર્ય કર્યું છે. જેનાં આધ્યાત્મિક પરિણામ આજ વિશ્વમાં દેખાઈ રહ્યાં છે.

૧૩ ઑગષ્ટ ૧૯૭૬માં મોગરી ગામે અનુપમ મિશનની સ્થાપના કરીને રજીસ્ટર્ડ ચેરીટી ટ્રસ્ટ નીમવામાં પપ્પાજી આધ્યાત્મિક પરમપિતા તરીકે રહ્યા અને પૂ.સોનાબા દિવ્ય માતા તરીકે હૂંફાળી પ્રીતિ વરસાવતાં.

★ ૨૨મી મે, ૧૯૬૮માં સાંકરદા તીર્થ સ્થાનકે ગુણાતીત સમાજના પ્રથમ મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા વૈશાખ વદ ૧૧, સંવત ૨૦૨૪માં સંપન્ન થઈ. અને કેટલાક સંતોને સાંકરદા મંદિરમાં રાખ્યા. તેઓ સંસ્કૃતની પાઠશાળામાં અભ્યાસ કરવા લાગ્યા.

★ ૧૯૭૩માં ઈંગ્લેન્ડ ને અમેરિકા પ.પૂ.શાંતાબેન પોપટના યુગાન્ડાના હરિભક્તોને સમાગમ કરાવવા પ.પૂ.કાકાશ્રી ને પ.પૂ. સાહેબને જવા સર્વ પ્રકારે મદદ ને ગોઠવણ કરી. બાબુભાઈને પોતે જવાય તેવું હોવા છતાંયે નાનાભાઈ જાય તો વધારે સારું કાર્ય થશે તેવી ભક્તિ દૃષ્ટિ હોવાથી જીંજામાં પ.પૂ.બેનના સર્વે ભક્તોને

સમાગમનો લાભ ને નિષ્ઠા પ્રસરાવવાનું કાર્ય સોંપાયું.

★ ૧૯૭૫ના જૂનમાં યોગી ડિવાઈન સોસાયટીની સ્થાપના થઈ. તેમાં પપ્પાજીની સર્વે પ્રકારે મદદ અને પ્રેરણા અને એકમેકનો સુહૃદભાવ દઢ રાખીને મહિમા ને સેવા જ સમાજમાં ઉગે તેવી ભક્તિ થઈ.

★ ૭મી ફેબ્રુઆરી ૧૯૭૮માં મુંબઈ–પવઈમાં મંદિરનું ભૂમિપૂજન થયું. જેમાં પપ્પાજીની કાકાજીની પુનિત હાજરી અને આશીર્વાદથી કાર્ય શરૂ થયું. ને ભવ્ય દિવ્ય મંદિર બની ગયું ને આસપાસના સર્વે ભક્તોને ભક્તિનાં મીઠાં રસપાન કરાવે છે.

★ ગુણાતીત સમાજના પ્રથમ શિખરબધ્ધ મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા ભગવાન સ્વામિનારાયણના દ્વિશતાબ્દી વર્ષ ૧૯૮૧માં ૧૨ એપ્રિલે હરિધામ સોખડા જેમાં પપ્પાજી અને કાકાજીએ એક જ પ્લેટફોર્મ પર રહીને પૂ.હરિપ્રસાદસ્વામીને સર્વે પ્રકારે આધ્યાત્મિક હૂંફ ને ટેકો આપીને સર્વ પ્રકારે, સર્વ જગ્યાએ મહિમાગાન કરીને સેવા ભક્તિ કરી લીધી.

★ લંડનની ભૂમિ પર અનુપમ મિશનની મંદિર માટેની ભૂમિ લેવાઈ તેમાં પૂ.સોનાબાનો સંકલ્પ ને દિશાસૂચન, પૂ.કાકાજીની પ્રત્યક્ષ હાજરી અને પપ્પાજીની સંકલ્પ રૂપે હાજરીથી ભવ્યાતિભવ્ય કાર્ય સંપન્ન થયું ને બેઉ ભાઈઓ એકમેકને સમજીને ઓળખીને અનુવૃત્તિ પાળતા તેવું સર્વોચ્ચ આધ્યાત્મિક બંધુત્વ, સખાત્વ અને અન્યોન્યમાં મહારાજ જ કાર્ય કરે છે તેવું માનવાનું પળેપળના વર્તનમાં બધાને દેખાતું જેથી ગુણાતીત સમાજ ખૂબ સરળતા ને એકતાથી આધ્યાત્મિક પ્રગતિનાં શિખરો ચડી શક્યો.

★ ૧૪મી એપ્રિલ ૧૯૮૫ દિલ્હી મંદિરનું ભૂમિપૂજન થયું ત્યારે કાકાજીની તેજસ્વી ને પ્રેમલ મૂર્તિથી હિન્દી ભાષી ભક્તોમાં સ્વામિનારાયણની નિષ્ઠા થવા લાગી. બેઉ ભાઈઓએ એક સાથે એની જવાબદારી લીધી ને છેક છેલ્લા શ્વાસ સુધી નિભાવી.

★ સમઢિયાળાના મંદિરની ભૂમિ લેવાનો કાકાશ્રીનો નિર્ણય શિરોમાન્ય કરીને પૂ.નિર્મળસ્વામી ને અન્ય સંતોએ સ્વતંત્ર સ્થાનક

બાંધ્યું ને ભક્તિ કરવાની તક ઊભી કરી. તેમાં પણ બેઉ ભાઈઓની સહમતિ અનુમતિ ને અભિપ્રાય સર્વાંગે સમાજને ઉપયોગી પૂરવાર થયો જે આજે સોરઠ પ્રદેશમાં સ્વામિનારાયણ પ્રભુ અને સંતો પ્રત્યક્ષ ગુણાતીત સ્વરૂપોનો જીવંત મહિમા વર્તીને ગાઈ રહ્યા છે ! સમાજ ઉપયોગી ધર્મશાળા, શાળાઓ અને ધાર્મિક સંસ્કાર નીચલા વર્ગના સામાન્ય હરિભક્તોને વ્યવહારિક અને આધ્યાત્મિક રીતે માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે.

૧૪મી ફેબ્રુઆરી ૧૯૯૪ના સમઢિયાળામાં મૂર્તિ પ્રતિષ્ઠા થઈ. ધામ, ધામી, મુક્તો બિરાજ્યા ત્યારે ગુરુહરિ પપ્પાજીએ તે મૂર્તિઓમાં પ્રાણ પૂર્યા. પૂ.સોનાબાએ ત્યાં પ્રત્યક્ષ રહીને ખૂબ પ્રસન્ન થકા આશીર્વાદ વરસાવ્યા. પૂ.કાકાજીએ ત્યારે સ્વધામમાં બિરાજમાન રહીને આશિષ વર્ષા કરી જ હશે.

આ બધા સંસ્થાકીય સર્વે કાર્યોમાં પપ્પાજી પરોક્ષ અને પ્રત્યક્ષ રીતે કાકાજીની સાથે સાથે સહૃદયી, આત્મીય અને એકત્વભાવથી મદદ કરવા તત્પર રહ્યા. બે ભાઈઓએ ભેળા મળીને મોગરી, સાંકરદા, સોખડા, પવઈ, દિલ્હી, લંડનમાં ગુણાતીત સમાજના વિવિધ કેન્દ્રોમાં આધ્યાત્મિક એકતા જળવાઈ રહે ને સૌ કેવળ માહાત્મ્યભરી નિર્દોષબુધ્ધિ રાખીને ગુણાતીત ભાવનાને પામે તેવા જીવનમુક્ત બને તેવી જ એક ખેવના રાખીને મંડ્યા.

૧૯૬૬માં જે જે ગુણાતીત સમાજના સભ્ય તરીકે જોડાયા તે સર્વેના યોગ અને ક્ષેમની પપ્પાજી અને કાકાજીએ ભેળા મળીને જવાબદારી લીધી છે. તે પછી કોઈપણ કેન્દ્રનો જ કેમ ન હોય ? એ રીતે વિવિધતામાં એકતાઃ જે કેન્દ્રના જે ગુણાતીત સ્વરૂપના આશ્રિત હોય તેને સેવ્ય સ્વરૂપ માને અને તેની આજ્ઞામાં રહે પણ એવોને એવો મહિમા બીજા ગુણાતીત સ્વરૂપનો પણ સમજે. એ પોતે વર્તીને ભજન કરીને કરાવીને ને છેવટે પોતે બીમારી ગ્રહણ કરીને ય ઉગાડ્યું.

૧૯૭૮માં પપ્પાજીને જબરજસ્ત બી.પી. વધી જવાથી હૃદય પર અસર થઈ હતી. ત્યારે કાકાજી સ્વયં પધાર્યા અને સૌ વિદ્યાનગરના

સમાજને હૂંફ આપી જગાડ્યા. પપ્પાજી કહે, 'ગુણાતીત સમાજમાં સંપ, સુહૃદભાવ ને એકતા થાય તો મારી બીમારી અલોપ થઈ જશે.' ને કાકાજીએ સૌને પપ્પાજીનું સ્વરૂપ દર્શન કરાવીને કહ્યું કે 'મારો મોટોભાઈ બધું ગ્રહણ કરે છે એનો વાળ પણ વાંકો નહીં થાય.' આ આશીર્વાદથી ભક્તોને ખૂબ બળ મળી ગયું.

ગુણાતીત સમાજની સર્વોચ્ચ કમિટીની જે આયોજના અને વિચારણા તેમાં ખરેખર પરાભક્તિ ને માહાત્મ્યના શિખર પર બિરાજમાન એવા પપ્પાજી-કાકાજી તેમની અદ્‌ભુત આત્માની પરમ એકતાનું દર્શન કરીને હામ ભીડતા નવા નવા સંતો, બહેનો ને યુવકો આ રસ્તે ચાલવા તૈયાર થવા લાગ્યા.

પપ્પાજીને કાકાજીની બાહ્ય દેહની અલગતા અને પ્રકૃતિની અલગતા ક્યારેય ભક્તોને નડી નથી. કોઈ હરિભક્ત કોઈપણ કેન્દ્રનો, પપ્પાજી કે કાકાજી કોઈને ય પોતાની મૂંઝવણ કે તકલીફ ખુલ્લા દિલે કહી શકતા ને ઘણીવાર બેઉના નિરાકરણ ઉકેલમાં સામ્ય તેઓને અનુભવાતું. જેવું પપ્પાજી સૂચવે તેવું જ કાકાજી! આમ સૌને બેઉમાં અન્વય વ્યતિરેક સ્વરૂપનો સમાજની સર્વ પ્રકારે પ્રગતિ વિશિષ્ટ રીતે ઝડપી ને સરળ, સહજભાવે થવા લાગી.

૧૯૬૬થી અત્યાર સુધી અનંત પ્રકારે અનંત રીતે અનંત દિશાએથી નવા નવા મુક્તો, સાધકો, ભક્તોને સર્વોપરી સ્વામિનારાયણનો આત્મામાં સ્પર્શ થવા લાગ્યો. સૌ તેનું શરણ લઈને જે તે માન્ય ગુરુઓની આજ્ઞામાં વર્તીને અક્ષરધામનાં સુખ, શાંતિ, આનંદ ભોગવતા થયા છે.

પપ્પાજીની આજ્ઞા ને પ્રેરણાથી ૧૯૭૭માં ઉભરાટમાં ૧૭ નવેમ્બરથી ૨૪ નવેમ્બર સુધી આખાયે ગુણાતીત સમાજની 'પદ્મમાર્ગ' શિબિરનું આયોજન વિદ્યાનગર ગુણાતીત જ્યોત અને અનુપમ મિશને કર્યું. તેમાં સૌ પ્રગટ ગુણાતીત સ્વરૂપો પધાર્યા ને સૌના ભક્તો, સંતો પણ સેવામાં જોડાયા. એ શિબિરમાં દેશ-પરદેશના ભક્તો પધાર્યા. તેમને એક શ્યામની મૂર્તિમાં નિરંતર રત રહીએ તો અક્ષરધામનાં સુખ, શાંતિ, આનંદ અનુભવતા થવાય તેની વિવિધ અંગ પ્રમાણે સમજણ,

પ્રીતિ, દાસત્વ ને પ્રપત્તિના માર્ગે સુખ, શાંતિ ને આનંદભર્યા માર્ગે સરળ સાધનાની રીત શીખવવામાં આવી. સૌ ગુણાતીત સ્વરૂપોએ ખૂબ ઊંચું આધ્યાત્મિક માર્ગદર્શન આપ્યું હતું.

૧૯૮૧માં શ્રીજી મહારાજની દ્વિશતાબ્દી અને પ.પૂ.બાના અમૃતપર્વ નિમિત્તે શ્રીજી મહારાજના નરદેહધારી માહાત્મ્યસ્વરૂપોના માહાત્મ્ય દર્શનની શિબિર તા.૨/૧૧ થી ૫.૧૧ દરમ્યાન બ્રહ્મજ્યોતિ પર કરી જેમાં ગુણાતીત સમાજના મુક્તોએ સેવા, ભક્તિ, સમાગમનો લાભ લીધો.

૧૯૮૫માં ગુણાતીતની દ્વિશતાબ્દી મહોત્સવ બ્રહ્મજ્યોતિ - મોગરીમાં પણ ગુણાતીત સમાજે એક થઈને ઉજવ્યો. જેમાં આખાએ સમાજને બે પ્રશ્નો સ્વરૂપોએ લખવા આપ્યા હતા.

૧. ગુણાતીતના વારસદાર સ્વરૂપનાં વિચાર, વાણી, વર્તન કેવાં હોય? ને

૨. 'ઘર ને દેહને મંદિર બનાવો.' તે પર લેખ લખાવ્યા હતા. અને સૌ સ્વરૂપોએ તેનું વાંચન કરીને સૌને માર્કર્સ આપ્યા હતા. અને ખૂબ ભવ્યાતિભવ્ય ઉત્સવ થયો. આધ્યાત્મિક દૃષ્ટિથી સર્વે ઉત્સવો એક થઈને ઉજવાતા જેની ગુણાતીત સુવાસ અલૌકિક ને અવર્ણનીય બની રહેતી.

૧૯૮૬માં પ.પૂ.કાકાજીએ બીમારી ગ્રહી ને બ્રહ્મજ્યોતિ આરામ માટે રાખ્યા હતા. ડાયાબિટીસ વધી ગયો અને હૃદયની નળીઓમાં લોહીનું પરિભ્રમણ ઓછું થયું હતું. સોનામૃતમાં તેઓ વિશ્રામ કરતા. પ.પૂ.પપ્પાજી, પ.પૂ.સોનાબા તેમની સર્વે કાળજી રાખતા અને સંપૂર્ણ આરામ અને ડૉક્ટર નીલમબેનની પૂર્ણ દેખરેખ હતી.

૧૯૮૬ ફેબ્રુઆરીમાં કાકાશ્રીને અચાનક કોઈ હરિભક્તને ત્યાં જવાનું ગોઠવાયું. તેમને ખૂબ રોક્યા. ડૉક્ટરોએ ના પાડી. ડૉ.નીલમબેન સેવામાં હતાં. તેમણે ખૂબ ના પાડી. પછી નીલમબેને પપ્પાજીને વિનંતી કરી કે, 'પપ્પાજી, તમે ના પાડોને ! તો તેઓ માની જશે ને રોકાઈ જશે ને પૂરી સારવાર લઈ પૂર્ણ તંદુરસ્ત બનીને જાય તેવી તમે કાકાજીને વિનંતી કરો. આજ્ઞા કરો....'

તો ગુરુહરિ પપ્પાજી એકદમ પરભાવમાં ડૉ.નીલમબેનને કહે, ‘ગુણાતીત સ્વરૂપોને સૂચન કરાય, આગ્રહ ન કરાય. તેમને મહારાજ પ્રેરણા કરતા હોય તેથી તેઓ મહારાજની અનુવૃત્તિથી જીવતા હોય. હું તેમને એકવાર વિનંતી કરીશ, કહી જોઈશ.’

આમ આ પ્રસંગ પરથી લાગે કે પપ્પાજીને કાકાજી માટે કેવો આધ્યાત્મિક પ્રેમ અને વિવેક ! બેઉ એક જ ભૂમિકાએ ને બેઉ સાથે રહીને પરાભક્તિ માટે સ્વતંત્ર !

ને પછી તો કાકાજી ગયા. ગયા ને બીમારી ગ્રહીને તારદેવ પધાર્યા. ૭મી માર્ચે ભાટિયા હૉસ્પિટલમાં દેહનો ત્યાગ કરીને સ્વધામ સિધાવ્યા. તે ૫, ૬ માર્ચ ૧૯૮૬ના ગુરુહરિ પપ્પાજી ઉભરાટ શિબિર માટે પધારેલા. ૭મી માર્ચે સવારે ઉભરાટથી નીકળી તેઓ વિદ્યાનગર પ્રયાણ કરી રહ્યા હતા. સવારથી જ પપ્પાજી ઉદાસ અને એકદમ મૌન, ગંભીર જણાતા હતા. બધા સાધકો, સેવકો જરા ચિંતામાં હતા કે આજે પપ્પાજીને શું થયું છે ! અંતર્દષ્ટિ કરીને કે અમારી કાંઈપણ ભૂલ હોય તો માફ કરજો. ત્યારે પી.કે. વાન હતું. તેમાં પપ્પાજી પોઢી ગયા. મરોલી રેલ્વે સ્ટેશને ફાટક બંધ હતું. ત્યારે કોઈ હરિભક્તે દરવાજો ઠોક્યો ને જણાવ્યું કે મુંબઈ દાદુભાઈની તબિયત સારી નથી. તેથી તમોને મુંબઈ બોલાવે છે.

તરત જ ત્યાંથી સીધા મુંબઈ ગયા. ત્યારે તો મોબાઈલ ફોનની સુવિધા નહોતી. તેથી ટેલીફોન કરવા વાન ઊભી રાખીને તપાસ કરી તો પપ્પાજીને સમાચાર મળ્યા કે કાકાજીને ભાટિયા હૉસ્પિટલમાં દાખલ કર્યા છે. તેથી પપ્પાજી વાનમાંથી તેમની ગાડીમાં બેસી ગયા. સેવક પૂ.વલ્લભદાસ ડ્રાઈવરને ગાડી ઝડપથી ચલાવવાની સૂચના આપીને સૌ સેવકો પાસે ધૂન કરાવવા માંડી. ભાટિયા હૉસ્પિટલમાં પહોંચી રીસેપ્શનમાં પપ્પાજીએ વલ્લભદાસ અને ડૉ.નીલમબેનનો હાથ પકડીને પૂછ્યું, ‘દાદુભાઈ નાથાભાઈ પટેલ કઈ રૂમમાં છે ?’ તો તે રીસેપ્શનની બેનને તો ક્યાંથી ખબર હોય ? તેણે તો સીધુ કહી દીધું કે, ‘તેઓ સવારે ૯ વાગે એક્સપાર્યડ થઈ ગયા છે. ને તેમને તારદેવ લઈ જવામાં આવ્યા છે.’ આ સાંભળીને તત્કાળ

પપ્પાજી એકદમ ઢીલા થઈ ગયા ને દેહ એકદમ ઢળી ગયો. બેઉ સેવકોએ એમને જબરજસ્ત ટેકો આપીને ઊભા કર્યા. અને એકદમ પાછા ગાડીમાં બેસાડીને સીધા તારદેવ પહોંચ્યા.

પપ્પાજીની આંખોમાં એકદમ ગ્લાનિ ને દર્દ, મોં પર એકદમ ઉદાસીનતા. તેમને ખુરશીમાં તારદેવના ચાર દાદર ચડાવ્યા ને જેવા પપ્પાજી સીટીંગ રૂમમાં આવ્યા ને પોતાના હૃદયપ્રાણ સમાન ભાઈ – મિત્ર – સાથીનો દેહ નિશ્ચેત અવસ્થામાં જોયો ને એકદમ જોરથી જોરથી રડવા લાગ્યા. ને પછી તેમને કાકાશ્રીની રૂમમાં લઈ ગયા. છાતીમાં દુઃખી ગયું ને આંસુની ધારા તો સૂકાય જ નહીં. વહ્યા જ કરે. સેવકો બધા શું કરે? ભજન... ભજન... ત્યાં પૂ.હરિપ્રસાદસ્વામીજી પધાર્યા. બેઉ સ્વરૂપો એકમેકને ખૂબ ભેટીને 'કાકાશ્રી કાકાશ્રી...' એવી રટણા કરીને ચોધાર આંસુએ રૂદન કરી રહ્યા !

આ બનાવના જે જે સાક્ષી છે તેમને ખબર છે કે જવલ્લે જ રડતા પપ્પાજી ! તેમની અશ્રુધારા આજે કેમે ય અટકતી જ નહોતી.

ત્યાં કાકાજીની રૂમમાં સૂવડાવ્યા, બેસાડ્યા પણ રૂદન ચાલુ જ રહ્યું. ગુરુહરિ પપ્પાજીના જીવનમાં રડવાના પ્રસંગો ફક્ત નીચેના પ્રસંગોએ જ આપણે સૌએ નિહાળ્યા છે.

૧. ૧૯૨૭માં અગિયારમા વર્ષે લગ્ન કરીને આવ્યા ને નડિયાદ સૂરજબાના ખોળામાં રડ્યા.

૨. એપ્રિલ ૧૯૫૨માં દેશમાં આવ્યા ને કાકાશ્રીની વિભ્રાંત દશા જોઈને પૂ.કમળાબા પાસે તારદેવ અગાસીમાં ખૂબ રડ્યા.

૩. ગુરુપૂનમે ૧૯૫૨માં બોચાસણ મુકામે પૂ.યોગીબાપાના વિરહમાં રડ્યા.

૪. ૭મી માર્ચ ૧૯૮૬માં પૂ.કાકાશ્રીના અંતર્ધ્યાનથી અતિશય રૂદન થયું.

૫. ૨૪ જુલાઈ ૧૯૯૪માં લંડનમાં બાયપાસ સર્જરી વખતે 'મારે આટલી મોંઘી સારવાર નથી કરાવવી. મારી પાસે તેના પૈસા નથી. મારે બેનોના પૈસા ન લેવાય. આખી જીંદગી બેનોની સેવા જ કરી છે. એક કોડી પૈસો પણ બેનોનો લીધો નથી ને હવે જીવવા માટે

મારે આ સિધ્ધાંત નથી તોડવો.' એમ કરીને છૂટે મોઢે સેવક પાસે ખૂબ રડ્યા. ખૂબ સમજાવ્યું ને પછી ગૃહસ્થ હરિભક્તો ભેળા મળી આ ખર્ચ ઉપાડી લેશે ને બેનોનો એક પણ પૈસો નહીં જ લઈએ તેવી ખાત્રી આપી. પછી જ ઑપરેશન કરાવવા ગયા.

૬. ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૫માં પૂ.સોનાબા સ્વધામ સિધાવ્યા ત્યારે પૂરા ૧૫ દિવસ નિત્ય પ્રત્યે ઘરમાં, રૂમમાં, સભામાં પારાયણમાં ખૂબ રૂદન કરતા ને બોલતા કે, 'હજાર જન્મેય આવી મા ન મળે !'

એ પછી ૨૮મી મે, ૨૦૦૬ સુધી પોતાની બીમારીમાં અનેક દર્દ, અનેક ઑપરેશનો, અનેક તકલીફો આવી હોવા છતાંયે ક્યારેય રડ્યા નથી. આવા પપ્પાજી ! એકદમ સ્થિતપ્રજ્ઞ અને દઢ મનોબળ. 'ભાવના સે કર્તવ્ય બઢતર હે.' એ જ્ઞાન વર્તનમાં રોમેરોમમાં પ્રસરાવેલું. તેથી કોઈપણ મુક્તોએ તેમની આંખમાં કદી યે આંસુ જોયાં નથી કે 'ઓય... ઓય... અરેરે...' એવા દર્દના ઉદ્‌ગાર પણ ક્યારેય કર્યા નથી. દેહ ને આત્મા નોખા રાખીને પરમાત્મા સ્વરૂપમાં મનને અને સમગ્ર તંત્રને લીન રાખીને ખૂબ લાંબી બીમારીઓમાં સદાય સ્વસ્થ, સ્મિત ભરેલા જ રહ્યા છે. મોઢા પરથી કદીયે તેઓની બીમારી કોઈ ભક્તો કળી ન શકે. સૌ પાસે તો હસતા જ હોય ને સામાની મુશ્કેલીઓ, તકલીફો દૂર કરવા નિરંતર ઉદ્યમ જ કરતા હોય. સૌને આશીર્વાદ જ આપતા હોય. એમના આશીર્વાદથી સૌ ભક્તોને અન્ય આશ્રિતો સાજા થતા ને તેમના દેહના ને મનના રોગો નિર્મૂળ થતા. પણ તેમની બીમારી ? તેથી એકવાર ડૉ.નીલમબેને કહ્યું, 'તમે આશીર્વાદથી સૌને સાજા કરો છો તો તમે તમારા માટે સંકલ્પ કરોને ! તમને જ આશીર્વાદ આપોને કે સાજા થવાય. તમારું તો બધું જ ભગવાન સાંભળે છે.' તો પપ્પાજી એકદમ કહે, 'મારી આખી જીંદગીમાં મેં મારા દેહ માટે કે સગા માટે કશું યે માગ્યું નથી. સહેજે સહેજે વિચાર આવે ને મહારાજ આગળ આગળ જઈને જે હિતમાં હોય તેવું કરી આવે. હું એવો કોઈ સંકલ્પ કદીયે મારા માટે કરીશ નહીં, કરી શકતો જ નથી, મને તેવું ઉઠતું જ નથી. જે બાપા આપે તે પ્રસાદ ! તે જ મારે માટે સર્વોપરી સારું ને સુખદાયી. આને

બદલે આમ, અથવા તો આ વધારે સારું તેવું મને ઉઠે જ નહીં. બધું જ બરોબર, બધું જ બ્રહ્મનિયંત્રિત.'

સેવક કહે, 'તો અમે શું કરીએ ?' તો પપ્પાજી કહે, 'તમે પપ્પા ગ્રહણ કરે છે તેમ માની ભજન કરો તો મહારાજ સાજો કરી દે.'

આમ પપ્પાજીની આધ્યાત્મિક કક્ષા જ એવી હતી - પણ કાકાશ્રીના અને સોનાબાના દેહત્યાગના પ્રસંગની સ્મૃતિ કરીએ તો ખ્યાલ આવે કે આ ત્રણ સ્વરૂપોની અદ્ભુત અલૌકિક આત્મૈક્યતા ને એકમેકમાં અવર્ણનીય રીતે દિવ્યભાવ, દિવ્ય પ્રેમ અને સમન્વય - એકમેકના અભિન્ન અંગ જેવાં ત્રણેય સ્વરૂપો જેમણે ગુણાતીત સમાજની અદ્ભુત રચના કરી, ચૈતન્યોની સંશુધ્ધિ કરી સમન્વય કર્યો ને કેવળ આધ્યાત્મિક પ્રગતિનું જ નિશાન રાખીને દરેક કેન્દ્રને પોતાનું જ માનીને એકપક્ષીય શ્રમ કરીને શ્રીજી યોગીજીને પ્રત્યક્ષ રાખ્યા, પ્રગટ રાખ્યા ને જે તે કેન્દ્રના નેતાને સંપૂર્ણ સ્વતંત્રતા બક્ષીને સમન્વયતાથી ભિન્ન અંગવાળા મિત્ર મનાવીને તેમની આમન્યા જાળવીને આંતરિક ઉચ્ચ આધ્યાત્મિક ગૂંચો ઉકેલતા. કોઈનેય દેશકાળ લાગે નહીં ને કોઈ અલૌકિક ભૂમિકામાં રાચે નહીં તેની કાળજી તંબોળી જેમ નાગરવેલનાં પાનની રાખે છે તેમ અખંડ સંકલ્પ, ભજનથી રાખી છે ને તેઓની સર્વે પ્રકૃતિને આવકારી, સ્વીકારીને ગ્રહણ જ કરે છે તેવું માની, સૌને મનાવીને ખરેખર માહાત્મ્યનો મહાસાગર ગુણાતીત સમાજમાં ઉછળતો કર્યો છે !

પ.પૂ.કાકાશ્રી સ્વધામ સિધાવ્યા તે પછી પપ્પાજીએ સર્વે કેન્દ્રો પર જઈને સૌને રમાડી-જમાડી, મૂર્તિ આપીને, જ્ઞાન પીરસીને ભક્તિ અને પરાભક્તિમાં પલટાવી.

૧) તારદેવ, પવઈ દરેક વર્ષે ફેબ્રુઆરી અને ઑક્ટોબરમાં ૭-૧૦ દિવસ સાધકો સાથે રહેતા. સમૈયા ઉત્સવોમાં અચૂક હાજરી આપતા ને જ્ઞાન-ગમ્મત પીરસીને ભજન કરીને સર્વ પ્રકારે આંતરિક ને આધ્યાત્મિક સિંચન કર્યું છે. જેના ફળ સ્વરૂપે આજે પવઈના સાધક ભાઈઓ, બેનોમાં અદ્ભુત આધ્યાત્મિક પ્રગતિ થઈ છે ને સૌ કાકાજી - પપ્પાજીની એકતાનો અંતર અનુભવ કરે છે.

૩જી ફેબ્રુઆરી ૨૦૦૦માં પવઈ અક્ષરધામ મંદિર મૂર્તિ પ્રતિષ્ઠામાં પધારી મૂર્તિમાં પ્રાણ પૂર્યા.


૨) દિલ્હી : દરેક વર્ષના માર્ચ અને નવેમ્બર મહિનામાં તાડદેવ મંદિરમાં અને સ્વામિનારાયણ ફાર્મ પર ૧૦-૧૫ દિવસ રહેતા. પૂ.ગુરુજી અને સંતો, પૂ.આનંદીદીદી અને બેન સાધકોને, સૌ હરિભક્તોને ખૂબ સાંનિધ્ય ને સ્નેહ આપ્યાં. સ્મૃતિ આપીને 'ગુરુજી કાકાજીનું જ સ્વરૂપ છે' તેવું માહાત્મ્ય સર્વે રીતે વિચાર, વાણી ને વર્તનમાં રાખીને સૌને તેવું વર્તવાનો આદેશ આપતા. બેનોમાં પણ આવું ઉગાડ્યું. ગુરુજીથી દૂર રહીને પણ તેઓ તેમની મરજી પ્રમાણે જીવતા થયાં. ૩જી ફેબ્રુઆરી ૧૯૯૪માં મૂર્તિ પ્રતિષ્ઠામાં પ.પૂ.સોનાબા સાથે પધારીને મૂર્તિમાં પ્રાણ પૂર્યા ને ગુરુજી ને ભક્તોના સર્વે મનોરથો પૂર્ણ કર્યા.

અક્ષરજ્યોતિની ભૂમિનું ખાતમુહૂર્ત પણ પપ્પાજીએ સ્વયં કર્યું ને પોતે એક ગૃહસ્થ હરિભક્ત બનીને દર વર્ષે તે માટે ધનની સેવા પણ પોતાના પેન્શનમાંથી મંદિરમાં કરતા, કેવા અદ્‌ભુત પપ્પાજી! કાકાજીના બોટેલાં ચૈતન્યોને નિરાધાર કે અનાથ નથી રાખ્યા ને પોતે સાથે રહીને કાકાજીનો જ મહિમા સીંચ્યો, ઉગાડ્યો ને કાકાજીરૂપ જ સૌને રાખ્યા ને વિકાસ કરાવીને આજે એ કેન્દ્રને સર્વ પ્રકારે સુવાસિત કર્યું છે.

દાદુ અને બાબુ બન્યા કાકાજી અને પપ્પાજી ! બેઉ શ્રીજીના એકત્વને પામેલા ગુણાતીત સ્વરૂપો ! શ્રીજી તત્ત્વને ધારનારા પૂર્ણ ગુણાતીત સાધુ ! શ્રીજીનું જ કાર્ય કરવા પ્રગટેલા... ધબકેલા... એક જ પિતા નાથાભાઈ અને એક જ માતા દિવાળીબાના પુત્રો ! તેમને ધન્ય કર્યા, શ્રીજીએ, એવા બે-બે કુળદીપક એક જ ગામ, ઘર, ઉછેર, દઈને ! શ્રી સ્વામિનારાયણ ભગવાનનાં આદર્યાં કાર્યો શ્રી યોગીજીએ સંકલ્પ કરીને મનોરથો જે જે કર્યા તે એક જ ધ્યેય, એક જ હૃદયલાલસા, બેઉના હૃદયમાં મન, બુધ્ધિ, ચિત્ત, અહંમાં 'ગુણાતીત સમાજ' પ્રગટાવવો છે અહીં ધરા પરે ! એક એક સંબંધવાળા સ્વયં અક્ષરધામ બને. એક અનોખો અલૌકિક સમુદાય

ઉદય થાય કેવળ બ્રહ્મનિયંત્રિત, કેવળ બ્રાહ્મીશક્તિભર્યો. ન હોય વાદવિવાદ કે ન હોય કીર્તિની લાલસા, ન હોય કામિની કે કંચનના બંધનો–વાસના ! સ્વાશ્રયી, સ્વયંભૂ, અનુશાસિત પ્રત્યેક હોય, ભક્તિ સિવાય કાંઈ ન રહે, ન ઉઠે તંત્રમાં. પરાભક્તિ કરતા થાય સર્વેના ઈંદ્રિય–અંતઃકરણ. શ્રીજીની પ્રેરણા ઝીલનારાં, તેને અર્થે જ સર્વસ્વ કુરબાન કરનારા એક આદર્શ સ્વસ્થ જીવનમુક્તો ઘડવા ! એ મનોરથ એ સંકલ્પ આજે ધરા પર 'શતાબ્દી' પર્વ પ્રગટાવી આતમધરા પર આધ્યાત્મિક દૃષ્ટિ ને સર્વોપરી સત્તાનો સ્વીકાર કરાવી રહ્યો છે ! કાકાજી–પપ્પાજીનાં કેવળ નિમિત્ત યંત્ર બનીને, દાસાનુદાસ બનીએ. એ જ અંતર ઘેલછા છે !

શ્રીજી – યોગીજીએ એક નહીં બે બે પરમ યોગી સાક્ષાત્કાર પામેલ ગુણાતીત સત્પુરુષોનો અલૌકિક જોગ આપણને સૌને આ જન્મે આપીને અકારણ અપાર કૃપા જ કરી છે તો... જ્ઞાન સમાધિમાં જીવતા કંચન – કામિની – કીર્તિથી પરના ગુણાતીત સાધુ બની રહીએ તેવી ગુરુહરિ કાકાજી – પપ્પાજીને અભીપ્સા સહ પ્રાર્થના.




ગુરુહરિ પપ્પાજીના જન્મથી, બાળપણમાં, કિશોરવય કે યુવાનવય કે મધ્યમવયે કે પ્રૌઢ વયે... હંમેશાં નવું નવું જાણવાની જીજ્ઞાસા રહેતી એ સાથે સાથે એ જે જાણ્યું તેને શીખીને આત્મસાત્ કરવાની તમન્ના રહેતી. હંમેશાં તેઓમાં ઉત્સાહ ને નવું કાંઈ કરી જવાનો થનગનાટ રહેતો. એમના પ્રત્યેક સમયના વર્તન ને વ્યવહાર જોઈએ તો એક સરખી આ વાત વણાઈ આવે છે. અને એટલે જ પપ્પાજી છેક સુધી સાધકગણને વર્તનથી શિક્ષા આપતા કે નવું શીખવું ને આત્મસાત્ કરવાનો ઉત્સાહ હોય તે સદાયે યુવાન જ રહે છે ! ધ્યેય તરફ જવાનો જુસ્સો ને ધગશ જેની કદીયે ઓસરતી નથી તે વૃધ્ધ આયુમાં છે પણ એ છે સદા યુવાન !

પપ્પાજીના જીવનમાં અવનવું જ એ લાગે કે ક્યારેય બાલસહજ કજીયા, કંકાસ, હઠ, કે રડવું કે તોફાન મસ્તી જ નહીં. ધીરતા ને ગંભીરતા એમણે જન્મથી જ ગ્રહી. સ્મિતસહ જીવનમાં જે જે સમયે જે જે જરૂરી હતું તે સર્વે કર્યા જ કર્યું. ક્યાંયે અકારણ ઉન્માદ નહીં કે અકારણ તિતિક્ષા નહીં. જે ઉંમરની એમની જે ગુંજાઈશ હતી તેનાથી યે વિશેષ એમણે વર્તન કરી બતાવ્યું છે કે માનવીય તત્ત્વની સાથે તેમનામાં દિવ્ય સત્ત્વ હંમેશા વણકહ્યું સમાયેલું દર્શનીય થાય છે. વિદ્યાર્થી તરીકેના તેમના ગુણોનું આલેખન કરતાં હૃદયમાં અત્યારના સાંપ્રત કાળના વિદ્યાર્થી મિત્રો અને બાલ દોસ્તોને તેમાંથી સહજ પ્રેરણા અને અદ્ભુત માર્ગદર્શન અવશ્ય મળશે જ તેવી શ્રધ્ધા રહે છે.

જ્યારે રમવાની – મોજમજાની ઉંમર હતી ત્યારે બીજા મોટી ઉંમરના છોકરાઓને નિશાળે જતા જોઈને પાંચ વર્ષની ઉંમરના બાબુભાઈ કહે, 'દાદા! દાદા, મારે પણ શાળાએ જવું છે.' આ કેવું ! બાળકોને તો શાળાએ મોકલવા માતાપિતાને કેટલો શ્રમ કરવો પડે છે ને પાછો રડતો રડતો જાય ને અડધેથી ઘરે આવી જાય. આ તો નહીં કોઈ ઘરની કે સગાની મમતા કે વાસના. એક જ વાત – નવું શીખવું ને નવું જાણવું ને સૌને વહેંચવું. એનો હેતુ શાળાના સર્વે સાથી મિત્રોનાં સંબંધે કલ્યાણ અને ગુરુજનોના આજ્ઞાંકિત વિદ્યાર્થી બનીને તેમને ગુણ આવે, બાબુનું મનન-ચિંતન કરે તો તેમનું પણ કલ્યાણ !

બાબુને નવી સ્લેટ – પેન લાવી આપીને સારાં કપડાં પહેરાવી દાદા નિશાળે મૂકવા ગયા ને સૌને મોટાં મોટાં પતાસાનો પ્રસાદ શાળામાં ને મહોલ્લામાં વહેંચ્યો. પ્રથમ શાળાનું નામ હતું : મોગલકોટની શાળા. ગુજરાતી પાંચ ચોપડી તે શાળામાં ભણ્યા. શાળાનો સમય સવારે ૧૦ થી ૨ અને ૨ થી ૨।। રીસેસ. પછી ૨।। થી ૫. એટલે પાંચ વાગે છૂટીને સીધા ઘરે આવી જતા. પપ્પાજી કહે, 'સવારે જમીને સીધા શાળાએ જતા અને ૨ થી ૨।।ની રીસેસમાં દોડીને ઘરે આવતા ને હીરા આકારનું મગસનું ચકતું ને પાંચ મઠિયાં. દાદીમાનો ભાવ એવો કે નાસ્તો તૈયાર રાખે ને ભાણાભાઈ ઝટ ઝટ ઝાપટીને પાછા દોડીને શાળાએ !' દાદીમાનો અપાર સ્નેહ ભાણાઓને જમાડવાનો ને લાડ લડાવવાનો ! તે પૂરો કરતા.

પપ્પાજીને અભ્યાસમાં પહેલેથી જ ઊંડો રસ પડેલો. ક્લાસરૂમમાં એકાગ્રતાથી જ બેસે ને નોંધ રાખતા. ભલાભાઈ માસ્તર તેમના વર્ગશિક્ષક હતા. જેઓ બાબુભાઈના દૂરના સગા થતા હતા. ઘરે આવીને લેસન એકદમ ચોક્કસાઈથી કરતા અને બીજે દિવસે શિક્ષક જે ભણાવવાના હોય તેનું પણ વાંચન કરીને આગળ આગળથી બધું તૈયાર કરી રાખતા. તેથી તેમનો દરેક વર્ગમાં પહેલા ત્રણમાં જ નંબર રહેતો અને શિક્ષકો તેમને અંદરથી શાબાશી આપે અને જતા આવતા દાદાને મળે ને બાબુભાઈની આવડત ને કાબેલિયતના છૂટા મોઢે વખાણ કરતા.

૧૧મે વર્ષે છઠ્ઠા ધોરણમાં આવ્યા ત્યારે ગવર્મેન્ટ હાઈસ્કૂલમાં દાખલ થવાનું હતું. ૩૦ જણને જ લેવાના હતા. ને ૨૦૦ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. તેમાં બાબુભાઈ પાસ થઈ ગયા. અને તેમનું નામ તેમાં આવી ગયું. આમ ગવર્મેન્ટ હાઈસ્કૂલમાં પોતાની મહેનત અને આવડતથી એડમીશન લીધું ને સૌને રાજી કરી લીધા. શિક્ષકો, દાદા અને લખાવાડના સૌ 'ધન્ય બાબુભાઈ !' એમ કહીને તેમને નવાજતા. દાદાનો વટ પડતો કે કેવા ભાણા છે! તેથી દાદા હંમેશાં લાડ લડાવે ને કહેતા 'ભણીગણીને મોટા અમલદાર બનો.' એવી સૂચના આપે ને આગ્રહ રાખીને તેમના ભણવાના સમયે કોઈ કામકાજ ન ચીંધે. એકાગ્રતાથી એકાંતમાં બાબુ ભણે તેની આયોજના તેઓ કર્યા કરતા ! કેવો પ્રેમ દાદા-દોહિત્ર વચ્ચેનો ! દાદાની ઈચ્છા પૂરી કરવા ખૂબ મહેનત અને ખંત રાખવા પડે ને ! સી.સી.દેસાઈ બાબુભાઈના અંગ્રેજી ફર્સ્ટના શિક્ષક. તેઓ બધા જ વિષયો લેતા. તે હંમેશાં દાદાને મળે એટલે કહે, 'બાબુભાઈ ભણવામાં તેજસ્વી છે.' અને દાદાનો વટ પડે ને સૌ રાજી થાય. પપ્પાજી સભામાં ઘણીવાર વાત કરતા કહેતા - પોતાની તે ઉંમરની ભૂમિકા અંતરની વાતો કરીને એ સમયે બીજા બધા શાળાના વિદ્યાર્થીઓ પાસે મારો વટ પડે ને માન વધે ! તેથી શાળાએ જવાનો ખૂબ ટેસ આવે! અમે પટેલ લોકો ફૂલણજી કહેવાઈએ ! માન મળે તો માથું આપી દઈએ અને જો અમને ટોકો, વઢો તો કેવળ ઉપેક્ષા કરી તેનો સામનો કરીએ અને બીજાનું ધાર્યું કદીએ કરીએ નહીં. આનંદભૂમિકા, રમણભૂમિકા, વટભૂમિકામાં મન કિલ્લોલ કરતું અને ચારે ય બાજુ 'વાહ... વાહ...' થતી ને દેખાતી તેથી ભણવામાં વધારે મહેનત કરતો.'

બાબુમાં નાનપણથી જ જે ગુણ હતા તે છેક સુધી આપણે જોયા હતા. શાળાની ચીજ-વસ્તુ, પાટી-પેન-નોટોની જાળવણી ખૂબ રાખતા. પૂંઠાં ચડાવે, ફાટે નહીં, મેલાં ન થાય, ચીપી ચીપીને સારા અક્ષરોની ટેવ પાડેલી. દરેક બાબતમાં સ્પષ્ટતા અને ચોક્કસાઈ! અડધી રાતેય ઉઠાડીને પૂછો તો સર્વ કાંઈ ફટાફટ યાદ રહે ને ગોઠવણી પણ અદ્ભુત ! કોઈ વસ્તુની શોધાશોધ તો કદીયે કરવાની

જ ન હોય ! વધારે મહેનતથી નવું નવું શીખી લઈને દરેક કામ ઉત્તમ રીતે પાર પાડતા. સામાને રાજી કરવાની હૃદયમાં ધગશ. તેથી શાળામાં સાથી મિત્રો, શિક્ષકો, પ્રિન્સીપાલ, દાદા અને સગાંવહાલાં સૌનાં મન જાણી જાણી આગળ આગળથી મદદ કરી લેતા. આ ગવર્મેન્ટ શાળામાં પણ પહેલેથી જ પ્રથમ નંબર જ રાખતા. એવી સફળતાના સુફળતાના અધિકારી બનીને બાલ-કિશોરવય ભવ્ય ને સુંદર રીતે પસાર કરી.

અંગ્રેજી શાળામાં જૂનથી જૂનનું વર્ષ ચાલે. બાર માસિક પરીક્ષા એપ્રિલમાં આવે અને વેકેશનમાં કરમસદ બા-બાપુજી પાસે રહેવા આવે.

પપ્પાજી કહે 'મને સો ટકા ખબર હોય તો હું મારી જાતને એંસી ટકા જ આપું.' ખોટા પડાય જ નહીં. તેવી ગણતરી રાખીને બમણી સલામતી રાખીને બધા જ વ્યવહાર કરતા. શાળામાં પહેલો જ નંબર આવવાનો હોય ને કોઈ પૂછે તો બાબુ કહે, 'પહેલા પાંચમાં આવશે.' સો ટકા સાચા ન પડાય તો વાંધો નહીં પણ ખોટા પડવું જ નથી. આ મૂળભૂત સ્વભાવ પપ્પાજીનો બાળપણથી જ આપણને જાણવા મળ્યો છે.

એકવાર બાબુની ૨૫ માર્કસની જોમેટ્રીની પરીક્ષા હતી. તેમાં પૂરા ૨૫ આવે તેવી જ ખાત્રી હતી. તેમાં એક વિદ્યાર્થીને ૨૫માંથી ૨૫ ને બાબુભાઈને ૨૪।। આવ્યા. તરત જ તેમણે શિક્ષકને પૂછ્યું કે '૦।। માર્ક શેનો કાપ્યો તે કહો.' શિક્ષક કાંઈ કહી શક્યા નહીં. પણ બાબુનો સ્વભાવ મોટા આગળ મૂકી દેવાનો અને પોતે સાચા છે તે દેખાડવા કદીયે તંત ન પકડે. આમ બે વિદ્યાર્થીઓ વચ્ચે જે રસાકસી હતી તેમાં પોતે નમી દીધું અને આનંદથી હાર સ્વીકારી લીધી.

બાબુભાઈ અંગ્રેજી બીજામાં આવ્યા ત્યારે શંકરભાઈ (એસ. ટી.પટેલ) વર્ગશિક્ષક તરીકે આવ્યા. બીજા ધોરણથી ૧૦ ધોરણ સુધી એક આદર્શ બંધાયો. જીવનમાં કાંઈ કરી જવું છે ને ભણીગણીને ખૂબ મોટા થવું છે. નામના કાઢવી છે. આદર્શ જીવન જીવવું છે.

ઘર કરતાં શાળામાં વધારે માન મળે તેથી પપ્પા કહે, 'ઘરે રહેવું ન ગમે. ક્યારેક મામા બીમાર હોય તો તેમની સેવા માટે રહેવું પડે તો રહીએ પણ દાદાને રાજી રાખવા પૂરતું. મનથી તો શાળામાં જ જવું ગમતું. લખાવાડમાં ભાણા તો નાથા સવદાસના ! કેવા સરસ! એવો વટ હતો. ને તે ટકાવી રાખવાનું જ તાન રહેતું.'

શંકરભાઈ માસ્તરે આદર્શ ઘડવામાં ખૂબ ફાળો આપ્યો. 'આપણે જગતમાં બીજું કશું ધન, કીર્તિ, સત્તા પ્રારબ્ધમાં ન હોય તો ન મેળવી શકીએ. પણ એક વાત તો આપણા હાથમાં છે તે એ કે આપણે આપણું ચારિત્ર્ય કેળવી જ શકીએ.' તે દિવસથી જ સારું આદર્શ ચારિત્ર્ય કેળવવું છે તેવું નક્કી કરીને જ્યાં કાંઈ પણ સારું લાગે તે ગ્રહણ કરી અમલમાં મૂકી દેતા. સ્વધર્મમાંથી ચલિત થવું જ નહીં. સ્વધર્મ નક્કી કરવા માટે નડિયાદની ડાહીલક્ષ્મી લાઈબ્રેરીમાં વાંચન કરીને સારા સારા ઉચ્ચ લેખકોનો સંગ રાખતા. નવરાશમાં કે વેકેશનમાં પણ વાંચવાની એક ટેવ પડી ગઈ ! ઘરે પુસ્તક લાવે તો પૈસા ભરવા પડે. તેથી ત્યાં જ લાઈબ્રેરીમાં બેસીને વાંચતા. વેકેશનમાં જમીને ૧૧ વાગે જાય ને એક ખૂણામાં બેસીને આખું પુસ્તક એક જ દિવસમાં વાંચી નાંખે ને તેમાં જે સારું સારું હોય તેની જુદી નોટમાં નોંધ રાખવાની ટેવ પડી ગઈ જે ટેવ છેક સુધી પપ્પાજીના જીવનમાં આપણે જોઈએ છીએ. એકાગ્રતાથી અભ્યાસમાં રસ લેતા ને જે ભણાવે તે આત્મસાત્ કરી લેતા. એકવાર પપ્પાજીએ એકાગ્રતાનો નિશ્ચય કર્યો. જ્યારે સંસ્કૃતના ચોથા ધોરણમાં શિક્ષક શીખવતા હતા અને તરત પ્રશ્ન પૂછયો તે આવડ્યું નહીં. તેથી તરત જ મોઢે કરવાની ટેવ પાડી. મોઢે કરેલું હોય તેથી ગમે ત્યારે પૂછે તો દરેક વિષયમાં આવડે! શિક્ષકને જે પૂછવું હોય તે પૂછે. તેમને મોઢે આવડતું જ હોય.

એકવાર રમતિયાળ બનીને બાબુએ બેંચ પર બેઠા બેઠા ખિસ્સાનો રૂમાલ ઉછાળ્યો અને કેચ કર્યો. તે શિક્ષકે નોંધ્યું ને તેજીને ટકોર કરતાં સહેજ બોલ્યા – 'સારાય ન જણાય ને નરસા ય ન જણાય.' એ સાંભળી બાબુને અંતર્દષ્ટિ થઈ ગઈ. અને નક્કી કરી

દીધું કે કલાસમાં કે ક્યાંયે બહારે આવું કરવું નહીં. તેથી શિક્ષકને વિશ્વાસ આવી ગયો ને દરેક વર્ગમાં તેમને મોનીટર બનાવતા. સહજ શાંત, ધીરજવાન, ઠાવકા, ગંભીર બનીને જીવન જીવતા થઈ ગયા.

ડેલાવાળા ઘરના મેડા પરના ઓરડામાં કરમસદથી લાવેલ ટેબલ અને હૉસ્પિટલનો ટેબલલેમ્પ ને ખુરશી રાખતા ને તે તેમનો અભ્યાસ ખંડ હતો. રોજ ખડકીના મેડે સવારે નાહી ધોઈ પૂજામાં પૂંજાજીબાપુની મૂર્તિ મૂકી ૧૧ માળા કરતા અને પગે લાગી 'પહેલો નંબર આપજો, સારી બુધ્ધિ આપજો' એમ પ્રાર્થના કરીને પછી ડેલાના અભ્યાસ રૂમમાં જતા. બાબુને વાંચનનો શોખ ત્યારથી ઉદય થયો. તે ૧૯૫૨ સુધીના બધા જ લેખકોનાં ને કવિઓનાં પ્રકાશનો વાંચી કાઢ્યાં. આફ્રિકામાં પણ શિક્ષક તરીકે હતા તો પણ વાંચન તો એવું જ. એ વાંચનથી પપ્પાજી કહે, 'હું આખી દુનિયાની યાત્રા કરી આવ્યો અને માનવ મનનો અને જીવનની આંતરિક ગૂંચનો અભ્યાસ કરી લીધેલો.' એટલે જ પપ્પાજી ઘણીવાર કહેતા કે મને પુસ્તકો, ચા ને ઢેબરાં આપો ને જંગલમાં એકલો રાખો તો આ સિવાય બીજું ન જોઈએ.

પપ્પાજી સીકસ્થમાં આવ્યા ત્યારે મોટાભાઈ ચુનીભાઈ આફ્રિકા હતા તે દેશમાં આવ્યા અને શાળાના હેડમાસ્તર શાસ્ત્રીને મળીને નક્કી કર્યું કે સીકસ્થમાંથી જ મેટ્રિકની પરીક્ષા આપી દે અને દેવું ચુકતે કરવા મોમ્બાસા જાય અને નોકરી કરવા માંડે. બાબુભાઈએ સીકસ્થ ને મેટ્રિકની એમ બે ધોરણની પરીક્ષા ૧૯૩૩માં એક સાથે વડોદરા આપવા ગયા હતા. ને તેમાં ૩૩% રીઝલ્ટ હતું તો પણ બાબુભાઈ થર્ડકલાસમાં પાસ તો થયા પણ કેરીયર બગડી ગઈ.

નોકરી કરવા મોમ્બાસા જવાની તૈયારી કરવા માંડી. તો બાબુભાઈના સસરા અંબાલાલભાઈએ ના પાડી. 'આટલી નાની ઉંમરમાં શું ધંધે વળગવું છે ? હજી ભણો.' એટલે પછી મેટ્રિક પછી ૧) અમદાવાદ ગુજરાત કૉલેજમાં સાયન્સમાં દાખલ થયા. પ્રીવીયસ પાસ કર્યુ ને બીજા વર્ષમાં બી ગ્રુપ – બાયોલોજી ગ્રુપમાં ફેઈલ થયા. ૨) તો વળી સુરત એમ.ટી.બી. આર્ટસ અને સાયન્સમાં

દાખલ થયા પણ ત્યાં ફરી ફેઈલ થયા.

...સુરત કૉલેજમાં હોસ્ટેલમાં રહેતા અને કલબ શરૂ કરેલી. ભેગા મળી શું રસોઈ કરવી તે નક્કી કરતા અને પૈસા ખર્ચવામાં કાપ. ખર્ચાળ મૈત્રી રાખવાની જ નહીં. પોષાય જ નહીં. તેથી જગતના ફેલમાંથી બચી ગયા.

એ સમયે આફ્રિકા જવાનું નક્કી જેવું જ બાપુજી ને મોટાભાઈએ કરેલું તેથી ફરી અમદાવાદ ગુજરાત કૉલેજમાં વકીલનું - હાઈકોર્ટમાં પ્લીડરનો અભ્યાસ ચાલુ કર્યો.

ગુજરાત કૉલેજની હોસ્ટેલ રૂમ નં.૧૯/ડીમાં ડીસેમ્બરના વેકેશનમાં અભ્યાસ કરવા બાબુભાઈ એકલા જ રહ્યા. ને દૂરના ગરીબ મામા-મામીએ પાણીથી બાંધેલા લોટના ઢેબરાં ને ચા જમતા રહીને અભ્યાસ કરતા. છ દિવસે ઢેબરાં ઉતરી ગયા ત્યાં સુધી ભણવા માટે જેવું તેવું જેમ તેમ ખાધું ને પછી નડિયાદ ઘરે ગયા.

આમ અભ્યાસ માટે ખૂબ ખૂબ તકલીફો વેઠીને આગળ આવવા પ્રયત્ન કર્યો. ને છેવટે ઈન્ટર સુધી ભણીને કુટુંબને આગળ લાવવા ૧૯૩૭માં ૨૧ વર્ષની ઉંમરે આફ્રિકા ગયા.

ત્યાં આફ્રિકામાં શિક્ષક તરીકે નોકરી શરૂ કરી અને ત્યાંથી કેમ્બ્રીજની લંડનની મેટ્રીકની પરીક્ષા આપી હતી જેમાં પાસ થઈ ગયા હતા. પછી થયું કે પૂરું કરું, પણ દાદુકાકાને ભણાવવાના હતા તેથી ટ્યુશન કરીને પૈસા ભેગા કરવાના હોઈ પોતે આગળ ભણ્યા નહીં. પણ નાનાભાઈને ભણવા મોકલ્યો ને પોતે કુરબાની આપી. આનો એક સ્મૃતિ પ્રસંગ છે. જે ૧૯૯૪માં પપ્પાજીએ કહ્યો હતો.

લંડનમાં સાંસ્કૃતિક કાર્યક્રમ હતો. તો એક બેને શિક્ષકનો પહેરવેશ પહેર્યો હતો. તેમણે પપ્પાજીને હાર પહેરાવ્યો. 'Take off your hat.' એમ પપ્પાજી ફાસ્ટ અંગ્રેજી ભાષામાં બે ત્રણ વાર બોલ્યા પણ કોઈને સમજાયું નહીં. તેથી પોતે જ કહેવા લાગ્યા કે "હું શરૂ શરૂમાં મોમ્બાસા ગયો હતો ને મેટ્રીકની પરીક્ષા આપવા ઈન્ટરવ્યુ આપવા ગયો હતો. તો તે અમલદારે મને આવું કહ્યું હતું. પણ મને કાંઈ સમજાયું નહીં તેથી હું 'પાર્ડન સર, પાર્ડન સર' કહેતો હતો.

વિવેકથી તમે શું કહો છો ? તેવું તેમને પૂછતો હતો. તો તેમણે ધીરેથી શાંતિથી મને કહ્યું કે, 'તારી હેટ નીચે ઉતાર.' મોટા અમલદારની પાસે જઈએ તો પોતાની હેટ નીચે ઉતારી તેમને ઢીંચણથી નમવાનું હોય છે.' તે અંગ્રેજી ઢબ પપ્પાજીએ બતાવી અને સૌને પોતાની સ્મૃતિ આપી.

પપ્પાજીના વિદ્યાર્થી જીવનની વિશેષતાઓ

★ જે કરવું તે જાહેર રીતે જ કરવું. દાદાની હાજરીમાં જ ઊંધા ફરીને હુક્કો પીતા.

★ સારા દેખાવા કાંઈ દબાવવું નહીં.

★ જે યોગ્ય લાગે તે વર્તનમાં મૂકીને કરી છૂટવું.

★ લોકાચાર પ્રમાણે સમાજમાં મળતુ આવે તે કર્યા જ કરવું.

★ જ્યાં જ્યાં સારું આચરવા યોગ્ય લાગે તે આત્મસાત્ કરીને જીવનમાં ઉતારવું.

★ શ્રેય હોય તે જ કરવું. પ્રેય સંયમિત રીતે શ્રેય ને નુકશાન ન થાય તેમ રાખવું. આચરવું.

★ ગાંધીજીના પુસ્તક 'નીતિનાશને માર્ગે' વાંચ્યા પછી દસ ફૂટ દૂર જ નજર રાખવી. રૂપ વગેરે શ્રેય હોય તો જ ને તેટલું જ જોવું. ચારિત્ર્યમાં એકદમ સજાગ.

★ પૈસાની કરકસર, તેથી વર્ષે દહાડે એકાદ સીનેમા જોઈ શકતા. શોખ નહીં. હૉટલમાં તો જમવાનું જ નહીં.

★ શોખમાં શોખ વાંચનનો ને તેમાંથી આનંદમાં મસ્તીમાં રહેતા થયા. સારી વાત વિચારીને, ચિંતન કરીને જીવનમાં ઉતારતા.

★ દેશજાગૃતિ બહુ હતી પણ ગાંધીજીનો અહિંસાવાદ મગજમાં ઉતરતો ન હતો. તેથી તેમાં ભળેલા નહીં.

★ બૉલ્શેવિઝમ – રશિયાનો લેનિન ગમે, કોમ્યુનીઝમના બધા જ પુસ્તકો વાંચીને મૂળ મૂડીવાદને ટાળીએ તો ગરીબાઈ ટળે તેવું એમને મનાઈ ગયેલું.

★ મૂળભૂત સ્વભાવ – જે કામ હાથમાં લેવું તે એકદમ ચકાસીને ૧૦૦ % સફળતા મળે તેવું લાગે તો જ ઉપાડવું અને એકાવધાનીપણે

તેની પાછળ પડી જવું. અને તે પૂરું થાય પછી જ જંપવું. તેવો સ્વભાવ થઈ ગયેલો.

★ 'ભાવના સે કર્તવ્ય બઢતર હૈ' તે સૂત્ર જીવનમાં અપનાવેલું.

★ જીવનના બધા જ સંબંધોમાં આસક્તિરહિત રહીને ફરજ પૂરેપૂરી બજાવતા.

★ પપ્પાજી કહેતા કે નાનાભાઈ દાદુભાઈ તરફનો પ્રેમ મને કંઈક વધુ હશે તેવું મને લાગે છે. તેને સુખી કરવા ખૂબ મહેનત કરતો.

★ આંતર બાહ્ય જીવન એકસરખું જ જોઈએ. જ્યાં વિચાર એક, વાણી બીજી ને વર્તન ત્રીજું તે શઠનાં લક્ષણ છે. તેવું સંસ્કૃતના શ્લોકમાં ભણેલા તેથી તે ત્રણેયની એકરૂપતા રાખવાની ટેવ પડી ગઈ હતી.

★ એક સ્મૃતિ પ્રસંગ પપ્પાજી કહેતા.

પપ્પાજી ૧૩ વર્ષના હતા. અંગ્રેજી બીજા વર્ષમાં હતા ને પપ્પાજીનાં લગ્ન થયાં અને બીજે વર્ષે મામા ધામમાં ગયા તેથી દાદાનો વંશ ઉપડી ગયો. ઘરમાં અને બહાર બધે હાહાકાર થઈ ગયો. પપ્પાજી ધીર ગંભીર બનીને દાદા-દાદીને સાચવે. ઠેકઠેકાણેથી ગામોથી કાણો આવે તેમને સાચવતા ને દાદાને નિશ્ચિંતતા કરતા.

પછી શાળાએ જવાનું થાય ત્યારે ડોસીઓ બાબુને માથે ખેસ નખાવે. માથે ટોપીની ઉપર શોક બતાવવા ખેસ ઓઢવો પડે. બાબુને શરમ આવે. એટલે સ્કૂલના દરવાજા સુધી રાખે પછી કાઢી નાખે. અને સાંજે ઘરે જતી વખતે શાળાની બહાર નીકળે એટલે માથે ઓઢી લેવાનો. અને દાદાના વારસદાર તરીકે એકચક્રી વ્યવહાર કરવામાં બાબુનું નામ લખાઈ ગયું ને આખા લખાવાડમાં 'કેવો ડાહ્યો! કેવો સમજુ ને સુશીલ ભાણો !' તેવો વટ પડતો.

★ ફર્સ્ટકલાસ કેરિયર સીકસ્થ અને મેટ્રીક સાથે આપવાથી થર્ડકલાસ થઈ ગઈ. અને બે-ત્રણ વર્ષ વારેવારે કૉલેજમાં ફેઈલ થયા ત્યારે બાબુને તેમાં ઈશ્વરીય સંકેત અનુભવાતો.

★ પપ્પાજીના અંતરમાં દિવ્ય શક્તિ અને તેના અસાધારણ કાર્યનો અખંડ અનુભવ રહેતો. તેથી ક્યારેય ક્યાંય પણ, કોઈપણ સંજોગોમાં

તેમની બાળ-યુવા અવસ્થામાં સાક્ષાત્કાર પહેલાં પણ બધું જ "All is for the best.' કોઈ દિવ્ય શક્તિની આયોજનાની આંતર પ્રતીતિ અને સ્વીકાર રહેતો. જ્યારે બે- બે વાર fail થયા, ત્યારે તે પણ 'સારાં માટે જ' કરીને જે જરૂરી હતું તે પ્રેય મૂકીને શ્રેય તરફ જવા મોમ્બાસાના માસ્તર બનવા હસતા મુખે પહોંચી ગયા. અને વિદ્યાર્થી માંથી માસ્તર બન્યા. તે પણ દઢ શ્રધ્ધા, આનંદ ને ઉમંગથી.

★ ૧૯૩૫માં કૉલેજમાં ભણતા અને હોસ્ટેલમાં રહેતા ત્યારે અંતરમાં કોઈ નવા પ્રકારનું અસાધારણપણે દિવ્યતા તરફનું ખેંચાણ થતું. કાંઈ સમજાતું નહીં. તેથી પપ્પાજી અનેક વાર તાપી નદીના કિનારે પહોંચી જતા અને ધ્યાનમાં બેસી જતા. કરમસદના પપ્પાજીના મિત્ર ડૉ. જશભાઈ પટેલ વાત કરતા કહેતા કે એકવાર રાત્રે બાર વાગે અમે તેમને ખૂબ શોધ્યા. ક્યાંયે જડે જ નહીં. પછી તાપી નદીના કિનારે મળ્યા. ધ્યાનમાંથી જગાડ્યા તો બાબુ રડવા લાગ્યો ને કહે, 'મારે તો સાધુ થવું હતું ને ક્યાં પરણી ગયો !' મને દિવ્ય તત્ત્વનું અદ્‌ભુત આકર્ષણ થયા કરે છે.' અને મિત્રોએ ખૂબ સમજાવ્યું કે રામકૃષ્ણ પરમહંસ, શ્રી અરવિંદો પરણેલા જ હતા ને ! તારે અત્યારે તો ભણવાનું છે ચિંતા ક્યાં કરે છે ?

આદર્શ વિદ્યાર્થી એવા પપ્પાજી એટલે જ મોમ્બાસામાં આદર્શ શિક્ષક બની શક્યા. કારણ બાળકોને પ્રભુના સ્વરૂપ માનીને ભણાવતા. એમને ખબર હતી કે શિક્ષક તે બીજી માતા છે ને તેના વિચાર, વાણી, વર્તનની કુમળા બાળકો પર ખૂબ અસર પડે છે.

અને ૧૯૫૨ પછી યોગીજીના આદર્શ શિષ્ય બન્યા ! આદર્શ ગુરુ અને આદર્શ ગુરુહરિ પણ બની શક્યા!

આદર્શ વિદ્યાર્થીનું બીજ નડિયાદમાં જ રોપાયું.
મોમ્બાસામાં વટવૃક્ષ થયું. શિક્ષકરૂપે વર્તી બતાવ્યુ.
તારદેવમાં પુષ્પ ને ફળ આવ્યાં.
વિદ્યાનગરની કર્મભૂમિમાં પોતાના જેવા જ અનેક આદર્શ શિષ્યો બનાવ્યા.
સાધકોને આધ્યાત્મિક પ્રગતિ કરાવી ગુરુઓ બનાવીને ગુણાતીત

સમાજને અદ્ભુત અકલ્પ્ય ભેટ આપી.


એવા ગુરુહરિ પપ્પાજીને, આદર્શ વિદ્યાર્થીને અંતરના અનંત વંદન...

અમો પણ એકાંતિક ધર્મ, નિષ્કામ ધર્મ સિધ્ધ કરવાનો આદર્શ લઈ ધ્યેયસિધ્ધ કરવા એકાવધાનીપણે સાધક બનીને પ્રતિપળે મંડીએ એ જ અભ્યર્થના.

પપ્પાજી

## પૂ.કમળાબેનના પતિ સ્વરૂપે...

અનંત સ્વરૂપે...



કમલાપતિ બાબુભાઈની જય હો ! વચ.ગ.છે.૨૬ જેવા બાઈઓ તૈયાર કરવા છે જ તેવો શ્રીજીનો દઢ ઠરાવ. તેથી બાબુભાઈને ગૃહસ્થાશ્રમી બનાવવા, તેવો શ્રીજી મહારાજનો સંકલ્પ. અને તે કાર્ય તેમની પાંચમી પેઢીના વારસદાર પપ્પાજી દ્વારા સંપન્ન કરાવવાનો નિશ્ચય કરીને ૧૯૧૬માં પ્રગટેલા બાબુભાઈને અર્થે એક પરમ પવિત્ર અને પતિવ્રતાની દઢ ટેકવાળુ ચૈતન્ય નારીદેહે પ્રગટાવવાનું કાર્ય કરી દીધું, ધર્મજના અંબાલાલના ઘરે. 'કમળા' નામનું જલકમલવત્ જીવન જીવીને પતિને ખભેખભો મિલાવીને પૂર્ણ સાથ આપનાર સ્ત્રીરત્નને જન્મ આપ્યો તા.૨૬મી સપ્ટેમ્બર, ૧૯૧૬. બાબુભાઈ પહેલી સપ્ટેમ્બર અને ફક્ત ૨૬ દિવસ પછી પોતાના કાર્યમાં મૌન પ્રીતિ ને પરછાંઈ બનનાર આ ચૈતન્ય પ્રગટ્યું.

તેમનો ઉછેર સંસ્કાર ખાનદાનપણું બધું જ વારસામાં મળેલ અને પાંચ ચોપડીનો અભ્યાસ પણ ધર્મજ ગામમાં કરેલ કમળા ધીર ગંભીર અને ભાવિના કાર્ય માટે પોતાના ભાવ અને સંકલ્પને તૈયાર કરતા. માતા નાની ઉંમરે પરલોકે વિદાય થતા ઘરના મુક્તોને હેત પ્રેમ અને સર્વ પ્રકારે જવાબદારી ઉઠાવી લઈ ભવિષ્યમાં જેની સંગે આલોકમાં બંધાઈને ભવોભવની ભાગીદારી કરવાની છે તે યોજના મુજબ પોતાના ઈન્દ્રિય, અંતઃકરણને તૈયાર કર્યા. 'તમે કહો તેમ' તેવું કરીને કમળા સમગ્ર કુટુંબમાં સૌની વહાલી બેન બનીને ઉછર્યા.

આ બાજુ બાબુભાઈએ ૧૯૨૬ના વેકેશનમાં અંગ્રેજી ફર્સ્ટમાં

બારમાસિક પરીક્ષા એપ્રિલમાં આપી. ૧૧ વર્ષની ઉંમર હતી ને ખાખી ચડ્ડી ને ઓપન શર્ટ પહેરીને તેઓ વૅકેશનમાં કરમસદ ગયા હતા. ત્યાંના ઘરના મેડે ઓરડામાં વડીલો સૂવે અને છોકરાઓ બહાર વરંડામાં સૂઈ જાય. એક સવારે ગોદડા લઈ અંદર ડામચિયે નાખવા બાબુભાઈ ગયા ત્યારે ત્યાં બે-ચાર મહેમાનો બેઠા હતા. અને બાબુભાઈને જોઈને પરીક્ષા અને તેના પરિણામો બાબતે પ્રશ્નો પૂછીને બાબુભાઈની વ્યવહારિક લૌકિક ચકાસણી કરી રહ્યા. એ રીતે વ્યવહારૂ ને ચોક્કસ બાબુભાઈએ પ્રશ્નોના ઉત્તર વિવેક અને નમ્રતાથી આપ્યા. ખોટા ન પડાય અને અભિમાની ન દેખાય તેવી પપ્પાજીની વાતચીત પરથી આગંતુક મહેમાનો રાજી થયા.

તેમાંથી એક ભાઈએ સૂતળીની દોરી લઈને પગના અંગૂઠાથી માથા સુધી બાબુભાઈનું માપ લીધું. અમાપ એવા પપ્પાજી તેમની દીકરીની ઊંચાઈ પ્રમાણે સરખા લાગ્યા હશે પણ ૧૧-૧૨ વર્ષની ઉંમરે દીકરીઓ જાડી અને પોષાતી હોય છે ને બાબુભાઈ લાંબા હતા તેથી પાતળા લાગ્યા હશે. આવું વર્તન બાબુને સમજાયું નહીં પણ વાદવિવાદ કે પ્રશ્નો પૂછીને મોટાનું અપમાન કરવાનું બાબુભાઈના લોહીમાં જ નહીં. તે દિવસે જ કમળા સાથે બાબુભાઈના વિવાહનું નક્કી થઈ ગયું. ચાંલ્લો પણ આપ્યો. તે પછી કમળાના ભાઈ બાબુભાઈને નડિયાદ જોવા આવેલા. બાબુભાઈ ત્યારે નામુ લખતા હતા. તેથી તેમના મિત્રો અને કુટુંબીઓને કહે, 'બાબુલાલ તો ૧૧ વર્ષે નામુ પણ લખે છે. તેવા હોંશિયાર છે.' ને પોતાની બેનનો ભાવિ પતિ આવો સર્વગુણ સંપન્ન છે તેનો આનંદ ધર્મજમાં સૌને થયો. ને તે જ મે મહિનામાં વૈશાખ વદ નોમને દિવસે ૨૫.૫.૧૯૨૭ના ધામધૂમથી પીઠી ચોળીને ધર્મજ ગામે પરણ્યા.

કંકોત્રીમાં બાબુભાઈનું નામ 'બિહારીદાસ' લખ્યું હતું. ૨૫મી મે સવારે વરરાજા બિહારીદાસ પોતાના ૭૫ જાનૈયા સાથે આણંદ ખંભાત લોકલમાં કરમસદથી રવાના થયા. પેટલાદમાં ગાડી બદલી. સવારે ૯ વાગે ધર્મજ સ્ટેશને પહોંચ્યા. ત્યાંથી બગીમાં વરઘોડો કાઢીને ધર્મશાળાના ઉતારે પહોંચ્યા.

બાબુભાઈ જાણતા હતા કે બાપુજી દેવાદાર છે. જમીન ગીરો હતી ને આંખે દેખાતુ બંધ થયેલું. ખાધાખરચમાં પણ તંગી. તેથી વરરાજા થવાનો ખાસ આનંદ નહોતો ! સસ્તુ કોટ–ખમીસનું કાપડને સસ્તો ધોતીજોટો લાવ્યા. નડિયાદવાળા દાદાને ખબર પડી તેથી સરસ ચાયનાકાર્ડનું કાપડ મંગાવી સરસ કોટ ને ખમીસ સીવડાવ્યા અને મોંઘો ધોતીજોટો લાવી આપ્યો પણ બાબુભાઈ કહે, 'મારા મનમાં તો દર્દ હતું. આવી લાચાર જીંદગી !' કાકાના દીકરા પશાભાઈ રંગીલા માણસ હતા. તેમણે ખૂબ મદદ કરી ને દાદાજી સાથે રહીને વિવાહમાં સાથ આપ્યો.

કિશોરાવસ્થાથી જ 'હું પરમહંસ છું.' તેવી અનુભૂતિ લઈને જીવન જીવતા બાબુને એકાંતમાં ધ્યાન કરવાની ટેવ હતી. તેથી નડિયાદના મહાદેવના મંદિરમાં, ઝાડ નીચે બેસીને બાંકડા પર ખૂબ ઊંડું ધ્યાન કરતા ને ભાવિની યોજનાઓને વર્તનમાં મૂકવા પ્રયત્ન ત્યારથી જ કરતા.

પપ્પાજી એકવાર ૨૫મી મે ગુણાતીત જ્યોતમાં ઉજવાતી હતી તો કહે, 'અમે આખી રાત રાત્રે ૧૦ થી સવારે ૪ સુધી લગ્ન વિધિમાં બેઠા હતા. ગોર મહારાજ જેમ કહે તેમ કર્યા કરવાનું ને અગ્નિની સાક્ષીએ ફેરા ફર્યા'તા.' બાબુને ધોતીની ટેવ નહીં તેથી તે નીચે ઉતરી જતી હતી. તેથી બેઉ હાથથી ને કોણીના ટેકાથી વારે વારે સરખી કરવી પડી ને પડી ન જાય તેની ખૂબ કાળજી રાખવી પડી હતી. 'આખી રાત પરણ્યા લાંબી પૂજાથી પરણ્યા તો અમારું લગ્નજીવન સુખથી એકતાથી ચાલ્યું.' ૧૯૯૦માં ૪થી મે કમળાબેન – મમ્મીજી ધામમાં ગયા ત્યારે જ એ લગ્નજીવન પૂર્ણ થયું. એ રીતે પૂરા ૬૩ વર્ષ સુખ, શાંતિ ને સમતાથી ગૃહસ્થજીવન આનંદથી પસાર થયું.

ધર્મજ મંદિરમાં ત્યારે શાસ્ત્રીજીમહારાજ અને યોગીજી મહારાજ બિરાજમાન હતા. તેથી લગ્ન બાદ બેઉ જણા પહેલાં મંદિરમાં દર્શન કરવા ગયા. મંદિરના દરવાજે બેઉ હાથના પંજા કંકુમાં બોળીને ભીંત પર છાપ લીધી હતી. ને ઠાકોરજીના દર્શન કરી કમળાબેન બહારે ઊભા રહ્યા અને બાબુભાઈ સંતોને દંડવત કરી, આશિષ

પ્રાપ્ત કરી ધર્મશાળામાં ઉતારે ગયા હતા. અને સવારે ૨૮/૫ના પાછા ધર્મજથી ગાડીમાં પેટલાદ અને પેટલાદથી કરમસદ ખંભાતની ગાડીમાં બેસી કરમસદ આવ્યા. પોતાની આવી ગરીબી લાચારી, બાપુજીનો અંધાપો, દાદાને ધંધામાં ખોટ અને હજુ અભ્યાસ બાકી તેથી બાબુભાઈ અને લગ્નનો આનંદ કે ઉત્સાહ ન હતો. વેકેશન પૂરું થતાં બાબુભાઈ નડિયાદ ગયા ને દાદી સૂરજબાના ખોળામાં માથુ મૂકીને છૂટે મોઢે રડ્યા – ખૂબ રડ્યા ! કહેવા લાગ્યા કે અત્યારથી મારે માથે પત્નીની ગૃહસ્થાશ્રમની મોટી જવાબદારી નાંખી દીધી ! તેથી દાદીમા કહે, 'હજુ તો પાંચ વર્ષ પછી તેને તેડવાની છે. એમાં અત્યારથી શેની ચિંતા કરું છું ?' બાબુભાઈ કહે, 'મારી ઉંમર કરતા મારી સમજણ દસ વર્ષ મોટી છે. ડબલ સીક્યોરીટી જાળવીને જીવન જીવવાનો નિશ્ચય કરીને એકદમ સાદાઈથી કપડાલત્તા લાવતા, મોજશોખ તો જરાયે નહીં.'

કમળાબેન જ્યારે કરમસદ આવ્યા તે કરમસદના ઘરડા બા હતા તે જૂનવાણી વિચાર ધરાવે. તેમની આજ્ઞા આવી 'વહુ મોટી છે તે લાજ કાઢવી પડે.' તેથી કમળાબેન લાજ કાઢે ને દોડાદોડી કરીને સેવા, કામકાજ કરતી. તેથી ઘરના બીજા કે બાબુભાઈ સાથે હાલતા ચાલતા અથડાઈ પડતા. એ વાત પપ્પાજીએ ૧૯૯૦માં આનંદબ્રહ્મ કરાવતા કરેલી.

પરણ્યા પછી ધર્મજથી જમાઈ માટે દિવાળી વખતે દારૂખાનું અને ઉત્તરાયણ વખતે પતંગો આવે. કમળાબેન પિયરથી સાસરે આવે એટલે ૧૦૦-૧૫૦ રૂા. સાથે લાવે ને બાબુભાઈને આપી દેતાં. તેવાં આજ્ઞાંકિત ને પતિભક્ત પહેલેથી જ. જે મારું છે તે બધું જ પતિદેવનું-બાબુભાઈનું ! બાબુભાઈ ભણવા અમદાવાદ, સુરત કૉલેજમાં જાય, હૉસ્ટેલમાં રહે તેથી ખાનગીમાં વાપરવા ચાલે. ગોવર્ધનરામ ત્રિપાઠીનું 'સરસ્વતીચંદ્ર' પુસ્તક બાબુભાઈએ વાંચેલું. તેમાં કુમુદ અને ગુણિયલ જેવી સ્ત્રીઓનો આદર્શ બાબુભાઈના મનમાં ગમી ગયેલો. તેથી કમળાબેનને આદર્શ પત્ની, ગૃહિણી બનાવવા સંકલ્પ જતન કરતા. તે રીતે પાંચ વર્ષ સુધી પ્રેમ અને સમજાવટથી

તેમને સૂઝ આપેલી. સસરા અંબાલાલભાઈ ત્યારે પરભણી ગામમાં હતા તેથી ત્યાં બાબુભાઈએ આ આદર્શ પ્રમાણે પત્રો લખવાનું શરૂ કરેલું. એકવાર આ પત્ર અંબાલાલભાઈના હાથમાં આવી ગયો. તેમણે તે વાંચ્યો ને ખૂબ રાજી થયા કે જમાઈરાજ ખાનદાન, સંસ્કારી અને ખૂબ ચિંતક છે. ને ધન્યતા અનુભવતા રાજી થતા. પત્નીને સર્વ રીતે સંસ્કાર અને જગતનું જ્ઞાન આપીને પોતાને સંપૂર્ણ સાથ આપે તેવી રીતે તૈયાર કરતા હતા.

પાંચ વર્ષ પછી કમળાબેન સાસરે આવ્યા. બાબુભાઈ કૉલેજમાં ભણતા હતા. બોટાદકર વગેરેના ગરબા બાબુભાઈને ગમતા તેથી તે કમળાબેનને ગીત ગાતાં અને ગરબા કરતાં શીખવતા. 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ...', 'આશાભર્યા તે અમે આવીયા...' આ રીતે પોતાની ધર્મપત્નીને સર્વગુણ સંપન્ન જોવા માટે પોતે શ્રમ વેઠીને આગળ આગળ મદદ કરતા. ખૂબ ધીરજ, પ્રેમ, સહિષ્ણુતાથી ધર્મપત્ની સાથે મિત્રભાવે એકતા કરી હતી. નાનપણથી બાબુભાઈએ વફાદાર અને ચારિત્ર્યવાન જ રહેવું છે તેવું દઢ જીવન જીવવાનો નિશ્ચય કરેલો. ગાંધીજીનું 'નીતિ નાશને માર્ગે' પુસ્તક પરથી દસ ફૂટથી દૂર જ જોવું. જેથી પવિત્રતાથી એક પત્નીવ્રત પૂર્ણ જાળવતા. બાબુભાઈએ ક્યારેય કોઈ છોકરી કે યુવતીને ઊંચી આંખ કરીને જોઈ પણ નથી તેવી તેમની પવિત્રતા છે. શ્રેય હોય તે જ કરવું ને પ્રેય માટે સંયમિત રહીને ધ્યેયને નુકશાન ન થાય તેવું આચરણ કરવું. બાબુભાઈનાં ઈન્દ્રિય અંતઃકરણ કાબુમાં હોવાથી જે જ્યારે જેટલું યોગ્ય હોય, ધ્યેય માટે તે તેટલું ત્યારે તેમ જ વર્તતા. ને તેવા વર્તનની વફાદરીની અસર કમળાબેનને થતી.

૧૯૩૪માં સુરતમાં એમ.ટી.બી. આર્ટસ એન્ડ સાયન્સ કૉલેજમાં ભણતા ત્યારે પપ્પાજીનો આત્મા જાગૃત થઈ ગયેલો. ને રોજેરોજ એકાંતમાં બેસીને પરમાત્મા સાથે વાર્તાલાપ કરતા રહેતા. એકવાર રાત્રે તાપી નદીને કિનારે ધ્યાન કરતા હતા. ને રાત્રે ૧૨-૧ થઈ ગયા. ડૉ.જે.સી.પટેલ (કરમસદ) તેમના સહાધ્યાયી અને એક રૂમમાં રહેતા હતા. તેઓએ બાબુભાઈને શોધ્યા પણ ક્યાંયે બાબુભાઈ નહીં.

તેથી તાપી નદીને કિનારે શોધવા ગયા. બાબુભાઈ ત્યાં ધ્યાનસ્થ અવસ્થામાં બિરાજ્યા હતા. તેમને જાગૃત કર્યા અને પૂછ્યું કે, 'ચાલો રૂમમાં !' ત્યારે બાબુભાઈ ખૂબ રડ્યા અને કહે, 'મારે તો સાધુ થવું હતું ! ને આ શું ? હું તો ગૃહસ્થાશ્રમી બની ગયો !' પછી મિત્રોએ શ્રી અરવિંદો, શ્રી રામકૃષ્ણ પરમહંસ એવા મોટા મોટા સંતોના દાખલા આપીને આશ્વાસન આપ્યું અને હૉસ્ટેલમાં પાછા લાવી દીધા! આ પ્રસંગથી ખ્યાલ આવે કે તેમની ઝંખના તો પ્રભુ પ્રાપ્તિની જ હતી તેથી લગ્ન કરીને ધર્મપત્નીને આધ્યાત્મિક માર્ગે વાળવા એમને આત્માથી પ્રેમ-પ્રાર્થના કરીને જતન કરતા જેથી બાબુભાઈની સાથોસાથ કમળાબેનની પણ આધ્યાત્મિક ઉંચાઈ, પ્રગતિ વધતી રહે!

કમળાબેન ધર્મજથી નડિયાદ મોસાળે આવે ત્યારે બાબુભાઈને ખૂબ ભાવતી સોપારી ખાનગીમાં લાવે. ખડકીના ઘરમાં એક ગોખલો હતો ત્યાં છાનામાના કમળાબેન રોજ એક સોપારી મૂકતાં. અને સૂડી પણ સાથે મૂકી દેતા. જેથી બાબુભાઈ જમ્યા પછી ગોખલે હાથ નાખીને લેતા જાય. આવો એકમેક માટે અંતરનો ઊંડો પ્રેમ અને માવજત કરવાની કમળાબેનની અદ્ભુત રીતિ ! પપ્પાજીએ પણ કમળાબેનનું કરીને સાચો પ્રેમ જગાડ્યો.

દાદુભાઈ આફ્રિકા ગયા પછી બાબુભાઈને જવાનું થયું. મોટાભાઈ ચુનીભાઈએ બધી જ વ્યવસ્થા કરી હતી. પણ કમળાબેનના બાપુજી અંબાલાલભાઈ આડા પડ્યા. કહે, 'હજુ ભણો. નોકરી કરવાની શી ઊતાવળ છે ?' એમ કરી મોકલ્યા નહીં પણ છ-આઠ મહિના પછી તો જવાનું ગોઠવવું જ પડ્યું તેવા દેશકાળ આવી ગયા !

બાબુભાઈ એકવીસમે વર્ષે ૧૯૩૭માં મોમ્બાસા માસ્તર થવા ગયા. તે છેક ૧૯૫૨માં પાછા આવ્યા. તે ૧૪ વર્ષની તેમની પરદેશયાત્રામાં કમળાબેન તેમની સાથે ફક્ત ૭-૮ વર્ષ જ રહ્યાં હતાં. પહેલાં ૧૯૩૭માં બાબુભાઈ એકલા ગયા. ૧૯૩૬માં પૂ.રમેશનો (મોટા પુત્ર) જન્મ થઈ ગયો હતો. તેની સાથે પૂ.કમળાબેન અહીં દેશમાં જ રહ્યાં. પૂ.બાબુભાઈની રુચિ અને રહસ્ય જાણનારા કમળાબેન હસતા મોંઢે નડિયાદમાં હતી. અને કરમસદમાં સૌની ખૂબ સેવા ચાકરી કરી.

દેવું હતું ને જમીન ગીરો હતી તેથી ખૂબ કરકસર કરીને જીવતા પપ્પાજી દેશમાં પૈસા મોકલતા ને ચાર વર્ષ કમળાબેન નડિયાદ અને કરમસદ રહ્યાં. અને બધું જ દેવું ભરપાઈ થઈ ગયું ને ગીરવે રાખેલી જમીન છોડાઈ ગઈ પછી જ બાબુભાઈએ તેમને મોમ્બાસા તેડાવ્યા. આવું પત્નીનું સમર્પણ ! પણ એ માટે બાબુભાઈનું સ્વયંનું જીવન અને વર્તન કેવું હશે કે કમળાબેન ફરિયાદ વિના બાબુભાઈના દાદાજી અને પિતાજીની સેવામાં અડગ રહ્યા ! અને રાજી થકા કુટુંબની જવાબદારીઓ ખડે પગે ને એકલે હાથે નિભાવી.

૧૯૪૧માં કમળાબેન મોમ્બાસા રમેશભાઈને લઈને ગયાં. ત્યાં સર્વ રીતે બાબુભાઈની જ રૂચિ અને ઈચ્છા પ્રમાણે તેઓ વર્તી લેતા. આવી રીતે પત્ની સરળ અને સહજ વર્તીને બાબુભાઈ અને તેમના મિત્રોને ખુશ કરી દેતા તેમાં કમળાબેનની ખાનદાની અને પતિભક્તિ. તો વળી બાબુભાઈની તેમના માટેની અંતરની પ્રીતિ ! જે આદર્શ 'ગુણિયલ'નો 'કુમુદ'નો અને 'જયા-જયંત'નો બાબુભાઈએ શીખવ્યો હતો તે સારધાર વર્તનમાં રહ્યો.

૧૯૪૪માં દાદુભાઈને અભ્યાસ કરાવવા માટે ફરીથી બાબુભાઈને પૈસા બચાવવાના હોઈ કમળાબેન ચાર વર્ષ દેશમાં રહ્યા. તે છેક ૧૯૪૮માં પાછા મોમ્બાસા આવ્યા ! ત્યારે કરમસદમાં પૂ.નાથાભાઈ સસરાજીની મહેચ્છા - પુસ્તકો લખવા અને છપાવવાની પૂર્ણ કરવા તેઓ ખૂબ મહેનત કરતા. નાથાભાઈને આંખે દેખાતું નહોતું. તેથી કમળાબેન ઘરકામ પૂર્ણ કરીને તેઓ જે જે મોઢે લખાવે તે લખતા. લખેલું ફરી ચેક કરતા. અને તે રીતે નાથાભાઈએ ત્રણ-ચાર પુસ્તકો લખાવ્યાં અને કમળાબેને તે લખીને તૈયાર કરીને પ્રકાશિત કરાવ્યા હતા. પતિ ને તેમનાં સૌને રાજી કરવા અથાગ ભીડો વેઠ્યો કમળાબેને ! પ્રફુલ્લભાઈના જન્મ પહેલા 'પ્રકૃતિ સામેનો જંગ' માંડીને બાબુભાઈ કમળાબેનની માવજત કરતા અને ખૂબ હૃદયના ભાવથી હિંમત આપીને, સેવા કરીને, આરામ કરાવતા. તે અધૂરા મહિને ૧૯૫૦માં પ્રફુલ્લભાઈનો જન્મ થયો. કમળાબેનને એપીલેપ્સી થઈ તો પણ બાબુભાઈ જેમ કહે તેમ શ્રધ્ધાપૂર્વક કમળાબેન ખમ્યાં અને

આરામ જ કર્યો. બાબુભાઈને સાચો પ્રેમ હોઈ કમળાબેનને બદલે પોતે 'મા' બનીને દર ચાર કલાકે બાળક પ્રફુલ્લને દૂધ કે મોસંબીનો રસ એવું પીવડાવતા અને તેનું ધ્યાન રાખતા. પતિ તરીકેની સર્વે ફરજ બાબુભાઈ એકદમ કટિબધ્ધ બની પૂરી કરતા. અને ખૂબ પ્રેમથી ધર્મપત્નીને સર્વ વાતે સાથે રાખીને, સમજાવી ને સહયોગી સહધર્મચારિણી બનાવી ! તે છેક ૧૯૫૨માં ૧૭ એપ્રિલે દાદુભાઈની બીમારી જાણીને મુંબઈ આવ્યા ત્યાં સુધી કમળાબેન અને બાબુભાઈ એકમેકના અંતર્યામી અને આદર્શ ગૃહસ્થ બની અદ્‌ભુત સમન્વય અને અંતરની એકતાથી જીવન જીવ્યા. પછી તો...

સાક્ષાત્કાર થયો બાબુભાઈને ! પણ કમળાબેનને ક્યાં થયો હતો? છતાં પણ પતિ એ જ પરમેશ્વર ! એમની જે ઈચ્છા ને તે સિવાય મારાથી કાંઈ જ બીજું કરી જ ન શકાય તેવો દઢ ઠરાવ. સાક્ષાત્કારની બીજી જ પળે બાબુભાઈ કહે, 'હું તો યોગીનો પ્રકાશ ! યોગીને કમળા કે પ્રફુલ્લ હોય ?' બસ તે જ ક્ષણથી બધું જ બદલાયું... બાબુભાઈ દેહાતીત, ભાવાતીત અને ગુણાતીત બનીને વર્તતા. કમળાબેન સાક્ષી બનીને તટસ્થભાવે આ બધું નિહાળીને શક્ય તેટલો સાથ આપવા તનતોડ-મનમરોડ પ્રયત્ન કરતા. 'મોમ્બાસા નથી જવાનું, અહીં જ રહેવાનું છે' ને ચાર જ મહિનામાં ૩.૧૦.૧૯૫૨માં યોગીજીની આજ્ઞા આવી - 'કાંતિભાઈની બે બહેનો ભગવાન ભજે તો શું ખોટું ?' ને તે બે બહેનો તારદેવમાં ૬/ડીમાં તેમની જ સાથે ઉપર રહેવા આવી ગયાં. કમળાબેનને બાબુભાઈ પ્રેમથી સમજાવે, દિલથી આત્માથી પ્રાર્થના કરતા રહે અને પોતાના ખૂણે ખાંચરે ક્યાંયે અહંતા-મમતા કે કુટુંબ પ્રત્યેની પ્રીતિ કે વાસના નથીને તેનું ચેકીંગ કરતા રહે. કમળાબેન અડધું સમજે ન સમજે પણ ૧૯૨૭થી જે બાબુભાઈની ઊંડી અગાધ પ્રીતિ ને આત્મીયતા અનુભવી હતી તે શું પળમાં જતી રહે ? આ પણ એક અદ્‌ભુત આધ્યાત્મિક કાર્ય બાબુભાઈ કરી રહ્યા છે ને તેમાં મારે સાથ જ આપવો છે તેમ કરીને સાધકની જેમ જ બાબુભાઈના કાર્યનાં દર્શન ને મદદ કરવા તત્પર ચોવીસેય કલાક રહ્યા ! અને એમ કરતાં તેઓ પણ યોગીની

આધ્યાત્મિક સેનાના એક સાધક બની રહ્યા!

તારદેવમાં સેવાનો ધસારો અને હરિભક્તોની અઢળક સેવા ને અવરજવર ! તો વળી અપાર કથાવાર્તા અને ભક્તિનું વાતાવરણ! તેમાં શું કોઈ કોરું રહે ખરું ! બાબુભાઈની કરૂણાભરી પ્રીતિ ને જતનથી કમળાબેન જ્યોતિબેન ને તારાબેન જેવાં જ એક અદનામાં અદના સાધક બની રહ્યા. જગતના વ્યવહારમાં કાંઈ માંગ્યું કે જોયું નહીં. દાગીના કે વસ્ત્રોની કોઈ મહેચ્છા નહીં ! હશે. બાબુભાઈને શ્રીજી-યોગીજી જેમ પ્રેરણા કરશે તેમ. એવો અંતરનો દૃઢ નિશ્ચય થયો કમળાબેનને તે બાબુભાઈની નિષ્કામ પ્રીતિ ને ભક્તિ.

આજ સુધીના આધ્યાત્મિક સત્પુરુષોમાં પત્નીએ સહિત પળેપળના ઉત્થાનમાં ભાગીદારી કરી હોય તો એક આ કમળાબેને જ ! કેટલાયે ગૃહસ્થ સત્પુરુષો ત્યાગાશ્રમ સ્વીકાર્યો ! અથવા પત્નીને સાથે રાખી જ નહીં. અથવા તો એને અવગણીને રહ્યા, જીવ્યા. જ્યોતિ-તારા બે બેનો પછી સાધક બેનો આવતા ગયા. હંસાબેન આવ્યાં. તેમનો સ્વીકાર કરી દીકરા પ્રફુલ્લની જવાબદારી, રાખરખાવટ, અભ્યાસ, ફરવા લઈ જવા વગેરે સ્નેહથી સોંપી દીધું. ને પછી તો એક પછી એક ૧૬ બેનો તારદેવ રહેવા આવ્યાં. જે બેનો સહેજ મુરઝાય તે કમળાબેનને ખબર પડે ને બાબુભાઈને બદલે તે સ્વયં મા બનીને, મિત્ર બનીને જાળવી લેતાં. મધુબેન સી. સર્વિસ કરતાં તો તેમનું સમયપત્રક સાચવીને જમવાનું વગેરે ગોઠવી દેતાં. હેમાબેનનું તો કમળાબેન જ જાળવતાં. સવિબેન બીમાર તો કાળજી રાખીને ફળો ને આહારની ગોઠવણ ને મદદ કરતાં. રોજના ઘરના ૨૫-૩૦ મુક્તો અને આવનારા મહેમાનો તે બધાની રસોઈ, રોટલીની મદદમાં રહેતાં. મૌન રહીને પ્રેમથી, બાબુભાઈમાંથી 'પપ્પાજી' બનેલા પોતાના પતિને આત્મસાથી અને ગુરુ માનીને આદર્શ જીવન જીવવામાં પૂ.કમળાબેન ક્યાંયે ઉણાં ન ઉતર્યાં.

કહેવાય છે કે અનાદિ મુક્તોને લઈને સ્વયં મહારાજ પધારે છે. તેમ અહીં મહારાજને તેમની સેવા લેવાની હતી તેથી બાબુભાઈને પળેપળ જાળવી લેનાર સર્વ પ્રકારે, સર્વ સમયે સાથ આપીને આધ્યાત્મિક

ધર્મપત્ની બનવા શ્રીજીમહારાજે તેવાં અનાદિ અક્ષરમુક્તરૂપે કમળાબેનને પ્રગટાવ્યાં હશે. અને તેથી જ ગૃહસ્થાશ્રમી બાબુભાઈ પાસે અનંત પ્રકારે બેનોના ઉત્થાનની મદદ અને સાથ કમળાબેન તરફથી મળ્યા જ કર્યો, મળ્યા જ કર્યો.

૧૯૬૧માં પૂ.રમેશભાઈ મોટા દીકરાને યોગીજીમહારાજને સમર્પી દીધો ! સ્હેજે સ્હેજે આ સમર્પણ થઈ ગયું ! કેવી દિવ્ય માતૃશક્તિ! જે કમળાપતિ બાબુભાઈની પ્રેમ ને પ્રાર્થનાથી જ ઉદય થઈ હતી ને!

૧૯૬૬માં વિદ્યાનગર રહેવા આવ્યાં. બાબુભાઈની અંગત સેવા તો ખરી જ પણ સૌ સાધક ભાઈઓ, સંતો, હરિભક્તોની જમવાની ને અન્ય સેવા સરભરામાં પપ્પાજીની જ રીતે મુક્તોમાં મહારાજનું સ્વરૂપ માનીને કરી લેતાં. તો પપ્પાજી નિશ્ચિંત બનીને સર્વેની આધ્યાત્મિક જવાબદારી પૂરી કરતા.

સાધક બહેનોને ભાઈઓ સાથે વ્યવહાર ન કરવો પડે એ રીતે મમ્મીજી માધ્યમ તરીકે રહીને ગુણાતીતની રીતે સેવા-કાર્યોમાં ચીવટાઈ રાખીને મદદરૂપ થતા. પપ્પાજીને વફાદાર રહીને બેનોનું બ્રહ્મચારીપણું અડગ ને અણિશુધ્ધ રહે તે માટે મમ્મીજીનો સાથ એક હરિઅભિન્ના જેવો સાધક બેનો માટે નીવડતો.

સમાજમાં પણ કીર્તિ કે અન્ય વ્યવહારમાં ક્યાંયે વિરોધ અવરોધ ન આવે તેવો આદર્શ ગૃહિણી જેવો વ્યવહાર પોતે રાખીને પપ્પાજીનો આધ્યાત્મિક મોભો ને ખાનદાનીપણું જાળવી રાખવામાં અચૂક પ્રત્યક્ષ હાજર રહેતાં. તેથી પત્નીએ સહિત પપ્પાજી સાધક બહેનોના આત્માની પૂર્ણ જવાબદારી લઈ શક્યા અને સંશુધ્ધિનાં પ્રત્યેક કાર્યમાં મમ્મીજીની મદદ અવશ્ય રહેતી, માંગવી ન પડતી.

પપ્પાજીની પ્રત્યેક બીમારીમાં એકદમ ખડેપગે રહીને તેમની નાનામાં નાની માવજતમાં ક્યાંયે ઉણપ ન આવે તેની કાળજી પોતે રાખતાં અને રખાવતાં. ભાઈ સેવકો હોય કે બેન સેવકો હોય પણ તેઓની સાધનાની ડિસિપ્લિન જળવાય અને એકાંતિકપણું તૂટે નહીં તેની અંગત જવાબદારી મમ્મીજીને શિરે હતી. તેથી પપ્પાજી એકદમ નિશ્ચિંત રહીને તન અને મનથી આરામ કરી શકતા. આવી પત્ની

જે આધ્યાત્મિક સહચારિણી બનીને પળેપળ પોતાની અહંતા-મમતા સામે લડીને, એક સાધક બનીને પપ્પાજીની સર્વે પ્રકારે કાળજી રાખતાં, મદદ કરતાં. કહેવું પણ ન પડે તેમ પપ્પાજીના અંતર્યામી બનીને વર્તતાં !

આમાં પતિ તરીકે બાબુભાઈ પપ્પાજીનો અદ્ભુત ફાળો ! એ સ્વયં નિષ્કામી ! વિચાર, વાણી, વર્તનની પૂર્ણ એકરૂપતા. ક્યાંયે વાદવિવાદ કે વિતંડાવાદ નહીં. કોઈનાય અભાવ અવગુણ ખટપટની વાત નહીં, સાંભળેય નહીં ને ચાલવાયે ન દે. સ્વયં પપ્પાજી એક ગુણાતીત સ્વરૂપની ભૂમિકામાં વિહરતા તેથી તેમનાં સ્પંદનો ને તેમની આસપાસનું દિવ્ય શક્તિભર્યું ક્ષેત્રજ્ઞ તૈયાર થતું જેથી મમ્મીજીની પણ આત્માની પ્રગતિ સ્હેજમાં ને સરળતાથી થયા કરતી. જેમ અન્ય સાધક બેનો હઠ, માન, ઈર્ષ્યા, મારું-તારું મૂકીને એકમના થઈને જીવવા ઉદ્યમ કરતા તેમ પપ્પાજીનાં ધર્મપત્ની મમ્મીજી પણ પપ્પાજીના વણકહ્યે, વણઉપદેશે, ગૃહસ્થાશ્રમી રહીને સાથે જ રહીને, આવું સાધકનું જીવન જીવતાં. શ્વેત વસ્ત્રો તો ૧૯૬૬થી જ બેનોએ ભાગવતી દીક્ષા લીધી ત્યારથી સ્વીકારી લીધાં હતાં. 'મારા પતિના તે સૌ મારાં.' તેમાંથી પપ્પાજીની બૃહદ ગુણાતીત સમાજની જવાબદારી આવી ત્યારથી જ 'યોગીજીના તે સૌ મારાં' એવી ભાવનાથી વર્તવા માંડ્યું.

૧૯૭૧માં પૂ.પ્રફુલ્લભાઈ જે 'પ્રભુકૃપા'માં તેમની સાથે રહેતા હતા તે ૨૧ વર્ષના થયા. તેથી પપ્પાજીએ તેમને પૂ.જશભાઈ સાહેબને સોંપવાની ને ત્યાં જ સાધક તરીકે રહેવાની આજ્ઞા કરી. મમ્મીજી કમળાબેનનું મન સ્હેજ અચકાયું પણ ત્યાં જ પપ્પાજીની આર્ષદૃષ્ટિ ને પપ્પાજીનું સર્વ હેતકારી અને હિતકારી જ. એવી આત્માની પ્રીતિની જે તેમને અનુભૂતિ હતી તેમાંથી 'હા' પડી ગઈ ને સોંપાઈ ગયા પૂ.પ્રફુલ્લભાઈ ! બસ તે દિવસથી ક્યારેય તેમની ખબર નથી રાખી કે તેમણે કોઈ ફરિયાદ નથી કરી.

પ.પૂ.પપ્પાજીએ પ્રફૂલ્લભાઈને કહેલું કે 'તું સાહેબનો ગુલામ થઈને રહેજે.' તે સારધાર પાળવામાં પ્રાર્થનાથી મમ્મીજી મદદ કરતાં પણ

આંખ સામે હોવા છતાંયે ક્યાંયે ફરિયાદ નહીં કે માંગણી નહીં ! આવી મહિમાવંતી દષ્ટિ ને પ્રીતિ મમ્મીજીમાં ઉદય કરાવનાર કમળાપતિ બાબુભાઈને અનંત ધન્યવાદ ! કેમ ખરું ને !

૧૯૮૦થી પપ્પાજી દર વર્ષે ચાર-પાંચ મહિના વિદેશ જતાં ને મમ્મીજી અહીં પ્રભુકૃપામાં રહીને મહેમાનો અનુપમ મિશનના સાધકો સંતો ને હરિભક્તોને પપ્પાજીની રીત ને દષ્ટિથી જ જાળવતા જેથી પપ્પાજી કહેતા 'અહીં મમ્મીજી છે તો મને પરદેશ વિચરણમાં નિશ્ચિંતતા છે !' આવુ અંતરમાં ઉગાડનારા પ્રભુ પપ્પાજી જ ને !

૧૯૯૦માં પપ્પાજી પરદેશ ગયા ત્યારે પૂ.જ્યોતિબેનને આજ્ઞા કરી કે મમ્મીજીને અહીં જ્યોતમાં રાખજો. ને એક જ રાતની તાવની બીમારીમાં ત્રીજી મેના દિવસે રાત્રે દોઢ વાગ્યે તેઓ સ્વધામ સિધાવી ગયાં દેહત્યાગ કર્યો. તે દિવસે ઈંગ્લેન્ડમાં 'ગન્ઝી' ટાપુ પર પપ્પાજી શિબિર કરવા લંડન જ્યોતની બેનો સાથે ગયા હતા. રાતના સમાચાર આવ્યા. પપ્પાજી આરામમાં હતા. જ્યારે રાત્રે ૨ વાગ્યે ઉઠ્યા ત્યારે સેવકોને જોઈને પૂછ્યું તો આવા સમાચાર આપ્યા કે 'મમ્મીજી સ્વધામ સિધાવ્યાં છે.' તે સાંભળી પપ્પાજી કહે, 'પૂ.સાહેબ, પૂ.દીદી ત્યાં છે ને ! તેઓ બધું ગોઠવશે.' કરીને પાછા વિશ્રામમાં પધાર્યા! આ કેવા આદર્શ ગુણાતીત પતિ ! ગૃહસ્થાશ્રમ નામનો જ રહ્યો હતો.

પત્ની પણ સાધક બનીને સદ્ગુરુની કક્ષાએ સેવાભક્તિ કરતાં હતાં. ને બીજે દિવસે સવારે શિબિર સભામાં મંગલ દર્શનમાં પપ્પાજી પધાર્યા ત્યારે પહેલું જ વાક્ય બોલ્યાં, 'હવે હું તમારા જેવો વ્રતધારી સાધક બની ગયો !' ને હસીને સ્વઆસને બિરાજીને કહે, 'મહારાજે સેવા માટે મમ્મીને સોંપ્યાં હતાં તે મહારાજે પાછાં તેડી લીધાં.' બધાને એમ કે પપ્પાજી કદાચ દેશમાં પરત જવાનું કહેશે, જવાબદારી તો ખરી ને ! પણ પૂછ્યું તોયે પપ્પાજી કહે, 'સાહેબ ને દીદી છે ને ! ક્યાં કોઈ વ્યવહાર કરવાનાં છે !' ને પછી તેમણે પૂ.પ્રફુલ્લભાઈને પત્ર લખ્યો. જે 'પપ્પાજીના પત્રો'માં છે તે આ સાથે છાપ્યો છે.

સ્વામીશ્રીજી
ગુણાતીત સમાજની જય
મુક્તાક્ષર પુરુષોત્તમની જય
પપ્પા, પ્રભુકૃપા,
ડેન્હામ, લંડન, ૮.૫.૧૯૯૦
સદા દિવ્ય સાકાર અનાદિ મુક્તરાજ પ્રફુલ્લ,

પૂ.મમ્મીના સમાચાર મને શિબિરમાં મળ્યા. ને આજે અહીં લંડન આવી પત્ર લખી રહ્યો છું. ખાસ તો બહેનો, ભાઈઓ ને સમગ્ર સત્સંગી મુક્તોને પૂ.મમ્મી સાથે આત્મીયતા હતી જ, ને તેથી બધાંને ખૂબ લાગ્યું. ને પ્રફુલ્લ, તને પણ દુઃખ થાય જ. પણ પ્રભુની ઈચ્છા આગળ આપણે દુઃખ સહન કરવાનું બળ માંગવાનું. શૂરવીર થજે, ને દુઃખને ભગવાન શંકર અને પ્રભુ ઈસુ ખ્રિસ્તની માફક ઘોળીને પી જજે. તેવું બળ મળે તેવી પ્રાર્થના કરું છું.

તેમના રસ્તે ચાલીને આપણે પૂ.મમ્મીનું ખૂબ શોભાડવું છે. તેથી ભાઈઓ, બહેનો ને ગૃહસ્થ મુક્તોની સાથે રસબસ થઈ માહાત્મ્યેયુક્ત સેવા કર્યા જ કરવી છે તે જ મમ્મીજીને અંજલિ છે.

અહીં અમે તા.૧૬મીના આખો દિવસ મહાપૂજા કરી, સાંજે મમ્મીને ભાવાંજલિ અર્પીશું. ત્યાં પૂ.બા, જ્યોતિબેન, દીદી, તારાબેન, પૂ.સાહેબ, શાંતિભાઈ જરૂર બળ આપશે જ. ભાઈઓ, બહેનોની આત્મીયતા જોઈ મને જરૂર ગર્વ થાય છે કે બાપાએ કેવો ભવ્ય સમાજ આપ્યો છે ! ત્યાં બધા ભાઈઓને બળ આપજે. ઈલેશ, શાહભાઈ, પીયૂષ પનારા, સુરેશ, ઉમેશ, અશોકરાજા, કપિલદેવ સર્વને જય સ્વામિનારાયણ કહેજે.

એજ લિ. તારા જ પપ્પાના જય સ્વામિનારાયણ.


અહીં દેશમાં આવીને સૌને એમ કે મમ્મીજીની હાજરી વિના, સેવા વિના પપ્પાજીને કેવું અતડુ લાગતું હશે ? શું થશે ? તો હસીને પપ્પાજી કહે, 'જ્યારે જેની જેવી જરૂર હશે ત્યારે ત્યાં તે જ મહારાજ આપી દેશે મને શેની ચિંતા !' પોતાના સંજીવની મંત્રમાં પપ્પાજીએ આ મુદ્દો નં.૪ – 'તે સેવા માટે જ્યારે, જ્યાં, જેની, જેટલી જરૂર

હશે ત્યારે ત્યાં તેટલું તે જ આપી રહેશે જ તેવી અતૂટ શ્રધ્ધા રાખો.' લખ્યો છે તે પોતે સારધાર પાળીને વર્તનમાં આવ્યા પછી લખ્યો છે ! પતિ તરીકેની સર્વે જવાબદારીઓ લૌકિક ને પારલૌકિક, વ્યવહારિક ને આધ્યાત્મિક આ જન્મની અને જન્મોજન્મની પૂર્ણપણે પ્રેમ અને પ્રાર્થનાથી બજાવી ને મમ્મીજીમાં ગુણાતીત પ્રીતિ ને ભક્તિ ખીલવીને આદર્શ ગૃહસ્થ ગુણાતીત નારી રત્ન બનાવી દીધાં ! આ એક જવલંત જીત છે પપ્પાજીની ! અન્ય સૌ કોઈને જે કોઈ સંબંધમાં આવે તે બધાને જ પપ્પાજી અંતર્યામી, સર્વજ્ઞ અને સર્વનિયંત્રિત છે તેવા અનુભવ થતા તો સતત સાંનિધ્યમાં રહેતા કમળાબેનને કેમ ન થાય ? કમળાબેન મમ્મીજી થયાં અને સદ્‌ગુરુ બનીને અનેક ગૃહસ્થ બેનોનાં આદર્શ પથદર્શક બન્યા. એ બધું જ પપ્પાજીનું. આદર્શ નિષ્કામી ગુણાતીત જીવનનું પરિણામ !

એકવાર જ્યોતમાં ડીકલેર થયું કે, 'જે કોઈને ડૉ.કમલાની હોમીયોપેથી દવા લેવાની હોય તેઓ જ્યોત દવાખાનામાં આવે.' તે સાંભળી પપ્પાજી કહે, 'હવે ફરી ડીકલેર કરાવો કે જે કોઈને કમલાપતિ ડૉકટરની આધ્યાત્મિક દવા લેવાની હોય તે સૌ પંચામૃતહૉલમાં આવે.' આવો આનંદબ્રહ્મ પપ્પાજી વારે વારે કરાવતા.

૧૯૨૭થી ૧૯૯૦ સુધીની ગૃહસ્થાશ્રમની ૬૩ વર્ષની જીવનયાત્રા કેવી આધ્યાત્મિકતાનાં શિખરસર કરનારી બની રહી ! એના આપણને સૌને દર્શન છે અંતર અનુભવ છે ! ખાસ બેનો જેને માટે પપ્પાજી ગૃહસ્થાશ્રમી જ રહ્યા. અને વિમુખની પદવી સ્વીકારી મમ્મીજીની સાથે જ રહીને ગુણાતીત ભાવનાના શિરમોર શિખર પર બિરાજતા આપણને સૌને કરી દીધાં ! આ સમામાં ભાગ્યશાળી છીએ આપણે સૌ.

કમળાપતિ બાબુભાઈની અનંત જય હો !




**સસરા પૂ.અંબાલાલભાઈ પટેલના જમાઈ સ્વરૂપે...**

ગુરુહરિ પપ્પાજી ઉચ્ચ કુળ છ ગામના કરમસદ પાટીદારના વંશજ. ખાનદાની અને મોભાદાર કુટુંબના વારસ. પિતા ડૉક્ટર તરીકે સર્વત્ર પ્રખ્યાત અને તેમની નેક દિલ, નિસ્વાર્થ ભાવના અને સેવા પરાયણતાની ખેડા જીલ્લામાં ચારેકોર સુવાસ ફેલાયેલી. તેવા પરગજુ અને ઉમદા કુટુંબના પુત્રના ગુણ જીનેટીકલી અને ઉછેરમાં સહેજમાં જ આવેલા. માતાપિતાનો ઉદાત્ત વ્યવહાર અને સર્વ સાથે હળીમળીને એક થઈને સૌને સન્માન અને સ્નેહ આપીને રાજી રાખતા. પટેલના વારસામાં જમીનો અને સોના-ચાંદીના અનેક આભૂષણો પેઢી દર પેઢીથી અપાતા. એ સમયમાં દહેજપ્રથા પણ હતી. ઉચ્ચ કુળના દીકરાને જો નાના કુળની દીકરી વેરે પરણાવે તો ખૂબ દલ્લો ભેટમાં આપવાનો રીવાજ કુરીવાજ હતો. સરખા કુળના, ગામના હોય તો ખાસ વ્યવહારમાં માંગ રહેતી નહીં.

પટેલોમાં એક ભોળાપણું ફૂલણજીપણું અને બોલે તેને સાચું માનવાની સહજ નબળાઈ. તેથી માણસ પારખુ ઓછા અને છેતરાઈ જવાનો ભય વધારે રહેતો.

નાથાભાઈ બીજી વાર પરણેલા હતા. મોટી ઉંમરે બે દીકરી પર બાબુભાઈ જન્મ્યા હતા. તેથી તેમનું વેવિશાળ ખૂબ વિચારીને કરવામાં આવ્યું. છ ગામમાં ધર્મજ ગામ ચરોતરમાં મોભાદાર પણ

ગણાતું. તેથી અંબાલાલભાઈની દીકરી કમળાનું માંગુ અગિયાર વર્ષના બાબુભાઈ માટે આવ્યું.

લગ્ન ગોઠવવાનું કાર્ય તે સમયે ગામના મોટા અને વ્યવહારમાં કાબેલ એવા સગાંવહાલાં દ્વારા થતું. નાની બાળ ઉંમરે વેવિશાળ નક્કી થઈ જતાં. અને દીકરી કે દીકરાને એકમેકને જોવા મળવા કે નક્કી કરવાની છૂટ નહોતી.

વડીલો જે નક્કી કરે તે સારૂં અને હિતમાં જ હોય ને ! એ રીતે બધુ જ નિયતી પર નાખીને દીકરા દીકરીઓનાં લગ્ન થતાં. આવા આયોજીત લગ્નો સમાજના અમુક વર્ગોમાં ઉપર ઉપરથી દેખાડવા માટે લાંબુ નભતા. પણ અંદર કોરે તો અણગમો અને અસુખ જ રહેતું. પણ કોઈનીયે હિંમત નહીં કે આ રિવાજનો વિરોધ કરે કે નવી પહેલ કરે.

પ્રેમલગ્નનો વિચાર જ ત્યારે આભને અડવા જેવો હતો અને ૧૦ થી ૧૩ વર્ષની વયમાં જ, યુવાની આવે, સમજ આવે, વિચારો ને ભાવનાઓ જાગે તે પહેલાં જ લગ્નનું બંધન આવી જતું. અને તેવું લગ્નજીવન ઢસડ્યે જ રાખતા. સમાજની બીકિ અને કુટુંબની આબરૂ સાચવી રાખવા દુઃખી થઈને જીવ્યે જ રાખતા.

પપ્પાજીનું ચૈતન્ય શ્રીજી મહારાજનું જ તેથી આવા સમયમાં એકદમ સાનુકૂળ અને સરળ કમળાબેન જેવું પાત્ર મોટેરાઓએ પસંદ કર્યું ને તા.૨૫મી મે ૧૯૨૭, ૧૧ વર્ષની ઉંમરે લગ્ન થયાં. સસરા અંબાલાલભાઈ ધર્મજ ગામના મોભાદાર અને પૈસાવાળા ગણાતા.

પપ્પાજી લખે છે તેમ લગ્નના પાંચ વર્ષ પછી કમળાબેન નડિયાદ – કરમસદ રહેવા આવ્યાં. દિવાળી પર આવે તો જમાઈ માટે વસ્ત્રો, ફટાકડા મીઠાઈઓ લેતા આવે. ઉત્તરાયણ પર પતંગો અને માંજો લાવે. જ્યારે પણ પિયર જાય ત્યારે અંબાલાલભાઈ જમાઈ બાબુભાઈ માટે કંઈને કંઈ વસ્તુ, મીઠાઈ વગેરે મોકલતા. અને આ બધો સ્વાભાવિક જમાઈ તરફનો વ્યવહાર ગણાતો.

અંબાલાલભાઈ પરભણી રહેતા હતા. ત્યારે પપ્પાજી કમળાબેનને પત્રો લખતા. તેમાં સુચારૂ જીવન, સમજણ ને વાર્તાઓના આદર્શ

પાત્રોની વાતો સમજાવતા. ગરબા શીખવતા. એમ લાંબા લાંબા પત્રોમાં ખૂબ જ્ઞાન ઠાલવતા.

એકવાર આવો પત્ર સસરાના હાથમાં આવ્યો. અને તેઓ રાજી થયા કે 'હાશ ! જમાઈ ઉમદા છે. વિકાસશીલ અને જ્ઞાની છે.'

ગોવર્ધનરામની કુમુદ, ગુણિયલનો આદર્શ આપી કમળાબેનને આદર્શ ગૃહિણી બનાવવાની કેળવણીરૂપે પરભણી પત્ર લખતા. સૌ પ્રથમ પાંચમા કે છઠ્ઠા ધોરણમાં હતા ત્યારે પત્ર લખેલો. પપ્પાજી કહે, 'મને મારે યોગ્ય પત્ની હોવી જોઈએ. તેને કેળવવા હું યત્નશીલ રહેતો.' પપ્પાજીના આવા આદર્શ વિશાળતાભર્યા ને ઉદાત્ત વ્યવહારથી તેમના સસરાને તેમના માટે ખૂબ વિશ્વાસ ને માન હતું. ધન્યતા મનાતી !

કૉલેજ દરમ્યાન કમળાબેનને બોટાદકરના ગરબાના રાગ શીખવતા. ગુણિયલના આદર્શ પછી રમણલાલની કુસુમ આવી. રમણલાલની કોકીલા આવી. તેવા ગુણો કમળામાં તેઓ જોવા ઈચ્છતા અને તેવું સિંચન ને જતન કરતા રહેતા.

એકવાર નડિયાદમાં પપ્પાજી નામુ લખતા હતા. ત્યારે ધર્મજથી તેમના સાળા મળવા આવ્યા. તે જોઈ જ રહ્યા અને ખૂબ રાજી થયા અને સસરાને આ સમાચાર આપ્યા કે બાબુભાઈ આવડી નાની ઉંમરે નામુ પણ લખે છે ને દાદાજીના વ્યવહાર ને ધંધાનો પણ ચિવટાઈથી ખ્યાલ રાખે છે તો સસરાની છાતી કેવી ગજગજ ફૂલી હશે ને ઠરી હશે !

૧૯૩૩માં પપ્પાજીએ સીકસ્થમાંથી મેટ્રીકની પરીક્ષા આપી. તેમાં પપ્પાજી પાસ તો થયા પણ ૩૩% જ રીઝલ્ટ આવ્યું ને પપ્પાજીની કેરિયર બગડી ગઈ. દેવુ, ગરીબાઈ અને આવી નબળી કેરિયર જોઈને ચુનીભાઈ જે આફ્રિકાથી આવ્યા હતા તેમણે કહ્યું કે 'ચાલો મોમ્બાસા લઈ જાઉં ને નોકરીએ વળગાડું. કુટુંબનું દેવુ કપાતું થાય.' ત્યારે અંબાલાલભાઈ પપ્પાજીના સસરા આડા પડ્યા અને કહે, 'આટલી નાની ઉંમરમાં શું ધંધે વળગવું છે ? હજી ભણો.' તેથી અમદાવાદ ગુજરાત કોલેજ ને સુરતમાં એમ.ટી.બી કોલેજમાં ભણવા ગયા.

૧૯૩૬માં પિતા અને મોટાભાઈનો આફ્રિકા મોકલવાનો ખૂબ આગ્રહ. તેથી છેવટે આફ્રિકા જવાનું નક્કી કર્યું. ત્યારે તેઓ પપ્પાજીને કહે, 'શું આફ્રિકે જવું છે? ચાલો અત્યારે મારે ત્યાં નોકરી અપાવું.' પપ્પાજી કહે, 'સસરાને ત્યાં રાજગાદી હોય તો ય નહીં જવાનું. મારા ઘરનો રોટલો સારો. તમારા ઘરનો શીરો ન જોઈએ.' વટ તે કેવો વટ !

આફ્રિકા જવાનું નક્કી થયું તેથી અંબાલાલભાઈ મુંબઈ સુધી મૂકવા આવેલા. મુંબઈ આવીને કહે, 'ચાલો મુંબઈ જોવા લઈ જાઉં. મારા શેઠની મોટર છે.' પપ્પાજી કહે, ' હું મોટર લાવીશ ત્યારે તમને લઈ જઈશ.' એવી ખુમારી અને સ્વાભિમાની પ્રકૃત્તિ પપ્પાજીની! તે જોઈને સસરાને તો કેવો આનંદ અને અહોભાવ થતો હશે ! સસરાનો ભાવ ખરો પણ જમાઈની દઢ, સ્વતંત્ર અને નિશ્ચયાત્મક પ્રકૃતિ જોઈને હરખાયા તો જરૂર હશે જ !


૧૯૫૬ની સાલમાં અંબાલાલભાઈને એમ કે પૌત્ર સૂર્યકાંતભાઈને પરણાવવાનો છે તો હમણાં કમળાબેન અહીં રહે. (તેમના પત્ની ધામમાં વહેલાં ગયાં હતાં) એટલે પપ્પાજીને કહે કે, 'તમે કમળાને કહો કે અહીં આવે ને મારો વ્યવહાર સચવાય.'

પપ્પાજી કહે, 'અંબાલાલભાઈ સત્સંગી ખરા. બધા જોડે સારાસારી રાખે. એમની પોતાની દષ્ટિએ એ સત્સંગમાં મોટા સમર્પિત કહેવાય. પણ મારી દષ્ટિએ બધું જ બાપાને સમર્પિત કરી દો. તો પછી કમળાને મોકલું. ના નથી પાડતો. પણ આવું સમર્પણ કર્યા પછી આગળ વાત કરો. તમે સત્સંગી છો. તો કાશીબાને કહું તો આવે.' એમ કહી કાશીબાને મોકલ્યા. સસરા મને જમાઈ માનીને ખૂબ માન આપીને કહે કે, 'તમે કમળાને કહોને. તમે કહો ને એ ના માને એવું ના બને.' પણ પપ્પાજી ત્યારે ૧૦૦% જોગીમહારાજના ગુલામ હતા. એટલે કમળાને કાંઈ કહે જ નહીં. કમળા સ્વતંત્ર. એને આવવું હોય તો આવે. એ જાણે ને તમે જાણો. મારે એમાં કોઈને કાંઈ કહેવાનું નથી.

આવું ૧૯૫૬માં સસરાને સ્પષ્ટ કહી દેનાર પપ્પાજી ! સસરાને કડવું તો જરૂર લાગ્યું હશે પણ અંદરમાં પોતાની દીકરીના પ્રાણાધાર,

પોતાના જમાઈરાજ પપ્પાજીની આધ્યાત્મિક મોટપ ને સમતા જોઈને મસ્તક નમાવી દીધું જ હશેને ! મહિમાભર્યા દર્શન કરીને અહોભાવે તેમનું શરણ લીધું જ હશેને !

પપ્પાજીએ પોતાના જીવનદર્શનમાં આવા નાના પ્રસંગોના વર્ણનો લખ્યાં છે. તેમાં તેમના અને તેમના સસરા અંબાલાલભાઈના સંબંધમાં ઉદાત્ત ભાવના અને અન્યોન્ય વિશે માન અને મદદની ભાવના – પપ્પાજીનું દઢ મનોબળ અને નિશ્ચયાત્મક જીવન ! તો સસરાને વણબોલ્યે સંબંધ આપીને સત્સંગી કર્યા. કલ્યાણના અધિકારી કર્યા અને છેલ્લો જન્મ કરાવી આપ્યો ! કેવા નસીબદાર સસરા અંબાલાલભાઈ ! ને કેવા પરમ ભાગવત સંત જમાઈ બાબુભાઈ !



# પપ્પાજી
## પિતા સ્વરૂપે...
## અનંત સ્વરૂપે...

પિતા એટલે પોષણ કરવું. પિતા એટલે આધાર આપી, આધાર મૂકાવી, આધાર બનતા શીખવવું તે. પિતા એટલા સમત્વ ભાવથી વિચાર, વાણી, વર્તન કરે. તેથી હૃદયના ઊંડાણમાં સમાયેલી ઊર્મિ, ભાવના કે પ્રીતિ સામાને તત્કાળ દેખાય નહીં કે સમજાય નહીં.

પિતા ઉપરથી કઠોર વજ્ર સમ લાગે પણ હૃદયથી ઋજુ, કોમળ હોય કારણ કે સંતાન જો બાળક હોય તો તેનું ચણતર-ઘડતર પોતાના જેવું જ કરવાનું એકમાત્ર ધ્યેય રાખીને વર્તતા હોય. સંતાન જો બાળકી હોય તો તેની સાથે મમતા ને આત્મીયતા જાળવીને ભવિષ્યના જીવનમાં, નવા વિકાસમાં અને જગતના, સમાજના વ્યવહારોમાં ધૈર્ય અને સમજથી જીવી શકે તે માટે આંતર શક્તિ પ્રજવલિત કરવાની ધગશ રાખીને ભાવના અને કર્તવ્યનું અદ્ભુત સંતુલન જાળવીને વ્યવહાર કરે.

પપ્પાજી જ્યારે વીસ જ વર્ષના યુવાન હતા ત્યારે ૧૯૩૬માં પ્રથમ પુત્ર રત્નનો જન્મ થયો. છ ગામની પાટીદાર કોમ અને કરમસદમાં ઉચ્ચ ગણાતા, મોભાદાર મનાતા અને ખાનદાન ગણાતા કુળમાં 'વારસદાર' પ્રગટી ગયો તેથી સૌને હૈયે 'હાશ' થઈ. નાથા બાબરનો વંશ ચાલુ જ રહેશે તેના આનંદની છોળો ઊડી ! આ બાજુ પપ્પાજી હજુ અમદાવાદ અભ્યાસ કરતા હતા અને બે-બે જવાબદારી એક સાથે આવી. દેવાદાર કુટુંબને પાછા સામાજીક, આર્થિક સ્થાન અપાવવા મોમ્બાસા 'માસ્તર'ની સામાન્ય નોકરી

સ્વીકારી. બાળકનું નામ 'રમેશ' પપ્પાજીએ જ આપ્યું.

પત્નીની અને બાળકની પ્રીતિ અને જવાબદારીને વ્યવહારમાં મૂકી તેઓ ૧૯૩૭માં ૨૧ વર્ષની ઉંમરે આફ્રિકા પહોંચી ગયા. છેક ૧૯૪૧માં પૂ.કમળાબેન (મમ્મીજી) અને રમેશને આફ્રિકા બોલાવ્યા, પોતાની સાથે રાખ્યા. જ્યારે કુટુંબનું દેવું પૂરેપુરૂં ચૂકતે થયું અને જમીન જે ગીરો મૂકી હતી તે છોડાવી દીધી અને આર્થિક રીતે સધ્ધર બન્યા ત્યાં સુધી કયા પિતા પોતાના પુત્રને ચાર વર્ષ અલગ રાખી શકે? ૧૯૩૯માં ડૉ.નાથાભાઈ-પપ્પાજીના પિતાજી અક્ષરધામ સિધાવ્યા ત્યાં સુધીમાં તેમણે તેમને નિશ્ચિંત કરી દીધા હતા અને નાથાબાપાના હૈયામાં જે પુત્રની વાસના હતી તે દઢ કરીને બીજા જન્મમાં પણ સાથે લાવવાનો મક્કમ નિર્ધાર કર્યો. ક્યારેક ક્યારેક પપ્પાજી મજાકમાં કહેતા કે પૂ.રમેશમાં ડૉ.નાથાભાઈ આવ્યા છે. પપ્પાજી કહે, 'મને લાડુ ભાવે ને મારા પિતાને ફાડા લાપસી ભાવે તો તે પણ જુઓ, આજે પણ રમેશને (પૂ.અક્ષરવિહારીસ્વામીને) ભાવે છે !'

બાળકનો ઉછેર એકદમ ભાવનાથી મમ્મી કરતા ને સઘળી જવાબદારી તેમણે જ ઉઠાવેલી. પપ્પાજી કહે, 'હું શાળાએથી બપોરે આવું ત્યારે મમ્મીજીએ બાળકોને જમાડી કરીને સૂવડાવી દીધા હોય. જેથી મને શાંતિ મળે.'

૧૯૪૧માં દાદુકાકાને ભણવાનું ગોઠવાયું. તેથી મમ્મીજીને અને ચિ.રમેશને પાછા દેશમાં કરમસદ મૂક્યા. ને ત્યાંની શાળામાં અભ્યાસ કરાવવો શરૂ કર્યો. તે છેક ૧૯૪૫માં દાદુકાકાનું ભણતર પૂરૂ થયું ત્યારે પાછાં મમ્મીજી પૂ.રમેશ સાથે મોમ્બાસા આવ્યાં. ને રમેશભાઈ અહીંની શાળામાં દાખલ થયા.

પપ્પાજી કર્મયોગ અને સમાજસેવામાં ખૂબ પરોવાયેલા. તેથી આદર્શ પિતા તરીકે પુત્રને ઉછેરતા. પપ્પાજીએ એકવાર કહેલું, ''હું બોલાવું કે 'રમેશ...' તો રમેશ 'હો..' કહે. તેથી હું શીખવું કે 'હો' નહીં 'જી' કહેવાનું.'' આમ નાની નાની વાતોમાંયે વિવેક નમ્રતા અને વ્યવહારકુશળતા શીખવતા. એકવાર રમેશભાઈ મોમ્બાસામાં બસથી

શાળાએથી જતા હતા. તેઓ ચડ્યા ને ઉતરવાનો સમય આવ્યો ત્યાં સુધી ટિકિટ લેનાર કંડક્ટર આવ્યો નહીં. તેથી રમેશભાઈ પૈસા દીધા વિના, ટિકિટ લીધા વિના ઉતર્યા ને ઘરે આવી ગયા. તે દિવસે પૈસાનો હિસાબ પપ્પાજીએ માગ્યો. તો ઉપરની આખી હકીકત રમેશભાઈએ કહી. તો પપ્પાજીએ સમજાવ્યું - 'આવું આપણાથી ના કરાય. આ છેતરપીંડી કહેવાય. જાવ પાછા ને કંડક્ટરને વાત કરીને ટિકિટના પૈસા ચૂકવી આવો.' ને રમેશને પૈસા આપવા મોકલ્યો. આમ સચ્ચાઈ ને શુધ્ધ સાત્ત્વિક જીવન જીવવાના પાઠ શીખવતા. આ પ્રસંગથી સૌને સમજાય કે પપ્પાજી કેવા પ્રામાણિકતા ને નૈતિકતાના આગ્રહી ને સમાજમાં સાત્ત્વિકતા પ્રેરનારા પિતા હશે!

પપ્પાજી અને મમ્મીજી તેમના મિત્રો સાથે આફ્રિકામાં સિનેમા જોવા જતા. ઘણીવાર રમેશભાઈ સાથે આવવા માટે રડે, 'મને લઈ જાવ.' તો પપ્પાજી મક્કમ મને 'તેના હિતમાં નથી ને તેમની ઉંમર પ્રમાણે સંસ્કાર ન મળે' તેથી કડકાઈથી ના પાડે. તો રમેશ વધુ રડે. તો પપ્પાજી કહે, 'તેને રડવા દઉં ને એને ઘરે જ મૂકી અમે જઈએ. એ ત્રણ કલાક સુધી રડવાનો? અમે જઈએ પછી તે શાંત પડીને સૂઈ જતો. પણ તેની હઠને તાબે નહીં જ થવાનું.' પિતાની કઠોરતા બાળકના વિકાસ ને સંસ્કાર માટે હતી. તેની ઉંમર મોટી થશે પછી તેને સિનેમામાં લઈ જ જવાનો છે ને !

પપ્પાજી ભવિષ્યના હિતનું વિચારીને પુત્રનો સર્વ પ્રકારે વિકાસ થાય ને આદર્શ માનવ બનીને સમાજમાં જીવન જીવે તેવો મહામાનવ બનાવવો હતો. તો સાથે સાથે મમ્મીજી પણ તેની કોઈક હઠ કે શોખ માટે પપ્પાજી સુધી ફરિયાદ ન કરતા, પણ સમજાવટથી બાળકને જીવન જીવવાની શક્તિ દેતા.

એ પછી બાબુભાઈ પપ્પાજીને બે પુત્ર રત્નો જન્મ્યા હતા. જેઓમાં એક પ્રદીપ નામનો પુત્ર ૩ -૪ વર્ષે ડીપ્થેરિયામાં ધર્મજમાં સ્વધામ ગયો હતો. અને ત્રીજો પુત્ર જન્મીને ૨-૪ દિવસમાં જ પાછો ફર્યો હતો.

એક સામાન્ય દેખાતા ગૃહસ્થ પિતાને એક પછી એક એમ બે

પુત્રો સ્વધામ પરત જાય તે કેવું અસહ્ય અને પીડાદાયક હશે ! પણ જન્મ્યા ત્યારથી જ એક સમતાની સમાધિ પપ્પાજીએ ગ્રહી. મોહ, માયા વાસના 'સાપ કાંચળી ઉતારે' તેમ ઉતરી ગઈ તેવું નહીં પણ તેમને સ્પષ્ટ દર્શન હતું કે મારા જીવનમાં દિવ્ય શક્તિ અખંડ કાર્યાન્વિત છે અને તે જ મારું અને મારી આસપાસનું સર્વ કાંઈ આયોજન કરે છે. તેવી દઢીભૂત થયેલ એક વ્યાપક, પરોક્ષ, સર્વોપરી નિરાકાર શક્તિનો સ્વીકાર અને અનુભૂતિ સાથે પળેપળ પપ્પાજી ૧૯૧૬માં જન્મ્યા ત્યારથી જીવ્યા.

'પરાભક્તિની સૌરભ' એ ગુરુહરિ પપ્પાજીએ સ્વહસ્તે પોતાની આત્મકથા લખી છે. તેના શબ્દે શબ્દે પાને પાને દરેક સમયે પ્રસંગે કાર્યમાં દર્શન થાય છે કે 'ભગવાન જ સર્વ કર્તાહર્તા છે ને હિતમાં જ કરે છે.' એ જ્ઞાન પચાવવું શું સહેલું છે ? ૨૫ -૩૦ વર્ષના ગૃહસ્થ કમળાબેન - બાબુભાઈએ આવા બે પુત્ર વિયોગમાં કેવા દર્દભર્યા દિવસો પસાર કર્યા હશે? તેની કલ્પના આજે કરીએ તો હૃદયથી દર્દભર્યા ભાવે પ્રાર્થના કરવાનું મન થાય છે ! પણ એ હકીકત તો ભૂતકાળ હતો અને તે સમયે એ બેઉએ કેવું એકમેકને સાંત્વન અને સહારો આપીને આ પ્રસંગનો ઘા ઝીલ્યો ને રૂઝાવ્યો! જે ક્યારે ય કદીયે આ વાત ચોપડીમાં કે પ્રસંગમાં પપ્પાજીએ વર્ણવી જ નથી. 'ગયું તે ગયું' 'મહારાજની મરજી' સહન કરવાનું બળ માગ્યું પણ હશે ને મમ્મીજીને અને સર્વ કુટુંબીજનોને આપ્યું પણ હશે ને ! તે છેક આ વાત...

૨૦૦૦ની સાલમાં ૨૬મી જાન્યુઆરીમાં ગુજરાત - કચ્છ, અમદાવાદમાં ભયંકર ધરતીકંપ થયો હતો. અમદાવાદના આપણા સત્સંગી પૂ.ઝરણાબેન પરેશભાઈ ગોસલિયા આ ધરતીકંપ પછી ૭-૧૦ દિવસે વિદ્યાનગર પ્રભુકૃપામાં સવારે ૧૦.૩૦ વાગે પધાર્યા. ગુરુહરિ પપ્પાજી બહાર વરંડામાં પોતાના આસન પર બિરાજમાન હતા. ત્યાં જ આ બેન ને તેમના પતિદેવ આવ્યા ને પપ્પાજીના ચરણસ્પર્શ કર્યા. ઝરણાબેને પપ્પાજીની ગોદમાં માથું નાંખીને છૂટ્ટા મોંએ રડવા માંડ્યું. ડૂસકાં પર ડૂસકાં મૂકે ! પપ્પાજી માથે હાથ

ફેરવી સાંત્વન આપે ! ત્યારે સેવક ડૉ.નીલમબેન પણ પ્રત્યક્ષ હાજર હતાં. તેમણે બેનને પકડીને બેસાડ્યાં. પણ તે બેન ખૂબ ખૂબ પોકે પોકે રડ્યા જ કરે. તો પપ્પાજીની આંખમાં પણ આંસુ આવી ગયા. પપ્પા કહે, 'બેન, કેમ રડો છો ? બોલો શું થયું ?' તેમના પતિને પણ પૂછ્યું કે બેનને શું થયું છે ? તો રડતાં રડતાં ઝરણાબેન કહે 'પપ્પાજી ! આ ધરતીકંપમાં મારો એકનો એક દીકરો છ વર્ષનો રૂમની દિવાલ પડીને તેની નીચે દટાઈને ધામમાં પહોંચી ગયો.' એમ બોલીને ફરી રડવાનું શરૂ કર્યું. સેવક પાણી લાવ્યા. પપ્પાજીએ જળ કરી, ધૂન કરી તેમને જળ આપ્યું, સાંત્વન આપ્યું. કેમે ય તે બેન શાંત થાય નહીં.

ત્યાં જ પપ્પાજી અશ્રુભર્યા નયને બોલ્યા, બેન, તમારો તો એક દીકરો ધામમાં ગયો ને !' મારા તો બે દીકરા હતા તે મહારાજ ખૂબ નાની ઉંમરે પાછા તેડી ગયા. જાવ ! મહારાજ તમને બે બાળકો આપશે ! બસ !' એમ કરૂણાસાગર ને દયાળુ મૂર્તિ પપ્પાજીના હૃદય – આત્મામાંથી આશિષ વરસી ગયા. પપ્પાજી બેઉના માથે હાથ મૂકી આશ્વાસન આપતાં કહ્યું, 'ભજન કરજો. ને હું પણ ભજન કરીશ. એમ કરી પ્રસાદ – જળ આપી તેઓને જમવા મોકલ્યા. એ આશીર્વાદ એવા ફળ્યા કે ૨૦૦૫માં તે ઝરણાબેન પોતાના બે પુત્રોને લઈને પપ્પાજીનાં દર્શને પધાર્યાં. અને તેઓ ચારેયનો ફોટો પ્રભુ પપ્પાજી સાથે પડાવ્યો. અને દયાળુ મૂર્તિ પપ્પાજીએ જીવને હાશ કરી દીધી.

આવી પુત્રવિયોગની પીડા મમ્મીજીને પણ થાય જ ને ! પણ પપ્પાજી સમતાના મહાસાગર ને સહનશીલ તો મેરૂ પર્વત જેવા. ધીરજ ને નિષ્કામભાવના તો દૃઢ હિમાલય જેવી ! જેથી બે પુત્રોના વિયોગની વેદનાને કોઈ વાચા આજ દિન સુધી આપી નથી. કોઈનેય જણાવવા યે દીધું નથી એવા પિતા સ્વરૂપે ગુરુહરિ પપ્પાજીની શી વાત કરવી ?

૧૯૩૬માં જન્મેલ પૂ.રમેશભાઈ ! તે પછી બે બાળકો ભગવાનના ઘરે પાછાં ફર્યાં. કમળાબેન અને બાબુભાઈને એક પુત્રથી ખૂબ

આનંદ અને સંતોષ હતો. પણ મોમ્બાસામાં પપ્પાજીના અનેક મિત્રો હતા. જેમાં ઘણા ડૉક્ટરો, વકીલો, ઉદ્યોગપતિઓ હતા. જેઓને બાબુભાઈ માટે ખૂબ માન અને વિશ્વાસ હતો. બાબુભાઈ ખાનદાન અને ઉદાર ઉમદા શિક્ષક છે. સમાજસેવક અને આદર્શ ગૃહસ્થ છે. પરગજુ ને નિસ્વાર્થભાવે સર્વેને મદદરૂપ થાય છે તેવો આત્મીયતા ને મૈત્રીનો સંબંધ સૌ કોઈ તેમની સાથે બાંધવા આતુર રહેતા.

એવા પપ્પાજીના એક ખાસ મિત્ર ડૉ.કર્વે. ખૂબ હોંશિયાર ડૉક્ટર ગણાય. તેમણે ખૂબ આત્મીયતાથી મદદ કરવાના હેતુથી પપ્પાજીને કહ્યું, 'બાબુભાઈ, એક આંખ હોય તે કાણિયો કહેવાય. આપણે બે આંખ જોઈએ.' એટલે કે એકલો રમેશ ન ચાલે બીજો પુત્ર પણ જોઈએ. મમ્મીજીની પણ એવી ઈચ્છા હતી કે એક બીજું બાળક હોય તો સારૂં. પપ્પાજીની ઈચ્છા નહોતી. પૂ.કમળાબેનની તબિયત સારી નહોતી રહેતી તેથી ડૉ. કર્વેએ કહ્યું કે 'મારી જવાબદારી. હું કાળજી રાખીશ.' ને ડૉક્ટરે પોતે વચન આપ્યું.

પપ્પાજી સ્વયં આત્માથી જોગીમહારાજને ભગવાન માનતા હતા. પણ ત્યારે પૂર્ણ સત્સંગપ્રધાન જીવન ન હતું. બુધ્ધિપૂર્વકનું સાત્ત્વિક સંયમિત જીવન ! શ્રેય માટે જે યોગ્ય હોય તે જ પપ્પાજીના આચરણમાં આવે અને પ્રેયનો સહજભાવે ત્યાગ રહેતો. પપ્પાજી કહે, 'મને દુઃખી કરી શકે તેવા કોઈ વ્યક્તિ કે પ્રસંગ ક્યારેય મારા જીવન ઉપર હાવી કરી શકતો નહીં.' તેવી સ્વાભાવિક જન્મજાત સ્થિતપ્રજ્ઞતા હતી. પપ્પાજીના (સાવકા) મોટાભાઈ ચુનીભાઈના દીકરા ચંદુભાઈની પત્ની કલાભાભી ઘરે રસોઈ બનાવવા આવે. ઘરની પૂરી સંભાળ રાખતા. એ રીતે તેમને પણ પપ્પાજી - મમ્મી અને આવનાર અક્ષરમુક્ત પ્રફુલ્લભાઈની જાણેઅજાણે સેવાની તક મળી.

સર્જન મિત્ર ડૉ. ચીમનભાઈ (સી.જે.પટેલ) કહેતા કે આ મમ્મીજી હવે બચી નહીં શકે. ત્યારે પરમ શ્રધ્ધાવાન પપ્પાજી કહે, 'હવે આવું બોલવું નહીં. જે પ્રસંગ પ્રકૃતિ સામેનો જંગ માંડ્યો છે તે ડૉ.કર્વે અને હું બેઉ સવળી વિચારસરણી અને વૈજ્ઞાનિક મદદથી જીતી જ

લેવાના.' આમ આ વાક્ય પર પપ્પાજીની જીવનશૈલી અને વિચારમાં દઢતા – ક્યાંયે ડર થડકો ચિંતા કે હવે શું થશે ? કેવી રીતે થશે ? તેવું નહીં. જે આવે તેનો રસ્તો શોધીને ઉપાયો કરતા રહેવું છે. દઢ નિશ્ચય ને મનોબળ પપ્પાજીને હતું તો આરામમાં રહેલાં મમ્મીજીને પપ્પાજી ખૂબ ધીરજ, સમજ અને પ્રેમથી ઉત્સાહપ્રેરક વાતોથી શક્તિ આપતા. આ બાજુ ડૉ.કર્વેની સારવાર અને પપ્પાજીનો પ્રેમ અને સાથ. કીડની ખરાબ થઈ, સોજા ખૂબ ચડી ગયેલા. મમ્મીથી સહન ન થયું. ને તેમને પછી પંડ્યા ક્લીનિકમાં દાખલ કર્યાં.

૧લી ઑક્ટોબર, ૧૯૫૦ સાંજે પાંચ વાગે અક્ષરમુક્ત પ્રફુલ્લભાઈનો જન્મ થયો. તેમાં મમ્મીને ખેંચ જોબો આવ્યો. ખૂબ સીરીયસ થઈ ગયાં અને બાળક ૩॥ રતલનું જ હતું. ડૉક્ટરોએ હાથ હેઠા મૂક્યા. કહે, 'બાબુભાઈ આજની રાત ખતરો છે. આપણે બધો ટ્રાય કર્યો. હવે ભગવાન બચાવે તો જ બચે એમ છે. જરા ચિંતાજનક પરિસ્થિતિ છે.'

આ સાંભળી દઢ નિશ્ચય ને મક્કમ હૃદયે પપ્પાજી ઘરે ગયા. ડૉ. સી.જે.પટેલને ત્યાં શ્રીખંડ-પૂરી જમવાનાં હતાં. તે જમતાં જમતાં પપ્પાજીથી એક સંકલ્પ થઈ ગયો. ને જોગીમહારાજનું શરણું સહેજમાં લેવાઈ ગયું. આ બતાવે છે કે પપ્પાજીને પહેલેથી જ જોગીમહારાજમાં નિષ્ઠા ને સર્વોપરીભાવ હતો જ. એ સંકલ્પ પણ કેવો ! શુધ્ધ, તટસ્થ, નિર્વાસનિક અને સર્વોપરી જોગીમહારાજ છે તેવો !

- બુધ્ધિ હારી છે.
- તમે ઉપાયભૂત થજો.
- એકને બચાવો ! બેને બચાવો !
- એકને મારો કે બેને મારો !
- હું તમારા પર છોડું છું.
- મેં મારી ફરજ બરોબર બજાવી છે.
- હવે તમારું કામ.
- જે કરો તે મને માન્ય છે.

આ સંકલ્પ પરથી આપણને પપ્પાજીની આત્મશક્તિ, દઢ નિષ્ઠા

અને જોગીમહારાજની સંપૂર્ણ શરણાગતિ, અક્ષરમુક્ત પ્રફુલ્લભાઈના આ પ્રસંગ પરથી આપણને સૌને પપ્પાજીની કેવી મક્કમ ને નિશ્ચલ જીવનશૈલી હતી તેનો ખ્યાલ આવે.

ગીતાનો અનાસક્તિ યોગ જે – 'કર્મણ્યે વા અધિકારેસ્તુ મા ફલેષુ કદાચનમ્'. 'કર્મ કરવાનો જ મને અધિકાર છે. ફળની અપેક્ષા કોઈ નથી.' એ સનાતન સત્ય જાણે પપ્પાજીનું સહજ જીવન હતું.

૧૯૫૦નો આ પ્રસંગ. તો આજે વિચાર આવે છે – પપ્પાજીને ૧૯૫૨માં સાક્ષાત્કાર થયો પછી પપ્પાજી તેમના આશ્રિત સર્વે ભક્તો, સાધકો માટે પણ આવી જ સ્થિતપ્રજ્ઞતા ને તટસ્થતાથી જ પ્રાર્થના કરતા હશે ને! કોઈપણ જીવની જવાબદારી લે તેની પાછળ શ્રમ કરે. – બુધ્ધિ છોડી પ્રેમ, પ્રાર્થના અને તન, મન, ધન અને આત્માથી સંપૂર્ણ ૧૦૦% ફરજ બજાવે. અને પછી એ સાધકની પ્રગતિ માટે એ જોગીમહારાજને સંકલ્પથી કહેતા જ હશેને !

– આને પરમ ભાગવત સંત બનાવો

– યા ન બનાવો

– જેવી તમારી મરજી

– મેં મારી ફરજ બરોબર બજાવી છે.

– હવે તમારું કામ. જે કરો તે માન્ય છે જ !

આવા આત્મપિતા પપ્પાજી ! જે કેવળ નિસ્વાર્થ અને નિસ્પૃહી ! આત્મપ્રેમી અને અનુસાશિત. પપ્પાજીની પ્રાર્થના અને સંકલ્પ ! તો આપણે જ આપણા ગુરુ બનીને પપ્પાજીના માનસ પુત્ર તો છીએ જ તેવું માનીને અંતર્દષ્ટિ કરીએ. પપ્પાજીએ તેમની ફરજ–સ્મૃતિ, સેવા, સાંનિધ્ય, જ્ઞાન અનંત આપીને, અનંત વાર આશિષ આપીને મૂર્તિસભર જ રહેવાય તેવા પ્રયત્નો આયોજનો કર્યા જ છે. તો હવે આપણી ફરજ શું ? તેનું મનન, ચિંતન, નિદિધ્યાસ અને મૂર્તિનો સાક્ષાત્કાર કરી લઈએ ! તેમના સાચા વારસદાર બનીને તેમને હૈયે સનાતન આનંદ હેલી વહ્યા જ કરે તેવું જીવન જીવતા અક્ષરમુક્ત આપણે સૌ બની રહીએ.

બીજે દિવસે મમ્મીજીને ફરી ખેંચ આવી ને ઝોબો આવ્યો. પણ

ભગવાને મદદ કરી, રક્ષા કરી. ને બંનેને બચાવી લીધાં. આ પ્રસંગે પપ્પાજીએ દઢતાથી અનુભવ્યું કે પ્રકૃતિપુરૂષથી પરના બાપા છે જ. ને બુધ્ધિ હારી ને સર્વોપરી જોગીમહારાજની દઢ નિષ્ઠા થતી ગઈ !

૩ || રતલના પ્રફુલ્લચંદ્રને દર કલાકે, બે કલાકે ડૉક્ટરની સલાહ પ્રમાણે કપડામાં મોસંબી છોલીને મૂકવાની ને તેનાં ટીપાં તે બાળકનાં મોંમાં મૂકવાનાં. એનું વજન રોજ કરવાનું રહેતું. આવી નાની નાની રોજની કાળજી પપ્પાજી સ્વયં રાખતા ને પ્રફુલ્લભાઈનું જતન કરતા.

૧૯૯૪માં સોનાબાની રૂમમાં પપ્પાજી બિરાજમાન હતા. સોનાબાની તબિયત સારી નહોતી તેથી બાને જોવા માટે પ્રફુલ્લભાઈ આવ્યા. બધા બેઠા હતા. જ્યોતમાંથી બહેનોએ તેમને માટે નાસ્તો વગેરે આપ્યો. તો પ્રફુલ્લભાઈ ના પાડે. તેથી આગ્રહ કર્યો, તો પણ ના પાડે.

તેથી પપ્પાજી સ્વયં બોલ્યા, 'અરે તું નાનો હતો ત્યારે તને કપડામાં મોસંબી મૂકીને ટીપે ટીપે રસ પીવડાવ્યો છે. તે ૩ || રતલનો હતો તે હવે ૨૦૦ રતલનો થયો ને મોટો થઈ ગયો ! તે અમે કહીએ તે પ્રસાદ લેતો નથી ! ચાલ' એમ કરીને પપ્પાજીએ તેમના જન્મ વખતની અને પછીની તેમની જે સંભાળ લીધી હતી તે વાત સ્વયં કરી હતી.

આવી રીતે પ્રીતભરી માવજત અને સતત વિજ્ઞાનની મદદથી જ્યારે જે કરવાનું ડૉક્ટર કહેતા તે એકદમ ચોકસાઈ અને ચીવટાઈથી કરતા અને જેમ જેમ બાળકોની ઉંમર વધતી ગઈ તેમ તેમ તેઓને જ્ઞાનભરી સૂઝ અને શિસ્તની પ્રેરણા સ્વયં વર્તીને આપતા. મોટા પુત્ર રમેશનો જન્મ ૧૯૩૬માં અને પૂરાં ચૌદ વર્ષ પછી પ્રફુલ્લનો જન્મ ૧૯૫૦માં. તેથી બેઉની ઉંમર પ્રમાણે બેઉને જુદી જુદી રીતે ઉછેરતા. પૂ.મમ્મીજી પપ્પાજીની મરજી જાણીને બાળકોને સાચવતાં. ક્યાંયે ગુસ્સો કે વઢવાનું નહીં. પણ પ્રેમથી સમજાવટથી બધું કરાવતા. પુત્ર માટે કયા પિતાને પ્રીતિ ન હોય ? એ પ્રીતિ થકી જ બાળકો તેમના પિતાનાં પ્રેમલ જતનથી આનંદમાં ઉછરવા લાગ્યાં. સાત્ત્વિક જીવનમાં સત્યનિષ્ઠા અને સ્વતંત્રતા હોવા છતાંયે સ્વછંદતા ન આવે તેની

મમતાભરી દેખભાળ બેઉ માતાપિતા રાખતા અને વિકસતા પુત્રોને સંસ્કારી અને અંતરથી નિર્દોષ જોઈને ખૂબ ગૌરવ અનુભવતા.

અભ્યાસમાં પણ પપ્પાજી સ્વયં પોતે અને એમના બીજા બધા મિત્રો ચિ.રમેશનું ખૂબ ખ્યાલ-સંભાળ રાખીને વિવિધ વિષયોમાં પારંગત કરવાની મદદ કરતા. જોકે તેઓ મધ્યમ કક્ષાના જ વિદ્યાર્થી હોવા છતાંયે બાળકોને મારપીટ કે શિક્ષાઓ આપીને ઉછેરતા નહીં. આવા દેવ જેવા માતાપિતા પામીને બેઉ પુત્રો ધન્યતાનો જ અનુભવ કરતા હશે ને ! પપ્પાજી કહેતા કે "બાળકોનાં સર્વાંગ રીતે વિકાસ માટે મારી કડકાઈ જબરી. એકવાર મારી 'હા તે હા' ને 'ના તે ના'તે માટે હું હઠ રાખતો પણ સાથે સાથે ટકટક કે ટીકા ન કરતો. ધીરજ રાખીને, વિશ્વાસ રાખીને બેઠું ઘડતર રમેશનું થાય તેની સંપૂર્ણ જવાબદારી લીધેલી. બાળક તો કૂમળાં છોડ સમાન. જેમ વાળો તેમ વળી જાય. વધારે જોર કરીએ તો તૂટી જાય ! રાખરખાવટ, ખાવાપીવા, ફરવું હરવું, વસ્ત્રો પરિધાન સર્વેમાં તેઓની પસંદગી શિરોમાન્ય. તેમને જે પસંદ તે સ્વીકાર્ય. પણ સિધ્ધાંત માટે કદીયે પુત્ર-પ્રેમની વાસનાથી વર્તતો નહીં - 'હશે મરશે' એમ નહીં પણ જ્યાં સુધી બાળકોમાં સ્વયંનું અનુશાસન ઉદય ન થાય ત્યાં સુધી સારા સંસ્કાર આપવા તેનું તટસ્થભાવે નિયમન, સ્નેહ અને અંતઃપ્રેરણાથી હું કર્યા કરતો. પૂ.મમ્મીજી પણ ક્યાંયે બાળકોનો પક્ષ ન લેતાં કે મારા વર્તનનો વિરોધ કરતાં તેવું નહોતું. મમ્મી પણ મારા પ્રેમાળ જતનને, કડકાઈને સ્વીકારતાં ને આવકારતાં. અને મારૂં માન-સન્માન પુત્રો કરે તેવું વર્તીને શીખવતાં." પિતા-પુત્રના સંબંધનો અદ્‌ભુત વિવેક અને આંતરિક પ્રીતિથી બેઉ બાળકો ઉછર્યા.

જ્યારે બધું જ દેવું પૂરૂં થઈ ગયું અને ગીરો જમીન છોડાવી લીધી તે પછી પપ્પાજીએ દાદુકાકાને કહ્યું કે આપણે ડૉ.નાથાભાઈ ફેમીલીનું એક ટ્રસ્ટ કરીને જવું. જેથી આપણા છોકરાઓ આપણી કમાણીનું વેડફી ન નાખે. વળી તે ટ્રસ્ટના વ્યાજમાંથી ગરીબ વિદ્યાર્થીઓ ભણે, આગળ વધે. આવો આદર્શ પપ્પાજીનો !

૧૯૫૨માં ૧૭મી એપ્રિલે દાદુકાકાને જોવા પપ્પાજી ભારત દેશમાં

પધાર્યા... અને વિવિધ પ્રસંગો ગોઠવીને પહેલી જૂન ૧૯૫૨ના બાપામાં પપ્પાજીને સાક્ષાત્કાર થયો અને જ્ઞાનસમાધિ થઈ ગઈ ! હું જોગીનો જ પ્રકાશ–દાસ એ સનાતન સત્ય રોમેરોમમાં પ્રગટી ગયું. પપ્પાજી દેશમાં પૂ.મમ્મીજી અને દોઢ વર્ષના પ્રફુલ્લભાઈને લઈને આવ્યા હતા. અને રમેશભાઈને શાળામાં ભણવાનું ચાલુ હતું તેથી ડૉ. સી.જે. પટેલના ઘરે ભણવા માટે રાખેલા. પપ્પાજી પોતાનું મકાન, ગાડી, બેંકનું બધું જ કામકાજ તેમનું તેમ જ રાખીને દાદુકાકાની તબિયત માટે દેશમાં દોડીને આવેલા. અને નક્કી કર્યું હતું કે જો
૧) દાદુકાકાને માનસિક બીમારી હોય તો તેને મોમ્બાસા લાવીને સારવાર કરાવીશ.
૨) દાદુકાકાને જો સાક્ષાત્કાર થયો હોય તો હું પણ તેનો અનુભવ કરું અને યોગીજીમહારાજનો દૃઢ આશરો પામું અને તેમનો અનુભવ કરું.
૩) ત્રણ મહિનામાં જ બધું વ્યવસ્થિત ગોઠવાઈ જાય તો પાછા મોમ્બાસા આવી જવું.

...પણ યોગીજીમહારાજે તો કાકાજીની ઉપશમ અવસ્થાનો ઉપયોગ કરીને બાબુભાઈની નાનાભાઈ વિશેની પ્રીતિ જાણતા હોઈ દેશ બોલાવી લીધા અને પોતાના યુગકાર્યની સોંપણી કરવાનો નિશ્ચય કરીને સાક્ષાત્કાર કરાવી લીધો !

પપ્પાજીને સાક્ષાત્કાર થયો ને બાપાની આજ્ઞા લેવા ગયા. ત્યાં બાપા કહે, 'અહીં રહો.' આ બે શબ્દોમાં બાપાએ પોતાના અનન્ય ભક્ત પપ્પાજીનું સર્વસ્વ લઈ લીધું. 'અહીં રહો' એટલે મોમ્બાસા છોડો - જવું નથી - નોકરી જતી કરો - ઘર, ગાડી, પૈસા વિ. ત્યાગીને અહીં દેશમાં જ રહો. ત્યાં મોમ્બાસામાં તેમની નિર્મળ કીર્તિ અને અદ્‌ભુત નામના ને સમાજસેવામાં સત્યનિષ્ઠાભર્યું જીવન હતું કે સૌ કોઈ 'બાબુભાઈ' નામ પડે ને તેમના સત્‌ચરિત્રથી તેમની આગળ ઝૂકી જતા. તે બધું જ એક જ ધડાકે બાપાએ છોડાવી દીધું. તે કેવું - કે પપ્પાજી તે પછી, ૧૯૫૨ પછી કદીયે મોમ્બાસા પાછા ગયા નથી. પોતાના સામાન કે બેંકના કામ માટે પણ નહીં. બધું જ પપ્પાજીના મિત્રોએ ત્યાં સમેટી લીધું અને દેશમાં જરૂર જેટલો સામાન

મોકલી આપ્યો ! એ કેવું ભવ્ય સમર્પણ પપ્પાજીનું ! અને આજ્ઞા આપનાર યોગીજીમહારાજને કેવો દઢ વિશ્વાસ કે 'અહીં રહો' જેવા ટૂંકા વચનમાં લોક, ભોગ, દેહ તત્કાળ મૂકાવી દીધા. અને બીજી આજ્ઞા 'દાદુભાઈ સાથે કામ કરો.' પપ્પાજી કહે, 'હું માસ્તર અને દાદુભાઈ સાથે ધંધામાં!' એમાં તો ખરૂં ખોટું કરવું પડે ને શિક્ષકને તો સદાયે સદાચાર અને સાત્ત્વિક વિચાર, વાણી, વર્તન હોય ! અને વળી ત્રીજી આજ્ઞા 'કોઈનું જોશો નહીં.'

૧૯૫૩માં ચિ.રમેશભાઈની મોમ્બાસાની શાળાનું પરિણામ આવ્યું એટલે મુંબઈ કાયમ માટે બોલાવી લીધા અને ત્યાંની શાળામાં મૂક્યા. સાક્ષાત્કાર પહેલાંના પોતાના પિતાને 'બાપુજી' જેવા હુલામણા નામથી રમેશભાઈ તો બોલાવે. પરીક્ષા પૂરી થતાં તે રમેશભાઈ ૧૬ વર્ષની ઉંમરે મુંબઈ આવ્યા અને ન્યુ ઈરા શાળામાં ભણવા લાગ્યા.

પણ મોમ્બાસાના પિતા અને મુંબઈના સાક્ષાત્કાર પામેલા પિતા – તે બેઉનો આભ-જમીન જેવો અલગ વ્યવહાર અને વર્તન ! રમેશભાઈ તો રડવા લાગ્યા. અને પપ્પાજી તો પોતાની સમાધિમાં જ રહીને તટસ્થભાવે ભજન કરીને, મૌન રહીને પોતાના ધ્યેયમાં અડગ રહેતા. બહુ દિવસ આવું ચાલ્યું. તે એકવાર રમેશભાઈએ સોનાબાને વાત કરી કે પપ્પાજી મારી સાથે બોલતા નથી. ત્યારે સોનાબા સાચા સંત. તે કહે, 'હવે પપ્પાજી બાપાના થઈ ગયા છે તો તું બાપાનો થઈ જા તો તે તારી સાથે બોલશે.'

બસ રમેશને કેવી અલૌકિક આત્મપ્રીતિ હશે કે 'મારા બાપુજી – પપ્પાજી મારી પર પ્રસન્ન રહે તે માટે હું યોગીજીમહારાજનો થઈ જાઉં !' અને તેથી તેઓ પોતાના બધા જ ભાવ-લાગણીને યોગીજીમહારાજની સાથે જોડીને પપ્પાજીની પ્રસન્નતા માટે મંડી પડ્યા ! રમેશભાઈને થાય કે મારામાં ભગવાન ભજવાનાં એકેય લક્ષણ જ નથી ને ! તો પપ્પાજીએ પ્રાર્થના કરી કે, 'સ્વામી ! આ રમેશને તમે ગ્રહણ કરો ને !' પપ્પાજી કહે, 'મેં સંકલ્પ કર્યો ત્યારથી રજામાં બાપા તેમની સાથે રમેશને ફેરવે.'

એકવાર શાળાની રજાઓમાં સ્કૂલમાંથી વિનોબાભાવેની શિબિરો

કરવા લઈ જતા હતા, તેમાં રમેશને પણ જવાનું હતું. તેથી રમેશે પપ્પાજીને કહ્યું કે, 'સ્કૂલમાંથી શિબિરો કરવા લઈ જાય છે, તેમાં મારેય બિલીમોરા જવાનું છે.' પપ્પાજી કહે, 'મને થયું કે રમેશે આ બાપાને છોડીને જવાનું !' પણ રમેશ કહે, 'મેં બાપાને પૂછયું. તો બાપા કહે, 'હા જાવ.' પપ્પાજી કહે, 'મને થયું કે આ અહીં બાપા પાસે રહે તો સારું.' પપ્પાજી કહે, 'મેં સહેજ પ્રાર્થના કરી, મોઢે કહેવાની તો વાત જ નહીં. વાદવિવાદ જ નહીં. પ્રાર્થના જ.' તો સ્વામીબાપા રમેશને કહે, 'રહી જાવને હવે ! ના જાવ ને !' એમ સ્વામીએ પપ્પાજીની પ્રાર્થનાથી રમેશનો કેસ હાથમાં લીધો અને પોતાની દિવ્ય મૂર્તિમાં ખેંચ્યો!

સર્વે ગૃહસ્થ હરિભક્તોએ પપ્પાજીના આ પ્રસંગ પરથી દાખલો શીખવાનો. આપણા બાળકો માટે આ સત્સંગ ને સંતનો જોગ આપવો ખૂબ જરૂરી છે પણ ચર્ચા કે સલાહ નહીં. ભજન જ અને ગુરુ ગ્રહણ કરે પછી માતાપિતા છૂટ્ટા ! તો હે ગૃહસ્થ હરિભક્તો! આપ સૌ પણ પપ્પાજીની આવી રીત વર્તનમાં અજમાવીને આપના પુત્ર-પુત્રીઓને આ સાચા દિવ્ય સત્સંગમાં જોડીએ અને ભક્ત બનાવીએ.

૧૯૬૧માં એ જ રમેશને બાપાએ એકાવન સાધુમાં સાધુ બનાવવાનો સંકલ્પ કર્યો ત્યારે પપ્પાજી કહે, 'મને થયું કે હવે એની જોડે દેહના પિતા તરીકે સંબંધ રાખવાનો નહીં. અટલાદરામાં પાર્ષદ દીક્ષા આપી. ને મેં રમેશ સાથેનો સંબંધ છોડી દીધો.' પછી અટલાદરામાં બાપાએ પપ્પાજીને બોલાવ્યા અને કહ્યું કે, 'અદા ને વૈજનાથભાઈ મુક્તનો સંબંધ રાખતા તેવો તમારે રમેશ સાથે સંબંધ રાખવો.' રાજકોટના ગૃહસ્થ ગુણાતીત સત્પુરુષ પૂ.ગુરુ કૃષ્ણજી અદા તેમના એકાંતિક પુત્ર વૈજનાથભાઈ સાથે આધ્યાત્મિક સંબંધ મુક્ત માનીને રાખતા હતા તેવો આદર્શ પિતા-પુત્રનો સંબંધ રાખવાની બાપાએ આજ્ઞા આપી.

પપ્પાજીએ રમેશની સાધુતાની સાધનામાં ક્યાંક નડતરરૂપ આવે તેથી પિતા તરીકે નાતો છોડી દીધો! પણ બાપાને ખબર હતી કે બાબુભાઈનો પ્રેમ આ રમેશ જેવા પુત્રને આધ્યાત્મિક દોરવણી

આપશે. બળ અને પ્રેરણા આપશે અને બાપાનો સમાજમાં યથાર્થ મહિમા સમજાવશે.

જેવો પપ્પાજીને સાક્ષાત્કાર થયો તેવો જ, તત્ક્ષણ પપ્પાજીના રોમેરોમમાં યોગીજી અને તેની પરાભક્તિ પ્રગટી ગઈ ! કેવળ ઈન્દ્રિયો અંતઃકરણથી જ નહીં પણ મન-બુધ્ધિ ચિત્તમાં કેવળ પરમ પ્રકાશ અને દેહાતીત, ભાવાતીત અવસ્થામાં પરબ્રહ્મ તત્ત્વનો આવિર્ભાવ !

આવા સંપૂર્ણ રૂપાંતરણ પામીને બ્રહ્મરૂપ થયેલા પિતા બાબુભાઈને ગૃહસ્થી તરીકે 'સંસાર માત્ર નાટક' મનાયેલુ ! પણ 'ભાવનાસે કર્તવ્ય બઢકર હૈ' એ સૂત્રથીયે વિશેષ જેની જવાબદારી ગૃહસ્થાશ્રમમાં લીધેલી તે સંપૂર્ણ પૂરી કરવાની પણ તેવી જ લગની.

છતીંદેહે પપ્પાજીને આત્માનો સંપૂર્ણ સ્વધર્મ સ્પષ્ટ દેખાઈ ગયો. જેમ ચૈતન્ય મહાપ્રભુને થયેલું કે એક શ્રી કૃષ્ણ જ દેખાતા. તેમ નહીં. પપ્પાજી તો જ્ઞાનસમાધિમાં પ્રવેશ્યા. બુધ્ધિમાં એવું જ્ઞાન બાપાની કૃપાથી ઉદય થયું કે 'બાપાને શું ગમે ?' તો ખરેખર હું અન્ય બહેનોને બ્રહ્મરૂપ કરી શકું તો મારાં ધર્મપત્ની કમળાબેનને કેમ ન કરી શકું! તો વળી દુનિયામાં અન્ય કોઈનેય પણ બાપાનો મહિમા ઉગાડી શકું તો આ મારા પુત્રો રમેશ અને પ્રફુલ્લને કેમ નહીં ! તેઓ દેહનાં સગાં છે તેમને મારી સાથે હેત છે, વાસના છે, મમતા છે પણ મને તો તેમની જવાબદારી પહેલેથી જ બાપાએ આપેલી છે તો પપ્પાજી કહે એમાં અઘરું જરૂર પડે પણ મારે તો અંતરથી સંબંધ નહોતો. વાસના ટળી ગઈ હતી. તેથી બાપાને પ્રાર્થના કરી કે આ બેઉ પુત્રોને ત્યાગ વૈરાગ્ય ઉદય કરાવી દો ને તમારું શરણ આપો. તમારું સ્વરૂપ ઓળખાવી દો. તો તે પ્રાર્થના પણ બાપા માન્ય રાખે જ ને !

પપ્પાજી જલકમલવત્ જનકવિદેહીની જેમ જીવન જીવતા. તેથી તત્કાળ બાપા તેમના સંકલ્પ ભજન, જતનથી જાણીને રમેશ અને પ્રફુલ્લને ગ્રહણ કરી લેતા. પપ્પાજી કહે, 'મારી પુત્રોની જવાબદારી તેઓ ૨૧ વર્ષના થાય ત્યાં સુધી ભણાવવાની અને પછી તેઓ જે નક્કી કરે તે.' તેથી પપ્પાજીએ પોતાનું વીલ બનાવી દીધું. મિલકતના

ચાર ભાગ પાડ્યા.

વિદ્યાનગર જ્યોતની જે હાલ જમીન છે તેનો એક પ્લોટ રમેશભાઈને ભાગે આવેલો. પછી તે ૧૯૬૬માં ગુણાતીત જ્યોત ટ્રસ્ટને ભેટ આપી દીધેલો. એમના નામે બેંકમાં ખાતુ ખોલીને કહ્યું કે આ પૈસા તારા. તેમાંથી તું બી.કોમ. થા, તારાથી ભણાય તેટલું ભણ, જે કરવું હોય તે કર. પણ તારા પોતાના પૈસાથી કર. એમ એને સ્વતંત્ર કરી દીધેલો. તેની પર મારો કોઈ હક્ક નહીં. તેમ મારી પર પણ તેનો કોઈ હક્ક નહીં. તેવું જાણપણેયુક્ત ચારેય જણા એક કુટુંબના હોવાં છતાંયે સ્વતંત્ર વર્ત્યા. બેઉ પુત્રોને કોઈ ફરિયાદ નહીં કે કોઈ માંગ નહીં. તેવા તટસ્થ અને ઉદાર વિશાળ હૃદયવાળા માનવ બનાવી દીધા.

એકવાર રમેશભાઈ માટે એક છોકરીનું માગું આવ્યું. બધા જ આગ્રહ કરે કે આ બેનનું રમેશ સાથે નક્કી કરો જ. તે વખતે રમેશ સ્વામીબાપા જોડે યુવક તરીકે વિચરણ કરતો હતો. તો બધાં તેને ત્યાંથી મહુધા ગામમાં એ છોકરી બતાવવા લઈ ગયા. પૂ.રમેશભાઈ ભલા તે મોટા ગૃહસ્થ હરિભક્તોએ કહ્યું તો તે છોકરી જોઈ આવ્યા. આ હરિભક્તોએ દાદુકાકાને વાત કરી ને લગ્નનું નક્કી કરવા કહ્યું. દાદુકાકા એકદમ હોંશિયાર. હા... હા... ના... ના... હા... હા... એમ બધાંને રમાડે. કોઈકવાર કહે ‘દાદા ના પાડે છે.’ તો બધા દાદા પાસે ગયા અને હા પડાવી લાવ્યા, ને છોકરીને અરોપ્લેનમાં મુંબઈ લઈને આવ્યા. પપ્પાજી કહે, ‘હું તો તટસ્થ જ.’ ‘બાપા, શું કરવાનું છે ? સૂઝાડ !’ પ્રાર્થના કરતા કરતા પપ્પાજીએ એકાંતમાં રમેશને લઈ જઈને પૂછ્યું. ‘તને સ્વામીએ શું કહ્યું છે ?’ તો રમેશ કહે, ‘બાપાએ તો સાધુ થવાનું કહ્યું છે.’ પપ્પાજી કહે, ‘તો હું જરા કડક થયો. તો તું શા માટે છોકરી જોવા ગયો ? બાપાની આજ્ઞાનું શું ? તમે બેઉ સાથે સાધુ થશો? તારે લગ્ન કરવા હોય તો કર. મારી ના નથી. સાધુ ના થવું હોય તો તું જાણે. પણ પરણ્યા પછી બાપ-દીકરાનો સંબંધ નહીં રહે. પરણ્યા પછી મારી સાથે નહીં રહેવાનું. તું જાણે ને તારું કામ જાણે. અને સાધુ થઈશ તો તો તું આપણો

છે જ ને !' આમ ચાર કાને વાત કરી દીધેલી.

રમેશભાઈને પપ્પાજીની સાથે અસાધારણ પ્રેમ હતો. તેથી પપ્પાજી જેમાં રાજી તેમ જ કરવું છે એવું હૃદયથી દૃઢ થઈ ગયું. આ બાજુ છોકરી આવી ને બધા પાસે 'હા' પડાવી દીધી. દાદુકાકાએ પણ હા પાડી. પપ્પાજી કહે હવે હું એકલો રહ્યો. અંતરથી બાપાને પ્રાર્થના કરતો'તો. ઑફિસમાં બધા બેઠા હતા. બધા પપ્પાજીને કહે તમે હા પાડો ને આ છોકરીને રમેશ સાથે પરણાવો. પપ્પાજી કેવા સ્પષ્ટ છે તે પરાભક્તિની સૌરભ પુસ્તક પાનનં.૧૧૮માં વાંચીએ તો સમજાશે. પપ્પાજી કહે, 'જુઓ. બાપાએ કહ્યું છે. દાદા ને દાદુભાઈ પણ હા પાડે છે. મને સવાલ નથી. રમેશ કહેતો હોય તો કરો. પણ જે દિવસે એ લગ્ન કરશે તે બીજે દિવસે તેને હું જુદો કરી દઈશ. પોતાના પગભર રહે ને જીવનનિર્ભર કરે. દાદુભાઈ બાબુભાઈની આ કંપનીમાં તેનો ભાગ નથી. અને ભાગીદાર નહીં થવા દઉં. એ માટે તમે પરણાવતા હો તો તમે સ્પષ્ટ સમજી લો. કે એના લગ્ન પછી બીજે જ દિવસે અમારે લેવા દેવા નહીં. અમે બાપાને પૂર્ણ સમર્પિત થયેલા છીએ. બાપાના સંકલ્પમાં ભળે તેટલા જ અમારા. બાકી અમારે દેહના સગાં સાથે કોઈ સંબંધ રખાય નહીં. ૨૧ વર્ષના થાય ત્યાં સુધી અમારી જવાબદારી. ના પરણે ત્યાં સુધી અમારી ફરજ છે. એનું ભવિષ્ય, એના પૈસા-ભાગ એને આપી દીધો છે. એ એની મેળે જે નિર્ણય કરે ને જે કરે તે. અમારી રીતે બાપાના આશરે જાય તો અમારો. નહીં તો નહીં જ.' એવું પપ્પાજીએ દૃઢપણે સૌને જણાવી દીધું !

હે ગુણાતીત સમાજના ભક્તો ! પપ્પાજી તો યુગકાર્ય કરવા પ્રગટેલા સંપૂર્ણ ગુણાતીત પુરૂષ. તેથી... વળી રમેશભાઈના ચૈતન્યનું દર્શન હતું. તે સાધુ થવા જ જન્મેલા. કેટલાંયે જન્મોથી મહારાજના પરમહંસ : શ્રી સ્વરૂપાનંદસ્વામીનો અવતાર છે તેનું પપ્પાજીને સ્પષ્ટ દર્શન હતું. તેથી તેની આધ્યાત્મિક ચૈતન્ય શુધ્ધિની સાધના આગળ વધારવાની સંપૂર્ણ જવાબદારી પ્રગટ ગુણાતીત સત્પુરૂષ તરીકે પપ્પાજીની હતી તેથી સગાંવ્હાલાં, કુટુંબીઓ અને સમાજમાં ખરાબ

બનીને પણ રમેશના જીવને, ચૈતન્યને જગતમાં જવા ન દીધો. અને પોતે ભજન-પ્રાર્થના, સંકલ્પથી, એને આત્માથી પ્રેમ - પ્રાર્થનાથી પ્રગતિના પંથે વાળી દીધો.

બહુધા સમાજના હરિભક્તોની આ વાત નથી. તેઓએ તો પોતાના ગુરુહરિ, ગુરુની આજ્ઞા પાળીને સમન્વય કરીને પુત્ર કે પુત્રીને સાધુ કરવા કે પરણાવવા તે નિર્ણય કરવાનો છે. ૨૧ વર્ષના થાય એટલે તેને પોતાના ગુરુ અને ગુરુહરિ હોય. તેને પોતાની મૂંઝવણ, તકલીફ પોતાના ભજનથી ઉકેલતા આવડી જાય અને ક્યાંયે કોઈની ખટપટમાં અભાવમાં પડ્યા વિના બહેનોની, સંતોની, ભક્તોની સેવા કરવાનો ખપ ઉદય થઈ જાય તેવું સિંચન, જતન અને ભજન કરવાનું અને નિત્ય પ્રત્યે એ બાળકો પણ જેમ તમારી સૌની નિષ્ઠા ને શ્રધ્ધા અને દઢ ભક્તિ છે તેવી તેમની અખંડ રહે તેવું પ્રેમ અને પ્રાર્થનાથી ઉગાડવાનું છે.

પપ્પાજી તો ચૈતન્યદર્શી અને ચૈતન્ય શિલ્પી. તેના જેવું ન વર્તાય કે ન કરાય. તેને તો રાજી કરાય. તેની આજ્ઞામાં રહેવાય. તેની મૂર્તિ ધારીને સ્મૃતિમાં રહીને ઘર અને દેહ મંદિર બનાવાય. આમ પપ્પાજીએ રમેશભાઈના ચૈતન્યની રક્ષા કરીને તેને ગુણાતીત સાધુ બનાવી દીધાં.

...તો એવું જ પ્રફુલ્લભાઈનું ! પૂ.રમેશભાઈ પછી ૧૪ વર્ષ પછી પ્રફુલ્લભાઈ પ્રગટેલા તેથી મમ્મીને જરા વધારે પ્રીતિ હશે. ને પપ્પાજીને સાક્ષાત્કાર થયો ત્યારે પ્રફુલ્લભાઈ ફક્ત ૨ વર્ષના જ હતા. તેથી મમ્મીજી ખૂબ રાખરખાવટ કરતા, તેનું સાચવતા. કારણ કે તારદેવ તો હવે 'સાધના કેન્દ્ર' થઈ ગયું. સૌ બાપાના થઈને કેવળ સાધના માટેનું જીવતા હતા. તેમાં આ બાળક પ્રફુલ્લ ! તેથી માતૃપ્રેમની ભરતીથી તારદેવમાં પ્રફુલ્લભાઈ ઉછર્યા. આ બાજુ કાંતિકાકાના ત્રણ દીકરાઓ ને ત્રણ દીકરીઓ. પૂ.હંસાદીદીને પૂ.પ્રફુલ્લભાઈ ને પૂ.ઘનશ્યામભાઈ અમીનને ભણાવવા, સાચવવા, રમાડવા, વિગેરે જવાબદારી સોંપવામાં આવી હતી. જેથી બાળકો ઓભાય નહીં ને સુંદર વિકાસને પામે. પણ પપ્પાજી કહે, 'મમ્મી ! તમે સ્વતંત્ર ને


પ્રફુલ્લ પણ સ્વતંત્ર. તમને તમારો ભાગ આપી દીધો છે. હવે તમે જાણો ને પ્રફુલ્લ જાણે ને રમેશ જાણે. હું ને મારો સ્વામી. મારું છે તે બધું જ મારા સ્વામીનું છે. એમાં મારો એકલાનો જ હક્ક. તમે સ્વામીને માનો, તેના થાવ તો તમે મારાં, નહીં તો તમે મારા નહીં. હું તો એકાંતિક છું. ને એ રીતે જ જીવન જીવવાનો મારો દૃઢ નિર્ધાર છે.' ગૃહસ્થાશ્રમી પપ્પાજીએ જ્યારે આવું સ્પષ્ટ કહ્યું હશે તે તેમની કેવી ઉચ્ચ આધ્યાત્મિક કક્ષા અને પ્રાપ્તિ ! આપણે સૌએ તો આવા પ્રસંગો વાંચી, વાગોળી, મનન કરીને મહિમામાં ડૂબવાનું કે અહોહો! મારા સ્વામી પપ્પાજી ! કેવા નિઃસ્પૃહી ! કેવા દૃઢતાથી કેવળ બાપાના જ થઈને રહ્યા ! તેમનામાં સ્હેજેય અહંતા, મમતા નહોતી ! કેવા સ્વરહિત અને સ્વધર્મેયુક્ત રહ્યા ! ગૃહી હોવા છતાંયે દૃઢ સ્વરૂપનિષ્ઠા, અને એકાવધાનીપણે કેવળ 'બાપા! બાપા !'નું રટણ વિચાર, વાણી, વર્તનમાં પ્રત્યેક પળે કરી રહ્યા હશે ! તેથી તો તેઓ ૩૬ વર્ષ સુધી ગૃહસ્થાશ્રમી હોવા છતાંયે જલકમલવત્ રહ્યા ને જ્યાં બાપાએ બોલાવ્યા ને સાક્ષાત્કાર કરાવ્યો ત્યાં તત્ક્ષણ એમના થઈને રહ્યા ! ક્યાંય બાંધછોડ કે સાધના જ નહીં. અહોહો આવા મારા ગુરુહરિ ! શૂરવીર ને કેવળ બાપારૂપ કેવળ પરાભક્તિમય જ! એમ મહિમા સમજીને પૂર્ણ પ્રાપ્તિનો કેફ રાખીને ખૂબ આનંદથી તેમની આજ્ઞા પાળીએ. તેમની મૂર્તિ માણીએ. કેમ ખરું ને ! એવું જ અનુજ પુત્ર પ્રફુલ્લભાઈનું ! પપ્પાજી એવું માનતા હતા કે યોગીજીમહારાજ જ સર્વોપરીભાવે મારા અને મારા સંબંધમાં આવનાર સૌના પ્રેરક, પ્રગટ ને નિયંતા છે ને તે જે કરે છે તે સર્વોપરિ સારું જ. દાસના દુશ્મન હરિ કે'દિ હોય નહીં. જેમ કરતા હશે તેમ ઠીક જ કરતા હશે. તેવી દૃઢ માન્યતા ને અનુભૂતિને લીધે પપ્પાજીની ભાવના કે લૌકિક સંબંધોમાં બાપાએ પોતાની ગરજે ને સામર્થીથી તેમના બેઉ પુત્રોને અનાદિના જ અક્ષરમુક્તો હોઈને ત્યાગ વૈરાગ્ય સ્હેજમાં જ ઉદય કરાવ્યા. પ્રફુલ્લભાઈને ભણવામાં ખાસ રસ નહોતો તેથી પપ્પાજી કહે, 'એ બ્રહ્મવિદ્યા જ ભણવા આવ્યો છે. આલોકની વિદ્યામાં તે પારંગત નહીં થાય.' તેથી સામાન્ય અભ્યાસ કરાવીને 'પટેલ રૂબી'ની

ફાર્મસીની દુકાનમાં નોકરી કરવા મૂકી દીધા. વિદ્યાનગર પ્રફુલ્લભાઈ આવ્યા ત્યારે પ્રભુકૃપામાં જ રહ્યા ને ૨૧ વર્ષના થયા ત્યારે નિર્ણય કર્યો કે 'અહીં બહેનો છે તારે જો સાધના કરવી હોય તો અનુપમ મિશનમાં જાઓ ને સાધના ત્યાં જ કરજો. પરમ ભાગવત સંત થવું હોય તો પૂ.સાહેબના ગુલામ થઈને સેવામાં હોમાઈ જજો.' અને તેમને અનુપમ મિશનના સાધુ તરીકે સમર્પિત કર્યા.

બસ તે દિવસથી જ કદીયે કોઈ પૃચ્છા જ નહીં. કોઈ ખબર અંતર રાખી નહીં. ભજન પ્રાર્થના કરીને તેને બળ પૂરતા. બાકી બાપ-દીકરાનો સંબંધ નહીં. જ્યારે પ્રફુલ્લભાઈને સાહેબને અનુપમ મિશનમાં સમર્પિત કર્યા ત્યારે એની આખી ફાઈલ ને તેના ભાગના બધા જ પૈસા સાથે મોકલ્યા. આવી રીતે એકદમ સ્પષ્ટ ને વ્યવસ્થિત પિતા તરીકેની સઘળી જવાબદારી રમેશભાઈને અક્ષરવિહારીદાસસ્વામી બનાવીને પૂ.બાપાને સોંપી દીધા. પૂ.પ્રફુલ્લભાઈને અનુપમ મિશનમાં પૂ.સાહેબને સોંપી દીધા. ને પોતે કેવળ આત્મપિતા બનીને ભજન-સંકલ્પથી તેઓના યોગ અને ક્ષેમનું જતન કરી રહ્યા.

સાંકરદા મંદિરના મહંત બન્યા અક્ષરવિહારીદાસજી અને બહેનોની સેવાની ગરજ દાખવી તો બાપાના સિધ્ધાંતે ખૂબ રાજી થઈને ગુણાતીતભાવ બક્ષિસમાં આપી દીધો. અનુપમ મિશનમાં રસોડાની સેવામાં ચોવીસેય કલાક હોમાયેલા પ્રફુલ્લભાઈને અખંડ બ્રહ્માનંદની મસ્તી અને સેવામાં જ અક્ષરમુક્ત બનાવીને પોતાની આધ્યાત્મિક જવાબદારી પૂર્ણ કરી. 'બહેનો ભગવાન ભજે તો શું ખોટું ? એ કામ તમારે કરવાનું છે.' એ આજ્ઞા પપ્પાજીએ સારધાર પળેપળ લોહીના કણેકણથી કરી અને પોતાના ગૃહસ્થાશ્રમની જવાબદારી પણ તે સૌને – મમ્મી, રમેશભાઈ, પ્રફુલ્લભાઈને અક્ષરમુક્ત બનાવીને કલ્યાણકારી ગુણ બક્ષિસ આપી ગુણાતીતના વારસદાર પણ બનાવ્યા! ધન્ય છે આવા પિતા, પરમ પિતા, આત્મ પિતા પપ્પાજીને ! પોતે ગૃહસ્થ છે તે કદીયે ભૂલ્યા નહીં. પણ તેનાથી રાંકભાવ, ગરજ, દાસભાવ, નમ્રતા રાખીને સંતો, બહેનોની સેવા કરી લીધી. સગાંવ્હાલાં ૮૪ લાખ જન્મના જ સગાં છે તેવું માનતા હોવા છતાંયે એ પોતે એવા

પૂર્ણ ગુણાતીત કે અતિ શુધ્ધ હતા કે તેમનાં સંબંધમાત્રે જ સૌ કોઈ બ્રાહ્મી સ્થિતિને પામી જતા સાધુ થવા હોમાઈ જવાનું અંદરમાં જ ઉગતું. 'વર્તન કરે વાતુ' એવું જીવન પપ્પાજીનું !



# પપ્પાજી

## મિત્ર સ્વરૂપે...

## અનંત સ્વરૂપે...

અહોહો ! આ કેવો વિશિષ્ટ શબ્દ 'મિત્ર' ! મળનારને પોતાની નેહભરી અમીદષ્ટિથી ભીંજવી, સમતાભર્યા સ્મિતથી ભરી દેવાની ગુરુહરિ પપ્પાજીની અનોખી જીવનશૈલી. પપ્પાજી માટે તો 'સુહૃદમ્ સર્વ ભૂતાનામ્' એમ કહેવું જ યથાયોગ્ય છે. સર્વ ભૂત, પ્રાણીમાત્રના સુહૃદ.

પપ્પાજી એકવાર 'સુહૃદ' શબ્દની સમજુતિ આપી રહ્યા હતા.

સુ : એટલે સરખું - એકત્વ પામેલ.

હૃ : એટલે હૃદય. જેનું હૃદય સર્વ માટે એક સરખું જ પ્રેમ, કરૂણા ભરેલું છે તે જ સહૃદયી.

જડ અને ચેતન જીવ - પ્રાણીમાત્રને માટે એક પોતાના જ હૃદય જેવો નાતો - અલગતા જ નહીં. જેવો સામાને ભાવ - સુખ કે દર્દ, તેવું જ પોતે અનુભવે - તે જ કક્ષાએ તેની સાથે એકતા પામીને સામાને સુખિયા જ કરવાનો જ નિર્ધાર.

પપ્પાજી કહે છે કે પ્રેમ એટલે ? સંપૂર્ણ સમર્પણ. જેને માટે પ્રેમ છે તેને શબ્દોથી કે વર્ણનોથી નહીં પણ વર્તનથી તેની સુખાકારી માટે જ ઉદ્યમ કરવો, પ્રયત્ન કર્યા કરવો. તેવો જીવ માત્ર સાથેનો એકત્વભાવ તે સુહૃદભાવ.

સનાતન સહૃદયી એક સહજાનંદ ! સુહૃદભાવ તે કરૂણામૂર્તિ શ્રી સ્વામિનારાયણ ભગવાનની જીવનશૈલી છે. અને શ્રી સહજાનંદસ્વામી

જેનામાં અખંડ રહ્યા છે. અને પળેપળે, શ્વાસેશ્વાસે જેમનામાં કાર્ય કરે છે તેવા આપણા ગુરુહરિ પપ્પાજી ! તેમને માટે સુહૃદભાવની વાત લખવાની તે ક્યાંથી શરૂ કરવી ? સર્વજીવ હિતાવહી ! સુહૃદભાવની, કરૂણાથી તેઓએ માનવદેહ ધર્યો. સામાજિક, આર્થિક, વ્યવહારિક અને લૌકિક તકલીફો, મુશ્કેલીઓ ગ્રહણ કરી તેવા જ વાતાવરણમાં જન્મ્યા. બાળપણ વિતાવ્યું, યુવાની પણ. પણ એ બધી જ અવસ્થામાં હૈયું ને મોં પરનું સ્મિત અને સમતા ઓસર્યા નથી કે ઓછા પણ થયા નથી. માનવ સાથે માનવ જેવા થઈને એવા જ વાતાવરણમાં જ જન્મ લેવો, ઉછરવું અને જીવન વિતાવવું તે પરબ્રહ્મ તત્ત્વની ઉત્તમ માનવીય લીલા છે ! જેમ શ્રી કૃષ્ણ જેલમાં જન્મ્યા, શ્રી રામે ૧૪ વર્ષ વનવાસ લીધો. માનવદેહ ધારણ કરવો તે અન્ય માનવોને હૈયાધારણ આપી અને સમભાવે વર્તીને પ્રગતિ કરાવવા સુહૃદ બન્યા. માતા-પિતા કે દાદા-દાદી, જન્મસ્થાનના અન્ય સંગીઓ કે નાના-નાની સર્વ સગાંઓની સાથે હૈયું જોડીને એકમના થઈને સર્વે સાંસારિક વિટંબણામાં માર્ગ બતાવવો - એ માર્ગે પોતે હાથ પકડીને ચલાવવા અને 'સાથે હું છું ને !' તેવો આત્મહૂંફનો પ્રેમ આપીને જીવન સુખ, શાંતિથી પસાર કરતા કર્યા.

નડિયાદની શાળામાં અનેક મિત્રો. પણ ચડસાચડસી કે તોફાન મસ્તી નહીં. શ્રેય તરફ જ અનુસંધાન અને સૌનું ભલુ કરવા તરફ જ નજર. સૌને ઉપયોગી થવું ને ભારરૂપ થવું નહીં તે તેમની સાચી સુહૃદ જીવનભાવના. નાના ભાઈ સાથે સાચી આત્માની મૈત્રી... તે છેક સુધી તેમના હાથ પકડી રાખીને અક્ષરધામ સુધી પહોંચ્યા. નડિયાદ પછી સુરત અને અમદાવાદ કોલેજ... અનેક મિત્રો... તેમાં ડૉ.જશભાઈ પટેલ કરમસદના. જે છેક સુધી વિદ્યાનગર આવ્યા ત્યાં સુધી સાથે જ રહ્યા. પપ્પાજીના અમૃતપર્વે તેઓ સભામાં પધાર્યા. અને તેમની મૈત્રીનું અભિવાદન કરીને માહાત્મ્યગાન કરેલું તે પ્રસંગ - ''બાબુભાઈ અમારી સુરતની એમ.ટી.બી. સાયન્સ કોલેજમાં સહાધ્યાયી. અમે એક જ રૂમમાં સાથીદાર તરીકે રહેતા. બાબુભાઈ રસોડા વિભાગના મુખીયા. તેઓ દરેક વાનગી નક્કી કરે, ચાખે અને

પછી તે પ્રમાણે અમારી હૉસ્ટેલ માટે વિવિધ રસોઈઓ, નાસ્તાઓ, મીઠાઈઓ અને ફરસાણો બનાવવાનો નિર્ણય આપતા. તેવા જમવા અને જમાડવાના શોખીન.

તેઓ સતત ઊંડા ગંભીર વિચારમાં રહેતા તેવું અમોને લાગતું. નાની ઉંમરે લગ્ન અને આર્થિક સંકડામણો હોવા છતાં યે અમારા સૌ માટે ખૂબ આત્મીયતાથી જરૂર પ્રમાણે મદદ પણ કરતા. સુરતમાં જ બાબુભાઈ સાયકલ શીખ્યા. હૉસ્ટેલની સામે ઓટલો હતો ત્યાંથી અમારા આગ્રહથી સાયકલ શરૂ કરી. પહેલા તો બાબુભાઈએ સરસ ચલાવી પણ જ્યાં સુધી ખ્યાલ હતો કે મિત્રે સાયકલ પકડી છે ત્યાં સુધી તો સરસ ચાલી પણ જયાં એણે સાયકલ છોડી દીધી તેવી ખબર પડી કે ફફડાટી થઈ ને આગળ જતાં જ 'અલ્યા ! ખસો... ખસો...' કરતાં જ તેઓ સાયકલ સાથે પડી ગયા. પણ એના ફળસ્વરૂપે બાબુભાઈ કહે, 'મને સાયકલ આવડી ગઈ !' અને પછી બેન-બનેવી સુરત આવવાના હોઈ સ્ટેશને સાયકલ લઈને જ ગયા. આગળ મિત્ર ચલાવે અને પાછળ બાબુભાઈ ! એમ સાયકલ ચલાવવામાં આવડત અને વિશ્વાસ આવી ગયો.

સુરતમાં ચંદની પડવો બહુ ધામધૂમથી ઉજવાય. બજારમાંથી ઘારી અને ફરસાણનાં પડીકાં સૌ લે અને અઠવાલાઈન્સ સ્ટ્રીટથી આગળ નદી કિનારે બાબુભાઈ ને અમે ૮-૧૦ મિત્રો જતા. બળદના એક્કા હોય, સાયકલ હોય જે વાહન હોય તેમાં બધા ડુમ્મસ જાય. વાહન ન હોય તો નદી કિનારે મોટું મેદાન હતું ત્યાં જઈને બેસે. બાબુભાઈ એવા દિવસોમાં મિત્રો સાથે બેસીને અનંત વાતો કરતા. અને પાર્ટીમાં મહેફીલ ઉડાવતા. પણ ક્યાંયે કોઈની ઠઠ્ઠા મશ્કરી કે તોફાન કે હલકી ચર્ચા નહીં. સાચી દોસ્તી મિત્રતા. એકમેકને જાણવા, અને જાળવવા, સમજવા અને જીવન માટે પ્રેરણા આપીને સર્વ પ્રકારે પ્રગતિના પંથે ચડાવી સુખી થવાનો માર્ગ મિત્રતાના દાવે બતાવી દેતા!''

એવા કૃષ્ણને જેમ સખા હતા ને મહારાજને સખા હતા તેમ પપ્પાજીએ સુરત અને નડિયાદના મિત્રોને કલ્યાણની મોજ આપી !

રાંદેર પાસે જુવારનો પોંક મળે. ઉત્તરાયણ પર્વે ત્યાં એક બળદિયાનો એક્કો લઈને જવાનું ને પોંક ખાવાનો ! કરંડિયા ભરીને શાક લાવવાનું અને હૉસ્ટેલમાં તે કરાવવાનું આવી મિત્રતા લૌકિક નહોતી. પણ હૃદયની એકતાની અને આત્માની જાગ્રતતાની હતી.

...તો ડૉ.જશભાઈ પટેલ પણ સત્સંગમાં આવતા થઈ ગયા. અક્ષરધામના અધિકારી થઈ ગયા! એમણે કહેલો આ અનન્ય પ્રસંગ – એકવાર રાત્રિના એક વાગી ગયો પણ બાબુભાઈ રૂમમાં દેખાયા નહીં. આખી હૉસ્ટેલમાં તપાસ કરી પણ ક્યાંયે શોધ્યા જડ્યા નહીં. તેથી એમની પ્રિય જગ્યા : તાપી નદીના તટ પર અડધી રાતે અમો શોધવા ગયા. તો ત્યાં બાબુભાઈ ધ્યાનાવસ્થામાં નજરે પડ્યા. તેમને હલાવ્યા, જગાડ્યા. તેઓ તો ઊંડા ધ્યાનમાં એકલીન બની ગયા હતા. ને જેવા અમોએ જગાડ્યા તો બાબુભાઈની આંખોમાંથી પાણીની ધાર વહેવા લાગી. અમોએ આશ્વાસન આપ્યું કે, 'કેમ રડે છે! અહીં કેમ આવીને બેસી ગયા ને ધ્યાન કરો છો ?' તો બાબુભાઈ કહે, 'મારે તો આત્માનો સાક્ષાત્કાર કરવો હતો, ને આ શું થઈ ગયું? સાધુ થવું હતું ને મારાં તો લગ્ન થઈ ગયાં !' એમ બોલીને ધ્રુસકે ધ્રુસકે ફરી ફરીને રડવા લાગ્યા. ડૉ.જશભાઈ કહે, 'અમે તેને સાંત્વના આપી. અને કહ્યું: 'હવે ગૃહસ્થ થયો તો કાંઈ નહીં. ગૃહસ્થ બનીને પણ સાક્ષાત્કાર કરાય ને ! શ્રી રામકૃષ્ણ પરમહંસ, શ્રી અરવિંદોએ પણ લગ્ન કરેલાં જ હતા ને ! ચાલ હજુ તો ભણવાનું બાકી છે. ભણીગણીને તૈયાર થાવ અને બીજી ચિંતા પછી !' એમ કરીને સુરતની અમારી હૉસ્ટેલની રૂમમાં તેમને પાછા લઈ આવ્યા.'

આ વાત ડૉ.જશભાઈએ કરી હતી. વળી તેઓ કરમસદના તેથી બાળપણથી એકમેકના મિત્ર. અહીં વિદ્યાનગરમાં પપ્પાજી રહેતા હતા. તેથી ઘણીવાર પ્રભુકૃપામાં તેઓ પપ્પાજીને મળવા આવતા. અને કહેતા કે 'હવે મને બાબુભાઈમાંથી પપ્પાજી કહેવામાં ખૂબ આનંદ આવે છે.' તેમણે પપ્પાજીના કરમસદના ઘરનાં દર્શન અને વીડિયો વિગેરે પડાવવાની ગોઠવણ કરીને તીર્થધામનાં દર્શન કરાવ્યાં હતાં. છેક સુધી તેઓ ગુણાતીત જ્યોત સાથે આત્મીયતાથી સંલગ્ન

રહ્યા હતા.

૨. નડિયાદના નરેન્દ્રભાઈ દેસાઈ જેઓ આફ્રિકામાં રહેતા હતા. એકવાર પપ્પાજીનાં દર્શને આવ્યા હતા.

૩. નડિયાદ, કરમસદ, સુરત, અમદાવાદમાં અનેક મિત્રો હશે જ પણ પપ્પાજી ક્યારેય તેમની વાતો કરતા નહીં.

૪. મોમ્બાસામાં અનેક મિત્રો : ડૉ. સી.જે. પટેલ, પૂ. ડી. ડી. મેઘાણી, પૂ.જેઠાભાઈ પટેલ – શિક્ષક, ડૉ. કર્વે, પૂ.ભોગીભાઈ વ્યાસ

★ ડૉ. સી.જે. પટેલ

જેમને મોમ્બાસામાં પહેલેથી જ પપ્પાજી સાથે ખૂબ પ્રીતિ. અને પપ્પાજી માટે ખૂબ માન. બાબુભાઈની નિસ્વાર્થ ભાવના, પરગજુ સ્વભાવ, ઉદાર દિલ અને સામાજિક સેવાની ગરજ વગેરે ખૂબ ગમતી. ડૉ.સી.જે.પટેલ મોમ્બાસામાં ડૉક્ટર તરીકે સર્વિસ કરતા. તેમને લંડનમાં એફ.આર.સી.એસ. થવાનું મન થયું. પૈસા નહોતા. મોમ્બાસાથી સ્ટીમરમાં લંડન પરીક્ષા આપવા જવાનું ને તેની ફી પણ. ત્યારે ત્યાં બે-પાંચ દિવસ રહેવું પડે ને ત્યારે તેનો ખર્ચો... પણ તેમની ઈચ્છા તેથી પપ્પાજીએ ખાત્રી આપી કે 'તમે પરીક્ષા આપો. બીજી બધી ચિંતા મારા પર છોડો.' પણ તેઓ શીલીંગ ભેગા કરીને આફ્રિકાથી ઈંગ્લૅન્ડ જાય ને નાપાસ થઈને પાછા આવે. પાછા પૈસા ભેગા કરે. એમ છ વાર થયું. નિરાશ થયા. બાબુભાઈએ સાંત્વના આપીને સાતમો છેલ્લો ટ્રાયલ લો જ તેવો આગ્રહ કરીને પૈસાની મદદ કરીને પાછા લંડન મોકલ્યા. ત્યાં બે-ચાર દિવસ વધારે રહેવાનું થયું. તે પૈસા ખૂટ્યા. પાછા આવવાની સ્ટીમરની ટીકીટ? તેઓ મૂંઝાયા. બાબુભાઈને મોમ્બાસા ટેલીગ્રામ કર્યો. તો પપ્પાજીએ વળતો ટેલીગ્રામ કર્યો ને લખ્યું કે ચિંતા ન કરશો હું તમને આટલા શીલીંગનો મનીઑર્ડર તત્કાળ મોકલું છું. એમ કરીને ૧૫૦ શીલીંગ મોકલ્યા. અને ડૉ.ચીમનભાઈ પાછા મોમ્બાસા જઈ શક્યા. જો કે આ વખતે તેઓ પાસ થઈ ગયા. અને એફ.આર.સી.એસ. બની ગયા. આ અહેસાન નહોતું. આ તો પપ્પાજીની જીવનશૈલી જ હતી. જેને માટે મિત્રતા – પ્રેમ તેની મદદ માટે કોઈ જ વિચાર

કર્યા વિના હોમાઈ જવું. ડૉ.ચીમનભાઈ એ પૈસા પાછા આપી ન શક્યા અને બાબુભાઈએ એ પૈસા પાછા માંગ્યા પણ નહીં. આવી અન્યોન્યની શ્રધ્ધાએ સહિતની મૈત્રી.

પપ્પાજી તારદેવ આવી ગયા અને મોમ્બાસા પાછા જવાનું માંડી વાળ્યું તે સમાચાર મળ્યા તો તેમણે કહ્યું, 'બાબુભાઈ ! આ શું કર્યું !' તો પપ્પાજી કહે, 'જેમ તમે ડૉકટર થવા, એફ.આર.સી.એસ સર્જન થવા અંધારામાં પથરો ફેંક્યો તેમ મેં પણ ફેંક્યો છે. કાં ફકીરી કા રાજગાદી. બેમાંથી એક મળશે. બાપાના વિશ્વાસે ઝૂકાવી દીધું છે. મંડ્યો છું. ક્યાં જઈશ ? ક્યારે જઈશ ? શું કરીશ? તેની ખબર નથી. પણ ઝૂકાવ્યું છે અને મંડ્યો છું.'

૧૦મી એપ્રિલ ૧૯૫૨માં એસ.એસ.કમ્પાલા સ્ટીમરમાં મોમ્બાસાથી પપ્પાજી, મમ્મીજી અને નાના પ્રફુલ્લભાઈ આવ્યા હતા. અને રમેશભાઈ જે ૧૬ વર્ષના હતા તેમને ડૉ.ચીમનભાઈને ત્યાં ભણવા રાખીને આવ્યા. અને બધો જ સામાન પપ્પાજીના પોતાના જ મોમ્બાસાના કવાટર્સમાં રાખીને આવેલા. જે પપ્પાજીએ અહીં દેશમાં જ રહેવાનું નક્કી કરતા વારાફરતી બધો જ સામાન ડૉ. ચીમનભાઈએ મોમ્બાસાથી મુંબઈ મોકલેલો. ડૉ.ચીમનભાઈનાં પત્ની જરા જમવાની બાબતમાં તબિયતની વધારે કાળજી રાખતાં. તેથી સાદુ ને તંદુરસ્તી માટેનું ઘી તેલ વિનાનું જમવાનું બનાવતાં. તેથી પપ્પાજી કહેતાઃ 'મમ્મીજી મારી રૂચિ જાણી લેતાં અને ડૉ.ચીમનભાઈ આવે એટલે ગરમ ગરમ ચા ને ભજિયા, શીરો બનાવીને જમાડતાં. સવારે સાત વાગે ડૉકટર વીઝીટ પર જઈને આવે ને જો પપ્પાજીના ઘરની લાઈટ ચાલુ જુવે તો અચૂક આવે જ ને સરસ મજાનો નાસ્તો કરીને જાય. તેમ મમ્મીજી પપ્પાજીની રૂચિ પ્રમાણે તેમના મિત્રોને સાચવતાં આનંદ કરાવવા ભીડો પણ વેઠતાં.

આમ જોઈએ તો સમાજમાં ક્યાં એક એફ.આર.સી.એસ. સર્જન અને ક્યાં સામાન્ય શિક્ષક ! પણ પપ્પાજીની આભા અને પ્રતિભા એવી અલૌકિક હતી કે સૌ કોઈ તેમનામાં ખેંચાઈ જતા! પપ્પાજીની સરલતા, સાલસતા અને સામાને રાજી કરવાની તમન્ના જે સૌના

અંતરમાં સ્પર્શી જતી હતી. આ પ્રીતિ એકપક્ષી નહોતી પણ સૌની આત્મન્નોતિ માટેનું એક આયોજન હતું. શ્રીજીની યોજના 'સંબંધમાં આવે તેનું કલ્યાણ ! તેમ... ૧૪ વર્ષનો મોમ્બાસાનો પપ્પાજીનો વસવાટ ! ને તેમાં અનંતના સંબંધે કલ્યાણ કર્યા ! એવા આત્મીય મિત્ર ચૈતન્યદર્શી પપ્પાજી ! શાળામાં ૧૪ વર્ષમાં અનેક વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ, મદદનીશો, પટાવાળા કે સમાજ સેવામાં જે જે સાથીદારો, મદદનીશ તે બધાંનું કલ્યાણ કરી દેતા !

ડૉ.સી.જે.કાકાનાં ધર્મપત્ની કેન્સરની બીમારીથી ધામમાં ગયાં. અને તેઓને મોમ્બાસામાં એકલું લાગ્યું. તેથી તેમણે બધું જ સમેટીને વિદ્યાનગર પપ્પાજીની નિશ્રામાં આવીને તેમનાં અંતિમ વર્ષો વિતાવ્યાં. મમ્મીજી તેમનું વિશેષ ધ્યાન રાખતાં. ઘરની સાફસુફી ને કપડાં ને વાસણો માટે એક ગૃહસ્થ બેનને કામ કરવા રાખ્યાં જે ખાસ મમ્મીજીની દોરવણી પ્રમાણે થતું. પ્રભુકૃપામાં જમવાનું નાસ્તો વગેરેનો સમય અને રુચિ પ્રમાણે મમ્મીજી સરસ રીતે સાચવતાં.

કરમસદ મેડીકલ હૉસ્પીટલમાં માનદ સર્જન તરીકે ઘણાં વર્ષો સેવાઓ પણ આપી ને કર્મયોગને માર્ગે પપ્પાજીના શિષ્ય બનીને ઘણાં વર્ષો રહ્યા. તેમને પણ છેલ્લે આંતરડાના કેન્સર જેવી લાંબી બીમારીઓ આવી ને સર્વ પ્રકારે તેમની સેવા ને સાચવણી છેક સુધી મમ્મીજી હતાં ત્યાં સુધી તેમણે ને પછી બહેનોએ અને મિશનના ભાઈઓએ ઉપાડી લીધી. તેઓને પપ્પાજી કહેતા કે તેઓ દેહાતીત છે. એકલા રહે છે પણ સદાયે આનંદમાં અને સવળી જ વિચારસરણી. પપ્પાજીને પગે લાગતા, તેમની મૂર્તિનું ધ્યાન કરતા. જ્ઞાન, કથા-વાર્તા વગેરેથી સાધક તરીકે જીવન જીવતા. મિત્ર એવા ડૉ.ચીમનભાઈના આત્માનું કલ્યાણ કુટુંબેસહિત પપ્પાજીએ કર્યું છે.

★ પૂ.જેઠાભાઈ

પૂ.જેઠાભાઈ જે મોમ્બાસામાં શિક્ષક હતા. તેમને પપ્પાજી સાથે ખૂબ પ્રીતિ તેથી માન રાખીને સૂચનો કરે. પપ્પાજી બપોરના સમયે ગરીબ કે જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને મફત ટ્યુશન આપે. તેથી જેઠાભાઈ કહેતા કે 'જો આ ઝાડ છે તેને કુહાડી જ કાપે છે પણ

તે કુહાડીનો હાથો લાકડાનો જ ને! તેમ તું અમારા પેટ પર પાટુ મારે છે. કુહાડીનો હાથો બન્યો છું. તેમાં શાનો તારો કર્મયોગ કૂટ્યા કરૂ છું. અલ્યા ! તું અમારા પેટ પર લાત મારે છે ને સમાજ સેવા કરે છે !' આવી એકતા. પપ્પાજી તેમને સમજાવતા અને પોતે જે સત્કર્મ કરતા તેમાં પાછી પાની ન કરતા.

બાબુભાઈ, ડૉ.ચીમનભાઈ અને જેઠાભાઈ એમની ખૂબ મૈત્રી. ૧૪ વર્ષ મોમ્બાસા રહ્યા તેમાં ખૂબ ખૂબ આનંદ કર્યો હતો. દાળઢોકળીની પાર્ટી અને શનિ રવિ સીનેમા જોવા જવાનું, સાંભે જવાનું ને પાર્ટીઓ કરવાની. આ તેમનું આનંદનું જીવન. મમ્મીજી અને જેઠાભાઈને જમાડવાનો ખૂબ ભાવ. તેથી પપ્પાજી કહે, 'મારૂ વજન ખૂબ વધી ગયું. જીવનમાં ધ્યેય કોઈ હતું નહીં. તેથી સમય પસાર કરતા.'

એ જેઠાભાઈ દેશમાં આવીને પપ્પાજીનાં દિવ્ય કાર્યમાં ખૂબ મહિમા અને ભક્તિથી ભળ્યા હતા અને એમના કુટુંબીઓને પણ ગુણાતીત જ્યોત સાથે ખૂબ આત્મીયતા થઈ. પપ્પાજીએ તેઓનું કલ્યાણ કરી દીધું અને અક્ષરધામ બક્ષિસ આપી દીધું.

★ પૂ.ડી.ડી.મેઘાણી :

પૂ.ડાહ્યાભાઈ તેઓ મોમ્બાસામાં પપ્પાજીના અનન્ય મિત્ર તરીકે રહેલા. તેમને પણ પપ્પાજીની લૌકિક અને અલૌકિક મૈત્રીના અનેક અનુભવ થયેલા. સત્સંગી પણ થયા હતા. ૧૯૬૬માં આ મિત્ર ઘણીવાર પપ્પાજી અને યોગીજીમહારાજનાં દર્શને જતા. તો એકવાર તેઓ સ્વયં યોગીજીમહારાજને ખાનગીમાં બોચાસણમાં મળ્યા અને પૂછયું, 'સ્વામી ! હું વિદ્યાનગર જવાનો છું. આ સંતો, બહેનોને ઘરે મોકલી દેવાનાં છે ?'

ત્યારે યોગીજીમહારાજ કહે, 'ના. દાદુભાઈ, બાબુભાઈને કહેજો આ સંતોને સાચવવાના છે. આ તો મારા ૪૦ વર્ષના યોગનું ફળ છે.' તે સંદેશો મેઘાણીએ વિદ્યાનગર આવીને પપ્પાજીને આપ્યો. તેવો જ તો હતોને આ ઉધ્ધવજીનો સંદેશો ને !

પૂ.ભોગીભાઈ વ્યાસ :

તેઓ પણ મોમ્બાસામાં શિક્ષક હતા. અને પછી અમદાવાદમાં રહેવા આવ્યા હતા. ગુરુહરિ પપ્પાજીએ ત્યાં પહોંચીને સૌને અક્ષરધામના અધિકારી બનાવ્યા હતા. આમ જોઈએ તો પપ્પાજી સૌમિત્ર...

પેલા ભજનમાં લખ્યું છે કે –

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું
મુજ અંતરમાં વહ્યા કરો...

એ આખું ભજન પપ્પાજીના પ્રત્યેક પળના જીવનમાં આપણે સૌએ અનુભવ્યું છે. દોસ્તી, મિત્રતા, સુહૃદયી, આત્મીયતા અને તે પછી છેલ્લે 'આત્મવત્ સર્વ ભૂતેષુ' 'હું તે તે' ને 'તે તે હું' એવી જીવનભાવના પપ્પાજીના વર્તનમાં પળેપળે નિર્ઝરી રહી હતી.

★ નવજાત શિશુ ને માતા-પિતા દર્શને, પગે લગાડવા આવે તો તેને દિવ્ય દૃષ્ટિથી રમાડી, જળ આપી, કંઠી પહેરાવી જન્મમરણના ચકરાવાથી મુક્ત કરવાની સહજ પ્રીતિ જે અનુપમ મૈત્રી જીવો સાથેની !

★ બાળક કે કિશોર દર્શને આવે તો મીઠી નજરે આવકારે પાસે બોલાવે, પૃચ્છા કરે, ચોકલેટ આપે અને 'શું ભણો છો ?' એવા સામાન્ય પ્રશ્ન પૂછીને અંતરમાં પોતાની મૂર્તિની સ્થાપના કરી દેતા.

પરીક્ષા સમયે મિત્ર બનીને શીખવે કે ૧૧ વખત સ્વામિનારાયણ મંત્ર બોલીને પેપર વાંચવું ને લખવું. જે પ્રશ્ન સહેલો લાગે તે પહેલાં લખવો ને પછી અઘરા પ્રશ્નનો જવાબ લખવો વિગેરે વિગેરે સલાહ આપે.

★ યુવાન વયના યુવકો કે યુવતીઓ જો દર્શને આવે તો તેમની રીતે, તેમના પ્રશ્નો ને જરૂરિયાત બાબતે સ્મૃતિ, મૂર્તિ આપે અને પ્રસાદ આપે. પેન, કિચેન, કંઠી, માળા આપે ને આધ્યાત્મિક પ્રગતિ કરાવવા 'સંજીવની મંત્ર' આપે વાંચવાની આજ્ઞા આપે ને ૫-૧૧ માળા કરવાની રીત બતાવી આજ્ઞા આપે જે સાચી મિત્રતામાં અખંડ શ્રધ્ધા જગાડે કે 'પપ્પાજી અને મહારાજ મારી સાથે છે, મને મદદ કરે જ છે.' લગ્ન વિષયક પ્રશ્નોમાં આત્મનિષ્ઠા ને સ્વધર્મનિષ્ઠા શીખવીને

સાચા માર્ગે વાળે.

★ ...લગ્ન કરનાર યુગલને સૂઝ આપે. અક્ષરધામનાં સુખ, શાંતિ, આનંદ પામવા માટે 'એક ગુસ્સે થાય તો બીજાએ મૌન રહી જપ કરવો.', 'એકમેકમાં મહારાજ જોઈ ભજન કરવું.', 'મૂકી દે તે મોટો.' એવા ટૂંકા પણ સચોટ ઉપાયો – માર્ગદર્શન આપીને જીવ સાથે સાચી મૈત્રી કરીને પોતે ભજન પ્રાર્થના કરતા.  અને જીવ સાથે જીવ જોડીને શાશ્વત મૈત્રી કરી લેતા.

★ પ્રૌઢ વય કે આશિષ મંડળ સાથે અંતરથી તેમના સંગે તેમના જેવા થઈને મનની અંતરંગ વાતો હસી મજાક ને આનંદથી કઢાવીને સચોટ માર્ગદર્શન આપી સૂઝ આપી વર્તવાની શક્તિ પણ આપતા.

★ વ્રતધારી સાધકો, ભાઈઓ કે બહેનો સૌને પપ્પાજી પોતાના મિત્ર હંમેશા લાગ્યા છે. અંતરથી સૌ તેમની સાથે નિષ્કપટપણે પોતાની ખૂબ અંગત વાત કરીને હળવા થઈ જતાં.

★ સંતોને ખૂબ મહિમા સમજાવી હેતપ્રેમથી મિત્ર બનીને, ભક્તિનો ખપ ને જાગ્રતતા જગાડીને 'યોગીજી મહારાજ તો અક્ષરાધીશ' તેવી પ્રતીતિ કરાવીને જ જંપતા.

આમ જેને જેને સનાતન મૈત્રી એક બ્રહ્મરૂપ ગુરુ સાથે થાય તેનો આ જન્મ અને અનેક જન્મો સફળ થઈ ગયા જ સમજવા. પપ્પાજી કહેતા – 'સુહૃદભાવ હશે તો નિર્દોષબુધ્ધિ દૃઢ થશે.' એમ આપણા સૌમાં સુહૃદભાવ રાખીને રખાવ્યો અને આપણને નિર્દોષ માન્યા ને સૌને નિર્દોષ મનાવ્યા અને બનાવ્યા ! આ કેવી સુહૃદભાવની અકારણ હેલી !

પપ્પાજીએ પોતાના જીવનનો હેતુ – સંકલ્પમાં 'સંપ, સુહૃદભાવ અને એકતા' સમગ્ર ગુણાતીત સમાજમાં રહે તે જ તેમની મૂર્તિ છે તેવું કહ્યું છે.

પપ્પાજીને રાજી કરવા છે તો તેમનો રાજીપો તેમનો મૂળ સિધ્ધાંત, કાર્ય, જીવનનો હેતુ આ એક જ છે.

પપ્પાજી કહે, 'યોગીજીમહારાજે મને ગ.પ્ર.૭૧ સમજાવીને જીવનનો હેતુ આપ્યો. બૃહદ ગુણાતીત સમાજ અક્ષરધામના મુક્તો

વિશે સુહૃદભાવ રાખે એકબીજાના દુઃખે દુઃખી થઈ એ દુઃખ પોતાના માથા પર લઈ ભજન કરતાં થઈ જઈએ. અંદરથી ભજન કરીએ. એમેય નહીં કે બહાર બોલીએ અને એ મુક્ત દુઃખથી મુક્ત ન થાય ત્યાં સુધી જંપીને બેસીએ નહીં એનું નામ સુહૃદભાવ. એવો સુહૃદભાવ ને એકતા રાખવા છે. આપણે અક્ષરધામમાં બધાએ સાથે બેસવાનું છે. બીજી બધી તો જડ કોટિઓ છે. જન્મે, જીવે ને મરે. એની માથાકૂટ બહુ ન કરીએ.' આ વાતનું મિષ લઈને આપણે સૌએ જીવવાનું છે.

ને વળી બીજો સંકલ્પ જે કેવળ આત્માનો સુહૃદભાવ છે ! અત્યારે જે સ્વામીસ્વરૂપ સંતો છે, તેઓ વચ.ગ.છે.૩૫ (મશાલ જેવા છે. માયાથી ઓલવાઈ જાય તેવા અલૌકિક ભૂમિકાવાળા) જેવા તો છે જ. તે વચ.ગ.છે.૨૬ જેવા (વિજળી જેવા – ધન, કીર્તિ ને સ્ત્રીપુરૂષના ભાવથી પર, કેવળ ભક્તિરૂપ જ સંકલ્પ, ભાવ ને ક્રિયા કરતા) સ્વરહિત થઈ સ્વભાવનારાયણના દાસ મટી અક્ષરપુરૂષોત્તમના, મહારાજના, સહજાનંદના જ દાસ ગુલામ થઈને વર્તે તેવી કૃપા મહારાજ કરો.

ગ.મ.૧૩માં મહારાજ પોતે સર્વના સુહૃદયી છે તેનું વર્ણન કર્યું છે. સ્વામીની વાતુમાં સુહૃદભાવ જીવનું જીવન છે. સ્વામીની વાતુ પ્રકરણ ત્રીજાની સત્તરમી વાત – ઉપાસના, આજ્ઞા, મોટા સાધુ સાથે પ્રીતિ અને ભગવદી સાથે સુહૃદભાવ એ ચાર વાત જીવનું જીવન તરીકે મૂકી છે. એક સુહૃદભાવ હશે તો બીજી ત્રણેય વાત સિધ્ધ થશે તેવું યોગીજીમહારાજ કહેતા. સાચી સુહૃદભાવની ફલશ્રુતિ એટલે જ સમ્યક નિર્દોષબુધ્ધિ અને એટલે જ 'જ્યાં જુવે ત્યાં રામજી' કે 'કર્તાહર્તા એક મહારાજ જ' તેવી ભેદરહિતની દિવ્ય દષ્ટિ ને જીવનની રીતિનીતિ. એવા અનંત સત્યો પ્રભુ પપ્પાજીના જીવનના નિચોડરૂપે આપણે સૌએ અનુભવ્યા છે. કેવા ધન્ય આપણે સૌ ! તો વર્તનમાં મૂકતા વાર શી કરવી ? સંબંધમાં આવેલા સૌમાં તો સુહૃદભાવ પ્રગટેલો જ છે. પણ હે મહારાજ ! હે પપ્પાજી ! મારામાં એવો સુહૃદભાવ રોમેરોમમાં પ્રગટાવજો ને ! એવી અંતરની અભીપ્સા !

પપ્પાજી

# પાડોશી સ્વરૂપે...

અનંત સ્વરૂપે...



ગુરુહરિ પપ્પાજી હંમેશા પોતાનો નહીં પણ સામાનો, અન્યનો વિચાર પહેલો કરતા. બીજાને શું સાનુકૂળ પડશે ? તેમને કાંઈ અગવડ તો નહીં પડે ને ! તેમને હું મદદરૂપ કેવી રીતે થાઉં ? એવા એવા વિચારો તેમને સૌ પ્રથમ આવતા. આપણા સૌના વિચારો કે વર્તન સામે જોઈએ તો મને શું ગમે ? શું મને ફાવે ? તે જ હું કરું કે થવા દઉં. જ્યારે પપ્પાજી સામાનું પ્રથમ વિચારતા. તેથી જ પપ્પાજી સૌને ગમતા. સૌ તેમને આવકારતા અને માન આપતા. બોરસદ, નડિયાદ, કરમસદ, સુરત, મોમ્બાસા વગેરે વગેરે જે સ્થાનકોએ તેઓ રહ્યા ત્યાં ત્યાં અનેક મિત્રો, સગાસંબંધીઓ સહેજે સહેજે બની જતા. અને પપ્પાજી મોટા હોય તેઓની આમાન્યા જાળવી માન આપીને મદદમાં અખંડ રહેતા. પોતાના જેવી જ ઉંમરના હોય તો આત્મીયતા કરી દેતા અને જરૂર પ્રમાણે મદદરૂપ થઈને મિત્રતા બાંધી દેતા. અને પછી સહજભાવે માર્ગદર્શક બનીને પ્રેરણા આપતા. પપ્પાજી તેમનાથી નાના હોય તેમની સાથે વડીલ બનીને સર્વ પ્રકારે જતન કરતા. અને સમય પ્રમાણે તેમને સૂઝ, સમજ આપીને જીવનમાં આગળ વધવા માટે જોમ આપીને આદર્શ જીવન જીવવા માટે પ્રેરણા પૂરતા.

આ બધી જગ્યાએ ક્યાંયે પાડોશીના એવા મોટા પ્રસંગો નોંધમાં નથી આવ્યા. પણ વલ્લભ વિદ્યાનગરમાં પ્રભુકૃપાના ભાડાના મકાનમાં ૧૯૬૬માં રહેવા આવ્યા ત્યારપછી ‘અશોકવાટિકા’માં પાડોશી તરીકે

જે જે રહેવા આવતા તેઓ તો હંમેશ એક વિચક્ષણ દષ્ટિથી જ આ સમાજનું જીવન નિહાળતા. પણ એ સૌને ગુણાતીત જ્યોતની પ્રણાલિ, વિવેક, મર્યાદા અને સરળ વ્યવહારૂ અને માયાળુ વર્તન અસર કરી જતું. પપ્પાજી મહાન સંત હોવા છતાંય સામાન્યમાં સામાન્ય ગૃહસ્થ રહીને સૌનાયે દાસ બનીને જીવન જીવ્યા. તેથી સૌને તેમના વર્તનની સુવાસ આવતી. તે દિવ્યતા ને પવિત્રતાના વાયરાઓ સૌ પાડોશીઓને સ્પર્શી જતા. ધીમે ધીમે ગુણાતીત જ્યોતની નિર્મળ કીર્તિ ચારેકોર પ્રસરતી જતી અને તે સર્વેનો યશ ગુરુહરિ પપ્પાજીના જીવંત વર્તન અને પ્રાર્થના અને જતનને જતો. તેઓ એવા આદર્શ બનતા કે અવાજ, ઘોંઘાટ, પાડોશમાં ન જવો જોઈએ. જે જે એનાઉન્સમેન્ટ થાય તે શાંતિથી થાય અને એ અન્ય પાડોશીઓને ડખલરૂપ ન લાગવો જોઈએ તેની કાળજી પપ્પાજી હંમેશા રખાવતા.

અશોકવાટિકાના માલિક અમેરિકામાં સ્થિત થવા જતા હતા. તેમને પપ્પાજી, મમ્મીજી અને જ્યોતનો ખૂબ સદ્‌ભાવ અને ગુણ હોઈ જતા જતા તેમના બધા ભાડુઆતોને કહેતા ગયા હતા કે 'આ પાડોશી (પપ્પાજી-મમ્મીજી) કોઈ સામાન્ય નથી. તમે તે ધર્મ સ્વીકારો કે ના સ્વીકારો પણ તેમની આમન્યા રાખજો. ટીકા, કટાક્ષ કે અવરોધ ન રાખશો.' અમેરિકાથી આવે ત્યારે પણ જરૂરથી પ્રભુકૃપામાં આવે અને પૂ.મમ્મીજીની સેવા સરભરા પામીને કલ્યાણના અધિકારી બનીને જતા.

છેલ્લે ૧૯૮૯માં તેઓ પધાર્યા હતા ત્યારે તેઓએ મમ્મીજીને વાત કરી હતી કે 'હું તમને વચન આપું છું કે જ્યારે ત્યારે હું આ મકાન વેચવા કાઢીશ ત્યારે તમને પહેલા પૂછીશ કે તમારે તે લેવું છે?' એમ મમ્મીજીના આદર્શ પાડોશી તરીકેની જીવંત સુવાસ તેમને સ્પર્શી ગઈ.

અંતે જ્યારે તેઓએ વેચવા કાઢ્યું ત્યારે સૌ પ્રથમ આપણને જ્યોતમાં પૂછ્યું હતું. જો કે ત્યારે પૂ.મમ્મીજી તો ૧૯૯૦માં સ્વધામ પહોંચી ગયાં હતાં. પણ પપ્પાજી, જ્યોતને જ તેઓએ પૂછ્યું.

અને આજે એ મકાન 'પુષ્પકમલ' તરીકે જ્યોતના મહેમાન બહેનો માટે એક ગેસ્ટ હાઉસ તરીકે વાપરી રહ્યા છીએ. ત્યાં ભાડુઆત તરીકે રહેતાં પૂ.નીલાબેન રાજુભાઈ પટેલ અને તેમની બે દીકરીઓ સત્સંગમાં દિવ્યભાવ રાખી સમાગમ રાખે છે. તેઓએ નવું ઘર બાંધ્યું તો તેનું વાસ્તુપૂજન વગેરે જ્યોતનાં બહેનોના હાથે કરાવ્યું હતું.

એ રીતે 'અશોકવાટિકા'એ આપણાં સૌનું પાડોશીનું ઘર હવે 'પુષ્પકમલ' બની ગયું છે.

પપ્પાજી કહેતા કે 'પાડોશી તે પહેલો સગો.' તે રીતે એક વાર જાનના ફટાકડાથી મંડપમાં આગ લાગી મધ્ય રાત્રિ હતી – તો પાડોશમાં રહેતા ત્રણેય ભાઈઓ પૂ.શૈલેષભાઈ, પૂ.કિરણભાઈ, પૂ.પ્રદીપભાઈ દોડીને જ્યોતમાં આવ્યા અને બહેનોની સાથે આગ ઓલવવાની સેવામાં પરોવાઈ ગયા. જેના ફળ સ્વરૂપે આજે એ ત્રણેય ભાઈઓ અને તેમના કુટુંબીઓ સર્વ પ્રકારે તન, મન, ધનથી સુખી સુખી થઈ રહ્યા છે.

તારદેવનો પણ એક પ્રસંગ છે. પૂ.સોનાબાના ઘરની ઉપર ગાના ગામના પૂ.કમળાબેન ડાહ્યાભાઈ પટેલ રહેતાં. પૂ.સોનાબાની પ્રીતિ અને રાખરખાવટથી તેઓ સત્સંગી થયા. પૂ.કાકાજી, પૂ.પપ્પાજી માટે દિવ્ય ભક્તિ ઉદય થઈ. અને સત્સંગમાં જોડાઈ ગયાં. તેમના મોટા દીકરા સતીશભાઈ જેમનો જન્મદિન ગુરુપૂનમે હતો. તેથી દર ગુરુપૂનમે પૂ.પપ્પાજી, પૂ.કાકાજી, પૂ.સોનાબા તેમને તારદેવના તીર્થસ્થાનકે ખાસ મહાપ્રસાદ માટે બોલાવે ને તેમને ભાવતી વેડમી જમાડીને લાડ લડાવતા. તેઓ એ રીતે એકાંતિક મુક્ત બની ગયા. તે પછી જ્યારે જ્યારે તારદેવમાં વેડમીની રસોઈ હોય ત્યારે ત્યારે તેના ઘરે પ્રસાદ મોકલવામાં આવતો.

૧૯૬૩માં પપ્પાજી ગોંડલ શરદપૂનમના સમૈયે ગયા હતા. દર વખતે સમૈયા પછી પૂ.યોગીજીમહારાજ પપ્પાજીને ૧૫-૨૦ દિવસ રોકતા અને દર્શન, સેવા, આશિષનું સુખ આપતા. તેથી ૧૯૬૩માં તારદેવ પૂ.જ્યોતિબેન, તારાબેન, હંસાદીદી, દેવીબેન વગેરે હતાં. તેમણે નક્કી કર્યું કે ઘરમાં રંગકામ કરાવી લઈએ. તેથી

તેઓએ પપ્પાજી - કાકાજી પધારે તે પહેલા કાર્ય શરૂ કરાવી દીધું. અને આખા ઘરનો સામાન આઘોપાછો કરીને રોજેરોજ જરૂર પ્રમાણે વ્યવસ્થા કરીને રંગકામ કરાવતાં. આવા સમયે ૧૯૬૩માં પૂ.યોગીજીમહારાજે પપ્પાજીને કાંઈ કહ્યું નહીં કે રોક્યા નહીં. તેથી સમૈયા પછી પપ્પાજી સીધા તારદેવ આવી ગયા. અને અહીં તો બધું જ રમણછમણ થઈ ગયેલું. તેથી લગભગ ૪૫ દિવસ પૂ.પપ્પાજી અને પૂ.મમ્મીજી આ કમળાબેનના ઘરે નિવાસ કરીને રહ્યા અને ત્યાં સૌ મુક્તોની ખૂબ અવરજવર, સભા, કથા-વાર્તા વગેરે ચાલુ જ રાખ્યું અને આ પૂ.કમળાબેન ડાહ્યાભાઈના કુટુંબે ખૂબ સાથ આપીને દિવ્યભાવ અને મહિમાથી સેવા સમાગમ કરીને પપ્પાજીને ચકચૂર રાજી કરી લીધા. તેઓને ત્રણ દીકરીઓ ને બે દીકરા. નાના દીકરા પૂ.દિલીપભાઈ ! અમેરિકા રહીને અંતરમાં ભક્તિ રાખીને સુખ ભોગવે છે. દીકરીઓ પણ કુટુંબેસહિત સુખ ભોગવે છે. આ પાડોશીનો દિવ્ય સંબંધ અને કલ્યાણની પરબ! ગુરુહરિ પપ્પાજીની સહજતા અને પ્રેમલતા સૌને સ્પર્શી જતી.

તેવું જ નડિયાદમાં. નાનાજી નાથાબાપાના બધા જ સગાવહાલા, મિત્રો, કુટુંબીઓ આવતા તે બધાની પ્રેમથી સેવા સરભરા કરીને સૌ પાડોશીઓને પ્રસન્ન કરી દેતા. અને સૌ મનથી હૃદયથી રાજી થઈને આશિષ અર્પતા. વળી કહેતા કે 'ભાણા તો નાથા સવદાસના જ !' એવા પરગજુ અને સેવાભાવી છે પપ્પાજી !

પપ્પાજી ટ્રેનમાં બેઠા હોય તો જે સાથેના બીજા મુસાફરો હોય તેમની સગવડ સાચવતા. તેમને બેસવા, જમવા વગેરે માટે ખૂબ પ્રેમથી આગ્રહ કરતા.

એકવાર પપ્પાજીને પૂ.દિનકરભાઈ દેસાઈની તબિયત જોવા નવસારી જવાનું હતું. પપ્પાજીની તબિયત પણ ઠીક નહોતી. તેથી બધા સેવકોએ ના પાડી પણ પપ્પાજી કહે, 'ના. મારે તો જવું જ છે.' આ બાજુ સેવક ડૉ.નીલમબેન તથા ડૉ.કલ્પનાબેન આગલા દિવસે નવસારી પહોંચી ગયેલાં. પપ્પાજીની ફર્સ્ટકલાસની ટિકિટ લીધી. ગુજરાત એક્સપ્રેસ ટ્રેન, તેથી દિવસે તો બધા નોકરી માટે

અપ-ડાઉન કરનારા આ ડબ્બામાં આવી જતા. પપ્પાજીની સગવડ સચવાય તેથી સેવકોએ જગ્યા રોકી લીધેલી. પણ દિવસની ટ્રેન તેથી નવા નવા મુસાફરો ચડે. તેથી પપ્પાજી ખસી ખસીને બધાને બેસવાની જગ્યા કરી આપતા. એકદમ સંકડાશથી સંકોચાઈને એક જ પાટિયા પર સાત-આઠ જણાને એક સાથે પોતાની સાથે બેસાડી દેતા. અને પોતે સાવ સામાન્યમાં સામાન્ય ગૃહસ્થ મુસાફરની જેમ જ્યારે નવસારી સ્ટેશને ઉતર્યા ત્યારે તેમનું ત્યાં ભવ્ય હારતોરાથી સ્વાગત થયું તે જોઈ તે મુસાફરોને આશ્ચર્ય થયું. 'અહોહો ! આ આવા મહાન સંત છે !' અને સૌને ગુણ આવી ગયો. મહારાજ કહે છે કે, 'જે અમારો ગુણ લેશે તે સૌને કલ્યાણ બક્ષિસમાં આપવું છે.' તેનું દર્શન થયું.




જેમણે આજીવન 'વિદ્યાર્થી' તરીકિના જ જીવનને આદર્શ માન્યું હોય તેને વળી 'શિક્ષક તરીકિ'ના જીવનના શા પાઠ શીખવાના હોય? પપ્પાજી સ્વયં કહેતા – 'હું તો સદા યુવાન. ધ્યેય તરફ અખંડ દષ્ટિ અને એ રીતે જીવનની વ્યવસ્થા જે કરતા હોય તેને ઘડપણ આવે જ કેમ ? મારી જાગ્રતતા, જાણવાની અને શીખવાની તાલાવેલી અને ધગશ અખંડ છે તેથી હું સદાયે વિદ્યાર્થી જ છું.'

તેમના વિદ્યાર્થીકાળમાં અનેક આદર્શ શિક્ષકોનો લાભ તેમને મળ્યો હતો. કહે છે કે શબ્દો કે જ્ઞાન જે નથી શીખવતા તે વર્તન શીખવે છે. બોલ્યા વિના જે આદર્શ વર્તે છે તેની ઘેરી છાપ આસપાસના અન્યો પર સહજતાથી પડે જ છે. પૂ.શંકરલાલ માસ્તર કે સી.સી. દેસાઈ જેવા પીઢ, અનુભવી અને નિષ્ઠાવંત શિક્ષકોના જીવનકવન જાગ્રતતાથી નિહાળતા હતા. તેમને માટે અંતરમાં માન અને વિશ્વાસ પણ અપ્રતિમ ઉદય થયેલા. તેનું કારણ તેમની શૈક્ષણિક કાબેલિયતની સાથે સાથે ક્ષમા, ઉદારતા, આવડત અને અન્ય છાત્રો પ્રત્યે પ્રેમભાવના, જેથી શિક્ષકનું માર્ગદર્શન કેવળ ભણવાના વિષયો પર જ નહીં. પણ જીવનશિક્ષણ પર પણ રહેતું. સૌ વિદ્યાર્થીઓ સાથે મળીને, સંપીને, એકમના ભાવથી અને કુટુંબભાવનાથી જીવે તેવું દર્શન નાનપણમાં પપ્પાજીએ જોયેલું. જેની ઘેરી અસર તેમના પોતાના જીવન પર પડી અને એક આદર્શ પ્રસ્થાપિત થયેલો. નડિયાદ એક

આદર્શ ગૌરવવંતુ સાક્ષરોનું સાહિત્ય અને ઉમદા સેવાભાવી લેખકોનું જન્મસ્થળ કહેવાતું. ત્યાંનો ઉછેર ને ત્યાંનું વાતાવરણ જ શિક્ષણ તરફ પ્રેરણા આપતું અને આદર્શ જીવન જીવવાની આંતરિક તમન્ના જગાડતું.

પપ્પાજીના કુટુંબની દેવાદાર અવસ્થા અને કરમસદમાં ડૉ.નાથાભાઈની સર્વ પ્રકારે કૌટુંબિક અને સામાજીક પરિસ્થિતિ અને તેમની વ્યક્તિગત બીમારીને લીધે અનેક તકલીફો.... પપ્પાજીને પોતાના અધૂરા અભ્યાસે મોટાભાઈ ચૂનીભાઈ સાથે મોમ્બાસા જવાનું થયું ! કહે છે કે પ્રારબ્ધ આવાં ચૈતન્યોને નથી હોતાં પણ ભવિષ્યની કોઈ દિવ્ય આયોજના પપ્પાજીને અભ્યાસ મૂકાવીને શિક્ષકની સામાન્ય ગણાતી નોકરી માટે આફ્રિકા તરફ દોરી ગઈ. આને જ કહેવાયને આધ્યાત્મિક શક્તિનું અવર્ણનીય કાર્ય !

એકવાર પપ્પાજીએ પોતાના પત્રોમાં એક સાધકને લખેલું –

*"હું એફ.વાય.સાયન્સમાં બે વાર ફેઈલ થયો. બાપાએ કર્યો ! મારે ફર્સ્ટ કલાસ ડૉક્ટર થવું હતું ! એ–વન થવાની જ ખેવના. ખૂબ ફાંફાં માર્યા. પણ ચારેય બાજુથી એવો જકડી રાખ્યો કે કંઈ થવા ન દીધો ! ને મોમ્બાસાનો માસ્તર બન્યો.*

*જ્યાં 'બ્યૂગલ' (યુધ્ધ, મહામાયા સાથેનું ઘનઘોર યુધ્ધ બાપાએ આરંભ્યું) વાગ્યું ત્યાં ખડો, સેવક તરીકે હાજર થઈ ગયો. ને જે ઢંગધડા વગરનું (ભક્તિ વગરનું) જીવન જીવેલા તેથી જગતમાં રસ જ ન હતો, તે સાપની કાંચળી માફક ઉતરી ગયું. ને બાપાનું કાર્ય શરૂ થયું ત્યારથી જ ૧૦૦ ટકા મન દઈને બાપાના સોલ્જર તરીકે સાથ આપવા મંડ્યો. એકમાત્ર એ જ રહ્યા ને સુખિયો સુખિયો રહ્યો ને હલકોફૂલ થઈ આનંદના ફુવારા ઊડાડતો થઈ ગયો.*

*કહેવાનો મતલબ એ હતો કે, જ્યારે બાપા તેના સંબંધવાળાને જન્મ આપે છે ત્યારથી જ તે તેનાં પ્રારબ્ધના નિયામક હોય છે તે જે વખતે જે આપે: સુખ, દુ:ખ, બીમારી, પૈસા ટકા કે મોટપ, કેસ વગેરે તે બધું જ ઓહોહોભાવે આવકારી લેવું. આપણે ધાર્યું હોય તેમ જ તે ન પણ કરે. તે વખતે જરા દુ:ખ જેવું લાગે કે આમ કેમ*

*કરતા હશે ? પણ તે દુ:ખાટ ભૂલવા ભજન કે તેવો ઉપાય લેવો તે સરળ સાધકની સરળ રીત છે. જેથી તેવા સાધકને બાપા ઓછામાં ઓછા ટાંચણી જેટલા દુ:ખે દેહભાવ દેખાડી, ટાળી, પોતાના જેવો બનાવી દે છે ! પણ જો તે વખતે – દા.ત. ભણવામાં મારી ફેલ્યોર (અસફળતા) કે બાપના દેવા વખતે કે કેસ વખતે સહેજ ફરિયાદ દુ:ખાટ સહિત કરી હોત તો તે મારું જ ધાર્યું કરત જ. પણ સાધના જરા હાર્ડ – અઘરી બનત !*

*ઘણા મુક્તોને પોતાનું ધાર્યું હિત સિધ્ધ કરાવવા આવી હઠ પકડતા જોયા. ધાર્યું જ કરાવ્યું ને તે ટાળતી વખતે ઘણું સહન કર્યું. અલબત્ત સહન કરવાનું બળ મળ્યું ત્યારે જ તેણે તે ઑપરેશન શરૂ કરેલું.*

*દાખલા માટે – અમે જ પાંચ લાખ રૂપિયા મળે પછી સત્સંગ કરીશું, કરી હઠ જ પકડી. તેણે ધાર્યું કર્યું. પાંચના ૧૦-૧૫-૨૫ સુધી હઠ વધી, ૨૫ લાખ આપ્યા પણ જ્યાં બળિયા થયા, જીરવીએ તેવા થયા કે જે છોલાટવા મંડ્યા કે હજી અત્યાર સુધી તેનો છોલાટ ચાલુ રહ્યો !*

*જે મુક્તોએ મૂર્તિ ધારી ધાર્યું કર્યું કરાવ્યું, તેમને સાધુ બનતાં ઘણો માર પડ્યો. આવા તો ઘણાય દાખલા છે. પણ આ તો કહેવાનો આશય કે, આપણે આપણને આપણા માટે જે હિતજનક લાગે તે જરૂર માંગવું. પછી તે આપે તો ય સારું ને ન આપે તોય તે સારા માટે જ હશે. 'દાસના દુશ્મન હરિ કદી હોય નહીં. જે કરતા હશે તે ઠીક જ કરતા હશે.' તેમ માની, અંતરથી દુ:ખાવું નહીં. તે દુ:ખ ભૂલવા જપયજ્ઞ, સેવા, પ્રાર્થના કરવાં, જેથી સાધના સરળ બને. બસ આટલું જ કહેવાનો આશય હતો.''*

આવું જાગરૂક જીવન જીવનારા પપ્પાજી ! જે સાધન હાથ આવ્યું તે ! તેને તન, મન અને સમગ્ર તંત્રથી સ્વીકારી, આવકારી, આનંદ અહોભાવથી તેને શીખી જઈને, તે સારામાં સારું કેવી રીતે થાય તેના તરફ ચાડ રાખીને પોતે શિક્ષક હોવા છતાં યે સદાયે વિદ્યાર્થી અને અભ્યાસુ રહ્યા ! શિક્ષક એટલે એક શિક્ષણ આપનાર જ તેવી

તેમની ગણતરી નહોતી. પણ પોતાની જીવનશૈલી અને વર્તણૂકથી સાચું જીવન શિક્ષણ આપવાની પોતાના સમગ્ર તંત્ર સાથે તેમણે તૈયારી કરી દીધી.

જેથી અલીદીના વિશ્રામ શાળામાં

★ તેઓ હંમેશા સફેદ વસ્ત્રોમાં જ જતા. તેવા જ કોટ પાટલૂન, ઈસ્ત્રીબંધ સુઘડ અને શ્વેત રાખીને જ પહેરતા.

★ તેઓ શાળામાં સાઈકલ પર આવતા. કોઈ દેખાડો કે મોટપ નહીં ! વિદ્યાર્થીઓ સાથે વિદ્યાર્થીઓ જેવા.

★ તેઓ સમયમાં એકદમ ચુસ્ત અતિ આગ્રહી. બરોબર આઠના ટકોરે શાળામાં અચૂક દાખલ થઈ જતા. ગૃહસ્થી, બે બાળકોના પિતા, સર્વે પ્રકારે વ્યવહારૂ અને જગતની સામાજિક અનેક જવાબદારીઓ કે સેવા પણ તેમની સમયપાલનતામાં કદીયે આડા આવ્યા નથી. કે ફેરફાર થયો નથી.

કહેવાય છે કે પપ્પાજી શાળામાં સાઈકલ પર પ્રવેશે એટલે સૌ કોઈ પોતાની ઘડિયાળનો સમય મેળવી લેતા. એકદમ ચોક્કસ. એ જમાનામાં રેડિયો કે ટેલીવિઝન નહોતા. વળી ડીઝીટલ સીસ્ટમ પણ નહીં. ચાવી આપવાની જ ઘડિયાળો રહેતી. અને તે પણ બધા જ વાપરી શકે ! તે ખાસ મોંઘી રહેતી. તે પપ્પાજીનો સમય તે ઘડિયાળનો ટકોરો સમજવાનો! આ તેમની ૧૯૨૭ થી ૧૯૫૨ પૂરાં ૧૪ વર્ષની એકધારી સમયપાલનની ચુસ્તતા હતી.

★ હંમેશા ધીર ગંભીર હોવા છતાંયે બાળકો સાથે બાળકો જેવા થઈને તેમની કક્ષાએ જઈને તેમને વ્યક્તિગત માન અને પ્રેમ આપીને પોતાના વિષયોનું માર્ગદર્શન આપતા. જેમાં કદીયે અતિ આગ્રહ કે શિક્ષાને કોઈ સ્થાન નહોતું! પોતે મહેનત કરીને દરેકની પાસે જઈને માતાની જેમ સલુકાઈથી બાળક સમજી શકે તેવી રીતે સમજાવતા.

પપ્પાજી કહે, ‘શિક્ષક થવું સહેલું નથી. વિદ્યાર્થી અવસ્થામાં કોઈ ચૂક ચાલે પણ શિક્ષકને પોતાને, પોતાના વિષયનું ખૂબ ઊંડાણથી જ્ઞાન હોવું જોઈએ. વિદ્યાર્થીઓના જ્ઞાનમાં સમજણમાં ઊંડે ઉતરે તે રીતે વિશેષ અભ્યાસ કરીને, હળવું કરીને સમજાવવું પડે. જેથી તે

વિષય બાળક હસતા રમતા ને સરળતાથી શીખી શકે.' તેથી પપ્પાજી જેવા શિક્ષક થયા તેવા જ તેમના પોતાના સ્વયંના અભ્યાસ માટે અનેક પુસ્તકો જે તે વિષયના વાંચતા ને તેનું અનુસંધાન રાખીને લાયબ્રેરીમાંથી પુસ્તકો લાવીને વિશેષ સૂચનાઓ નોંધીને પોતે શું સમજાવવાનું છે તેનું લેશન પોતે જ સ્વયં પહેલાં તૈયાર કરતા.

કોઈપણ વિદ્યાર્થી ગમે તે પ્રશ્ન ક્યારેય પૂછે તો તેનો ઉત્તર શિક્ષકને તો તત્કાળ આવડવો જ જોઈએ ને ! તેથી અભ્યાસ અવશ્ય કરવો જ પડે અને તે પણ પાઠ લેતા પહેલા ! પપ્પાજી કહેતા હું ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી શીખવતો. તેથી આ ત્રણેય વિષયો ખૂબ વિશાળ અને ખૂબ વિકાસને પામતા રહેતા. ગયા વર્ષે વિજ્ઞાન કે ગણિતમાં જે શીખવવાનું હોય તે બીજા વર્ષે બદલાતું. તે વિષયમાં પ્રગતિ થતી રહે. તેથી અપ-ટુ-ડેટ રહેવું પડતું. અને પપ્પાજી આનંદથી અને ઉત્સાહથી નવાં નવાં મૂલ્યો, ક્ષેત્રોનું જ્ઞાન પોતે આત્મસાત્ કરીને બાળકોને શીખવતા ક્યારેય બાળકોને કંટાળો ન આવે કે વિદ્યાર્થી ગૂંચાય નહીં તેનું ચીવટાઈથી પપ્પાજી ધ્યાન રાખતા. વળી શિક્ષણની નવી પધ્ધતિ પણ પોતે શીખીને નવા નવા આયામને પોતે અમલમાં મૂકીને બાળકોને જ્ઞાન આપીને ખૂબ પ્રોત્સાહિત કરતા. શિક્ષક બનવું તે જાણે પપ્પાજીના જીવનનો મનપસંદનો જ ઉદ્યમ, વ્યવસાય ન હોય ! તેવું જ તેમને લાગતું અને સૌને થતું કે 'હં... બાબુભાઈ શિક્ષક છે તો અમારા બાળકોને સંસ્કાર સાથે વિદ્યા આપશે, પ્રેમ સાથે ખંત, ધીરજ અને ચોક્કસાઈ ચિવટાઈ શીખવશે.'

અલીદિના વિશ્રામ હાઈસ્કૂલના બીજા શિક્ષકોને પણ તેમની શિક્ષણ પધ્ધતિ અને આવડતથી તેવું શીખવાની તાલાવેલી જાગતી. અને તેઓ પણ તેમની રીત પોતે સ્વીકારીને ભણાવવા માટે વાપરતા. પપ્પાજી એકવાર કહે, 'સારામાં સારો વ્યવસાય જો કોઈ હોય તો શિક્ષકોનો છે. જેમાં નિર્દોષ બાળકો સાથે જ વ્યવહાર ! તેમને જોઈને આનંદ ને ઉત્સાહ આવે. વળી તેઓને જીવનમાં સદાચાર જ શીખવવાનો હોય ને ! તેમને સાચુ જ બોલવું, ચોરી ન કરવી કે માતા-પિતાને પ્રભુતુલ્ય માની માન આપવું જેવા સદ્ સંસ્કાર અને

સદ્ભાવના જ શીખવવાના હોય ને ! તેથી આપણે પણ એવું જ વર્તવુ પડે ને ! એ ૧૯૨૭ થી ૧૯૫૨ સુધીના વર્ષોમાં મોમ્બાસામાં અંગ્રેજોનું સામ્રાજ્ય હતું. તેથી ખૂબ કાળજી રાખીને અભ્યાસુ બનીને શાળામાં શિક્ષક તરીકે સજાગ રહેવું પડતું. શાળાનું સ્ટાન્ડર્ડ નીચે ના ઉતરી જાય તે માટે.

શિક્ષણ એક વ્યવસાય તરીકે પપ્પાજીએ ગણ્યો જ નથી. પણ શાળાના સર્વે બાળકોને શ્રી કૃષ્ણ ભગવાનની જ મૂર્તિ માની, આદર્શ બનીને પોતે ભક્તિ કરતા તેવું પપ્પાજીએ અનેકવાર કહ્યું છે. પપ્પાજી પોતે 'ગીતા' ના અભ્યાસુ હોઈ 'કર્મયોગના માર્ગે ઈશ્વર પ્રાપ્તિ'નું જ ધ્યેય રાખીને શિક્ષક તરીકે વર્તતા. તેમના બાળકોનો વિકાસ અને પ્રગતિ જોઈને તેમના પ્રિન્સીપાલ પપ્પાજી પર ખૂબ રાજી થતા. તેમની શિક્ષક તરીકેની ગરજ અને ફરજ અતિશય અતિશય એકાવધાની અને દૃઢ નિષ્ઠા.

એક પ્રસંગે પપ્પાજી કહે છે કે મારી શાળામાં એક છોકરી ભણવામાં સાવ ઠોઠ. ખૂબ મહેનત કરું પણ એ આગળ શીખે જ નહીં. અંગત બેસીને ભણાવું. પણ પ્રગતિ જ ના થાય. પછી ધીરજ રાખી, પ્રેમથી જોયું તો એ છોકરી બહેરી - સાંભળતી જ નહોતી. ડૉક્ટરને બતાવ્યું તો તેવું નિદાન થયું. ૯-૧૦ વર્ષની છોકરી થઈ પણ જેની ખબર મા-બાપને નહોતી તે પપ્પાજીને ખબર પડી. અને ડૉક્ટરી તપાસ કરાવીને યોગ્ય સારવાર કરાવી તેને સુખી કરી. તેવી માતૃભાવનાવાળા શિક્ષક હતા પપ્પાજી !

પપ્પાજી તેમના જીવન પ્રસંગોમાં વારે વારે કહેતા -

★ 'મોમ્બાસામાં સફેદ અવરગંડીનો લાંબો કોટ ને પાટલૂન પહેરી સવારે ગરમ ગરમ પરોઠા ને એકલા દૂધની જ ચાનો નાસ્તો કરી સાયકલ પર શાળાએ જતો. અમારી શાળા દરિયાકિનારે. તેથી હું જ્યારે જાઉં ત્યારે દરિયો ઘુઘવતો હોય. બપોરે શાળાની ઑફિસમાં કામ કરું, ઘરે ન જાઉં. બપોરનું ખાવાનું : કેળા ને બીજુ સાથે લેતો જઉં. બપોરે જમીને ટેસથી દરિયાકિનારે ફરતો. ને ત્યાં ખૂબ આનંદ આવતો.'

★ પપ્પાજી કહે, ''હું શિક્ષક તો હતો પણ મેં મોમ્બાસામાં કેમ્બ્રીજની મેટ્રીકની પરીક્ષા આપી. ત્યારે ઈન્ટરવ્યુ હતો. તો તે અંગ્રેજી માણસ તેની અંગ્રેજી ભાષામાં 'ટેક ઑફ યોર હેટ' એમ બોલે. પણ તે ઉચ્ચાર એકદમ ટૂંકા અને અસ્પષ્ટ. આમે ય ઈંગ્લીશ લોકોના ઉચ્ચાર એકદમ વિચિત્ર લાગે ! પપ્પાજીને તે અંગ્રેજે બહુ વાર કહ્યું. પણ સમજ ન પડે. તેથી હું 'પાર્ડન મી, પાર્ડન મી' તેમ વિવેકથી –'તમે શું કહો છો? મને સમજાતું નથી.' તેવું બોલ્યા કરું. પછી તે અંગ્રેજ સમજ્યો કે આને ભાષા સમજાતી નથી. તેથી ઈશારો કરીને કહ્યું ને ધીમેથી છૂટા શબ્દો કરીને બોલ્યો. હં... મને થયું 'આ તો ટોપી ઉતારવાનું કહે છે.' અંગ્રેજી સાહેબ પાસે જઈએ તો ટોપી માથે રખાય નહીં. તેમની સામે ઉતારી જ દેવી પડે. તેવો તેમનો માન મરતબો જાળવવો પડે. નહીં તો દંડ થાય અને જે કામ માટે ગયા હોઈએ તે કામ પાર પડે નહીં. તેવો અંગ્રજો પોતાનો વટ રાખતા.''

★ મોમ્બાસામાં રહીસ રોડ પર પપ્પાજીના મિત્ર પૂ.ભોગીભાઈ વ્યાસ રહેતા. પપ્પાજી તેમના ઘરની પાછળ રહેતા.પપ્પાજી કહે, 'એકવાર ચાંદની હતી. અમે બે મિત્રો રાત્રે બહાર બેઠા હતા. અને અમારી ભાઈબંધોની ગોષ્ટિ ચાલતી હતી. ને એક ચોરને જોયો. ત્યાં ઊભા થઈને રાડ નાખી કે 'કોણ છે ? શું છે ?' પેલો બોય હતો તે પકડાઈ ગયો. પપ્પાજી ઊંચા, પહોળા અને શ્યામ વર્ણ. અને છોકરાને બીક લાગી. તેને ધોલધપાટ પણ કરી ને પોલીસમાં મોકલ્યો. પછી ખબર પડી કે એક ઈન્સ્પેક્ટરનો છોકરો હતો. તે ઈન્સ્પેક્ટર ને પપ્પાજી માસ્તર. પોલીસ સ્ટેશને રીપોર્ટ થયો. છોકરાનું સ્ટેટમેન્ટ લીધું અને બાબુભાઈએ માર્યો તેવું બ્યાન નોંધાયું. તેથી કેસ થયો. ત્યારે પપ્પાજીના બીજા મિત્ર ડૉ.ગુરના હતા તેમને વાત કરી. તેમણે ખૂબ મદદ કરી તે પછી કેસ બંધ કરાવ્યો.

આમ મોમ્બાસા તીર્થધામે શિક્ષકના વેશમાં 'સંબંધયોગ'નો પ્રસાર કરવા બ્રહ્મસ્વરૂપ પપ્પાજી ૧૯૩૭થી ૧૯૫૨ સુધી રહ્યા. બાળકોને, વાલીઓને, બીજા શિક્ષકોને ખૂબ સંબંધ આપ્યો ને તેમને અક્ષરધામના અધિકારી બનાવ્યા.

શ્રીજી મહારાજે કહેલું કે પાંદડે પાંદડે સ્વામિનારાયણ ધર્મ ફેલાવવો છે. તો તે કાર્ય માટે ગૃહસ્થ વેશમાં બ્રહ્મતત્ત્વ મોમ્બાસા ગયા, રહ્યા – ત્યારે અનેક મિત્રો હતા. અને નાઈરોબી, જીંજા અનેક દેશમાં ગયા, વિચરણ કર્યું અને છૂપા રહીને સૌનાં કલ્યાણ કર્યાં. સાચા શિક્ષકનો સ્વધર્મ : જે જ્ઞાન પોતાને પ્રાપ્ત છે તે સૌ કોઈને વહેંચવું – તો આધ્યાત્મિક સમતા અને આનંદ પપ્પાજીમાં ચિર સ્થાયી હતો તે વિચાર, વાણી, વર્તનથી પ્રેમથી વહાવ્યો ને અનંતનાં કલ્યાણ કર્યાં ! પણ ૧૯૫૨થી દેશમાં આવ્યા ને સાક્ષાત્કાર થયો પછી આધ્યાત્મિક શિક્ષક તરીકે પળેપળે જીવ્યા ને સૌના સહચારી, સહગામી, સાથી બનીને સહિષ્ણુતાથી સ્મિત ને સમતાથી વર્તીને, પ્રાર્થીને પરાભક્તિ કરતા રહીને શિક્ષક-ગુરુ બન્યા. ૧૯૬૬માં પ્રિન્સીપાલ બન્યા ગુણાતીત સમાજરૂપી ઉચ્ચ આધ્યાત્મિક શાળાના !

ધન્ય હો શ્રીજી-યોગીજીને કે એક આદર્શ પ્રસ્થાપિત કર્યો. જેવી 'સ્વામીની વાતુમાં' જ્ઞાન ને સાધુતા છે તેવું જ પળેપળે પપ્પાજીએ પોતે વર્તીને ગુણાતીત શિક્ષક બનીને શ્રમ જ વેઠ્યો છે. 'પોતાના તરફ સાધુની દૃષ્ટિ ને અન્ય તરફ મહારાજની' એવી પળેપળની જાગ્રતતા ઉજાગર કરીને પપ્પાજીએ પોતાના વિચાર, વાણી, વર્તનમાં એકત્વ રાખીને – 'અહોહો ! આ બધા શ્રીજી-યોગીજીના બોટેલાં ચૈતન્યો ! અનાદિના અક્ષરમુક્તો ! તેમની સેવા મળે જ નહીં. તે મને મળી !' એમ સેવાનો જ અધિકાર અને સેવાનો જ હક્ક રાખીને સર્વે મુક્તોને રાજી કરવાનો જ પપ્પાજીએ ઉદ્યમ કર્યો. પ્રેમ પ્રાર્થનાથી સૌને જીત્યા અને મુક્તો શેમાં સનાતન સુખ પામે ! શેમાં અફાટ આનંદ પામે ! તેવા સ્વરહિતના નિષ્કામ જીવનના માર્ગે, હાથ પકડીને ચલાવીને, પરમ પિતા, પરમ શિક્ષક, પરમ ગુરુ અને પરમ માતા, પરમ સખા, પરમ પ્રેમાળ ગુણાતીત સ્વરૂપ બનીને આપણી સાથે રહ્યાં. ધન્ય ધન્ય થયા આપણે કે બાહ્ય વ્યહારમાં ગુરુપણાનો કોઈ ભાર નહીં. પણ આત્મીય, સાથી બની સૌ સાથે ઐક્યતા સાધી નિષ્કપટભાવ જગાડી દેતા અને આત્માથી જાગ્રત કરીને ગુણાતીત ભાવ ભર્યા સંકલ્પ, ભાવ ને ક્રિયા વગર પ્રયત્ને કરાવી દેતા ! અહો




અહો ! કેવા આપણે નસીબદાર !

ગુરુહરિ પપ્પાજી ! અદનામાં અદના માનવ તરીકે જન્મ્યા ત્યારથી એકધારું સામાને રાજી કરવા જ પળેપળ જીવન જીવ્યા. પછી તે કોઈપણ હોય – ઘરનો, સમાજનો, શાળાનો, કોલેજનો કે આડોશપાડોશનો. એવા ગુરુહરિ પપ્પાજી !

'પરાભક્તિની સૌરભ' ગુરુહરિ પપ્પાજીની આત્મકથા એ એક એવી અમૂલ્ય અને અજોડ, અકલ્પનીય માનવ સમાજને અને વિશેષ તો ગુણાતીત સમાજ અને જ્યોતને ભેટ છે. વિધવિધ સમયે... પછી તે પોતાનો અભ્યાસકાળ હોય કે પોતે અન્યને અભ્યાસ કરાવતા હોય કે એકાંત અને નિરાંતનો સમય હોય. તો પપ્પાજી–બાબુભાઈના હસ્તકમળમાં એકમાત્ર એક જ વસ્તુ હોય અને તે પુસ્તક.

પોતાના અભ્યાસકાળમાં શાળામાં જે અભ્યાસ કરાવે તે ઘરે આવીને ફરીથી વાંચીને મુખપાઠ કરી લેતા. તો વળી આવતીકાલે શિક્ષક શું ભણાવવાના છે તેનું આગળ આગળ વાંચન કરીને તે વિષય વિશે પૂર્વાપર જ્ઞાન સમજી લેતા એવા તેઓ અવર્ણનીય અભ્યાસુ વિદ્યાર્થી હતા.

વેકેશનમાં અહોહો ! અન્ય વાંચન – પછી તે ગદ્ય હોય કે પદ્ય હોય, ઈતિહાસ, ભૂગોળ, નવલકથા કે નવલિકા હોય. પપ્પાજી સ્વયં કહેતા કે – નડિયાદની ડાહીલક્ષ્મી લાઈબ્રેરી એ વેકેશનનું મારું બીજું ઘર. સવારે લાઈબ્રેરી ખૂલે ત્યારે જમી કરીને બેઠકનો એક ખૂણો પકડીને

બેંચ પર બેસી જતા. અને એક પુસ્તક હાથમાં લેતા. જે પૂરુ કરીને પછી જ ત્યાંથી ઉઠતા. અને ફરી સમય હોય તો બીજું પુસ્તક... તે પણ પૂરું વાંચ્યા સિવાય ઉઠવાનું નામ ન લેતા. તે છેક લાઈબ્રેરી બંધ થાય ત્યાં સુધી પપ્પાજી વાંચન કરતા જ હોય. અને તેમની એક ખાસિયત – પોતે જે વાંચે તેને પોતાની પાસે એક નોટ રાખી હોય તેમાં મુખ્ય મુદ્દાઓ લખી રાખે. તેની અવશ્ય નોંધ લખીને રાખે. જેથી ફરીથી આખા પુસ્તકનો અભ્યાસ ન કરવો પડે. પણ સારનો સાર : એમ મુદ્દા લખીને રાખ્યા હોય. અમુક મુદ્દાઓ તો મોઢે જ કરી લેતા. અને તેને વર્તનમાં તત્કાળ મૂકીને અમલ કરી દેતા. જેથી સ્વધર્મમાંથી કદીયે ચલિત થવાય જ નહીં. તેવી ઈન્દ્રિય, અંતઃકરણની દઢતા હતી. ઉચ્ચ લેખકોનો જ સંગ રાખતા. પોતાને એમના શિક્ષકો : જેવા કે પૂ.શંકરભાઈએ આ શોખ કેળવવાની પ્રેરણા આપી. નવરાશ મળે ને પપ્પાજીને જો શોધવા હોય તો તેઓ લાઈબ્રેરીમાંથી મળી આવે ! વળી વિચારસરણી કેવી કે ઘરે જો પુસ્તકો લાવીએ તો ફી ભરવી પડે. અને ખરીદવાના તો પૈસા જ તે સમે એમની પાસે ક્યાં હતા ? તેથી લાઈબ્રેરીમાં જ બેસીને વાંચીએ તો મફત મળેને ! તેવી કરકસરની દષ્ટિ અને વર્તન ! સવારે ૧૧ વાગ્યે પહોંચી જાય તે છેક રાત્રે લાઈબ્રેરી બંધ કરે ત્યારે જ બહાર નીકળવાનું! એવો એમનો શોખ અને તેમાંય નવું જાણવાનો, શીખવાનો અને લેખનકલાનો પણ વિશેષ શોખ ! પ્રાચીન ગુજરાતી લેખકો જેવા કે નરસિંહ મહેતા, મીરાંબાઈ, દયારામ, પ્રેમાનંદ, નર્મદ, ભોજોભગત, કબીર એમ એ સૌનાં બધાં જ ગદ્ય અને પદ્ય સાહિત્યનાં જેટલાં પુસ્તકો હતાં તેટલાં બધા જ વાંચી કાઢ્યાં હતાં. અર્વાચીન લેખકોમાં રમણલાલ વસંતલાલ દેસાઈ, કનૈયાલાલ મુનશી, ઝવેરચંદ મેઘાણી, નાનાલાલ, ગોવર્ધનરામ ત્રિપાઠી, બાલાશંકર, ઉલ્લાસરામ, કલાપી, બોટાદકર જેવા ૧૯૫૨ સુધીના બધા જ લેખકોનાં, કવિઓનાં બધા જે જે પ્રકાશનો હતાં તે બધાં જ વાંચી કાઢ્યાં. અંગ્રેજીના ચોથા ધોરણથી વાંચવાનું શરૂ કરી છેક સાક્ષાત્કાર થયો ત્યાં સુધી અને કોલેજ લાઈફમાં પણ આ જ. આફ્રિકા ગયા ત્યારે ત્યાંના સાર્વજનિક પુસ્તકાલયો – સઈફ બીન સાલેમ લાઈબ્રેરી અને સમાજસેવા મંડળની લાઈબ્રેરીના મંત્રી તરીકે

માનદ્ સેવા પપ્પાજી કરતા. તેથી જે જે નવા પુસ્તકોનું પ્રકાશન થાય તેનો ઓર્ડર પપ્પાજીએ આપવાનો હોય. એટલે પપ્પાજી પુસ્તક આવે ને તેને નંબર આપતા પહેલાં જ આ પુસ્તક સારું છે ? બરોબર છે ? માનવતાભર્યું છે? વિગેરેનો અભ્યાસ કરીને પોતે પ્રથમ રોજના એક પુસ્તક લેખે વાંચી લેતા અને પછી તેને લાઈબ્રેરીમાં ગોઠવવાની સૂચના આપતા! કેવા એકાવધાની અને જવાબદારીભર્યું જીવન!

પપ્પાજી ચોથી અંગ્રેજીમાં કેવી રીતે વાંચવું તે શીખી ગયા હોઈ દરેક પુસ્તકમાંથી પોતાના ખપનું જીવનમાં ઉપયોગી જે સારું સારું લાગે તેની નોંધ કરતા જતા. તેની એક ફાઈલ બનાવેલી હતી. તે છેક ૧૯૫૨માં જ્યારે કાયમ માટે ભારત પાછા આવ્યા ત્યાં સુધી એક અગત્યની મૂલ્યવાન ટ્રેઝર તરીકે લાવેલા. જે સાક્ષાત્કાર થયા પછી ૧૯૫૩-૫૪માં પોતે ફાડી નાખી. ૧૯૫૨ પહેલાની જીંદગીનાં સંસ્મરણોનો પ્રલય કરી નાંખ્યો. તે બધું ગયા જન્મ જેવું થઈ ગયું ! કંઈક યાદ રહે પણ તેમાં ખરા-ખોટાપણાનો ભાવ અંદરથી ટળી ગયો. સાપ જેમ કાંચળી ઉતારે તેમ વાંચનનો શોખ સાક્ષાત્કાર કર્યા પછી સહજ ભાવે ખરી ગયો. ઉપરછલ્લો, ગ્રહણ કરેલો શોખ.

પપ્પાજી ઘણીવાર કહેતા કે, 'વાંચને મને માનવ સ્વભાવ, પ્રકૃતિની ઓળખ કરાવી.' ઉગતી યુવાનીમાં પોતાનું ઘડતર પોતે જાતે જ કર્યું અને આંતરિક વિકાસ પોતાના નિશ્ચયાત્મક મનોબળ અને ઈન્દ્રિય અંતઃકરણ પર ૧૦૦% કંટ્રોલ હોવાથી જે વિચારવા જેવું હોય તે જ મનથી વિચારતા જે બોલવા જેવું હોય તે જ શબ્દો બહારે નીકળતા. ભાવ અને લાગણી તો સદાયે કર્તવ્યકર્મો ને જવાબદારીઓથી ક્યારેય ઉભરાવા ન દેતા. કેવું ચણતર એમના સ્વભાવ, પ્રકૃતિનું પુસ્તકોએ કર્યું ! તેવું કહીને પપ્પાજી સ્વાધ્યાય ને વાંચનનો ભેદ દર્શાવતા - આધ્યાત્મિક, ધાર્મિક અને જગતના મોટા મોટા પુરુષોનાં જીવનચરિત્રો અને આત્મકથાના વાંચનની ઉપયોગીતા સમજાવતા. એકવાર વાંચો તેમાંથી અગત્યની નોંધો જુદી લખો, તારવો - તેને વારે વારે વાંચો - તેનો મુખપાઠ કરવો. અને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરવો. નિદિધ્યાસ કરીને આદર્શ તન, મનનું ઘડતર કરવું જેથી સેવા, ભક્તિ અને આત્માના

સનાતન આનંદ માટે જીવન સહજ ભાવે તૈયાર હોય.

પૂ.મમ્મીજીને માટે ગોવર્ધનરામ ત્રિપાઠીની 'સરસ્વતીચંદ્ર'ની 'ગુણિયલ'નો આદર્શ શીખવા, આદર્શ પત્ની, માતા, ગૃહિણીની કેળવણી આપવા પપ્પાજીએ પૂ.મમ્મીને પરભણીમાં પત્ર લખ્યો હતો. તે પૂ.મમ્મીજીના બાપુજી પૂ.અંબાલાલભાઈ પાસે આવ્યો. તેમણે વાંચ્યો અને ખૂબ ખુશ થયા ને દીકરીનો જીવનસાથી ખૂબ આદર્શ અને જ્ઞાની છે તેથી ખૂબ રાજી થયા. પપ્પાજી યુવાનવયે વિચારતા કે મારી પત્ની કેવી હોવી જોઈએ ? અને તે રીતે તેઓએ પૂ.મમ્મીજીને ઘણા ઘણા કાગળો તે સમયે લખેલા. ૧૪-૧૫ વર્ષની ઉંમરે અને કોલેજ કાળ દરમ્યાન અમદાવાદ, સુરતથી ખૂબ પ્રેમ અને જ્ઞાનથી ભરેલા પત્રો લખતા. બોટાદકરના ગરબા પણ શીખવતા. ગુણિયલના આદર્શ પછી રમણલાલ વસંતલાલ દેસાઈની ગ્રામલક્ષ્મી નોવેલની કુસુમને પણ આદર્શ માની તે વિશે પણ સમજાવતા. મંજરી, તનમન, કુસુમ વગેરે નારી પાત્રો પપ્પાજીને ગમતાં. કનૈયાલાલ મુન્શીની નવલકથાઓ ખૂબ ગમતી પૌરાણિક નાટકોમાંથી વશિષ્ઠ - અરંધતીનું પાત્ર પણ ગમતું. ને પૂ.તારાબેનને પણ આ વાર્તા પૂ.પપ્પાજીએ ભણાવી હતી. અને એનો આદર્શ જીવનમાં અપનાવ્યો. કુટુંબેસહિત અક્ષરધામનું સુખ ભોગવવાની વાત તેના પરથી પપ્પાજીએ સાકાર કરી બતાવી. કચ-દેવયાની, શર્મિષ્ઠાનાં પાત્રો તો વળી 'સંજીવની મંત્ર' તો ખૂબ યાદ રહી ગયેલો અને છેક છેલ્લે સુધી તે રીતે પળેપળ જીવન જીવ્યા. ૧૯૭૬માં 'સંજીવની મંત્ર'ના દસ મુદ્દાઓ પપ્પાજીએ સહજતાથી તત્ક્ષણ પરભાવમાં આવીને એકી શ્વાસે વણવિચારે પરાવાણી પરાશબ્દ રૂપે લેખની રૂપે લખાઈ ગયા તે પળની હું (નિલમ) સ્વયં સાક્ષી છું. હું જૂના પ્રભુકૃપામાં સીમેન્ટના ઓટલા પર બાજુમાં બેઠી હતી અને પપ્પાજીએ અચાનક લખવાનું બોર્ડ ઉઠાવ્યું અને જે પેન જે પાનું હાથ આવ્યું તેનાથી સહજ અંગ્રેજી ભાષામાં એકપણ ફેરવિચાર કે ચેકચાક વિના લખી નાંખ્યું. તે પછી તેમણે તેમાંથી ગુજરાતીમાં ભાષાંતર કર્યું. પછી છેલ્લું વાક્ય 'આધ્યાત્મિક સમતા રાખવા શૂરવીર બનો. વિજય તમારો જ છે.' તે પપ્પાજીએ મને પૂછ્યું - 'વિજય તમારો છે' એ પહેલા લખુ

કે પછી ?' મેં સહજ સ્મિત કર્યું અને કહ્યું, 'તમને જેમ યોગ્ય લાગે તેમ જ બરોબર ! સાચું !'

આ સંજીવની મંત્ર આખી જીંદગી નાની ૯ –૧૦ વર્ષની ઉંમરથી શરૂ કરી સાક્ષાત્કાર થયો ૧૯૫૨માં ત્યારથી એકાગ્રતાથી અને અથાગ ઊંડાણથી સાધના આ જ મંત્રો પ્રમાણે કરી છે. તો તે મંત્રો જીવંત જ્ઞાન છે. વર્તન પામેલા સનાતન સત્યો છે. કનૈયાલાલ મુનશીનો સંજીવની મંત્ર – 'ડરવું નહીં, હઠવું નહીં, નમવું નહીં ને યુધ્ધ કરવું સદા સર્વદા, અજયમાં કે વિજયમાં, આલોકમાં ને પછી પરલોકમાં' એ મંત્ર બાળપણથી કાકાજી, પપ્પાજી બેઉ ભાઈઓએ મોઢે કરીને આત્મસાત્ કરેલો. ને એ હિસાબે પળેપળનું જીવન ઘડેલું. દૃઢ નિર્ણય અને પળેપળની જાગ્રતતા અને ધ્યેય તરફની સંપૂર્ણ વફાદારી તે બેઉ ભાઈઓને આદર્શ ગુણાતીત સ્થિતપ્રજ્ઞતા ધારક ગૃહસ્થ સાધક સંત અને સ્વરૂપ બનાવી દીધા !

જે ઉત્તમ વાચક છે તે ઉત્તમ વિચારક હોય છે. વિચારો પર ગરણી મૂકીને તટસ્થભાવે અને સમત્વભાવે વર્તી શકે. જ્યારે પપ્પાજીને સાક્ષાત્કાર થયો પછી 'સંબંધ' નામની અતિ દિવ્ય, ખૂબ ઝીણા કાણાવાળી ગરણી મળી ! અને એ જ એક અનુસંધાન રાખવા માટે વાંચન ખૂબ ખૂબ અગત્યનું અંગ બની રહ્યું !

સ્વાધ્યાય એ સાધનાનું અવિભાજ્ય અંગ છે. પણ સાક્ષાત્કાર થયા પછી સ્વાધ્યાય કરતાંયે વિશેષ પોતાના જ વિચારોમાં સાક્ષાત્ યોગીજીની અનુવૃત્તિ છે? તે જ વાંચતા અને તેનો આવકાર–સ્વીકાર. એ સિવાયના સર્વેનો નિષેધ ! એવા ઉત્તમ આધ્યાત્મિક વાચક બનીને પપ્પાજી જીવનની છેલ્લી ક્ષણ સુધી પળેપળે જીવ્યા છે. વિદ્યાર્થી તરીકે તેઓ એક ઉત્તમ વાચક અને અભ્યાસુ રહ્યા. પણ મોમ્બાસામાં તેઓ શિક્ષક બન્યા ત્યારેય પોતે આગળ આગળ બાળકોને ભણાવવાનું લેશન ઘરે કરી લેતા. બીજે દિવસે જે ભણાવવાનું હોય તેને હળવી રીતે બાળકોને રસ પડે અને યાદ પણ રહે તેવું કરીને ભણાવવાનું લેશન 'વાચક' તરીકે કરીને જતા. પપ્પાજી કહેતા કે વિદ્યાર્થીઓને ભગવાનનું સ્વરૂપ માનીને ભણાવતા. પપ્પાજીએ પરાભક્તિની સૌરભ

**આત્મકથામાં આ વાત લખી છે. પપ્પાજી લખે છે –** આફ્રિકામાં મારા ભાઈબંધની છોકરી હતી. એ ભણે જ નહીં એવી જડ. આપણને ગુસ્સો ચડી જાય. તે દહાડે આવો સત્સંગ નહોતો તોય વિદ્યાર્થીઓને ભગવાનનું સ્વરૂપ માનું. એને વઢાય કેવી રીતે ? ચીડ ચડે એમ એ વધારે ને વધારે ચીડ ચડાવે અને મરાય નહીં. જો કે મારું ધ્યેય એ કે ચોરી ન કરે ત્યાં સુધી મારવાનું નહીં. મારો પ્રયત્ન બદલ્યા કરું. હવે ક્યો ઉપાય લઉં ? તો એ એકડો શીખે ! તે ચચૂકા લઈ જાઉં, સેન્ટ લઈ જાઉં, કંઈ કંઈ કરું! મહારાજ... મહારાજ... સત્સંગી ન હતો ત્યારથી જ આ શીખ્યો. સામાની તો અપેક્ષા રાખવાની જ નહીં. સામાના મગજમાં ઉતરતું નથી એ દોષ આપણો છે. એ આપણી આગળ સ્લેટ લઈને બેઠું તો ખરું ને ! બહુ થઈ ગયું. કોઈ કળ ના જડે તો શાંતિથી પ્રાર્થના કરવા બેસી જાઉં. **એમ પપ્પાજી કહે છે કે આ મારું અનુભવનું જ્ઞાન ! વાંચેલું નહીં – અજમાવી જોયેલું. આ બધું જ આત્માની અપ્રતિમ શક્તિઓ !**

**...આગળ આગળ પપ્પાજી સ્વયં લખે છે –**

મને લીટરેચર - સાહિત્યનો એટલો બધો શોખ હતો કે ગુજરાતી ભાષાનું એકેય છપાયેલું પુસ્તક મેં બાકી નહીં રાખ્યું હોય અને હું કહેતો'તો કે ઢેબરાં, ચા, પાણીનો કુંજો અને વાંચવાની ચોપડીઓ એટલું હોય તો સહરાના રણમાં ઝૂંપડીમાં બેસીને અઠવાડિયા સુધી સવાર, બપોર ને સાંજ એ ખાયા કરું ને વાંચ્યા કરું.

પણ ભારત આવ્યા ને સ્વામીનો સંબંધ થયો પછી રમણલાલ વસંતલાલની એક નવલકથા ટેબલ પર હતી. આમ તો એની ને શરદબાબુની હોય તો હું એ ફરીવાર વાંચી કાઢું પણ તે દિવસે એ એક લીટીથી આગળ જ ના જાય. વંચાય જ નહીં ને !! મને થયું આ શું થઈ ગયું !!! ઑટોમેટિક એની મેળે ખરી પડ્યું. હું ખેરવવા ન માગત, પણ વચનામૃત ને વાતો વગર બીજું વાંચવું ન ગમે એવું થઈ ગયું. જોયું ? હું બહુ વ્યવહારિયો હતો. મારો વટ પડે અને અત્યારે મારા જેવો બુધ્ધુ કોઈ નહીં. વ્યવહારમાં બુઠ્ઠો મારા જેવો કોઈ નહીં હોય. સૂઝ જ ના પડે કાંઈ.

ચુનીભાઈની એક બેબીને પરણાવી ત્યારે બધી જવાબદારી લઈને

હું ફરતો'તો. મોમ્બાસામાં ફર્સ્ટ ક્લાસ - સરસમાં સરસ કરેલું અને બીજી બેબી પરણાવવા કરમસદ આવ્યો ત્યારે જાણે કે રોબૉટ ફરેને, તેમ ફર્યા કરતો'તો.

એટલે... આપણે સત્સંગ કરીએ છીએ એની પરીક્ષા આ રીતે થઈ શકે. બે વર્ષ પહેલાં કેવું હતું? ને અત્યારે કેવું છે ? એમ જોતા જઈએ. તો ખબર પડી જશે. ઓછું ને ઓછું થવું જ જોઈએ તો સાચે રસ્તે છીએ.

અને હવે એવું થઈ ગયું કે, 'અખંડ આનંદ' કે બીજું કાંઈ સારું વાંચવામાં આવે એમાંથી ય લીટીઓ દોરી દોરીને બહેનોને મોકલું કે, 'આ આપણા કામનું આવ્યું.' એમ ભક્તિ માટે એ જ વાપરતા થયા.

**૧૯૬૬માં પપ્પાજી વિદ્યાનગર રહેવા આવ્યા ત્યારે એકાંતવાસ અને પરભાવની અવસ્થામાં પળેપળ જીવન જીવતા. એક જ ભાવના – આ ચોકડીમાં માયાનો પ્રવેશ ના થવો જોઈએ. વચ.ગ.પ્ર.૧માં લખ્યું છે – 'માયાનું શું રૂપ છે ?' તો શ્રીજીમહારાજ કહે છે કે, 'ભગવાનનું ધ્યાન કરતા જે આડું આવે છે તેને માયા કહીએ.' એવી આલોક, પરલોક, અલૌકિક માયાનો પ્રવેશ ગુણાતીત જ્યોતમાં તેની સાધક બહેનોમાં ન થાય તેની સતત ચોકીદારી, રખેવાળી કરતા, સંકલ્પ, ભાવ અને ભજનથી. ચાર–પાંચ વર્ષ પછી ૧૯૭૦ની આસપાસ ગુજરાત સમાચાર, દૈનિક સમાચારપત્ર, જનકલ્યાણ, અખંડ આનંદ, નવનીત, સમર્પણ જેવાં માસિક પ્રકાશનો મંગાવતા પણ થયા. અને સૌ પ્રથમ બધી જ પોસ્ટ પ્રભુકૃપામાં પપ્પાજી પાસે આવે. પપ્પાજી તેને જુવે, તપાસ કરે, નોંધ લે, જરૂર પ્રમાણે ખોલે, વાંચે અને પછી જ અંદર જ્યોતમાં બહેનોને મોકલાવે. એમ નાનામાં નાની સેવા ખૂબ ચીવટાઈ અને ચોકસાઈથી કરતા. અગત્યના સમાચાર પોતે વાંચે અને જે જે વિભાગના અનુસંધાનમાં સમાચાર હોય તેની નોંધ કરીને લીટીઓ દોરીને તે તે વિભાગને મોકલતા. તેમાં ઓફિસ, ઈલેક્ટ્રીક વિભાગ, દવાખાનું, કોઠાર વિભાગમાં ઝીણી ઝીણી સૂચનાઓ વાંચીને અગત્યની નોંધ બાજુમાં લખીને મોકલતા.**

**ક્યારેક આવા માસિકોમાં આધ્યાત્મિક સાધનાના લેખો આવે તો**

તેઓ સભામાં વાંચન કરાવતા અને સમજાવતા. શિબિરોમાં પણ તેનો વિશિષ્ટ ઉલ્લેખ કરીને તેનું વિવરણ કરીને સાધનાના ધ્યેયને એકદમ એકાગ્રતાથી આગળ વધવા પ્રેરણાદાયી કથાવાર્તા કરતા, કરાવતા. અને નવું નવું પીરસતા. પણ સૌ પ્રથમ પોતે એનું ઊંડાણથી વાંચન - અભ્યાસ કરતા ને પછી ગુણાતીત જ્યોતનાં બહેનોને તે વાંચન કરવા આપતા. એવા અનંત લેખો દવાખાના વિભાગમાં, ઈલેક્ટ્રીક વિભાગમાં, ઓફિસ વિભાગમાં આજેય ઉપયોગી થાય તેવા અદ્‌ભુત છે. અનાજ-તેલના ભાવ વધે, ઘટે તેની પણ અગત્યની નોંધ રાખીને બહેનોને તે ખરીદવા માટેની સૂચના આપતા.

આમ વાંચન તેમનો અદ્‌ભુત મિત્ર. અને તેની અગત્યતા એમણે પોતાના સૌ આશ્રિતોમાં જગાડી છે. અરે પપ્પાજીનો વાંચનનો શોખ કેવો તે એકવાર ફૂલ અને હાર કાગળમાં બંધાઈને આવ્યા. તે હાર-ફૂલનો ઉપયોગ થઈ ગયો પણ પેપર-છાપુ રહી ગયું. તે બધી વિધિ થઈ ગયા પછી પપ્પાજીએ એ જોયું ને હાથમાં લઈને વાંચવા લાગ્યા અને તેમાંથી જેજે અગત્યની નોંધ લાગી તે પોતે પોતાની ડાયરીમાં નોંધી લીધી ! પપ્પાજીના જીવનમાં એકમાત્ર શોખ એક વાંચન અને વાચક તરીકે તેમની અદ્‌ભુતતાનું વર્ણન થઈ શકે તેમ જ નથી. શ્રેષ્ઠતમથીયે શ્રેષ્ઠ, ઉદાત્ત ભાવનાનું મૂળ ઉત્તમ વાચન.

વાચક તરીકે અત્યાર સુધી આપણે પુસ્તકોની જ વાત કરી - આધ્યાત્મિકતાની ઉચ્ચ કોટિ પર જ્યારે આત્મા પહોંચે છે, ત્યારે બધાં જ પુસ્તકો 'થોથા' સમાન લાગે છે. અક્ષરજ્ઞાન માટે તેઓ નિરક્ષર સમાન બની રહે છે ! ને તે પછી બીજાં બધાં જ શાસ્ત્રો વાંચવાની, આવશ્યકતા રહેતી જ નથી. કારણ કે અંતઃપ્રેરણાનો ધસમસતો ધોધ નિરંતર તેમના સમગ્ર તંત્રમાંથી વહેતો હોય છે !

ગુરુહરિ પપ્પાજી માનવ તરીકે જન્મ્યા, માનવરૂપે જ વર્ત્યા, માનવસહજ સર્વે જગતના વ્યવહાર કર્યા અને માનવ સંબંધોને ઉત્તમ કક્ષાએ આદર્શ બનીને નિભાવ્યા અને એ રીતે સર્વને દાખલારૂપ જીવંત વર્તનરૂપે દર્શન કરાવ્યું અને એ સૌનો સર્વ રીતે વિકાસ કરાવ્યો. અંતરની એકતા સૌ સાથે સ્થાપીને નિર્મળ પ્રીતિથી સૌને બાંધીને જીવનની


હરપળે હૂંફ અને વિશ્વાસની પ્રતીતિ કરાવીને સૌને સંતુષ્ટ કર્યા! સામાન્ય માનવતા તો તેમના દૈનિક વ્યવહારમાં વહેતી જ હતી અને વળી તેમાં સ્નેહની દઢતા ઉમેરાતા 'સામાનું સુખ શેમાં છે ને તે કેવી રીતે પોતે (પપ્પાજી) વર્તે તો તે વધારે સુખી થાય ને આનંદ પામી શકે તેની કેવળ વ્યવહારિક જ નહીં પણ આત્મિક ભૂમિકાએથી સંબંધો વધારતા ગયા, વિસ્તારતા ગયા !

અને પછી શ્રીજી, યોગીજીની અનન્ય કૃપા અને અનુગ્રહ કે દષ્ટિમાત્રે સંપૂર્ણ રીતે 'સ્વ'ની વિસ્મૃતિ કરાવી અને આત્માને અખંડ નિરંતર ચિદાકાશમાં વિહરતો કરી દીધો. સાક્ષાત્કાર થયો અને તેથી તે સંબંધોમાં ચૈતસિક શક્તિઓ ઉમેરાઈ! આત્માની પ્રાણિક શક્તિઓ પણ ઉમેરાઈ અને નિષ્કામ સંકલ્પની અતિ ગહરી પરમાણુ બૉમ્બ જેવી શક્તિ પ્રગટી ગઈ! અને પપ્પાજી 'વાચક' બન્યા ચૈતન્યોના ! ગત અનંત જન્મોમાં, આ કે તે પ્રત્યેક જીવ ક્યાં હતો ! શું કરતો હતો કે કેવાં પ્રારબ્ધ બાંધતો રહ્યો છે તે જળના બિંદુની જેમ હસ્તામલકવત્ નિહાળી શકે તેવી આત્મિક શક્તિ પ્રગટી ગઈ ! ભૂત, વર્તમાન અને ભાવિની ચૈતન્યોની અનંત ભૂમિકાને તેઓ તાદશ્ય નિહાળતા થયા !

પપ્પાજી

# લેખક સ્વરૂપે...

અનંત સ્વરૂપે...



ગુરુહરિ પપ્પાજી આજીવન લેખક જ રહ્યા છે. લખવું તેમની આ જન્મની ટેવ કહીએ અથવા તો જીવનની ખુશી ગણો તો તે. જેને આપણે અંગ્રેજીમાં passion કહીએ – અંતરમાં જે આનંદ પ્રગટાવે અને ઉત્સાહ ઉમંગ પ્રસરાવે તે કાર્યમાં વ્યસ્ત રહેવું તે લેખન! બાહ્ય રીતે જોઈએ તો આધ્યાત્મિક ક્ષેત્રમાં ૧૯૫૨માં પદાર્પણ કર્યું. પણ તેમણે વાંચેલા પ્રત્યેક પુસ્તકો, ગ્રંથો કે શાસ્ત્રોનો એક ગુટકો તેમણે સાથોસાથ લખીને અને આત્મસાત્ કરીને જીવનમાં વણી લીધો. જેમ મહારાજે પોતાની પાસે ગુટકો રાખેલોને ! તેમ જ સ્તો !

ગુરુહરિ પપ્પાજીએ એક આખો મોટો હોલ ભરાય તેટલા પુસ્તકો અને લેખો લખ્યા છે. વળી તેમનાં પરાવાણીનાં પ્રવચનોને જો અક્ષરરૂપ આપીએ તો વળી બીજો એક મોટો હોલ ભરાઈ જાય.

શ્રીજી મહારાજે અનેક વચનામૃત વરસાવ્યાં છે તેમાંથી નંદ સંતોએ તેને સમય, વાર અને સ્થાન બધ્ધ કરી, વિવિધ નામ આપીને પુસ્તકાકારે પ્રસિધ્ધ કર્યાં છે. જે સર્વોત્તમ જ્ઞાન છે. હિન્દુ ધર્મના શ્રેષ્ઠ અને આદિ સનાતન આચાર્ય તે વેદવ્યાસજી. એમને જેમ અંતઃકરણમાંથી જ્ઞાનનો સ્ત્રોત સ્ફૂરતો અને તેને તેઓએ શબ્દસ્થ કરીને ચાર વેદ, અઢાર પુરાણ, ઉપનિષદો રચ્યા. એવું જે પરાજ્ઞાન તે સમગ્ર માનવજાતિ માટે આધ્યાત્મિક અમૃત છે. એ વેદવ્યાસ આચાર્યની વાત ઉપર પછી બીજા અન્ય ગુરુઓએ નિરૂપણ કર્યું અને તેને વિવિધ સમયે વિધવિધ

માનવસમાજ સમક્ષ વિવરણ કરીને સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

વચ.ગ.છે.૧૦મા અને વડતાલ ૧૮માં શ્રીજી મહારાજે આ વાત સ્પષ્ટ કરી છે. એમ ગુરુહરિ પપ્પાજીએ વચનામૃતને સંપૂર્ણ પચાવ્યાં છે. આત્મસાત્ કર્યાં છે અને અનંત આત્માઓના ઉત્થાન માટે મોક્ષ માટે વિધ વિધ સમયે, અનંત સ્થળે, વિધવિધ કક્ષાના શ્રોતાઓ સમક્ષ એ અમૃતબુંદ વહાવ્યાં છે. લખ્યાં છે. તેમની લેખનીનો પ્રેરક તેમનું અદ્ભુત આધ્યાત્મિક જીવન, પરબ્રહ્મ તત્ત્વની પ્રેરણા – જેમ કાગળ એક માધ્યમ છે. જેની ઉપર લેખનીનો ઉપયોગ તેમના હસ્તકમળથી થયો છે. પછી તે પેન, પેન્સિલ, ચુનાનો ચોક કે માર્કર પેન. પણ જે સરવાણી વહેતી તેનું સંચાલન સમગ્રપણે દિવ્યતાના સ્ત્રોતને આધારિત હતું. એમને પણ ખબર ન હોય કે પોતે શું લખ્યું છે ? તે પછી જ્યારે તેઓ વાંચે ત્યારે ક્યારેક કહે પણ ખરા – ‘આ મેં લખ્યું છે? અરે, આ તો મારા દ્વારા લખાઈ ગયું છે ?’ એનો અર્થ એ જ થાય ને કે એમના ઈંદ્રિયો અંતઃકરણનું અને સમગ્ર તંત્રનું સંચાલન કોઈક અલૌકિક દિવ્ય શક્તિ કરતી. જે કેવળ નિષ્કામ ભક્તિરૂપે જ હોય ને !

પપ્પાજી નાની કે મોટી નોંધ બધુ જ એક કાગળમાં લખીને જ રાખતા. આપણે આગળ ‘વાચક’ તરીકેમાં નોંધ્યું કે તેઓ જે જે વાંચે તેનો સાર તેઓ લખી લેતા. અને તેનું મનન કરીને તેને ચિંતનમાં વાગોળતા. અનેક પ્રકારે તેનું ચિંતન કરીને પોતે વર્તનમાં ઉતારી દેતા. નિદિધ્યાસ કરી લેતા. જેથી જે શબ્દ, સત્ય, સૂત્ર પોતે ઝીલ્યું તેનો સાક્ષાત્કાર કરી લેતા. જેથી તેમની લેખની સદાયે સાક્ષાત્કાર કરેલા વર્તનની હોઈ અંતઃસ્ફૂરણારૂપે શબ્દો, વાક્યો વાણીથી અથવા તો હસ્તકમળથી વહી આવતા – વચ.સા.૬માં નિત્યાનંદસ્વામીએ મહારાજને પ્રશ્ન પૂછયો છે, પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી વાણી તે કેને સમજવી? એમ વાણીમાં ચાર પ્રકાર છે. અક્ષરબ્રહ્માત્મક નાદ તે પરાવાણી અને તે વિરાટપુરુષના હૃદયાકાશમાં પશ્યંતીરૂપે, કંઠદેશમાં મધ્યમારૂપે અને મુખમાં વૈખરીરૂપે થતી. ભગવાન જીવના કલ્યાણને અર્થે પૃથ્વી પર અવતાર ધરે છે ત્યારે તેમની જે વાણી કેવળ આત્મા અનાત્માનો વિવેક કરે. જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ, પરબ્રહ્મના ભેદનું

વર્ણન કરે તેને પરાવાણી કહેવાય. માયિક પદાર્થ અને વિષય તેને વર્ણવે તે વૈખરીવાણી. પદાર્થ ને વિષયને ભ્રાંતિએ સહિત અયર્થાથપણે કહે તે મધ્યમા વાણી અને પદાર્થને વિષયને અસ્પષ્ટરૂપે સરખુ બતાડે ને કાંઈ સમજવામાં ન આવે તે પશ્યંતી વાણી છે. જીવની જાગ્રત અવસ્થાને વિશે આ ચાર વાણી હોય છે. એ કોઈક સમાધિવાળાને જ તેના રૂપ સમજ્યામાં આવે. બીજાને તો શબ્દરસના લૌકિકરૂપમાં જ રસ પડે છે. પણ તેનાથી આત્મા જાગ્રત થાય નહીં. વાણી વિલાસમાં રાચીને જીવમાંથી શિવ થઈ શકતો નથી. આ અદ્‌ભુત સનાતન સત્ય સા.૬માં વાંચીએ ત્યારે ખ્યાલ આવે કે પપ્પાજીની લેખની આ રીતે પરાશબ્દ રૂપે અસ્તિત્ત્વ ધરાવતી થઈ.

એનો એક શબ્દ કે વાક્ય કે સૂત્રને આધ્યાત્મિક રીતે મૂલવી ન શકાય, તેને તો જીવનમાં વણીને સારધાર પચાવીએ તો જ એ પપ્પાજીના શબ્દો, અક્ષરોનું મૂલ્ય સમજાય. શબ્દ જેવો શબ્દ જ હોય, અવાજ જેવો અવાજ જ હોય, અક્ષર જેવો અક્ષર જ હોય પણ એનો હેતુ, એનું ઉદ્‌ગમ સ્થાન અને એનું પરિણામ જીવોની અનેક આધ્યાત્મિક ગૂંચો ઉકલતી જાય છે અને જીવ ઉત્ક્રાંતિ પામીને માનવમાંથી મહામાનવની યોનિમાં પ્રવેશ પામે છે. ગુરુહરિ પપ્પાજી સિધ્ધહસ્ત લેખક ન કહેવાય પણ આત્માની અલૌકિક સરવાણીના સ્રોતા પરમાત્મા હોઈને એમના લેખો, શબ્દો કે વર્ણનોના કાર્યકારણ જોયા વિના અમૂલ્ય માનીને વર્તનમાં મૂકવાનો યતકિંચિત પ્રયત્ન કોઈપણ કરે તો તે વ્યક્તિ માનવમાંથી અક્ષરમુક્ત બનીને અફાટ અક્ષરધામનું સુખ ભોગવે.

પપ્પાજી આમ તો ભારતના ગુલામી યુગમાં જન્મ્યા હતા. તેથી અંગ્રેજી ભાષામાં જ અભ્યાસ કર્યો. તે જ વાતાવરણમાં ઉછર્યા અને તેમની સર્વ પ્રકારની રહેણીકરણી અને વર્તન શૈલીમાં આવું પરદેશી આભાનું વર્ચસ્વ રહ્યું છે. મોમ્બાસામાં પણ અંગ્રેજી ભાષા જ ભણાવતા અને વિજ્ઞાન, ગણિત જેવા વિષયો પણ અંગ્રેજી ભાષામાં ભણાવતા. તેથી તે સમયે તેમની લેખનશૈલી અંગ્રેજી ઢબની હતી. ૧૯૫૨માં દેશમાં આવ્યા. સાક્ષાત્કાર પામ્યા અને આત્મસ્ફૂરણાથી, અનન્ય પ્રેરણાથી ગુજરાતી ભાષાની સરવાણી વહી રહી ! કેવું આશ્ચર્ય!

૧૯૮૧માં પપ્પાજીએ પોતાની આત્મકથા – 'પરાભક્તિની સૌરભ' લખી તેમાં અદ્‌ભુત સાહિત્યકાર જેવી શૈલી ઉભરી આવી છે. તેમાં એમના અંગ્રેજી ઢબના લાંબા લાંબા વાક્યો આપણને નવાઈ પમાડે. પણ તે તેમની અંગ્રેજી ભાષાની પ્રભુતાનું દર્શન કરાવે છે. એકવાર પપ્પાજીને પૂછ્યું હતું કે તમે અંગ્રેજીમાં જ ભણ્યા – તો તમને વિચારો કે પ્રેરણા કઈ ભાષામાં આવે ? તો હસતા હસતા કહે, 'આમ તો માતૃભાષા ગુજરાતી. એટલે એમાં જ આવે – પછી મહારાજને ખબર કે મને ક્યારેક અંગ્રેજીમાં પણ પ્રેરણા થઈ આવે ને તેમાં અંગ્રેજીમાં જ લખાઈ જાય.' જેમ કે 'સંજીવની મંત્ર' પપ્પાજીએ એકીબેઠકે ને એકીશ્વાસે દસ મુદ્દા વાળો સંજીવની મંત્ર સૌ પ્રથમ અંગ્રેજીમાં જ લખ્યો હતો અને પછી તેમણે જ તેનો ગુજરાતીમાં અનુવાદ કર્યો હતો.

પપ્પાજીની લેખનીના શબ્દો અલંકાર કે શબ્દ વૈભવ વિનાની છે. કથાકાર કે લેખક તરીકે તેમને મૂલવવા તે આધ્યાત્મિક સત્પુરુષો માટે એકદમ ખોટું છે. પણ એમના શબ્દો વાચકના અંતઃસ્તલને સ્પર્શી જાય તેવા છે. પારદર્શક સ્વચ્છ જીવનની દિવ્ય સૌરભ એમાંથી પ્રસરી જાય છે; જે વાચકના હૃદયને પ્રેરક નીવડે છે. ઘણીવાર એકના એક શબ્દો વારેવારે આવે તો જરા અતડુ લાગે પણ મૂળ ભાવ અને હેતુ એવો ઉમદા છે કે તેમાંથી પ્રસરતી દિવ્ય શક્તિ વાચકના તંત્રને સ્પર્શી જાય છે. એમના વાક્યો વિધેયાત્મક છે. સવળી વિચારસરણી અને આચાર અને વિચારની એકતાનો અભિગમ એમના લેખો પરથી સૌને અનુભવાય છે.

પપ્પાજીએ ગુજરાતી પરિભાષાના કે સાધનાના અઘરા અઘરા ન સમજાય તેવા મોટા મોટા શબ્દો મૂકવાનું ટાળ્યું છે. કારણ કે એમની પાસે આવનાર પ્રત્યેક વ્યક્તિની સમજ શક્તિ અને ભણતરને પેલે પાર આંતરિક ભક્તિ અને શક્તિ ઉદય કરવાનો જ મૂળ હેતુ હોય છે, તેમના લેખોનો. ક્યાંયે કોઈને ય ઉતારી પાડવા, નીચા દેખાડવા કે ઠપકો આપવો કે સરખામણી કરવી કે કોઈનાયે આધાર વિનાના કે અનુભવ વિનાના પ્રસંગોના વર્ણનો કર્યા નથી. શ્રીજી મહારાજના કે શાસ્ત્રીમહારાજ કે યોગીમહારાજના સમયના હરિભક્તો કે અન્યની ઘસાતી કે ઉતરતી

વાતો ક્યાંયે બોલતા નથી. લખતા નથી કે ચાલવા દેતા નથી. કારણ કે એમને સર્વવ્યાપી, સર્વનિયંતા સર્વોપરી યોગીજીમહારાજની નિષ્ઠા અનુભૂતિ એકદમ દઢ છે. એમની લેખની વહેતા વારિ જેવી છે. સ્વયં સ્ફૂરિત વાક્યપ્રયોગો ક્યારેક જુદા પડી આવે છે તેથી વાંચતા અડવું લાગે છે. પણ તે શબ્દોની અંદરની વાત એટલી મોટી, અગત્યની હોય છે કે આવી બાહ્યતાને અતિક્રમી જાય છે. અને પરિણામે વાચકના વિચારનું આચારમાં સંક્રમણ થાય છે.

પપ્પાજી સર્વે 'વાદ'થી પર નિર્વિવાદ જીવન જીવ્યા છે. મૌન તેમની અતિ મૂલ્યવાન મૂડી છે. અને સંકલ્પમાં સંપૂર્ણ નીરવતા હોઈ શાબ્દિક ટપાટપી કે ચર્ચામાં તેઓ હંમેશા મૌન રહીને જીવ્યા છે. કોઈનાયે તરફ રાગ કે દ્વેષ સહેજેય ક્યારેય લેખમાં જણાતા નથી. તેથી લાગે છે કે તેઓ સર્વનું શુભ જ જોતા, વિચારતા અને માણતા – અને તેથી સૌના સાચા સુહૃદ બનીને લેખો લખતા. તેમના લેખો વાંચતા અંતરધરામાંથી ચેતના પ્રગટે છે ને ઉત્સાહ અને આનંદના ફૂવારા ઊડે છે. વાચકના મનમાં જે અશક્યતાઓની અતૂટ દિવાલો છે તે તત્કાળ જમીનદોસ્ત બની જાય છે ને અંતરના સૂકા વેરાન રણને શક્યતાઓના અને આત્મવિશ્વાસના મધુવન રૂપ બનાવી દે છે. અનંત શ્રધ્ધાના જોમનું ઉદ્‌ગમ થાય છે. જેના ફળસ્વરૂપે માનવમનમાં જ્ઞાનપુષ્પો ખીલે છે. અક્ષરધામનું અફાટ સુખ પામવાને મથતા સાધક માત્રમાં સમત્વની સુવાસ પ્રગટે છે અને 'તુંહી તુંહી'ની રટણા કરતી પપ્પાજીની અદ્‌ભુત લેખની અક્ષરપુરુષોત્તમના મૂળભૂત સિધ્ધાંતને વિશિષ્ટપણે ઉજાગર કરે છે.

પપ્પાજીના લખાણને જે શરીર છે, જે શક્તિ છે તે અમાપ છે. કારણ કે એમના લેખનો હેતુ કેવળ ને કેવળ નિષ્કામ ભક્તિરૂપ માનવમાંથી મહામાનવ, ગુણાતીત સાધુતા પ્રગટાવવાનો છે. જ્યારે જ્યારે જે જે પ્રસંગો તેમના જીવનમાં બન્યા છે તેના કર્તાહર્તા કેવળ યોગીજીને માન્યા છે. તેથી એ સર્વ કાંઈ એક અલૌકિક મિજબાની પ્રસાદરૂપ માનીને તેનો આનંદ પોતાના દરેક લેખમાં કે પુસ્તકમાં વર્ણવ્યો છે. પપ્પાજીએ પોતે 'આગિયા' જેવા દેખાવામાં જ પોતાની 'વડવાનલ' જેવી શક્તિ વાપરી

છે. ને તેથી તેમની અનન્ય દાસત્વભક્તિ અને 'હું' માત્રનો લય હોવાથી શ્રીજી યોગીજી સંગેની અદ્‌ભુત એકતા પળેપળે, શબ્દે શબ્દે આપણને માણવા, અનુભવવા મળે છે.

એમના લેખો વાચનારને અંતઃસ્તલમાંથી જાગ્રત કરી દે, મનને પીગાળી દે – અહમ્‌ને ઓગાળી દે, હૃદયને ભરી દે, બુધ્ધિને લુપ્ત કરી દે અને આત્માને જગાડીને પરમ ભાગવત સંત જેવા સુખના ભોક્તા થવાની તાલાવેલી જગાડી દે છે. તેથી જ પપ્પાજીની લેખની સહજભાવે, પ્રભુપ્રેરિત, સહજ ભક્તિ અને સહજ સ્ફૂરણાથી પ્રગટેલી, સહજ સમર્પણના સૂર ગાતી અને સામે આવનાર સર્વ કોઈને શ્રીજી યોગીજીના જ પરમ ચૈતન્યરૂપ માનીને પોતે તેમનો અદનામાં અદનો દાસનો દાસ સેવકનોય સેવક તરીકે અનુભવાય છે.

પપ્પાજીના જીવનમાં પળેપળ નીરખીએ તો એક જ સનાતન સત્ય નજર સમક્ષ વહી આવે છે અને તે મુક્તોમાં મહારાજ. સેવાનો જ અધિકાર, શ્રીજીની લીલાનો આનંદ. એવી આંતરવૈભવ ધરાવતી પપ્પાજીની લેખની... એનાં શાં વર્ણન કરવાં ?

૧. 'અનુપમ' પુસ્તકો ભાગ એક થી આઠ
૨. પરાભક્તિની સૌરભ અને પરમના પથિકને
૩. સંજીવની મંત્ર અને ગુણાતીત જ્ઞાન
૪. આચારસંહિતા અને પંચામૃત
૫. પપ્પાજી અક્ષરસ્વરૂપે
૬. પરામૃત અને પપ્પાજીના પત્રો
૭. બીજા અનેક પુસ્તકાકારે ન છપાયેલા લેખો અને પ્રવચનો છે.




પ્રવચક તરીકે પપ્પાજીનું જીવન ગંભીર અને નીરવ સમાધિનું છે. અને પપ્પાજીએ હંમેશા કહ્યું છે કે 'મૌન એ સર્વોત્તમ ભાષણ છે. એવું હું પ્રત્યેક ક્ષણે અનુભવુ છું. અને જો બોલવું જ પડે તો ઓછામાં ઓછુ બોલાય તો સારું. એક શબ્દથી ચાલે તો બે શબ્દ ન બોલો.' અરસપરસની આંખની વાતોથી ચાલે તો શબ્દોના સાથની કઈ વિસાત છે ? એક સ્મિતથી ચાલે તો અનંત શાસ્ત્રોના જ્ઞાનની શું જરૂર છે ! સામેની વ્યક્તિની ચેતના કયા સ્તરની છે ? તેનું પ્રતિબિંબ એમના ચૈતન્યદર્શી આત્મા પર તત્કાળ પડી જતું અને શબ્દોના આડંબર વિના સહજ સરી જતી નૈનવાણી કે સ્મિતવાણીની અપાર શક્તિની આપણને સૌને અનુભૂતિ છે.

પપ્પાજી પ્રવચનકાર કહેવાય પણ અને ના પણ કહેવાય. એમને અંદરથી પ્રગટતી સરવાણી શબ્દરૂપે ધ્વનિ દ્વારા પ્રગટતી જેને આપણે પ્રવચન કહીએ! અંતઃપ્રેરણા અને સ્વયં સ્ફુરણાથી જે વાણી વહી આવતી તેનું વર્ણન કરવાનું તો અશક્ય છે જ. ગુજરાતમાં અને દેશમાં કથાકારો અનેક છે. સામાજિક ચેતનાની જાગૃતિ માટે તેઓ નિરંતર કાર્યાન્વિત રહે છે. દરેક દરેકની કક્ષા અને ભૂમિકા પ્રમાણે પારાયણો કે કથાઓના આયોજનો કરતા રહે છે ! પણ ગુરુહરિ પપ્પાજીએ એમના સમગ્ર જીવનકાળ દરમ્યાન ક્યારેય સામાન્ય સમુદાય જનહિતના જ્ઞાનાર્થે કથાઓ કે પારાયણો યોજ્યા જ નથી. તેઓ કહેતા –

આપણો પી.એચ.ડી.નો વર્ગ છે. તે એક ગુરુ અને એક વિદ્યાર્થી અન્યોન્યના ગાઢ સંબંધો અને અનુબંધનથી ચાલે છે. યોગીજીમહારાજે બહુજનસમાજ માટે આપણી ગુણાતીત જ્યોતની - સમાજની સ્થાપના નથી કરી ! એ માટે અનેકોનેક સ્વામિનારાયણીય પૂજનીય સંસ્થાઓ અને સંતો પૃથ્વી પર દેશ-પરદેશમાં વિચરે છે જ. જે પૃથ્વી પર બુલડોઝર ફેરવીને તેને સમથળ કરે છે. અને તે સમથળ જમીનમાં જરૂરિયાત પ્રમાણે અનાજ, બાગ બગીચાનો ઉછેર થાય છે. અને તેમાં જેવું વાવો તેવું લણો - જે કક્ષાએ તેમાં ખાતર, પાણી, સૂર્યપ્રકાશ અને જતન, માવજત કરવામાં આવે તે રીતે તે પ્રમાણમાં ફસલ તૈયાર થાય છે. તેમ એવી ફળદ્રુપ વાડીમાં જે અક્ષરમુક્તો તૈયાર થાય છે તે છેલ્લે અહીં ગુણાતીત સમાજમાં પ્રવેશ પામે છે.

શ્રીજી મહારાજ તેમને મોકલે છે. અને છેલ્લા સ્ટેજની સાધના શરૂ થાય છે. અખંડ ગુણાતીત ભાવમાં રહીને પળેપળે દાસ બનીને ભક્તોનીયે ભક્તિ કરતા થવાની સાધના અહીં થઈ રહી છે. તેથી ફંડફાળા ઉઘરાવવા માટે પણ નહીં - સમાજસેવા માટે ય નહીં - આ ગુણાતીત સમાજ - જ્યોતમાં સંપ, સુહૃદભાવ અને એકતાનું ખાતર નાખીને શુદ્ધ ગુણાતીત સાધુ તૈયાર કરવાની ખેતી પપ્પાજી-કાકાજી અને સોનાબાએ ૧૯૫૨થી શરૂ કરી છે. સર્વ ધર્મ સમાનતા અને સર્વનો સ્વીકાર હોવા છતાંયે સ્વામિનારાયણના સંબંધવાળામાં જ ચેતનતા પ્રગટેલી છે જે શ્રીજી મહારાજની અનંત અપાર કૃપાનું ફળ છે !

'સંબંધયોગ'ના બીજની ખેતી કરતા ગુરુહરિ પ્રવચનકાર તરીકે સંબંધનો જ મહિમા નિરંતર ગાય છે ! પણ એ સંબંધ 'કોનો'? અને તે 'કેવા' છે ? એના વિવરણો અને અનુભવો જ તેમના પ્રવચનોમાં પ્રગટી રહે છે. સમજપૂર્વક નહીં, બુદ્ધિપૂર્વક નહીં, સામાની જરૂરિયાત પ્રમાણે નહીં પણ ચૈતન્યદર્શી તરીકે પ્રભુ પ્રેરણા ઝીલીને સામે આવનાર એક કે અનેક વ્યક્તિઓને તેઓ કેવળ મહિમાભર્યું સિંચન કરે છે ! કરી શકે છે.

ધર્મના ક્ષેત્રે તમે કાર્ય કરો તેથી સમાજિક દાયિત્વ જરૂરથી સ્વીકારવું જ પડે છે ! ચેરીટીનો બહુ ગવાયેલો વર્ણવાયેલો અર્થ જ કે 'સમાજ

સેવા'ને અર્થે અને એટલે જ પપ્પાજી એ એક એક વ્યક્તિ એ એક એક સમાજ છે અને તેના આત્માનું ઘડતર તે તેમના પ્રવચનનો મૂળ હેતુ રહ્યો છે. આજીવન શિક્ષકની ભૂમિકા તો તેઓએ નિભાવી છે પણ સાથે સાથે એક જીવંત દાખલો પોતે સ્વયં બનીને વર્ત્યા છે તેથી એમના પ્રવચનની સામાની ઉપર ધારી અસર થતી હોય પ્રવચન હૈયા સોંસરવું ઉતરે છે અને તે રીતે જીવવાની જીજીવિષા જાગ્રત થાય છે.

પપ્પાજીની કથાવાર્તામાં હંમેશા શું ધર્મક્ષેત્ર, શું સમાજક્ષેત્ર કે શું જીવનક્ષેત્ર કે શું આત્માનું ક્ષેત્ર – સર્વમાં જે કેટલુંક તે સમયે પ્રસ્તુત હોય, અનિવાર્ય હોય જે તત્કાલિન જરૂરિયાતમાંથી જન્મેલું હોય, જેમ શ્રીજીમહારાજે બાળકીને દૂધ પીતી બંધ કરી ને વિધવા વિવાહની શરૂઆત કરાવી ને વર્ણાશ્રમના ધર્મને ગૌણ કરીને એકાંતિકધર્મની પૃષ્ટિ કરીને તે માટે કટિબદ્ધ થયા હતા– તેમણે ભગવા વસ્ત્રધારી સંતોને શ્વેત વસ્ત્રો ધારક મુમતી ધારક પાર્ષદ બનાવી દીધા. એ સર્વ એ સમયે અતિ જરૂરી હતું. પણ તે પરંપરા કે રૂઢિને પપ્પાજી વળગી ન રહ્યા. અને તત્કાલિન અને ચિરંતન પ્રણાલી વચ્ચેનો ભેદ શોધીને 'શિક્ષાપત્રી'માંથી આચારસંહિતાનું સર્જન કર્યું. આ કાર્ય ખૂબ દઢ હિંમત અને અર્વાચીન યુગની તાતી જરૂરિયાત બની ને ૧૯૮૧માં પપ્પાજી અસ્તિત્વમાં લાવ્યા. એમ ધર્મના બાહ્ય તત્ત્વોના શુદ્ધિકરણ માટે પપ્પાજીએ શાંત રીતે સમજપૂર્વક સર્વનો સાથ લઈને આંતરિક ભજન, પ્રાર્થનાથી જાગ્રત કરીને પૂરી નિષ્ઠા ને દઢતાથી પગલાં ભર્યાં છે જે તેમના પ્રવચનોમાં સદૈવ આપણને અનુભવાય છે.

વ્યક્તિગત વિકાસ અસાધારણ રીતે થાય અને પ્રત્યેક જીવની ચેતના ભક્તિમાં જોડાય તે માટે તેમના ચૈતન્યોને વિધ વિધ રીતે પોષણ આપવાનું કાર્ય પપ્પાજીનું પ્રવચન કરે છે. જે અનેક રીતે અદ્વિતીય છે. જેમ હિન્દુ ધર્મમાં વ્યાસપીઠનો અપાર મહિમા છે ને શાસ્ત્રોને ભગવાનનું સ્વરૂપ માનવામાં આવે છે. તેમ શ્રીજી મહારાજ કે યોગીજીમહારાજે ઘડેલા ગુણાતીત ગુરુઓ સ્વયં એક વ્યાસપીઠ બની જાય છે. અને તેમની પરાવાણી એક અદ્ભુત શાસ્ત્ર બની રહે છે.

સ્વામિનારાયણ ધર્મ હિન્દુ ધર્મમાં વધુમાં વધુ ઉદાર અને વિશાળ

સમજ અને સ્વીકારક છે. સર્વ સમાવક અને માનવધર્મ સાથે આત્માના શ્રેષ્ઠ તત્ત્વોનો નિખાર કરી શકે તેવી એ વ્યાસપીઠ સમાન વક્તાની હોય છે જે આપણે પપ્પાજીના જીવનકાર્યમાં અનુભવીએ છીએ. જડ માન્યતાઓ કે 'હું ને મારું' તે જ સાચુ. તે ટાળવા માટે આત્મબુદ્ધિ અને પ્રીતિનો સત્સંગ શ્રીજી યોગીજીએ તૈયાર કર્યો અને ગુરુહરિ પપ્પાજીએ દૃષ્ટારૂપે આત્મામાં દૃઢ જમાવટ કરી દીધી અને ઈન્દ્રિય અંતઃકરણનું શુદ્ધિકરણ સહેલાઈથી સુખે સુખે શરૂ કરી દીધું. એવા વિચારો અને ભાવો કે વિરોધી આંતરિક દાનવોને ટાળવા માટે પપ્પાજીના પ્રવચનો સતત સક્રિય રહ્યા છે. અને એવા સમયે જગાડે છે ઊંઘતા ઊઠાડે છે ને અંતરમાં રોકે છે ટોકે છે ને આંતર એકત્વ સધાતા સાધક સરળતાથી શુદ્ધિકરણને આવકારે છે. સર્વનો આવકાર અને સ્વીકાર અને છતાં પણ જે જેવો છે તેવો નથી રહેવા દેવાનો ! પણ ગુણાતીત ભાવનામાં પળેપળે પગલે પગલે આગળ પ્રગતિ કરાવવાનો જ પપ્પાજીનો સંબંધ અને પ્રવચન રૂપી વાણી છે. અને એટલે જ પપ્પાજીને સૌ કોઈ સાંખી શક્યા છે અને સૌ કોઈ તેમની નૂતન ક્રાંતિને સ્વીકારીને તેમના ઉદ્દાત જીવનનો મહિમા ગાય છે. અનુભવે છે જેમાં હઠ, માન, ઈર્ષા કે psychic jealosyને સ્થાન નથી રહેતું. પપ્પાજીને પોતાના પ્રચારની કે પ્રસિદ્ધિની જરૂર નથી – પડી પણ નથી – કારણ કે એમનું ટૂંકુ પણ સચોટ બ્રહ્મસૂત્ર જે જીવનસૂત્ર છે વર્તનની દોરીછટ લાઈન છે **'ઓછું બોલો, વધારે કામ કરો, તમારા પરિણામોને બોલવા દો.'** આ મહાન સૂત્ર તેમના આંતરિક મથામણના દોહનમાંથી આવ્યા છે. વર્ષોનું વાંચન અને સાક્ષાત્કાર પછીના સાધના દરમ્યાનમાં મનન ચિંતનનું આ અમૃત સમાન દોહન છે. જે તેમના પળેપળના જીવનમાં ઉજાગર થયેલું આપણે અનુભવી શકીએ છીએ.

આત્માના ધર્મને એના ઉત્તમમાં ઉત્તમ અર્થમાં વર્તનમાં આત્મસાત્ કરવાની સાધના એમણે કરી છે ને આજે એમના સંબંધમાં આવેલા શરણ પામેલા સૌ કોઈને કરાવી રહ્યા છે. સૂક્ષ્મ અને તીક્ષ્ણ બુદ્ધિમત્તા ધરાવતા પપ્પાજીએ એમના પ્રવચનોમાં ક્યારેય કોઈનીયે સરખામણી કે નબળી કડીની વાત કરી નથી. સર્વે પ્રગતિ કરતા ચૈતન્યો જ છે તેવું

તેમનું દૃઢ અનુભૂતિનું જ્ઞાન તેમના લોહીના બુંદેબુંદમાં પ્રસરેલું છે તેથી મહિમાની વાત વચનામૃત, સ્વામીની વાતુના અનુસંધાનથી પળેપળે સમજાવે છે અને તેમના આપેલા દાખલાઓ પણ મહિમાની દૃષ્ટિથી જ મૂલવે છે. ટીકા, કટાક્ષ કે અવમૂલન નહીં. ચાર ચાર દાયકાની તેમની પ્રવચનકારની ભૂમિકામાં પ્રસંગોનુસાર પોતાના અનુભવો તેમને સહજપણે સ્મરણે આવે છે. અથવા તો પ્રાચીન સમયના સવળા દાખલાઓ સમજાવ્યા છે. સામે બેઠેલા સાધકોના જીવન પ્રસંગો પણ વાગોળતા રહ્યા છે અને તેમનામાંથી શ્રીજી મહારાજનું સર્વોપરીપણું કે કર્તાહર્તાપણું તાદશ્ય સમજાવતા પણ જે તે વ્યક્તિ ને ઉતારવા માટે કે ક્ષોભ પમાડવા માટે નથી હોતી. તેમની વાતોમાં ક્યારેય કોઈની બે કાને થયેલી ખાનગી વાતોનું જાહેરમાં નિવેદન નથી થયું.

ક્યારેક વેદ, ઉપનિષદ, ગીતા, રામાયણ, મહાભારત કે ઉત્તમ સાહિત્ય કૃતિઓના ઉત્તમ અંશો તેમને હૈયે સોંસરવા હોવાથી જીહ્વાગ્રે તત્કાળ પ્રગટી રહેતા. ભગવાન બુધ્ધ, રામકૃષ્ણ પરમહંસ, ગાંધીજી, વિનોબા ભાવે વગેરેની જીવનગાથાના પણ કેટલા અંશો સાધકોની જરૂરિયાતના તેઓ પ્રવચનમાં ક્યારેક જણાવતા. સમાચાર પત્રો, જનકલ્યાણ, નવનીત સમર્પણ કે બીજી ધાર્મિક કે સામાજિક પત્રિકાઓમાંથી સાધકને ઉપયોગી લેખોની વાત પણ સવળી વિચારધારા પ્રગટાવવા ઉત્તેજના આપવા પ્રસ્તુત કરીને મૂળ વાત સમજાવતા.

આપણે તો તેમને પ્રવચન કરે છે તેમ કહીએ પણ તેમની ભીતરમાં અનંતની પ્રેરણા અને સાધકના હિતના ચિંતનની પ્રક્રિયા અખંડ ચાલતી જ હતી જેનાથી સૌ કોઈ અવગત નથી. અજાણ જ રહે છે. પપ્પાજીના પ્રવચનો અનેક વિધ રહ્યા છે. શાસ્ત્રોમાંથી સમજૂતી રૂપે, જૂના અને સાંપ્રત ભજનોના નિરૂપણો અને તે ભજન યથા સમયે તેમની સ્ફૂરણામાં પ્રગટી રહેતા. ગુણાતીત સમાજમાં જરૂર પ્રમાણે ભજનો ગવડાવે અને તે માટે પપ્પાજીએ ગાયકવૃંદ તૈયાર કરાવ્યું છે. જે પ્રવચનોને જીવંત બનાવે છે.

એવા કેટલાય પ્રસંગો છે જે સમૈયા શિબિરોમાં કે પપ્પાજી સ્વયં એક શ્રેષ્ઠ શ્રોતા તરીકે બિરાજમાન હોય અને પ્રત્યેકના પ્રવચનમાંથી

સાર પોતે પોતાની નોટમાં તત્કાળ ટપકાવી દે. અનેક રીતે તેઓને પ્રોત્સાહન આપીને આગળ વધવાની અને વિચારોને નિર્વિચાર કરીને ભગવાનને બોલતા કરતા કરવાની સૌને પ્રેરણા અને સૂઝ ને મદદ આપતા. ખૂબ તન્મયતા, સાવધતાથી અને સાધકની કક્ષાએ તેમણે તેમનો આ શ્રુતયજ્ઞ કર્યો હોય છે કે જ્યારે તેમને પ્રવચન કરવાનો પ્રસંગ આવે ત્યારે તેમણે ટપકાવેલી નોંધોનું વિવરણ તેઓ સાધકભાવે કરતા. આજ તેમનું શ્રીજીનું વ્યાપકપણું માનવાનું અને સર્વમાં શ્રીજીની જ પ્રેરણા જે વિચાર, વાણી, વર્તનમાં વહે છે તેવું તે દઢપણે માનીને અન્યોને ખૂબ માન અને મહિમાભાવ જગાડતા.

પપ્પાજીએ ગુણાતીત જ્યોતના અનેક કેન્દ્રો સ્થાપ્યા છે. ત્યાં તેઓ પ્રસંગોપાત જતા અને ભક્તોને વિદ્યાનગર આવનજાવનની તકલીફ ન પડે તેથી શિબિર, સભાઓ અને સમૈયાનું અયોજન કરીને પોતાનો સંબંધ આપીને મૂર્તિની સ્મૃતિ આપીને ગુણાતીત જ્ઞાન જગાડવાનું આધ્યાત્મિક પ્રવચન કથાના માર્ગે કર્યું છે. બાળકો, કિશોરો અને યુવક, યુવતીઓની વાર્ષિક શિબિરો યોજાતી. અને સમયે સમયે તેઓને પ્રાચીન અને અર્વાચીન સત્યો આપીને માનવધર્મની સાથે સમાજ ધર્મ અને આત્માની જાગૃતિ બક્ષિસમાં કરાવી છે તો વળી ગૃહસ્થો –ગુણાતીત સૌરભ એમની પણ વર્ષમાં બે વાર શિબિરો યોજીને વિશેષ સમજણ આત્મના ધર્મની આપી છે 'ઘર ને દેહ મંદિર બનાવો' તેવું જીવનસૂત્ર આપીને આલોક ને પરલોકમાં સનાતન સુખ, શાંતિ, આનંદ રહે તેના વર્ષમાં એક બે દિવસોના સત્રો ગોઠવ્યા છે. દિપાવલિના પર્વોમાં ચાર, પાંચ દિવસ હોય તો તેમાં પણ શિબિરો ગોઠવી દે અને જીવનનો હેતુ સૌને સમજાવે. વર્તવા માટે શક્તિ પૂરી પાડવા સંઘધ્યાન અને ધૂન ભજનના કાર્યક્રમો સાથોસાથ યોજતા.

તો વળી આશિષ મંડળની શિબિરો પણ તેઓ દર વર્ષે કરીને દેહની તંદુરસ્તી સાથે સાથે આત્માનો વિકાસ અને કૌટુંબિક એખલાસ જગાડીને ઉંમરલાયક ગૃહસ્થોને આધ્યાત્મિક ભાથુ પીરસતા. આ સઘળા કાર્યક્રમોમાં તેઓ પોતે સજાગપણે જોડાતા, ગોઠવતા અને સતત વ્યસ્ત રહીને હાથ નીચેના સદ્‌ગુરુઓને પણ ભક્તિ કરવાની તક આપતા.

ગુરુહરિ પપ્પાજી દર વર્ષે ઉત્તરાયણ સમે ગુણાતીત જ્યોતનાં બહેનોને ક્રિકેટ રમાડવાનો આનંદોત્સવ કરાવે – શરૂઆત બ્રહ્મજ્યોતિથી થઈ. પછી બહેનો સાંકરદા બ્રહ્માનંદ રમતોત્સવ કરતાં. અને હવે પપ્પાજી તીર્થ પર આવો ઉત્સવ કરે છે. સંતો, યુવકો, ગૃહસ્થો સર્વે સગવડો, વ્યવસ્થા ગોઠવે અને મદદ કરે. પણ છૂપા રહે, ગેરહાજર જ રહે – એક આંતરિક શિસ્ત ! એ જે પપ્પાજીએ અંતરમાં ઉદય કરાવ્યું છે તે તેમના વર્તનના વણઉકલ્યા રહસ્યો છે. તે સમે પપ્પાજી ક્રિકેટની કોમેન્ટ્રી પણ આપે અને પ્રોત્સાહક ઈનામો પણ પોતે જીતનાર બહેનોને આપે.

પપ્પાજીની કથામાં હંમેશા આવે કે ધર્મ કોને ગણવો! અલ્પ સંબંધવાળાની માહાત્મ્ય સમજી સ્વધર્મેયુક્ત સેવા કરી લેવી, સામાને ભગવાનનું સ્વરૂપ માની તેને રાજી કરી લેવો; જે પોતે કથામાં તો કહેતા જ હોય. વચનામૃત, સ્વામીની વાતુ સમજાવતા કહેતા હોય. શાસ્ત્રીમહારાજ, યોગીમહારાજની વાતનો દાખલો આપીને આ મૂળભૂત સત્ય હંમેશા તેમની કથામાંથી એક યા બીજી રીતે સરી આવતું હોય છે.

ધર્મના બીજરૂપ જે મૂળ તત્ત્વ અને તેના ફોતરાં રૂપ મનની માન્યતાઓ અને દઢ ખ્યાલોને સ્પષ્ટ કરીને માનવધર્મને સંપ, સુહૃદભાવ ને એકતા જેવા બહુમૂલ્ય સૂત્રમાં વહેતો કરનાર છે પપ્પાજીનાં પ્રવચનો! અને એમાંથી આત્માના ધર્મનો નિખાર સહેજે સહેજે ઉભરી આવે છે.

ધાર્મિક રૂઢિચુસ્તતા તો ગુરુહરિ પપ્પાજીએ પહેલે ડગલેથી જ ત્યાગી દીધી છે. તેથી ટીલાં ટપકાં કે તપ, તીર્થજાત્રાઓ કે શાસ્ત્રોને મુખપાઠ કરાવવાની પ્રણાલિ એમણે ગુણાતીત જ્યોતમાં પ્રવેશવા જ નથી દીધી.

ચોક્કસપણે ધર્મનાં મૂલ્યોને તો પપ્પાજીએ અનેક પ્રવચનોમાં ઉજાગર કર્યા છે. પણ વર્ણાશ્રમ ધર્મથી વિશેષ એકાંતિક ધર્મને પ્રાધાન્ય આપવાની તેમની શ્રી વાણી આજના આધુનિક યુગમાં સર્વમાન્ય અને સર્વ સ્વીકાર્ય રહી છે. ભગવાન અનેક અવતારો રૂપે – સમયે સમયે માછલી, કાચબો, વારાહ વગેરે રૂપે પ્રગટ થયા તે અવતારોએ સમયની જરૂરિયાત પ્રમાણે જેવા સાથે તેવા જ બનીને રસબસ થઈને, બીજા જન્મે આગળ પ્રગતિ કરાવી ને છેલ્લે માનવીય અવતારોઃ શ્રીરામ,

શ્રીકૃષ્ણ કે બુધ્ધ એનું પણ વિવિધ સ્તરે વિવરણ કર્યું છે.

અને સર્વાવતારી શ્રી સ્વામિનારાયણની વાત કરતા પપ્પાજીના મુખારવિંદ પર જે આનંદ, જે ઉલ્લાસ, જે પ્રકાશ અને જે ભાવોર્મિ પ્રસરી રહે છે તેનાં દર્શન કરતા જ સામે બેસનાર શ્રોતાઓમાં પણ એવો જ મહિમાનો સાગર પ્રગટી રહે છે. એમાંયે વળી યોગીમહારાજની વાત કરતા, એમના વિશે પ્રવચન કરતા ગુરુહરિ પપ્પાજીના તંત્રમાં એકદમ આનંદનો ધોધ ઉમટી રહે છે. શાસ્ત્રો અને શસ્ત્રો ધરાવનાર પૂર્વના અવતારો અને આ કળીયુગમાં સંબંધયોગે કલ્યાણ કરનાર અને કેવળ કૃપાનો, કરૂણાનો જ માર્ગ અર્પનાર શ્રીજીનો અનંત ઉપકાર એમના રોમેમરોમમાં ઉમટી રહે છે. જેનો શ્રોતાઓ અનુભવ કરે છે. આ નવા યુગના ભગવાન ગાંધીબાપુની જેમ અહિંસા અને કરૂણાના માર્ગે ચલાવે છે પણ તેઓ પરમાત્મા સ્વરૂપ હોઈ એ માર્ગે ચાલવામાં જ્ઞાન કે બળનો પ્રયોગ નથી કરતા પણ આત્મબુદ્ધિ અને પ્રીતિના બંધને કરૂણાનો અનુભવ કરાવીને પ્રાર્થના અને ભજન પોતે સ્વયં કરીને જીવોને ઊર્ધ્વ ગતિ તરફ દોરી જાય છે. જીવ પોતાના બળે કેટલું કરી શકશે ? તે જાણવાથી પોતે જ સંકલ્પ અને ભજન કરે અને જીવમાં પ્રાર્થના કરવાનું ઉદય કરાવે છે. પ્રાર્થનાના ચમત્કારના જીવને અનુભવ કરાવે છે. અને શ્રદ્ધા જગાડે છે. એક અનુભવ થવાથી આશ્રિત બને છે અને ભજનનો દોર હાથમાં પકડીને જીવ શિવ તરફ પ્રગતિ કરે છે. જતન કરવા માટે આત્મીયતાનો ભાવ ‘હું તારો છું’ એવો સંબંધ વન ટુ વન પ્રત્યેકને અંતર્યામી હોઈ ને આંતરિક અનુભૂતિ કરાવે છે. અને હૂંફ આપે, આધાર આપે અને ભક્ત બનાવી ભક્તિમાંથી નિષ્કામ ભક્તિ તરફ દોરી જાય છે. આ તેમનો વિચાર જ્યારે મોમ્બાસા હતા ત્યારથી જ હતો તે ૧૯૫૨માં સાક્ષાત્કાર થયો તે પછી ધ્યાન અને પ્રાર્થનાના અનુબંધને તેમણે ગુણાતીત સમાજમાં પ્રસાર્યો છે.

સાંભળ્યું છે કે શ્રી મુરારીબાપુએ તેમના તાલગાજરડા ગામમાં મંદિર બનાવ્યું છે. જેમાં રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન અને હનુમાનની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવી છે. જેમાં તેઓના હાથમાં કોઈ શસ્ત્ર જ નથી. હાથની મુદ્રા વરદ છે. આંખમાં કરૂણા છે, ચહેરા પર પ્રસન્ન હાસ્ય છે.

અને હનુમાનજીની મૂર્તિ પાસે જે ગદા હોય તેને સ્થાને વીણા મૂકાવીને નવી ક્રાંતિ કરીને ધર્મને અહિંસા અને કરૂણાના ક્ષેત્રમાં મૂકી દીધો છે.

જ્યારે આપણે અહીં તો શ્રીજી મહારાજના હાથમાં પુષ્પ અને વરદ મુદ્રા, શ્રી ગુણાતીતાનંદસ્વામીના હાથમાં માળા અને વરદ મુદ્રા, પૂ.ગોપાળાનંદસ્વામીના હાથમાં અમૃતપાન કરાવતી પ્યાલી અને માળા – આ જે આધ્યાત્મિકતાની નૂતન પ્રણાલિ શાસ્ત્રીમહારાજ અને યોગીમહારાજે પ્રસ્થાપિત કરીને ધાર્મિક ઉત્ક્રાંતિ લાવી છે તેના વાહક છે આપણા પપ્પાજી ! નહીં તો આ શાંતિ, કરૂણાભરી મુક્તાક્ષર પુરુષોત્તમની મૂર્તિનો યથાતથા મહિમા કોણ સમજી શકે ! ગાઈ શકે! સ્વીકારી શકે ! અથવા તો વર્તનમાં લાવી શકે ?

ગુરુહરિ પપ્પાજીના શબ્દે શબ્દે જે કરૂણા અને ક્રાંતિની અનુભૂતિની જે ગાથા છે તે સાંભળતા જ અનેક નવા નવા આગંતુક માનવો આશરે આવે છે. અને તેમનામાં મહામાનવ બનવાની મહેચ્છા ઉદય થાય છે. નવા યુગના સર્વોપરી ભગવાનનું પણ શુદ્ધ સંત વિના એમનું પ્રાગટ્ય સનાતન ન રહે ! અને એવા સંત સાથે સહજ આત્મીયતા અને પ્રીતિ ઉદય થઈ જાય તો ભગવાનનો યથાર્થ મહિમા સમજાય ને ઉદય થાય તેથી પપ્પાજી કથામાં વારેવારે કહે છે – મહારાજ મળે તો એક પગલું અક્ષરધામમાં – ગુણાતીત સંત મળે તો બે પગલાં અક્ષરધામમાં. તેમ ભક્તે સહિત ભગવાનની નિષ્ઠા ને અનેક પ્રસંગે તેઓએ પોતાની કથાવાર્તામાં વર્ણવી છે.

ગુણાતીત જ્યોતની સ્થાપના થઈ ત્યારથી જ આ જ સિદ્ધાંત ગુરુ અને ગુરુહરિ. દરેક ભક્તને ગુરુ આપ્યા અને એનામાં જોડી દીધા અને પોતે સ્વયં ગુરુહરિ રૂપે રહીને જીવને ખૂબ પ્રીતિથી બાંધી, સ્મૃતિઓ આપીને બળ પમાડીને પ્રગતિના માર્ગે લીધાં છે. કેવી ભવ્ય દિવ્ય અલૌકિક અવર્ણનીય પપ્પાજીની વર્તનની વાણી! નવા યુગમાં ધાર્મિક ક્રાંતિ કરીને પપ્પાજીએ એક નવી ચેતનાનો સંચાર સ્વામિનારાયણ–અક્ષરપુરુષોત્તમ સત્સંગમાં કર્યો છે અને હવે મુક્તાક્ષર પુરુષોત્તમનો જય કરાવીને મુક્તોમાંયે પ્રગટ – પ્રત્યક્ષ શ્રીજીનો જ દોરીસંચાર કર્તાહર્તાપણુ છે તે પ્રતિપાદન કરીને મુક્તોની ક્ષતિ કે કક્ષાને ન ગણતા

શ્રીજી જ તેને વાપરે છે. જ્ઞાન, કથાવાર્તા તેને જ અનુલક્ષીને – હંમેશા કથામાં કહે – 'પોતાના તરફ સાધુની દૃષ્ટિ અને જ્યોતનાં અન્ય સર્વ બહેનોમાં મહારાજની દૃષ્ટિ રાખી સેવા કરી લો તો તમે આ પળથી જ પરમ ભાગવત સંત!' આ વાત ન સમજાય – ન મનાય કે ન કરવી હોય તો ય – 'પપ્પાજીને ગમે છે ને !' એટલે મારે તેવું કરવું છે. અથવા આવું નહીં વર્તુ તો પપ્પાજીને નહીં ગમે – તેવો દૃઢ ભાવ ઉદય થાય અને પ્રાર્થનાથી બળ માગીને એ રસ્તે વર્તન કરવાની શક્તિ ઉદય થાય છે! કેવી પરાશક્તિ છે : પપ્પાજીની જીવંત કથાની ! જ્ઞાન સરવાણીની!

ગુરુહરિ પપ્પાજીને ૧૯૫૬માં યોગીમહારાજે આજ્ઞા આપી કે 'વાતુ કરવા માંડો.' અને એ વાતુ કઈ? ગુરુહરિ પપ્પાજીની દરેક વાત કે પ્રવચનની શરૂઆત સૌ પ્રથમ 'સહજાનંદસ્વામી મહારાજની જય' પછી ક્યારેક ક્યારેક 'યોગીજીમહારાજની જય' આવતી. ૧૯૬૬માં જ્યારે ગુણાતીત સમાજની સ્થાપના થઈ ત્યાર પછી 'સહજાનંદસ્વામી મહારાજની જય' પછી 'ગુણાતીત સમાજની જય' એવું મહિમા અને અહોભાવથી બોલવાનું શરૂ કર્યું. ૧૯૮૬ પછી ગુરુહરિ પપ્પાજી 'મુક્તાક્ષર પુરુષોત્તમની જય' એ ત્રીજી જય બોલી પ્રવચનની શરૂઆત કરતા. તે છેક છેલ્લે સુધી ચાલ્યું.

આમ ત્રણ ત્રણ જીવંત સૂત્રો જે તેમના પળેપળના જીવનમાં વણાયેલા હતા અને જે તેઓ તેમના સૌ ભક્તો આશ્રિતોમાં દૃઢ કરાવવા માગતા હતા તે ત્રણેય સૂત્ર આજે આપણી ગુણાતીત જ્યોતમાં પ્રવચનની શરૂઆતમાં જે ભગવાનનું આવાહ્‌ન કરવાનું હોય તેમ અવશ્ય બોલાય છે.

ઘણીવાર કોઈ વાર્ષિક ઉત્સવ હોય જેમ કે 'મહારાજ દ્વિશતાબ્દી મહોત્સવની જય' 'ગુણાતીતાનંદસ્વામી દ્વિશતાબ્દી પર્વ' 'યોગીજીમહારાજ શતાબ્દી પર્વ' એવા આવાહ્‌નના શબ્દો જે તે વર્ષ દરમ્યાન પપ્પાજી બોલતા અને સૌને તે પર્વની જાગ્રતતા અને મહિમા સમજાવતા.

ગુરુહરિ પપ્પાજી તેમના સર્વે પ્રવચનોમાં છેલ્લે એ જ શ્રીજી મહારાજ અને યોગીજીમહારાજને પ્રાર્થના. એવું સૂત્ર હર હંમેશા વર્ષો

સુધી પ્રાર્થના સ્વરૂપે બોલતા. વર્ષો પછી પૂ.હંસાદીદીએ વિનંતી કરી કે 'પપ્પાજી હવે તો અમને આશીર્વાદ આપોને !' તે સાંભળી પપ્પાજી હસી પડ્યા અને કહે, 'આશીર્વાદ તો છે ને ! એમાં બોલવાનું શું ? તો પણ પૂ.હંસાદીદીના પ્રેમભર્યા આગ્રહથી 'એ જ યોગીમહારાજને પ્રાર્થના ને આશીર્વાદ.' એમ સહજ ભાવે બોલીને પ્રવચનની પૂર્ણાહુતિ કરતા થયા.

આમ ગુરુહરિએ જે સૂત્ર આપ્યું છે 'પ્રથમ પ્રભુ અને પછી પગલું' તે પોતે વર્તીને પોતાનું પ્રવચન શરૂ કરતા. ઘણીવાર પપ્પાજી કહે, 'તમે આ રીતે શરૂ કરો તો ભગવાન તમારામાં રહીને બોલે.' 'તમે ખુરશી બની જાવ.' અને ભગવાન તમારામાં રહીને જરૂર પ્રમાણે પ્રવચન કરે.'

ઘણીવાર ગુરુહરિ પપ્પાજી કોઈ કોઈ દિવસ સહજ પ્રેરણાથી લેખ લખીને લાવે અને પોતાના સદ્ગુરુઓ પાસે તે સમજાવવાનું કહે. અને વચ્ચે વચ્ચે પોતે તેમાં પોતાનો સૂર પૂરાવે. અથવા તો પોતે જ સંપૂર્ણપણે તેનું નિરૂપણ કરે. જેથી જે લેખ લખ્યો છે તે સામાન્યમાં સામાન્ય ભક્ત કે સાધુ સમજી શકે અને તો જ તે પ્રમાણે વર્તવાની તૈયારી કરી શકે.

ગુરુહરિ પપ્પાજીએ બોલવાનું અને વર્તવાનું એકીકરણ કરી લીધું છે તેથી તેમના વિશે કે તેમની વાત વિશે ક્યારેય કોઈને શંકા નથી થઈ કે પ્રશ્નો ઉઠ્યા નથી. આ ગુણાતીત પુરુષોની અતિ અદ્ભુત પરાશક્તિ છે. જેનાથી સર્વમાં ભક્તિ ઉદય થતી રહી છે. ૧૯૭૪માં પૂ.આર.ડી. કાકા સત્સંગમાં જોડાયા ત્યારથી ગુરુહરિ પપ્પાજીએ તેમના પર લીલો અનુગ્રહ કર્યો અને રોજ સંઘધ્યાન શરૂ કર્યું. અને તેમાં રોજે જ પાંચ સ્વામીની વાતુ અને વચનામૃત સમજાવતા – જેવો સમય – પણ રોજ એક એક વચનામૃત સમજાવતા. સવારે અથવા તો સાંજે. આ રીતે જેવો જીવ ને જેવું તેનું અંગ. ડૉ.કલ્પનાબેન ૧૯૭૬માં જ્યોતમાં સેવા કરવા શનિ–રવિ આવતાં તો ગુરુહરિ પપ્પાજી રવિવારે સવારે જપયજ્ઞના હૉલમાં એક વચનામૃત સમજાવતા અને ગુણાતીત જ્ઞાનનાં બીજ રોપતા રહ્યા. પૂ.રામકૃષ્ણ સાહેબ સત્સંગમાં જોડાયા. અને તેમને ગુજરાતી – હિન્દી ભાષા ન આવડે. તેથી જ્યારે જ્યારે તેઓ આવે અને ત્રણ ચાર

દિવસ રહેતા ત્યારે રોજ સવારે ૧૦ થી ૧૨ સુધી પપ્પાજી અંગ્રેજીમાં વચનામૃત સમજાવતા. એક સાથે પાંચ-છ વચનામૃત સમજાવીને તેમને સ્વામિનારાયણ ધર્મની સૂઝ સમજ આપીને ઊંડી ભક્તિ કરાવીને દૃઢ નિષ્ઠા કરાવીને એકાંતિક ધર્મ સિધ્ધ કરાવી દેતા.

જ્યારે પૂ.મામગેન સાહેબ આવતા ત્યારે સામાન્ય રીતે તેઓ મૌનની ભાષામાં જ વાર્તાલાપ કરતા ને ક્યારેક ક્યારેક જ કથાવાર્તા કરતા કે વચનામૃત સમજાવતા.

પૂ.મામગેન સાહેબ માટે પપ્પાજી કહેતા કે તેઓ ઉચ્ચ કોટિના ઉત્તમ મુક્તરાજ છે. તેથી અમે અન્યોન્યના ભાવો જ્ઞાનના પ્રશ્નો જાણીએ છીએ, સાંભળીએ છીએ અને એના સર્વે સંશયો ટળતા જાય છે. શબ્દો તો અવરોધ રૂપે છે. આંતરિક જ્ઞાન શક્તિ તેના અનંત મોજા રૂપે તેમનામાં મારી હાજરીમાં જ દૃઢ થાય છે. એકવાર મામગેન સાહેબને પૂછવામાં આવ્યું કે તમે ત્રણ-ચાર કલાક બેસી રહો છો તો તમે શું કરો છો ? તો તેઓએ અદ્ભુત જવાબ આપ્યો કે, 'મારા અનંત પ્રશ્નોના નિરાકરણ પપ્પાજી કરી રહ્યા હોય છે. અને એ જે મને આપે છે તે હું મૌનભાવે સ્વીકારીને આવકારીને મારામાં એ જ્ઞાનને પચાવી રહ્યો હોઉં છું. ફક્ત બેસી જ નથી રહ્યા. આધ્યાત્મિક વાર્તાલાપ આત્માથી આત્મામાં પ્રસરતો હોય છે.

આ જ પરાવાણીને ! જેની જેવી કક્ષા અને જરૂરિયાત તે સર્વેને આત્મામાં સુખ, શાંતિ, અખંડ રહે અને ભક્તિભાવ વધુ ને વધુ દૃઢ થતો રહે. જેથી ગુણાતીત ભાવના જ વિશિષ્ટ બિરુદ 'દાસના દાસ' બનવામાં સરળતા અને સહજતા વણ પ્રયત્ને વર્તનમાં વહી રહે.




# કોઠારી સ્વરૂપે...

ઓહોહો ! કોઠારીનો અર્થ સમગ્રનો કારભારી કહેવાય. અત્યારે અંગ્રેજીમાં executive કહે છે તેમ... જે જે કાર્ય હાથમાં લઈએ તે નિર્ધારિત ધ્યેય અને સમયની પાબંદી સાથે પાર પાડવાની ક્ષમતા જેનામાં હોય તે કોઠારી તરીકે સંપૂર્ણ સફળ થઈ શકે.

૧૯૫૧માં શાસ્ત્રીજીમહારાજ ધામમાં ગયા પછી બાપા ગોંડલ મંદિરમાં જ બધી સેવા વાળી લેતા. તે બીજા બધા મંદિરના કોઠારી નોંધતા અને ચડભડ ચાલતી. બાપા ગોંડલનું જ રાખે અને પોતાનું ધાર્યુ જ કરે રાખે. તેવી માન્યતાએ આખો સત્સંગ સમાજ પક્ષાપક્ષીમાં પડી ગયો હતો !

દર શ્રાવણ માસમાં બાપા જ્યારે મુંબઈ પધારે ત્યારે પપ્પાજી તેમના પ્રાઈવેટ સેક્રેટરી તરીકે સેવા કરતા. સેવા અને પધરામણીના તાકા પપ્પાજી રાખે. તેમાં સ્વામીજી ડ્રાફ્ટ કઢાવી ૮૦% સેવા ગોંડલ મોકલાવે ને બીજા ૨૦%ની સેવામાંથી બીજા મંદિરોમાં!! પપ્પાજીની તો બાપાની આજ્ઞા તરફ જ દ્રષ્ટિ ! બીજા શું કહે છે ? કે શું લાગશે ? શું સારું કે ખોટું ? વિચાર્યા વિના બાપાનાં મનુષ્યચરિત્ર દિવ્ય માનીને પળેપળ વર્તતા. તેથી બાપાના ખાસ અંગત અને અતિ વિશ્વાસુ કોઠારી બની ગયા !

ગુરુહરિ પપ્પાજીએ પહેલી જૂન ૧૯૫૨માં સાક્ષાત્ પુરુષોત્તમનારાયણનું સ્વરૂપ મને યોગીજીમહારાજ રૂપે મળ્યું છે તેની

દ્રઢ નિષ્ઠા થઈ તે પળથી જ તનની ને મનની સર્વે સંકલ્પ, ભાવ ને ક્રિયાઓ કેવળ યોગીજીની જ દાસત્વભક્તિરૂપે જ થઈ ગઈ.

ધન હો... બસ સર્વસ્વ યોગીજીમહારાજનું જ. તેમની ને તેમની જ આજ્ઞા પ્રમાણે તેમના સંતો, ભક્તોની સેવામાં પોતાનું સમગ્ર હોમી દીધું! ચિત્તમાં તો એવો પરભાવ સતત વહેતો રહેતો કે સર્વે સંબંધવાળામાં યોગીજી જ છે તેવું માનીને તેઓ કેવળ ગ્રહણ જ કરે છે. તેવો દ્રઢ નિશ્ચય અખંડ રહેતો !

આત્માથી નીરવ અને અક્ષરધામરૂપ રહીને અંતઃપ્રેરણા ઝીલી અને આજ્ઞા આવે તો તેને સારધાર પાળતા થઈ ગયા.

કોઠારી તરીકે શી શી સેવા કરવાની હોય ? તેની તપાસ વળી પપ્પાજીએ ક્યાંથી કરી હોય ? પણ જે જે સેવા સામેથી આવી મળે તેને પોતે ગરજુ બનીને સ્વીકારી લેતા અને ખૂબ એકાગ્રતાથી અને ખપથી તે પૂર્ણ કરતા. આવાં દર્શન સમગ્ર મુંબઈ મંડળે શરૂઆતથી જ, ૧૯૫૨થી જ કરેલાં !

'પરાભક્તિની સૌરભ' પપ્પાજીનું જીવનદર્શન વાંચતા ખ્યાલ આવે છે કે... હજુ તો બપોરે ૪ વાગ્યે સાક્ષાત્કાર થાય છે અને સાંજે યોગીજીમહારાજ પપ્પાજીની પ્લીમથ ગાડીમાં બિરાજમાન હતા અને પૂ.સોનાબાના ઘરે રાત્રે આરામ કરવા જવાના હતા તો પપ્પાજીએ સહજ મહિમાયુક્ત પ્રીતિથી કહ્યું, 'કાંતિ, બાપાને જરા ફરવા લઈ જઈએ.' તરત જ બાપા પાછળથી બોલી ઉઠ્યા, 'આ ગાડી કેની છે?' તો તરત જ પપ્પાજી સમજી ગયા ને અંતરથી બોલી ઉઠ્યા, 'આપની બાપજી !' તો બાપા કહે, 'તો પૂછવાનું કેને?' તરત જ પપ્પાજીએ કહ્યું કે, 'આપને બાપા!' પછી તો ચોપાટી, મરીન ડ્રાઈવ લઈ ગયા અને ફેરવીને પાછા લાવ્યા અને સોનાબાના ઘરે ૮/સીમાં બાપાને આરામમાં ઉતારીને પપ્પાજી પાછા આવ્યા.

તત્કાળ જે પ્રશ્ન બાપાએ પૂછ્યો ને તેનો જે સહસા સહજભાવે ઉત્તર નીકળ્યો કે, 'આપની બાપા!' એ પપ્પાજીના સર્વસ્વના સમર્પણનું દર્શન કરાવે છે. અને એ રીતે પપ્પાજીએ પોતાના આત્મામાં પરમાત્મા સ્વરૂપ બાપાને સંપૂર્ણપણે બિરાજમાન કરી લીધા છે તેનું દર્શન અંતર્યામી

યોગીજીએ કરાવી દીધું !

બાપા દર વર્ષે શ્રાવણ મહિનામાં મુંબઈ પધારે. ૧૯૫૨માં બાપા બ્રહ્મક્ષત્રિયની વાડીએ ઉતરેલા. ત્યારથી પપ્પાજી બાપામય રહીને સાથે આવેલા સંતોની ઉતારા, પાગરણ, જમવા વગેરેની ઉત્તમ મહિમાથી સેવા કરતા. એક મોટો હોલ – તેમાં બાપા બધા સંતો સાથે આરામ કરે. તો એકવાર એક સંતે કહ્યું, 'બાપાને ગઈ રાતે જરાયે ઊંઘ ન આવી. કોઈને કોઈ ઊઠીને અવાજ કર્યા કરે.' એટલે પપ્પાજી કહે, 'ભલે, આજથી હું અહીં સેવામાં રહીશ.' ૧૦ વાગ્યે બાપા કહે, 'હવે સૂઈ જાવ.' બાપાને શરદી જેવું હતું. તેથી પપ્પાજી બેઠા હતા. તો બાપા કહે, 'હવે મને સારું છે, સૂઈ જાવ.' ને પપ્પાજી સૂઈ ગયા ને નસકોરાંનો અવાજ શરૂ થઈ ગયો. ત્યાં એક સાધુ સૂતા હતા તે પપ્પાજીને ઢંઢોળીને કહે, 'ભયા, તમે કોણ છો? આટલાં બધાં નસકોરાં બોલાવો છો તે કોઈને ઊંઘવા દેવા છે કે નહીં ?' પપ્પાજી તરત બેઠા થઈ ગયા ને કહ્યું, 'હવે નહીં ઊંઘી જઉં.' એમ કહી પથારીમાં બેઠા રહ્યા. બેઠે બેઠે ઊંઘ આવે ને નસકોરાં બોલવા મંડ્યાં. પેલા સાધુએ પાછું સૂચન કર્યું એટલે બહાર સેવક સૂતા હતા તેમને અંદર મોકલી પપ્પાજી બહાર બેઠા. પપ્પાજી કહે, 'ત્યારની ઘડી ને આજનો દહાડો બાપાની પર્સનલ સેવા કદી કરવા ન જાઉં. સેવા કરવા જતા અસેવા થઈ જાય. મને સેવા ગોઠવવાનું આવડે તો તેવા તેવા મુક્તોને શોધીને તેમને કામ સોંપુ. અને હું દેખરેખ રાખું કે તે બરોબર થાય છે ને ?'

**ત્યારથી પપ્પાજીની મુંબઈ મંડળના કોઠારી તરીકે વગર નિમણુકે પસંદગી થઈ ગઈ !** સેવામાં સંપૂર્ણ હોમાય એવા સેવકો તો બાપાને જોઈતા જ હોય ને ! આખા સત્સંગની સેવા પપ્પાજીએ ઉપાડી લીધી. રસોડામાં પૂ.સોનાબા, પૂ.ફોઈ, પૂ.પોપટભાઈ તન્ના, પૂ.ગોરધનભાઈ કાપડિયા વગેરે... પધરામણી વખતે ચંદ્રકાંતભાઈ દેસાઈ સાથે રહે. ઉતારા માટે, વાળવા-ઝૂડવા વગેરે માટે મગનભાઈ પટેલ કાયમ રહે. આ જોઈને બીજા સેવકો પણ સેવામાં જોડાતા. ભેટના પૈસા આવે તેનો હિસાબ પપ્પાજી રાખે. આમ પપ્પાજી કહે જેની જે આવડત તે બાપા અને તેમના સંબંધવાળાની સેવામાં વાપર્યા તો ખૂબ ખૂબ બળ

મળી રહેતું.

૧૯૫૨ જુલાઈ માસથી બાપાની આજ્ઞાથી એગ્રી ઓરીયેન્ટમાં સેવા કરતા. ત્યાં પપ્પાજીને રૂ.૫૦૦/- પગાર દર મહિને મળતો. અને તેમને મેડીકલ રીટાયરમેન્ટના રૂ.૫૦૦/- આફ્રિકાથી આવતા. એટલે રૂ.૧૦૦૦/- દર મહિને મળતા. પપ્પાજી કહે, 'તેમાંથી મોટા ભાગના પૈસા બારોબાર બાપા માટે જ વપરાતા.'

૧૯૫૨થી જે જે યુવકો ઉપર બાપાની દ્રષ્ટિ હતી તેમને કોલેજમાં રજા પડે કે તરત બાપા પોતાની પાસે બોલાવી લઈને ગામોગામ સત્સંગમાં વિચરણમાં લઈ જતા. તે વખતે તે યુવકોના માતાપિતા ગામોગામ ફરવા ટિકિટો વગેરે જે ખર્ચ થાય તે આપવા આનાકાની કરતા. વળી બધાને એવા ખર્ચા પોસાય પણ નહીં. વળી સંસ્થા સંતોની ટિકિટના પૈસા આપે પણ આ બધા યુવકોનું શું ? તો તેમની ટિકિટો કે ખર્ચો પપ્પાજી સ્વયં આપતા.

તેમણે મોટા દીકરા પૂ.રમેશભાઈ (પ.પૂ.અક્ષરવિહારીસ્વામીજી) ને આજ્ઞા કરેલી કે બધાની ટિકિટ તમારે લેવી ને તેમને જોઈતું કરતું આપવું. બાપા કહે તે પ્રમાણે બધા છોકરાઓ માટે જે ખર્ચો કરવો પડે તે કરજે. ને તને જેટલા પૈસા જોઈશે, તેટલા હું મોકલી આપીશ.' આમ રમેશ દ્વારા પપ્પાજીએ બાપાની પસંદગીના યુવકોના ખર્ચનો ભાર ઉપાડી લીધો હતો. બાપાને કહેવાય ગયા નથી. પણ અંતર્યામી બાપાથી શું અજાણ્યું હોય ?

૧૯૫૩માં બાપાએ સ્પેશ્યલ ટ્રેન કાઢી. જેની ટિકિટ વગેરેનો વહીવટ પપ્પાજીને સોંપ્યો. રૂ.૨૭૫માં ૨૧ દિવસની સ્પેશ્યલ ટ્રેન હતી. મુંબઈ મંડળના ડબ્બામાં પપ્પાજી અને સેવકો હતા. પપ્પાજી કહેતા કે, 'સ્પેશ્યલ ટ્રેનમાં હું તો સેવાની ભાવનાથી જ ગયેલો. જોવા કે ફરવા જવામાં મને જરાય રસ નહોતો. તેથી બધા જ યાત્રાળુઓના પૈસા સાચવતો. પાછા બધા બહાર જાય, ખરીદી કરવા જાય તો પૈસા લેવા આવે તે તેમનો હિસાબ રાખીને આપું ને બાકી સાચવતો.'

તે રીતે પપ્પાજી ૫૦-૬૦ હજાર રૂપિયા ચામડાની બેગમાં રાખતા, સાચવતા. તે બેગ બિસ્ત્રામાં ત્રીજા વર્ગના ખાનામાં ઉપલા પાટિયે

રાખતા જે પૂ.સોનાબા, જ્યોતિબેન, તારાબેન અને પપ્પાજી સાચવતા. કોઈ ને કોઈ ૨૪ કલાક ડબ્બામાં હાજર જ હોય અને બેગનું ધ્યાન રાખતા અને પૈસાની લેતી દેતી કરીને ચોખ્ખો હિસાબ રાખતા. આ કેવું ભવ્ય કોઠારીપણું ! ગરજુ થયા અને ચોકસાઈ, ચીવટાઈથી ક્યાંયે કોઈને અવિશ્વાસ કે શંકા ન થાય તેવી નિષ્ઠાથી ધનની લેવડ-દેવડ કરીને બાપાને અને હરિભક્તોને નિશ્ચિંત કરી દીધા !

૧૯૫૪માં પૂ.કાકાજી આફ્રિકા વિચરણ અર્થે બાપાના મહિમાનો પ્રસાર કરવા ગયા હતા. ત્યારથી મુંબઈ મંડળની સર્વે જવાબદારી પપ્પાજીને શિરે આવી ગઈ. ને ૧૯૫૫માં બાપા આફ્રિકા ગયા ત્યારે જે પત્રિકા પોસ્ટકાર્ડરૂપે મોકલી તે કાર્ય પણ પપ્પાજીએ મહિમા ને નિષ્ઠાથી બજાવ્યું. તે છેક ૧૯૬૩માં બીજી સ્પેશ્યલ વખતે બાપાએ કહ્યું કે, ‘હવે આ સેવા બીજાને સોંપી દો. મારે તમને બીજી સેવા આપવી છે, ત્યાં સુધી આ પત્રિકા લખવાનું કાર્ય તારદેવ મંડળના મુક્તોએ કર્યું. તેમાં પૂ.રૂક્ષ્મણીબા (માજી)ના દીકરા પૂ.સન્મુખભાઈ બીમાર હોવા છતાંયે સૂતા સૂતા આ પત્રિકાનાં સરનામા લખવાની સેવા કરી લેતા.

૧૯૬૧માં અને ૧૯૬૫માં જે જે યુવકોએ દીક્ષા લીધી અને સંત થયા તે બધાની સેવા ગુરુહરિ પપ્પાજીએ છૂપી રીતે કરી છે ! દરેક શરદપૂર્ણિમાએ (માણેકઠારી પૂનમ) ગોંડલમાં સમૈયો કરવા પપ્પાજી અચૂક જતા. મુંબઈમંડળે ત્યારે પીરસવાની સેવા ઉપાડી લીધી અને તેની વ્યવસ્થા ખૂબ મહિમા અને ભીડાભક્તિથી કરીને બાપાને નિશ્ચિંત કરી દીધા.

વળી પપ્પાજીએ ઉતારા, પાગરણ અને ઓફિસની સેવા ગોંડલમાં ઉપાડી લીધી. વળી, બીજી જરૂર પ્રમાણે સેવાની ટુકડીઓ પાડી દેતા અને સમૈયો સેવા કરીને ઉજવતા. ગોંડલની આ સેવામાં પણ બાપા ચૈતન્યનો વેપાર કરતા. ગાદલા-ગોદડાં માટે, ઉતારા માટે યાત્રાળુ સાથે- મુક્તો સાથે બોલચાલ થતી. આખો સત્સંગ હેતનિષ્ઠાવાળો તેથી આવું બધું - હક્કની લડાઈ ચાલે. મુંબઈ મંડળની નિષ્ઠાપૂર્વકની ખંતથી કરેલી સેવા એકચક્રી ચાલે. તેથી સૌને તે પણ ખૂંચે. સેવા કરવી નહીં અને જે કરતા હોય તેને તકલીફ કરતા ! પણ નિર્દોષભાવ અને

સર્વોપરી નિષ્ઠાથી સૌ સેવકમંડળને પપ્પાજી સંભાળી લેતા !

સમૈયા વખતે દસેક દિવસ પહેલા પપ્પાજી જતા અને ઉતારા સાફસૂફ કરવા અને મચ્છર માંકડની દવાઓ છંટાવવી વગેરે સેવા કરી લેતા. ને બાપાનો લાભ પણ લેતા ! ગાદલા-ગોદડાની તકલીફો! પણ પપ્પાજીએ તો કર્તાહર્તાપણાની નિષ્ઠા રાખીને જે કોઈ પ્રસંગ બને તેમાં 'આ સંબંધવાળા સૌ બાપાના જ સ્વરૂપ છે' તેવી નિષ્ઠા સૌમાં જગાડી દીધી ને ખરા અર્થમાં કોઠારી બની રહ્યા.

બાપાએ દાદુભાઈને ગોંડલમાં સાક્ષાત્કાર કરાવ્યો તે પહેલા શાસ્ત્રીજીમહારાજે પ.પૂ.સોનાબાના પ્રાર્થના સંકલ્પથી પૂ.કાંતિભાઈ અને દાદુભાઈ બેઉના માથા ભેગાં કરી આશીર્વાદ આપી દીધા હતા – 'તમે બે ભાઈઓ ! ભેગો ધંધો કરો ને કદી છૂટા ન પડશો.' અને તે હકીકતમાં તો બંને કુટુંબોની ચૈતન્યભઠ્ઠી એક કરી દીધી. બાપાની આજ્ઞા કે જ્યોતિ-તારા ભગવાન ભજે ! તેથી બેઉ બહેનો ૬/ડી સોનાવાલા પૂ.દાદુકાકાના ઘરમાં આવીને સાધના કરવા લાગ્યા ! અને ૧૯૫૪માં જ્યારે કેસ થયો અને આર્થિક સંકડામણ શરૂ થઈ તેથી બંને કુટુંબોની સાધના શરૂ થઈ ! બધાને એક ચૂલે રસોઈ કરીને જમવાનું. ખર્ચા તો એક જ કંપનીમાંથી આવતા હતા. તેથી બાપા પોતે ઉપર ઉભા રહીને બધાય ઓપરેશન કરે. તદ્દન ભિન્ન પ્રકૃતિનાં બધા જ મુક્તો ! તેથી અનેક પ્રકારના કૌભાંડ રચાય. બાપાની કૃપા તે બધા સંપ, સુહૃદભાવ ને એકતા રાખીને લડે-વઢે તોયે ભેગા ને ભેગા રહ્યા. બધા જ પ્રોબ્લેમમાં જગતમાં બીજે કોઈ ઠેકાણે બહાર કોઈ બોલે નહીં. કોઈનેય જણાવે નહીં. ચૈતન્યનો રાસ ૧૯૫૨થી ૧૯૫૬ સુધી બાપાએ ચલાવ્યો અને સૌનું શુધ્ધિકરણ કરી આપ્યું ! કેવી કૃપા !

૧૯૬૧માં જ્યારે બાપાએ સંતો બનાવ્યા હતા તે પહેલા તેમને ઘાટકોપર, પછી કાંદીવલી માણેકલાલના બંગલે રાખ્યા. તે પછી દાદર મંદિરે રહેવા આવ્યા. તે વખતે પપ્પાજી મંદિરના કોઠારી તરીકે વહીવટ સંભાળતા. પપ્પાજી કહે, 'મારો સાત્ત્વિક સ્વભાવ ! તે હિસાબ બરોબર જ રાખતો. વળી યોગેશ્વરો માટે શું ન થાય ?' તેમ કરીને જે જે ઘરમાં ભેગું કર્યું હતું તે દાદરમંદિરે આપી દીધું. બધા

જ પુસ્તકો અને લાઈબ્રેરી આખી દાદરમંદિરને ભેટ આપી દીધી.

પણ ૧૯૬૨માં પપ્પાજી કહે મારું સાત્ત્વિક અંગ ઓગાળવાની જબરજસ્ત પરીક્ષા કરી. પપ્પાજી બેંકની માફક ચોકસાઈથી હિસાબ રાખતા. ગાંધીજીના સિદ્ધાંત પ્રમાણે પપ્પાજી દ્રઢતાથી જીવન જીવ્યા હતા. 'પબ્લિકના કામમાં સ્પષ્ટતા, ચોકસાઈ ને ચીવટાઈ રાખવી, નહીં તર સેવા કરવા જતા હાથ કાળા થાય' તેનું બરોબર ધ્યાન રાખીને અમલ કરતા. ખૂબ ભક્તિભાવથી કોઠારી પદમાં રહીને ૧૦૦% વફાદારીથી જીવન જીવતા. બાપાને થયું કે 'પપ્પાજી તો ખૂબ ચોક્કસ છે. હવે એમને લાગમાં કેવી રીતે લેવા ?' મુંબઈમાં હોલ બનાવવામાં ૬૫ હજાર રૂપિયા ઉઘરાવવાની જરૂર પડી. બાપાની આજ્ઞા ને કમિટીની મરજી પ્રમાણે તે વાપરવાના. જે જે પધરામણી થઈ તેમાં બાપા કહે, 'જુઓ પૈસા બાબુભાઈને આપજો.' અને તેની રસીદ આપવાની બાપાએ ના પાડી. તેથી પપ્પાજી બધો હિસાબ તેની રકમ નોટમાં લખીને રાખતા. વધુ પૈસાની જરૂર પડતા ગુજરાતના હરિભક્તોને બાપાએ કહ્યું કે, 'બાબુભાઈ પર બે હજાર, ત્રણ હજાર ડ્રાફ્ટથી મોકલી આપજો.' તો પપ્પાજીએ બાપાને કહ્યું, 'બાપા ! આમ ઉઘરાવીએ છીએ તો શિક્ષાપત્રી લોપાય છે. ને બીજા શંકા કરે છે !' તો બાપા કહે, 'સાચાનો પક્ષ તો સૌ કોઈ રાખે. ખોટાનો રાખીએ ત્યારે ખરું ને !' એ સત્ય પપ્પાજીએ સ્વીકાર્યું.

'બચાવ કરવો તે માન છે' તે સત્ય પૂ.મહંતસ્વામીની સાથેની ગોષ્ટિમાં પકડાયેલું. તેથી જ્યારે પપ્પાજી પર શંકા અને ખુલ્લા આરોપો થયા ત્યારે પપ્પાજીએ તટસ્થ રહી પોતાની અંદર ને સત્સંગમાં બહાર જોયા કર્યું. નીરવ, નિશ્ચિંત બનીને બાપાની દિવ્ય લીલાનો આવકાર અને સ્વીકાર કરીને મૌન રહીને જોયા કરતા! પ્રથમ સૌ કહે હિસાબમાં મોટા હવાલા નાખે છે. પૈસા ખાઈ જાય છે. મોટરો તો આ ધર્માદાના પૈસા ઉપર જ ફેરવે છે ! કમિટીના મોટા મોટા મુક્તો જેમને પપ્પાજીએ નોટનો હિસાબ બતાવેલો અને પાસ કરાવેલો તેવા જ મુક્તો સાધન બનીને વપરાયા ! આ પ્રસંગે દાદરમંદિરે નોટ ફેંકીને હિસાબ બતાવી શકાત ! કે લ્યો આ હિસાબ!

કોઈનીયે ભેટ જમા ન થઈ હોય તો તપાસી લ્યો ! તો આખા કેસમાં પપ્પાજીનો જય જયકાર થાત. પણ આવું કર્યું હોત તો ચૈતન્યશુધ્ધિની દ્રષ્ટિએ, આધ્યાત્મિક દ્રષ્ટિએ હાર્યા ગણાત ! ફરિયાદ કરી ને ! બાપા સિવાય બીજા કોઈને કર્તાહર્તા માન્યા ને ! તેથી હાર્યા હોત. પણ પપ્પાજી કહે, 'મારે તો ફર્સ્ટ કલાસ પાસ થવું છે. જે રીતે વગોણું થવું હોય તે રીતે ભલે થાય ! વળી જેમને બાપા વાપરે છે તેમના માટે સ્હેજ પણ ભૂંડો ઘાટ જ નહીં ! તેનું ટેન્શન રહેતું. વળી ઘરમાં રહેતા કે બીજા હેતવાળા સૌને પણ અભાવ ન આવે તેવું જતન અને મહિમાભર્યું વર્તન જ કરતા રહ્યા.

બાપાએ સી.પી.ટેન્ક રામબાગમાં પારાયણ ગોઠવ્યું અને આગલી રાતે કાર્યકર્તાઓની મીટીંગ થઈ. હિસાબ માટે કાકાજી-પપ્પાજીને બરોબર લીધા. ખોટેખોટા ધમકાવ્યા. બધાએ કહ્યું, 'ચોપડા લાવો.' ઘણા મુક્તોએ ખૂબ ગાળો પણ ભાંડી ! પપ્પાજીએ દુઃખાયા વગર સ્વામી સ્વામી કર્યા જ કર્યું. અને કોઈનાય વિશે ભૂંડો ઘાટ પણ નહીં. 'હા... હં.. હા.. હં...' કર્યા કરવાનું. માણેકલાલને થયું, 'આ બે ભાઈઓ પર બહુ ખોટું થાય છે. વગર વાંકે તેમને હેરાન કરે છે.'

પારાયણના દિવસે બાપાએ જેમણે ગાળો ભાંડી હતી તેમને બતાવીને પપ્પાજીને કહ્યું, 'હવે તમે આ બધાની પૂજા કરો.' પપ્પાજીએ અખંડ નિર્દોષભાવ અને આતમના આનંદથી બધાની પૂજા કરી. અને પારાયણ શરૂ થયું. બાપા પારાયણ દરમ્યાન બાથરૂમ જવા ઉઠ્યા અને બાજુમાં ડેસ્ક હતી તેની પર બેઠા અને માણેકલાલને બોલાવા મોકલ્યા. પપ્પાજી અને કાકાજી બેઉ પગે લાગી બાપાના ચરણોમાં બેઠા. બાપા કહે, 'તમને કશું થાય છે ?' પપ્પાજીએ કહ્યું, 'બાપા, આ બધું તમે જ કરી કરાવી રહ્યા છો તે મનાય છે. તેથી કશું થતું નથી. પણ જેમને તમે વાપરો છો તેમના વિશેય ભૂંડો ઘાટ ન થાય તેનું ટેન્શન રહે છે. કારણ આ વખતે તો ૧૦૦એ ૧૦૦ ટકા માર્ક લેવા છે.'

બાપા ડોકું હલાવતા હલાવતા કહે, 'હા. બરાબર. સવાસો

માર્ક્સ!' એમ કહી ખૂબ રાજીપો બતાવ્યો ! ખમવાનું બળ આપ્યું. સ્વભાવ, અંગ, સાત્ત્વિકતા દોષરૂપ ન થાય, કોઈનોય અભાવ ન આવે તેવો ઈન્દ્રિયો અંતઃકરણ કરવા છે. (આ આખો પ્રસંગ 'પરાભક્તિની સૌરભ' પાન ૭૬ થી ૮૦માં ગુરુહરિ પપ્પાજીએ સ્વયં લખ્યો છે.) એકવાર આ પ્રસંગ પર વિચાર કરતા કરતા, મનન ચિંતન કરતા કરતાં મેં એક લેખ લખ્યો જેમાં પપ્પાજી સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ, યોગીજીના ગુણાતીત સ્વરૂપ તરીકે અનુભવાયા. અને જ્યારે આવા ગુણાતીત સ્વરૂપનો કોઈપણ નાનો કે મોટો અભાવ લે તો તે જીવ અક્ષરધામમાંથી પડી જાય ! સૌના અંતરમાં જે કાકાજી-પપ્પાજી માટે અભાવ ને ખટપટ હતા તો તેમની રક્ષા કરવા માટે બાપાએ આજ્ઞા આપી કે 'આ સૌનું પૂજન કરો.' પપ્પાજી જેવા પરમ ગુણાતીત ભાવમાં વિચરતા સ્વરૂપ જ્યારે એ અભાવ લેનારને નિર્દોષ માની પૂજન કરે ને તેમનાં કપાળનો સ્પર્શ કરે. અને તે સમયે પપ્પાજીના મુખારવિંદ પર જે ભક્તિભાવ, દિવ્યભાવ અને અહોહોભાવનો જે આનંદ, પ્રકાશ હતો તે જોઈને સૌ અભાવ લેનારાનાં હૈયામાં પણ સ્હેજે સ્હેજે નિર્દોષભાવનાં અંકુર ફૂટી નીકળે ને ! કે અરે ! ગઈ કાલે તેમનું આટલું બધું અપમાન કર્યું. ન બોલવાના શબ્દો કહ્યા, ગાળો ભાંડી! અને તે બાબુભાઈ કેવા આનંદથી અને મસ્તીથી પૂજા કરે છે ! અને એ પૂજનના ફળસ્વરૂપે બાપાએ એ કમિટીના સૌ સ્વરૂપોને અક્ષરધામમાંથી નીચે પડવા ના દીધા ! પપ્પાજીનાં પૂજન અને વર્તન દ્વારા રક્ષા કરી અને જીવોને અભાવ અવગુણમાંથી ઉગારી લીધા ! આવું વિવરણ મેં કરેલું હતું તે પપ્પાજીને મેં વંચાવ્યું. તો તે વાંચીને એકદમ પ્રસન્ન થઈને પરભાવમાં આવીને પપ્પાજી એકદમ કહે, 'હા. સાચી વાત છે ! બાપા સર્વે જીવની રક્ષા કરવા અનંત પ્રકારે ખેલતા હોય છે !'

આમ સખત અપમાન કરાવીને પણ બાપાએ પપ્પાજી પાસે એ કમિટીના મુક્તોની રક્ષા કરાવી લીધી ! પપ્પાજી કોઠારી તરીકે રહ્યા હતા અને તે કોઠારી પદમાં કેવળ હોંશિયારી કે સમજણ કે આવડત નહીં પણ જબરજસ્ત આધ્યાત્મિક દ્રષ્ટિ - બાપાનું સર્વોપરીપણું

અને કર્તાહર્તાપણું માનવાનું ધ્યેય રાખીને સંસ્થાના સર્વે કાર્યોનો ભાર ઉપાડેલો ! આ રીતે કોઠારી તરીકેની સેવામાં અનંત રીતની કસોટીઓમાંથી પાર ઉતરીને પૂ.યોગીજીરૂપ બની ગયા !

ગુરુહરિ પપ્પાજી સ્વયં યોગીજીમહારાજના ગુલામ તરીકે જ નિરંતર વર્તતા હોઈ તેમની પળેપળની વૃત્તિ જોગીમહારાજ ને તેમના ભક્તોની સેવામાં રહેતી પણ કથાવાર્તા ચાલતી હોય ત્યારે પપ્પાજી ખૂબ ગ્રાહ્ય દૃષ્ટિ રાખતા - સભામાં અચૂક હાજર. કોઠારી તરીકે ખૂબ સેવા હોવા છતાંયે કોઈપણ સમે કથાવાર્તામાં હાજર થઈ અનાજ મંગાવવા ને તેનો હિસાબ મહેમાનોની સરભરા વગેરે જવાબદારી હોવા છતાંયે બાપાની કથા કદીયે છોડી નહીં અને તેમાં ઓતપ્રોત થઈને લખી લેતા લખવાનું તો ખિસ્સામાં ક્યાંથી હોય ! તો ટ્રામની જે ટિકિટો હોય તેની પાછળ નોંધ કરી દેતા (જે તારદેવમાં બેનોએ સાચવી ને અંગત મૂડીની જેમ તેની નોંધ કરીને નોટ બનાવી છે !) પપ્પાજી સદાયે જાગ્રત સાધક બનીને પોતાના જીવનમાં, વર્તનમાં બાપાની રુચિ ને આજ્ઞા સારધાર ઉતારી દેતા. સ્વામીબાપા જે બોલે તે તત્કાળ આત્મસાત્ કરી દેતા ! અસ્મિતા પ્રગટે તો રાંકપણું જતું રહે છે એ સત્ય પણ કથામાંથી ગ્રહીને આલોક, પરલોક કે અલૌકિક ઐશ્વર્યોને જીવનમાં પ્રવેશવા જ નથી દીધા. સજાગ સાધક ! કથામાં પપ્પાજીના અંગનું જે કંઈ આવે તે ગ્રહી લેતા. બીજે ત્રીજે ડાફોળિયા જ નહીં. અને કોણ આવ્યું કે કોણ ગયું તેની લપ જ નહીં. નાની નાની ચબરખીમાંથી ઘરે આવીને નોટમાં લખી દેતા. અને શાંતિથી મનન, ચિંતન, નિદિધ્યાસ કરીને તે વચનનો સાક્ષાત્કાર પામી જતા.

મુંબઈમાં અક્ષરપુરુષોત્તમ સંસ્થા માટે હોલ રાખવાનો હતો તે માટે ફંડ પણ ભેગું કર્યું. સૌ કમિટીના મુક્તો પોતપોતાની સમજણ પ્રમાણે જુદા જુદા ઠેકાણે ચોપાટી, દાદર, માટુંગા વગેરે સ્થળોએ તપાસ કરવા લાગ્યા. તેમાં ચોપાટી પરનું મકાન રાખવાનો નિર્ણય કમિટીએ કર્યો. પણ પપ્પાજી કહે, 'મારું મન માને નહીં. મને તે સ્થળ, મકાન અને તેની કિમંત ભક્તિરૂપ ન લાગી. કમિટીના સભ્યો રાખવા તૈયાર થયા. યોગીબાપાએ પણ હા પાડી. અને તેથી બાનાખતના

પૈસા પણ અપાઈ ગયા.

પછી બધા ભેગા મળી બાપાને વાત કરતા હતા. તો પપ્પાજી કહે હું પણ ત્યારે ત્યાં હતો. તેથી બાપાને અંતર્યામી માની અંતરથી સંકલ્પ કરીને પ્રશ્ન પૂછ્યો કે 'બાપા, મને આ મકાન રાખવું તે જરાયે યોગ્ય લાગતું નથી ને તમેય તેમાં હા પાડો છો ! તો મારે શું કરવું?'

બાપા તરત જ બોલ્યા, 'સાક્ષી કહે તેમ કરવું.' બધાની હાજરીમાં જ બોલ્યા હતા અને પપ્પાજીએ તીવ્ર પ્રાર્થનાથી તે ચોપાટીનું મકાન ન રખાય તેમ સંકલ્પ કર્યો અને અંતે એક નાની બાબતમાં તે મકાનમાલિકે ના પાડી દઈ બાનાની રકમ પાછી આપી દીધી. જે મકાન રાખવાનું હતું તેમાં બાથરૂમમાં ટબ હતું જે સંતો માટે નકામું હતું તે કઢાવી લેવાનું હતું ને તેના પૈસા ન આપવા તેવું કમિટીએ નક્કી કર્યું પણ મકાનમાલિકે ના પાડી ને તે ટબના પૈસા કાપી ન આપ્યા. બસ આટલી જ નાની બાબતમાં ચોપાટીનું મકાન લેવાનું માંડી વાળ્યું અને નિષ્કામ સંકલ્પ જે પપ્પાજીનો હતો તે સત્ય બન્યો – તે પછી અત્યારે જે દાદર મંદિર છે તે મકાન રાખ્યું ને સંતો ત્યાં રહેવા ગયા. પહેલે માળે એક રૂમમાં મંદિરની મૂર્તિ પ્રતિષ્ઠા કરીને તાત્કાલિક સંસ્થાનું મંદિર શરૂ થયું. આ કોઠારી સ્વરૂપ પપ્પાજીની આર્ષ દૃષ્ટિ.

આજે એ દાદર મંદિર કેવું ભવ્ય અને દિવ્ય અને વિશાળ ફલક પર વિકાસ પામીને અનેકોને સુખ, શાંતિ અને આધ્યાત્મિક ભક્તિભાવના જાગ્રત કરવાનું પ્રેરણા ધામ બની રહ્યું છે !

ઉત્તરોત્તર પપ્પાજીની જવાબદારીઓ બાપા બદલતા ગયા. જેમ જેમ બાપાનો વિશ્વાસ તેમના પર વધતો ગયો તેમ તેમ જૂની સેવા છોડાવતા ગયા અને નવી વિશિષ્ટ ને વિશિષ્ટ સેવાઓ સોંપતા ગયા.

૧૯૬૧માં દાદર મંદિરની સેવાનો તબક્કો પૂરો થતા બાપાએ સંતો અને બેનોને સાચવવારૂપી સેવા આપી અને તે લોહી–પાણી એક કરીને સંકલ્પ ને ભાવ અને ક્રિયામાં બાપાને જ રાખીને નિષ્કામ ભક્તિ કર્યા કરી. ભજન એવું તીવ્ર કરતા કે સૌને બાપાનું સ્વરૂપ યથાર્થ ઓળખાઈ જાય અને આ સૌ ચૈતન્ય મંદિરો બની જાય. અંતર

પ્રાર્થનાનો ધોધ વહેતો કે 'બાપા, તમને રાજી કરવાની વાસના છે ભૂલ ન થાય તેની રક્ષા તમે કરજો. તમારા બળે જ આ ચૈતન્યોની સેવા થશે.' તો બાપા રક્ષા કરતા જ ગયા. અને ક્યાંયે ગૂંચવાવા ન દીધા. પપ્પાજીની મોટપ તો જુઓ – બાપાની પાસે જેવો દાસત્વભાવ હોય તેવો જ દાસત્વભાવ સંતો, બેનોમાં રાખીને તે સાધકો પાસે કદીયે કોઈ અપેક્ષા ન રહે અને તમારા જ સ્વરૂપો છે તેવું માની તેમની સેવા મારી ગરજે કરું. તેવું પપ્પાજીનું રોમેરોમ ઝંખતું હતું.

૧૯૫૨માં સાક્ષાત્કાર થયો અને ૧૯૫૩માં પૂ.તારાબેનના આત્મામાં યોગીજી શ્રીજી સ્વરૂપ તરીકે બિરાજમાન થયા અને ૧૯૫૬માં પૂ.હંસાબેન (દીદી)ને અનુભૂતિ થઈ કે આ બાબુભાઈને યોગીજી બેઉ એક જ છે. તે ચાર વર્ષમાં પપ્પાજી કહે મેં મારા અન્વય તંત્રનું સમૂળુ રૂપાંતર કરી લીધું હતું ને રોમેરોમ બાપાની રુચિ રહસ્ય પામીને સહજ વર્તન કરતું થઈ ગયું હતું. અને ત્યારથી અક્ષરપુરુષોત્તમ સંસ્થાના કોઠારી તરીકે અનેકોઅનેક સેવાઓ બજાવી. જ્યારે જે કાંઈ વિરોધ કે પ્રસંગો ઉદ્‌ભવે તેમાં પોતાની પરીક્ષા માની અને ભક્તિની ગરજે એમણે પોતાનું મૂકી દઈને પ્રાર્થના અને સંકલ્પથી પરાભક્તિરૂપ જ વર્તન કરીને બાપાની પરછાંયરૂપ બનીને સર્વે કાર્યો પાર પાડતા રહ્યા. સંતો બહેનોની સેવા આપીને કોઠારી પદની સેવા પૂર્ણ કરીને બાપાની 'ગુણાતીત સમાજ'ની સ્થાપનાની યોજનાના તટસ્થ દૃષ્ટા બનીને નીરવ રહીને 'વાહ બાપા વાહ' કરતા રહીને બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે તેવું લીલાનું દર્શન માણી રહેતા.

ધન્ય હો બાપાને કે બાબુભાઈને કોઠારી પદ આપીને અનેક ગૃહસ્થોને આદર્શ એકાંતિક પુરુષનો સંબંધ આપ્યો. દર્શન કરાવીને પ્રેરણા આપી. મિત્રભાવ ગૃહસ્થોમાં રખાવીને સુહૃદભાવનું ભજન કરાવીને અનેકને પ્રાર્થના ને એકતાથી આગળ વધાર્યા. સંતોની સેવામાં કેવળ તેઓમાં બાપાનું જ દર્શન કરીને સતત દાસત્વભાવનું વર્તન કરીને ગુણાતીત ભાવનો મહાસાગર બની રહ્યા. બેનોની સેવા ભજન, પ્રાર્થના અને બાપાની સર્વોપરી સામર્થી અને કર્તુમ અન્યથા કર્તુમ શક્તિનો અનુભવ કરીને બેનોની સંપૂર્ણ જવાબદારી પોતાને

શીરે લીધી અને આજે ૧૯૫૨થી ૨૦૨૦ સુધીના ૬૮ વર્ષ સુધી આજે ગુણાતીત જ્યોતમાં બે બેનોમાંથી ૪૩૮ બેનો થઈ છે અને સર્વ પ્રકારે માયા મહામાયાથી રક્ષા થઈ રહી છે.

આમ ગુરુહરિ પપ્પાજી કોઠારીરૂપે લગભગ ૧૦-૧૨ વર્ષ દાસત્વભાવે યોગીજીને અન્વય અંગ રૂપે સેવા આપી. ગરજ પળેપળની, ખપ યોગીજીને રાજી કરવાની ધગશ, અભીપ્સા તેમની અનુવૃત્તિ પ્રેરણા પામીને પળેપળ વફાદાર રહીને યોગીજીના પરમ વિશ્વાસ પાત્ર બની રહેવું. ઝંખના એક જ કે આ સર્વોપરી પરબ્રહ્મ સ્વરૂપ મળ્યું છે તેને સાંગોપાંગ ધારી લેવા છે અને તેમની રીતે વર્તી ગુણાતીત ભાવનાના ધારક સમગ્ર તંત્ર કરી દેવું છે ! ધન, ધામ, કુટુંબ-પરિવાર તો તત્કાળ સમર્પિત થઈ ગયો. પણ પાંચ ઈન્દ્રિયો અને ચાર અંતઃકરણના ભાવો પણ દાસાનુદાસ ભાવે વર્તે અને ચૌદ લોકના દેવતાઓ યોગીજીની ભક્તિને વશ વર્તીને પોતે સંપૂર્ણપણે યોગીજીના પરછાંયરૂપ બનીને વર્તવું છે એવી ધખણા ચોવીસેય કલાક નિશદિન ઉભરાતી !

કોઠારીપદે હોય એટલે - દાસ તરીકે, વ્યવસ્થાપક તરીકે, હિસાબનીશ તરીકે, આયોજનકાર તરીકે ૧૦૦% વફાદારી રાખીને વર્તવું પડે અને જે ભક્તોની મદદ લેવી પડે તે સૌમાં એવો મહિમા ને ગરજ ઉગાડવા તેઓ સાથે આત્મબુદ્ધિ અને પ્રીતિ રાખીને પ્રેમ, પ્રાર્થનાથી વર્તાવવા પડે. અને તેઓમાં યોગીજી જ કર્તાહર્તા અને પરીક્ષક તરીકે છે તેવું દર્શન કરવું અનિવાર્ય બની જાય. કારણ કે - યોગીજીનો સંબંધ થયો! બસ એ બ્રહ્મનિયંત્રિત જ. તેની સર્વે જવાબદારી યોગીજીની ! તેથી કોઈનું યે જોવું નહીં અને અચલ નિર્દોષબુદ્ધિ રાખીને પોતાની આવડત, સમજણ, બુદ્ધિનો ડોળ ટાળીને તેઓ પાસે પણ નમ્ર અને રાંકભાવે વર્તવું પડે ! એવી રીતે સૌ કોઈ 'સ્વામી સ્વરૂપ' એવું માની મહિમાથી સૌ સાથે મળીને સેવામાં સૂઝ સમજ પ્રેમ અને ભજનથી આપતા - કોઠારી તરીકેની એક જ જવાબદારીમાં અખંડ યોગીજીની પ્રેરણા અને અનુવૃત્તિ ઝીલતા અને પ્રસરાવતા પપ્પાજી બની ગયા ! પોતાપણાનો ભાવ તો ઊડી ગયો પણ સૌ કોઈમાં યોગીજીનો જ સંબંધ તેથી સૌ

યોગીજી સ્વરૂપ તેવું માનવામાં સર્વ કોઈ કાર્યમાં 'યોગીની અકળ લીલા' તેના પળેપળના દર્શન અને અનુભવ થતા રહ્યા. વાહ યોગીજી વાહ! એક કોઠારી તરીકેની સેવા આપી અને તત્સ્વરૂપ પપ્પાજીને ઘડી દીધા! એવા યોગીજી અને યોગીજી સ્વરૂપ પપ્પાજીના અનંત સ્વરૂપને ખૂબ ખૂબ મહિમાથી અભિવાદન અને અભ્યર્થના. અમો પણ તમારી વફાદારી રાખીને અંતર્યામી અને સર્વોપરી માનીને પળેપળ વર્તીને તમારાં વિશ્વાસુ સેવક બની રહેવું છે. બળ, બુદ્ધિ અને પ્રેરણા આપજો.




**પથદર્શક તરીકે, ગુરુ તરીકે... પણ છો ગુરુહરિ રૂપે...**

'નેતિ નેતિ' કહીને જ્યાં વેદ વિરમે છે અને ગીતામાં શ્રી કૃષ્ણ ભગવાન સ્વયં ઉચ્ચરે છે કે 'હું પોતે પણ મારા માહાત્મ્યનો પાર પામતો નથી...' એવા બ્રહ્મરૂપે સાકાર જીવન જીવી, કેવળ પરબ્રહ્મની જ પરાભક્તિ પળેપળે કરીને પૂરાં ૯૦ વર્ષ ધરા પર જેણે સાક્ષાત્ દેહધારી રહીને વિતાવ્યાં છે તેવા પ્રગટ પ્રત્યક્ષ ગુણાતીત ભાવનામાં અખંડ વિચરનાર પપ્પાજીના વિધવિધ અનંત સ્વરૂપોનો આપણે બૌધ્ધિક અને તાત્ત્વિક પરિચય પામ્યા. તે પણ લેખકની કક્ષા અને વિચારશક્તિ પ્રમાણે જ.

એકવાર પૂ.યોગીજીમહારાજના જીવનદર્શનનું પુસ્તક ગુરુહરિ પપ્પાજી પાસે સેવક વાંચી રહ્યા હતાં. તેમાં તેમના જીવનના અનેક કસોટીભર્યા પ્રસંગોનું વર્ણન વાંચતા; દા.ત. તેમનાં ગુરુ વિજ્ઞાનદાસ સ્વામી તેમને ગરમ ચીપીયાથી ચીમટો ભરતા... વિગેરે... વિગેરે... ત્યારે પપ્પાજી સહજભાવે અતિશય મહિમાથી બોલ્યા કે 'બાપા તો દેહાતીત. એમને તો આ પ્રસંગ જ ના લાગે. એમને તો સૌને સંબંધ આપીને, ચિંતવન કરાવીને, દેહભાવ મૂકાવી, બ્રહ્મભાવ જ કરાવવાનું ધ્યેય. એટલે એમને પણ નહીં ખબર હોય કે પોતે આ બધું સહન કરે છે !

શ્રીજી મહારાજ અને શાસ્ત્રીજીમહારાજની સર્વોપરીતા માનતા

અને સહજભાવે જે કાંઈ બનતું તેમાં કોઈ જ સ્પંદન ઉઠે જ નહીં.' તો આવાં વર્ણનો તો તેમણે પોતે કર્યા જ નહીં હોય – 'જે નથી તેના વર્ણન ક્યાંથી હોય ?' એમ બોલી કહે, 'બાપા તો પરબ્રહ્મ તત્ત્વ...' 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' એવું અનુભૂતિનું જીવન જીવતા કે તેમને કોઈ સમજી શકે નહીં. ને પોતાની કલ્પના પ્રમાણે વર્ણન કરે. બાપાને પૂછીએ કે બાપા, આવું બધું બન્યું હતું ? તો મને તો એવું લાગે છે કે બાપા હસી પડે. અને તેમના હાસ્યમાં બ્રહ્માનંદની છોળો ઉડે તે આવા બધા વામણા, ન્યૂનતમ પ્રસંગોને વિસરાવી દે. તો એવા પ્રસંગોનું બયાન કરવું નહીં.

પરબ્રહ્મની જે આંતરિક અનુભૂતિ છે તે કોઈ અનુભવી શકતું નથી. તેથી પૂર્ણ વર્ણન કરી શકતું નથી. અને જે અનુભવે છે તે સ્વયં તે લખતા નથી, વર્ણવતા નથી. તેથી જ શબ્દોથી પર, ભાવોથી પર, જ્ઞાનોથી પર જે અનુભૂતિનું વિશ્વ છે તેમાં અખંડ વિહાર કરનારા અને યોગીજીમહારાજના સંપૂર્ણ વારસદાર એવા પપ્પાજીનાં જીવનકવનના શાબ્દિક, લૌકિક, પારલૌકિક મૂલ્યાંકનો મૂકીને આધ્યાત્મિક દ્રષ્ટિથી નિહાળીને, નીરવ બનીને દર્શન કરીએ. મૌન બનીને માણીએ.

આવા અદ્ભુત અજોડ સત્પુરુષનું શરણ મળ્યું. એમણે આપણને પોતાના ગણ્યા !! એમની ગોદ–ચરણ ને સંકલ્પ આશિષ મળ્યા તેનો જ આંતરિક અનુભવ કરીને ધન્યતાના ભાવમાં વિહરતા રહીને અનંત સ્વરૂપ ધારક પપ્પાજીનું વર્ણન આજ સુધી કરી શક્યા છીએ.

ગુરુ તરીકે... વાહ વાહ !! જેણે સ્વયમે સાક્ષાત્કાર પામ્યા પછી યોગીજીને પૂર્ણ પુરુષોત્તમ નારાયણ તરીકે માનીને સંકલ્પ, ભાવ ને ક્રિયામાં એક તેમની સર્વોપરીતા અને સર્વવ્યાપક શક્તિનો જ એવો અનુભવ કર્યો છે કે એક વર્ષમાં જ પૂ.તારાબેનને સ્વયંનો અનુભવ સાક્ષાત્કાર પમાડીને ૧૪મી ફેબ્રુઆરી ૧૯૫૩માં કરાવ્યો. ૧લી જૂન ૧૯૫૨માં પપ્પાજીને યોગીજીએ તત્કાળ સમૂળું રૂપાંતર કરાવીને યોગીનો પ્રકાશ બનાવી દીધા.

તો એ પપ્પાજીને પૂ.તારાબેનના ગુરુ કહેવા કે કેમ? તે પ્રશ્ન છે. વ્યવહારિક, લૌકિક કક્ષાએ. હા એ ગુરુ હતા. તારાબેનનો

આત્મા ભેદીને દ્રષ્ટારૂપે બેસીને યોગીજીરૂપે દર્શન-અનુભવ કરાવીને જીવતાં કરી દીધા. પપ્પાજી યોગીજીના પ્રકાશ જ હતા ને તેમ વર્તતા તેથી પૂ.તારાબેનના ચૈતન્યમાં ધીમે ધીમે બ્રહ્મની અનુભૂતિનો આનંદ વહેવા લાગ્યો અને એમણે એવો જ અનુભવ અનેક ગૃહસ્થ બહેનોને જે મુંબઈમાં રહેતાં અને સત્સંગમાં આવતાં તેને કરાવી દીધો. જ્યોતથી જ્યોત પ્રગટાવી દીધી. પપ્પાજીના પ્રકાશરૂપ બન્યા, પપ્પાજીએ તારાબેનનો આતમદીપ પ્રગટાવ્યો. અને તારાબેને બીજા અનેકને સંબંધ આપીને પ્રાર્થના - સંકલ્પથી જ્યોત પ્રગટાવી દીધી તો પપ્પાજી ગુરુ તરીકે ? તો વળી કલ્યાણદાતા તરીકે ? સૌને કેવા અનુભવાયા ?

વચનામૃતમાં લખ્યું છે કે ગુણાતીત સત્પુરુષ સાથે આત્મબુધ્ધિ અને પ્રીતિ એ આત્મદર્શનનું સાધન છે. તે રીતે આત્માનો સંબંધ આપી, આત્માની જાગૃતિ કરાવી ગુરુ તરીકેના સર્વે સાધન કે વર્ણનો મૂકીને આત્મામાં સીધો સ્પર્શ કરવો. જેમ લોખંડને ગરમી આપીએ તો બહારથી ઓગળતુ ઓગળતુ પછી અંદરથી ઓગળે છે જ્યારે સુવર્ણ ધાતુને ગરમી આપીએ તો તે પ્રથમ અંદરથી ઓગળે છે પછી બહારથી ઓગળે છે. તેમ આ ગુણાતીતના સત્સંગમાં આંતરિક રૂપાંતર શરૂ થાય છે - અંદરથી ને પછી મન, ઈંદ્રિયો, અંતઃકરણ સર્વેમાં દિવ્યતા પ્રસરે છે. બહાર વર્તનમાં પ્રગટે છે. 'ગુરુ'નું પદ સ્વીકાર્યા વિના, ગુરુપણું બતાવ્યા વિના જેવા સાથે તે જેવા જ બનીને તેની સાથે એકતા સાધીને આત્મબુધ્ધિ ને પ્રીતિ કરીને ગુણાતીત ભાવનાનો પ્રસાર કરે છે પપ્પાજી ! સૌ સાથે માનવ તરીકે જ, તેવાં જ રહી ગૃહસ્થ તરીકે રહી, દેહના સગાંવ્હાલા જેવી આત્મીયતા કરી, કરાવીને જીવોની સાથે પોતાનો જીવ જોડીને આત્મશુધ્ધિ કરાવવાનું શરૂ કરી દે છે !

તેથી પપ્પાજીને 'ગુરુ' ઉપનામ તો ક્યાંથી અપાય? વામણું લાગે છે. તો પથદર્શક તરીકે ? હા અને ના. એમનું જીવન એ સામે આવનાર મુક્તની કક્ષાનું હોય છે. સામે જે કોઈ આવે અને જેવું માનતો હોય તેવું પપ્પાજી વર્તે ! જરાયે વધારેય નહીં અને ઓછુંયે

નહીં અને તેનું પ્રતિબિંબ પાડે. જેથી અતિ છૂપા રહીને પોતે સનાતન સુખી ને મસ્તીમાં છે. તેનું દર્શન અન્ય સહુ કરે અને સૌના મનમાં ઝંખના જાગે - 'મારે પણ આવા સુખી થવું છે.' અને પ્રાર્થનાનો આધાર લઈને જાગ્રતતાથી જીવવાનો પ્રયત્ન શરૂ કરે. અને પપ્પાજી પોતાના સ્વયંના ભજન-સંકલ્પ, જતનથી એ જીવને ખૂબ બળ આપી દે છે અને ધીરે ધીરે સામા ચૈતન્યની શુદ્ધિ થતા, પ્રગતિ થતા આધ્યાત્મિક કક્ષા વધતી જાય, અનુભૂતિ વધતી જાય અને પપ્પાજીને ધીરે ધીરે મોટા માનતા જાય. પથદર્શક ગૃહસ્થ તરીકે કે ધંધાદારી પુરુષ તરીકે એમણે અનેકોને જીવનમાં મદદ કરી છે, પ્રેરણા આપી છે. તો ક્યારેક પોતાના વિરાટ સ્વરૂપનું દર્શન કરાવીને તે ચૈતન્યમાં દિવ્ય તેજપૂંજ પ્રગટાવી દે છે.

'ગુરુહરિ પપ્પાજી ગુરુ કોના ? એમને ગુરુ કહેવાય?' એ પ્રશ્ન એક નવા, નાના સાધકે મને પૂછ્યો. મારું મન ઊંડુ ઉતર્યું ! વિચારમાં પડી ગયું! મનન કરી રહ્યું. હા. વાત સાચી છે. આ પ્રશ્ન તો મારે મારી જાતને સૌ પ્રથમ પૂછવાનો હતો અને આ લેખ લખાઈ ગયો. બે ચાર દિવસ ચિંતન કર્યું. અને ગુરુહરિ અને ગુરુના ભેદ અભેદના મૂલ્યો વિચાર્યા. પપ્પાજીને પહેલી જૂન-૧૯૫૨માં સાક્ષાત્કાર થયો. 'બાબુભાઈ'નું સમગ્ર મટી ગયું. યોગીજીનો પ્રકાશ - ગુણાતીત રૂપે પ્રગટ થઈ ગયું ! હવે ૧૯૫૩માં પૂ.તારાબેનના જીવમાં દષ્ટારૂપે વિરાજમાન થયા તો તેમના 'ગુરુ' કહેવાયા ને ! ત્યારે સાકાર સદેહે યોગીજી મહારાજ પૃથ્વી પર વિચરતા હોઈ પૂ.તારાબેન માટે યોગીજીમહારાજ ગુરુહરિ રૂપે રહ્યા.

પણ પૂર્ણ સાધુ યોગીજીમહારાજ. ને તારાબેનનો નારીદેહ. દર્શન અને વાતુનું અસાધારણ સુખ મળ્યું પણ તે દર્શનનો મહિમા અને એ જ્ઞાનને વર્તનમાં કેવી રીતે પ્રગટાવવું તે વાત ગુરુ પપ્પાજીએ ઉગાડી, જગાડી અને પ્રવર્તાવી. પ્રેમ અને પ્રાર્થનાથી ! સેવા, સેવા અને સેવાથી ! તો પણ આત્મામાં તારાબેનને તો યોગીજી અને પપ્પાજી બેઉ એક સમાન જ મનાતા, અનુભવાતા અને અંતર્યામી દિવ્ય સ્વરૂપ તરીકે માણતા.

પૂ.જ્યોતિબેન તો અનાદિના મહામુક્તરાજ! પૂ.સોનાબાની કુખે જન્મ! જન્મથી જ સત્સંગ લોહીમાં જ વણાઈ ગયેલો. શાસ્ત્રીમહારાજ અને યોગીમહારાજને શ્રીજીનું જ સ્વરૂપ માનીને અદ્‌ભુત સેવા અને દાસભાવ રાખીને જન્મથી જ જીવ્યાં. 'બેનો ભગવાન ભજે તો શું ખોટુ ?' એ યોગીજીની આજ્ઞા આવતા જ જગત તત્કાળ ખરી ગયું. અને કાકાજી અને પપ્પાજીમાં દિવ્ય પ્રતીતિ થઈ ગઈ. પૂ.કાકાજી તો સત્સંગ વિચરણમાં રહેતા. અને બેઉ ભાઈઓની એકતા અને અલૌકિક આધ્યાત્મિક સ્થિતિ નિહાળીને જીવન જીવવાનું શરૂ કર્યું. 'કેમ ભૂલું નાથ મારા...' એ ભજન જ્યોતિબેને પપ્પાજી પાસે ગાયું ને દિવ્ય અનુભૂતિ થઈ ને સાક્ષી ભેદાયો. એ મિનિટથી પપ્પાજી યોગીજી મહારાજનું સ્વરૂપ છે એમ મનાઈ ગયું. બાપા ને પપ્પાજી એક જ છે રોમમાત્ર ફેર નથી એની પ્રતીતિ થઈ ગઈ. આતમમાં બ્રહ્માનંદનો અનુભવ થયો.

પ.પૂ.હંસાબેન દવે (પ.પૂ.દીદી) આ સત્સંગમાં પધાર્યા, આત્મામાં 'સ્વરૂપ' તરીકેની જ અનુભૂતિ પપ્પાજીએ પહેલેથી જ કરાવી લીધી. તેમના જીવનમાં તત્ક્ષણ પરિવર્તન કરાવીને, જગત તરફની દોટમાંથી દિવ્યતા તરફ જ પ્રગતિ કરાવીને આ સત્સંગમાં આધ્યાત્મિકતા સાથે કલા અને ઉમંગ, ઉલ્લાસ અને માહાત્મ્યનો મહાસાગર ઉછળતો કર્યો. દીદીજીના જીવમાં યોગીજી અને બાબુભાઈ એક જ સ્વરૂપ તરીકે પ્રસ્થાપિત થયા. યોગીજીને પુકારતા... યોગીજીએ અંતરમાં અવાજ પ્રગટાવ્યો 'જા બાબુભાઈને જઈને તારી વાત કર.' ને ત્યારથી આંતર અનુભવે 'દીસો છો દો પણ છો એક' એ ભાવ અનુભવાયો. જ્યારે જ્યારે સાધનામાં વિટંબણા આવી ત્યારે ત્યારે યોગીજીને પ્રાર્થના થતી અને તેનો ઉત્તર અંતર્યામીપણે પપ્પાજી આપતા. અને જ્યારે જ્યારે પપ્પાજીની આજ્ઞામાં રહી વર્તન કરતા તો યોગીજીની પરાવાણીમાં એ વર્તનની, જીવનની સંમતિ મળતી. એ ૧૯૫૨ થી ૧૯૫૬ સુધીમાં તો પૂ.તારાબેન, પ.પૂ.જ્યોતિબેન, પૂ.હંસાબેને (દીદી) ગુરુહરિ અને ગુરુની એકતા, સામ્યતા અને અદ્‌ભુત સમન્વયનો અનુભવ કરીને ગુરુ અને ગુરુહરિની જે તત્ત્વે કરીને ભેદરેખા હતી તે ઓગાળી દીધી

અને તન, મન, ધન અને આત્મા આ બેઉ સ્વરૂપની અદ્‌ભુત અને આધ્યાત્મિક અનુભૂતિમાં મહાલતા થયા.

પ.પૂ.પપ્પાજી કહેતા કે પૂ.તારાબેન એટલે ભાવ, પૂ.હંસાદીદી એટલે સંકલ્પ, પૂ.જ્યોતિબેન એટલે ક્રિયા. અને એ રીતે આ ત્રણેયે આપણા સૌના આદર્શ ગુરુ બનીને સાધના શરૂ કરી.

૧૯૫૯માં જ્યારે પૂ.દેવીબેન પધાર્યા ત્યારે પપ્પાજી તો દષ્ટાધિરાજ તરીકે જીવમાં બિરાજમાન થયા... પણ સાથે સાથે પૂ.જ્યોતિબેન સંગે સંત પ્રીતિ અને આગવી મૈત્રી પ્રગટી અને આત્મીયતાની સરવાણી વહી રહી. જેના કારણે ગુરુ તરીકે પૂ.જ્યોતિબેન મનાયા. સામ્યવસ્થા તરીકે અનુભવાયા જ નહીં અને દાસત્વભાવે પૂ.જ્યોતિબેનની આજ્ઞામાં રહેવાનું અણમોલુ સત્ય સ્વીકારી પપ્પાજીને ગુરુહરિ તરીકે માનીને, સાક્ષાત્ પ્રભુસ્વરૂપ તરીકે માનીને જીવન જીવતા થયાં.

આ થઈ સાધકોની વાત. પણ સર્વે ગૃહસ્થ કુટુંબો પણ કાકાજી – પપ્પાજીને એમના અંગત ગુરુ અને ગુરુહરિ બેઉ રૂપે એક સાથે માનતા, જીવતા. તો વળી બૃહદ મુંબઈ મંડળના હરિભક્તો તો કાકાજીને 'છોટા જોગી' તરીકે માની, યોગીજી એ જ કાકાજી – પપ્પાજી માનતા! આ સર્વે ભક્તોએ બેઉ ભાઈઓને યોગીજીરૂપ માન્યા અને ગુરુહરિ તરીકે જ જીવનમાં વણ્યા છે.

તો જે પાર્ષદો – યોગેશ્વરો ૧૯૫૨થી ૧૯૬૬ સુધી સત્સંગમાં હતા તે સૌએ કાકાજી– પપ્પાજીને ગુણાતીત ગુરુ તરીકે જ સ્વીકાર્યા, માન્યા અને અનુભવ્યા છે. તેઓની સૌની કાકાજી – પપ્પાજીએ તન, મન, ધન અને આત્માનું રખોપુ, સાચવણી અને માહાત્મ્યેયુક્ત સેવા કરીને તેઓના દિલમાં અદ્‌ભુત સ્થાન લીધું હતું. ભાઈ તરીકે, પિતા તરીકે, મિત્ર તરીકે, સંત રૂપે, ગુરુ રૂપે અને બાપાના શબ્દોમાં કહીએ – 'ગવર્નરો' જેને સાધુઓના દાસ તરીકે સેવામાં મૂક્યા હતા. 'ઝંબુરિયા' શબ્દ બાપા વાપરે તે અનંત પ્રકારની ભક્તિ અને પરાભક્તિ માટે. યોગીબાપાના અંગત વિશ્વાસુ, મંદિરના કોઠારી અને આદર્શ ગુણાતીત ભાવનાના ધારક હરિભક્ત તરીકે. જેમ ગુણાતીતાનંદસ્વામીના સમયમાં સ્વામી કહેતા – 'બધા જ

સંતો તમે ગમે તેટલા ઉપશમ ઐશ્વર્યો પ્રાપ્ત કરો તો પણ મારા આ ચાર સખાઓને અતિશય મોટા માનજો. તેમની રુચિ રહસ્ય અને જીવનને આદર્શ માનીને જીવજો. પૂ.કરસન બામણિયો, પૂ. રામ ભંડેરી, પૂ.રૈયો દેસાઈ, પૂ.વેલો સથવારો.' આવા આ ચાર વહવાયા સમાજના કહેવાતા પણ તેઓ ગુણાતીતના સખા હતા. તેમ કાકાજી – પપ્પાજી યોગીમહારાજના અંગત સખા હતા.

હવે ગુરુની પદવી કોઈનીયે રહી નહીં. પપ્પાજી સર્વે સાથે દાસના દાસ બનીને રહ્યા. પોતે જ ગરજ અને ખપ રાખીને ખૂબ નમ્રભાવે તે સૌ સાધુઓને યોગીમહારાજનું સ્વરૂપ માનીને રાંકભાવે સેવા કરી લેતા. તેથી 'ગુરુ' તરીકેની પદવી તેમને ક્યારેક મળી છે તો પણ નિજ વર્તનથી દાસની પદવી મેળવી લીધી. આમ પપ્પાજી સદાયે સર્વના પથદર્શક – આદર્શ સાધક તરીકે જ જીવ્યા છે જે હવે ખ્યાલ આવે છે.

૧૯૬૬માં પપ્પાજી સ્વયં એક માત્ર ગુરુહરિ તરીકે જ વર્ત્યા અને સર્વ નવા આવનાર સાધકો માટે ચાર મોટેરાં બેનોને ગુરુ તરીકે તેઓની સોંપણી કરી છે. સાધનાની શરૂઆતમાં પપ્પાજીએ ગુરુ તરીકે અદ્‌ભુત કાર્ય કર્યું. અને નિરંતર યોગીજીના સદા પ્રગટ, સાકાર, સર્વોપરીપણાના વિચાર, વાણી, વર્તન રાખીને સૌને સેવ્યા છે.

તે પછી પપ્પાજી તો સદાયે સદાયે પૂર્ણ પુરુષોત્તમનારાયણના સ્થાને રહીને સૌ કોઈના યોગક્ષેમની જવાબદારી લીધી છે અને સંશુદ્ધિની આંતરિક શક્તિ અંતર્યામીપણે સૌ મોટેરાં બહેનોને અર્પણ કરી છે. જેના ફળ સ્વરૂપે ગુણાતીત જ્યોતમાં સૌના જીવનમાં ગુરુ તરીકે સર્વે સદ્‌ગુરુઓ અને ગુરુહરિ તરીકે પ્રત્યક્ષ પ્રગટ પપ્પાજીનું અદ્‌ભુત અજોડ, કલ્પનાતીત અચ્યુત સ્થાન રહ્યું છે.

અનુપમ મિશનના વ્રતધારી ભાઈઓ માટે પપ્પાજી ગુરુહરિ રૂપે અને પ.પૂ.સાહેબજી ગુરુરૂપે વર્ષો સુધી રહ્યા. તો વળી, ગુણાતીત પ્રકાશના વ્રતધારી ભાઈઓ બનાવીને તેઓના ગુરુ અને ગુરુહરિ રૂપે અખંડ રહ્યા છતાં પણ ચાર મોટેરાં બહેનોના માહાત્મ્ય, આજ્ઞા

અને નિશ્રામાં રહી ગુણાતીત સાધુ થવાની સાધના ચાલુ રખાવી. **પપ્પાજીનું બ્રહ્મસૂત્ર : 'ગુરુ અને ગુરુહરિની મૂર્તિની સ્મૃતિથી સભર રહીએ તો વિષયો સહજ જીતાય જાય.'** તે પ્રમાણે ગુણાતીત પ્રકાશના પ્રમુખ તરીકે પૂ.વિરેનભાઈ પટેલની વરણી કરી. અને વિદ્યાનગરમાં પૂ.ઈલેશભાઈ, અમદાવાદમાં પૂ.હેમંતભાઈ મોદી, મુંબઈમાં પૂ.સુરેશભાઈ ગાંધીની ગુરુ તરીકે વરણી કરી. અને વ્રતધારી ભાઈઓ અને ગૃહસ્થ ભાઈઓની આધ્યાત્મિક જવાબદારી સોંપી દીધી.

ગુરુ અને ગુરુહરિની નિશ્રામાં સૌ સાધકો, ભક્તો ખૂબ સરળતાથી ઝડપી આધ્યાત્મિક પ્રગતિ કરી રહ્યા. ૧૯૬૬થી સંબંધયોગ શરૂ કરીને મુક્તોમાં મહારાજનું જ દર્શન કરીને 'મુક્તાક્ષર પુરુષોત્તમની જય' બોલાવવાનું શરૂ થયું. ખરેખર આ એક નવું જ ઉત્થાન હતું અને તેમાં ગુરુ એક ટીપણું અને ગુરુહરિ ગોલીટો તરીકે પ્રત્યેક સાધકના જીવનમાં પ્રગટ અને પ્રત્યક્ષ રૂપે કાર્ય કરતા થયા. પ્રસંગ આવે ત્યારે ગુરુહરિ સાચવે અને ગુરુ તેના સ્વભાવને તોડવા વધુ ને વધુ પ્રસંગો લાવે. આ રીતે ગુણાતીત જ્યોતમાં સાધના અખંડ ચાલુ જ રહી છે.

૨૮મી મે ૨૦૦૬માં ગુરુહરિ પપ્પાજી સ્વધામ સીધાવ્યા અને વ્યાપકરૂપે સમગ્ર વિશ્વમાં કાર્યાન્વિત થયા ત્યારે મોટેરાં ચારેય બેનોને – પૂ.જ્યોતિબેન, પૂ.તારાબેન, પૂ.હંસાદીદી, પૂ.દેવીબેનને પોતાના ગુણવારસ બનાવી દીધાં હતાં. પારસથી પારસ બનીને આ ચારેય સ્વરૂપો અખંડ પપ્પાજીનું કાર્ય, પપ્પાજીની રીતે અને પપ્પાજીના ગુણાતીત સ્વરૂપ તરીકે કરી રહ્યાં. તે આ ચારેય સ્વરૂપોમાં પૂ.જસુબેન, પૂ.પદુબેન પણ ઉમેરાયાં પૂ.સોનાબા, પૂ.બેન તો ગુણાતીત સ્વરૂપ રૂપે ગુરુહરિ તરીકે બેનોમાં કાર્ય કરતાં જ હતાં. ત્યાં આ છ બેનો એ જ કક્ષાએ એ જ ભૂમિકામાં વર્તીને સર્વે સાધકો – હરિભક્તો માટે ગુરુહરિની કક્ષાએ વિચરી રહ્યા છે. તેઓ જે રીતે આખા સમાજને સાચવી રહ્યા છે તેમાં **પ્રભુ પપ્પાજીનો જ સિદ્ધાંત 'મુક્તાક્ષર પુરુષોત્તમની જય'** મુક્તોમાં અખંડ મહારાજ જ છે.

તેઓ ગ્રહણ જ કરે છે તેમને વિષે સમ્યક નિર્દોષબુદ્ધિ રાખીને, સ્વરૂપ માનીને સેવા જ કરી લેવાનો સિદ્ધાંત સર્વેમાં પ્રસ્થાપિત વર્તનથી કરી રહ્યાં છે. તેથી હવે તો ગુરુહરિ પપ્પાજી પ્રભુરૂપે અને સર્વે કોઈ ગુણાતીત સ્વરૂપો ગુરુહરિના પ્રગટ અને પ્રત્યક્ષ સ્વરૂપો... એટલે જ પપ્પાજીની ગુરુપરંપરા આજે ચાલુ જ રહી છે. અને આ ગુણાતીત સ્વરૂપો પપ્પાજીને જ આગળ રાખીને પપ્પાજીનું દાસત્વપણું રાખીને પપ્પાજીનો જ મહિમાગાન કરીને પપ્પાજીનું જ કાર્ય એકાંતિક ધર્મ સિદ્ધ કરાવવાનો પૂર્ણ અદ્વૈત સિદ્ધાંતે કરી કરાવી રહ્યા છે. એવા આપણા ગુરુઓ છે. ધન્ય છે ! ધન્ય છે !

'પરાભક્તિની સૌરભ' પપ્પાજીના આત્મકથાના પુસ્તકમાં છેલ્લે જે પ્રશ્નો પૂછ્યા છે તેમાં...

**પ્રશ્ન-૭ : અત્યારના સ્વરૂપ તરીકે તમારો અભિપ્રાય શું છે ?**
**ઉત્તર : સ્વરૂપ તરીકે માનતો જ નથી પણ સેવકભાવના છે જ અને તે પ્રમાણે મારો અભિપ્રાય એ છે કે બાપાએ મને જે સંતોની, બહેનોની, ભાઈઓની, ગૃહસ્થોની સેવા સોંપી છે તે બધા એકદમ સુખે સુખે પ્રાપ્તિ કરવા જરા ખપ રાખીને મંડી પડે તો સારું. ને તે શું તો તેમને અત્યારથી જ વચ. ગ. છે. ૧૧ જેવી અક્ષરધામની સમાધિનું સુખ આવતું થાય, આવો જોગ, આવો સંગ વગેરે મળ્યું તો તેનો ઉપયોગ કરી લે, તેવું થાય ને તે શું ? તો-**
**(૧) ખપ રાખીને માહાત્મ્યેયુક્ત સેવા કરી જ લે..**
**(૨) કોઈનીય આઘીપાછી કરે જ નહીં.**
**(૩) મૂંઝવણમાં ટકે જ નહીં. તેવી મૂર્તિ કે આજ્ઞાથી શ્યામની મૂર્તિમાં રહે. જેથી સદ્ય સિદ્ધ સાધના કરી સુખી થાય ને તેમને સુખી દેખી હું સુખી રહું. ગરજુ થઈ સેવા કર્યા જ કરો ને દિવ્યભાવ રાખી ખમો. ખમવાનું લાગે છે ત્યાં સુધી દેહભાવ છે જ. માટે લીલા નિરંતર મનાતી થઈ જાય ત્યાં સુધી માહાત્મ્યેયુક્ત સેવા કર્યા જ કરો.**

પોતાને સ્વરૂપ તરીકે નહીં પણ દાસાનુદાસ માનીને સૌને કૈવલ્યમૂર્તિ

માનીને સેવા જ કરી છે. તેવા પપ્પાજીને અનંત સ્વરૂપે જેણે જેણે માણ્યા છે તેઓનું જીવન ધન્ય ધન્ય અનુભવાયું છે. અને કાળ, કર્મ, માયાનો ભય ટળી ગયો છે. સૌ ભક્તો આશરો દ્રઢ રાખીને ભજન કરે છે. પોતાના ભજને કરીને પપ્પાજીને પ્રગટ કરીને તેમની સર્વે પ્રકારની તકલીફો, મૂંઝવણો ટાળતા થઈ ગયા છે ! પપ્પાજી કહે છે જ્ઞાન કાંઈ કામ લાગતું નથી. પણ દ્રઢ આશરો ને તીવ્રતાથી ભજન તો અતિશુદ્ધ ગુણાતીત સત્પુરુષો વ્યાપકસ્વરૂપે પ્રગટે છે અને ગમે તેનામાં પ્રવેશ કરીને ચમત્કારિક રૂપે કાર્ય કરી જાય છે. તેથી આશ્રિતોમાં નિશ્ચિંતતા, નીડરતા, સ્વાધીનતા અને અલમસ્તાઈ જેવા ગુણો સહજ પ્રગટે છે. એ પપ્પાજી પોતાને ગુણાતીત સ્વરૂપ નથી માનતા પણ જે જે ભકતો એવું માનીને ભજન કરે છે તેને એવા અનુભવ કરાવે છે. માન, સ્વાદ, સ્નેહ, લોભ, કામ અને પ્રકૃતિ-સ્વભાવના દ્વંદ્વો અને મૂંઝવણો ટાળીને સુખિયા કરે છે તે પપ્પાજીનું 'ગુણાતીત સ્વરૂપ' તરીકેનું બિરૂદ !

એવા ગુરુહરિ પપ્પાજીએ સ્વયમે ૩૦ ગુરુઓ તૈયાર કર્યા છે કે જે અખંડ સેવા ભક્તિમાં જ પરોવાયેલા રહીને મહિમા ગાવો, સાંભળવો ને તેમાં જ રાચવું તેવું આદર્શ જીવન જીવીને અનંત ચૈતન્યોને સંબંધ આપી રહ્યા છે. તો તેવા પપ્પાજીને કેવા ગુરુ કહેવાય ? પારસથી પારસ ઘડીને પોતે પરના પર એવા પરમગુરુ પપ્પાજીને આતમ વંદના. દક્ષિણામાં શું આપવું ? એ ભાવમાં મન નીરવ ને શબ્દાતીત બનીને પપ્પાજીના માહાત્મ્યમાં તરબોળ બને છે.

'શું અર્પુ ? પ્રભુ અર્પિતને શું અર્પુ ?'
જે જોઈએ તે માંગી લેજો માવા...

એવું પ્રેમાનંદસ્વામીએ પણ ગાયું છે. અને બુદ્ધિ કહે છે કે અનેક જ્ઞાનો... જે પપ્પાજીએ અનેકવાર અનેક પ્રવચનોમાં સનાતન સત્યો વહાવ્યા છે, તેમાંથી મનને મૂર્તિના મહિમામાં સભર રાખીને, બુદ્ધિથી નિર્દોષબુદ્ધિનો નિશ્ચય કરીને આત્મામાં અખંડ આનંદની અનુભૂતિ કરીને ગુરુદક્ષિણા અર્પીએ...

જે કાંઈ મારા તંત્રમાં મને આવા ભાવમાં નથી રહેવા દેતા તે સ્વભાવને

અર્પણ કરીને સંબંધે સૌને કૈવલ્યમૂર્તિ માનીને સેવાનો જ અધિકાર રાખીએ. જે રાખતા સંપ, સુહૃદભાવ અને એકતાની અનિવાર્યતા સમજાશે. સેવાથી બળ મળશે અને સિધ્ધાંત પાળવાથી સમતા રહેશે ને આંતરિક રાંકભાવ પ્રગટશે.

સર્વે ગુરુઓના ગુરુ એવા પરમ ગુરુહરિ પપ્પાજી! આપને દક્ષિણા આપવાની ભાવના છે પણ પ્રસંગે જાગ્રતતા આપજો કે મેં માંગ્યું છે અને આપ આ કસોટીરૂપ પ્રસંગ લાવ્યા છો. જાણપણારૂપ દરવાજે ઊભા રહી શિષ્ય તરીકેનું દાસત્વપણું જગાડીએ. અને એવા અહોહોભાવના આનંદમાં પરબ્રહ્મ પપ્પાજીની પરમ લીલાને જોતા ને માણતા થઈએ ! એ જ પરમને ગુરુદક્ષિણા...

સદ્‌ગુરુશ્રી પૂ.મુક્તાનંદસ્વામીજીએ જેમ આરતીમાં 'જય સદગુરુ સ્વામી...' એમ ગાયું છે તેમ ગુણાતીત જ્યોતના સદગુરુઓના સ્વામી સૂરજ સમ ગુરુહરિ પપ્પાજીનો અપાર મહિમા અને કાર્યનું દર્શન કરાવતું પૂ.દિવ્યાબેન પટેલ રચિત ભજનમાં અદ્‌ભુત રીતે પ્રગટ અને પ્રત્યક્ષની ગુરુપરંપરા સનાતન રહી છે અને રહેશે. તેવી અનુભૂતિની પરમની લીલાનું વર્ણન કર્યું છે તે માણીએ. અને સૂર્યસમ પપ્પાજી અને ચંદ્ર સમ સદગુરુઓનું ગુણાતીત વૃંદ.

### મહિમાગાન

(રાગ : રાતા જેવા ફુલડાં...)

સદ્‌ગુરુનાં વૃંદમાં તું શોભે સૂરજ સમ (૨)
એક તું અનેક ચાંદલિયે વીંટચો એનો રંગ
હો મારા મંદિરે જો આજ (૨)
આયો આયો વ્હાલો લઈને એનો સાજ
તારા તેજ આકરા, જીરવતા જીવ મૂંઝાય (૨)
શીતળતાએ ભર્યો ચંદ્ર
હૂંફે ચરણ પખાય હો મારા...
અનલકણ અડતાં આગિયો અંગારો બની જાય (૨)
તેજની ધારા ઝીલતાં ઝીલતાં
જીવ શિવ થઈ સોહાય હો મારા...

મધ્યાહ્ને તપે છે તારા તપનો પૂર્ણ પ્રકાશ (૨)
    શોણિત સીંચ્યા ખીલ્યા ચંદ્ર
    પૂર્ણ કળાએ આ...જ  હો મારા...
સૂરજ તું તારું તેજ ચંદ્ર, રહેશે અવનીમાંહ્ય (૨)
    ફૂલ્યો ફાલ્યો ખીલતો રહેશે
    ચૈતન્યનો ફાગ...
                                        હો મારા... સદ્ગુરુના વૃંદમાં...




અહોહો... શ્રી સ્વામિનારાયણ ભગવાન જ્યારે ધરા પર પ્રગટ્યા ત્યારે ભારત દેશ અંગ્રેજોની ચુંગાલમાં ફસાયેલો હતો. અનેક પ્રકારની હાડમારીઓ અને તકલીફો. માનવ માત્રને સામાન્ય જીવન જીવવા ખૂબ વિષમતાઓનો સામનો કરવો પડતો. દુકાળ, રોગચાળો, અજ્ઞાન, ઢોંગી બાવાઓ, ધૂતારાઓ, ભૂત-ભૂવા અને દોરા-ધાગાની પાછળ સૌનાં તન-મન ખલાસ થઈ જતાં. એવા ખૂબ કઠણ દેશકાળમાં શ્રીજી મહારાજે પ્રગટીને એમણે માનવના સામન્ય સુખ માટે અનેક રીતે વરદાનો આપીને, ભક્તિની શ્રધ્ધા આપીને પોતાની મૂર્તિમાં ખેંચી લીધા.

૧) અંતકાળે યમરાજા નહીં તેડવા આવે પણ હું સ્વયં આવીશ ને મારા ધામમાં તેડી જઈશ. એવા અનેકને અનુભવો કરાવ્યા.

૨) મારા આશ્રિતની કાળ, કર્મ, માયાથી રક્ષા કરીશ. અને અદ્‌ભુત પ્રીતિ કરાવીને જીવને સંબંધ આપ્યો.

૩) મારા આશ્રિતને અન્ન-વસ્ત્ર અને રહેઠાણની કદીયે તકલીફ નહીં પડે.

એ કાળમાં આવા વરદાનની સત્યતા ને સફળતા જોતા અનેક દુઃખિયારાઓએ આ વચનોનો જીવનમાં અનુભવ કર્યો અને શરણે આવ્યા. શ્રીજીમહારાજની અનંત પ્રકારની લીલાઓ, આજ્ઞાઓ પાળીને તેઓ જગતના ત્રિવિધ તાપથી થોડા થોડા ઉગરી રહ્યા હતા.

એ મહારાજની યોગકળાથી અનેક જીવોને તેમની સાથે આત્મબુદ્ધિ ને પ્રીતિ થઈ અને જેની સાથે પ્રીતિ હોય તેની વાત સહેજે સહેજે મનાય, વર્તાય અને ચાડ રાખીને એ વચન પ્રમાણે વર્તવાનો પોતા પર અને પોતાનાં સર્વે કુટુંબીઓ, સગાંવ્હાલાં પર આગ્રહ રાખતા.

શ્રીજીમહારાજને સૌ પ્રથમ સમાજ સુધારક તરીકે ગુજરાતમાં સામાજિકલ સાંસ્કૃતિક અને ધાર્મિક ક્રાંતિ કરનાર તરીકે અનેક વિદ્ધાનોએ અભિપ્રાય આપ્યો છે.

૧. જીવનમાં સ્વચ્છતાને પ્રાધાન્ય.
૨. સ્ત્રી-પુરુષો વચ્ચે આચરણની ચુસ્ત મર્યાદાઓ બાંધી.
૩. બહેનો માટે અલગ સભા અલગ મંદિરની વ્યવસ્થા.
૪. ગુજરાતમાં સામાજિક શાંતિની સ્થાપના કરી.
૫. જ્ઞાતિ પ્રથાના જડબંધનોનો વિરોધ.
૬. પ્રજાની નૈતિક ઉન્નતિ.
૭. સ્ત્રીઓનું ઉત્થાન.
૮. સાંપ્રદાયિક ઐક્યની સ્થાપના માટે ગુજરાત-ભારત સહજાનંદજીને યાદ કરશે તે સંત તરીકે કે ધર્માચાર્ય તરીકે નહીં. સાહિત્ય પ્રેરક નહીં પણ એમણે આમ જનતામાંથી માંસ, દારુ, વ્યભિચાર, અસત્ય અને ચોરી આ પાંચ બદીઓ દૂર કરી અને પશુ જેવી હાલતમાં જીવતી માનવજાતિને માણસ બનાવ્યા તે માટે યાદ કરશે.

ભારત દેશના પ્રથમ સમાજ સુધારક તરીકે સહજાનંદસ્વામીની નોંધ તે સમયનાં અને હમણાનાં અનેક પુસ્તકોમાં છે. અને તે પછી તેમનાં આદર્યા સંકલ્પો પૂર્ણ કરનાર અનેક વારસદારો પૃથ્વી પર પ્રગટ્યા અને તે કાર્ય ચાલુ જ રાખ્યું.

સાંપ્રતકાળે પપ્પાજી ૧૯૧૬માં બોરસદમાં પ્રગટીને એ સમયની વિષમતાઓ વચ્ચે તન, મન, ધન, વ્યવહાર અને રૂઢિચુસ્ત સમાજની વચ્ચે જીવન જીવતા રહીને બાળ, કિશોર, યુવાનવય ખૂબ તકલીફોમાં પસાર કરી. સરકારી શાળાઓમાં જ અભ્યાસ અને કોલેજમાં જેમ તેમ જેવું તેવું કેન્ટીનમાં જમીને ભણવા પર ધ્યાન કેન્દ્રીત કરતા. કુટુંબનું દેવું ખૂબ થઈ જતાં, નાની ઉંમરે ભણવાનું છોડીને મોમ્બાસા

જઈને દેશકાળની તકલીફોમાં ઝઝૂમવા માટે શિક્ષકની નોકરી સ્વીકારી યુવાનીના સ્વપ્નાઓ રોળી દીધાં.

સમાજમાં જે વિટંબણાઓ, પટેલ સમાજમાં લોક સમાજની જે ભીતિ અને સારા દેખાવા માટે, મોટા કહેવડાવવા માટે 'વાહ વાહ' કરાવવા માટે અતિશય છૂપો ભીડો વેઠતા અને દરિદ્રતાને છૂપાવીને, લાફો મારીને ગાલ લાલ રાખતા. તેમાં તમાકુ, શેર અને સટ્ટો, કપાસ, જીરૂનાં કાળા બજાર, જુગાર અને દારૂની બદીઓ નાનાં નાનાં ગામડાઓમાં ઘર કરી ગયેલી. સ્ત્રીઓની હાલત તો સાવ બદતર હતી. ગુલામી અને કામના ઢહરડાં કરીને જીંદગી પસાર કરવી પડતી. સ્ત્રી એક વસ્તુ – મૂડી ગણાતી, જીવતી વ્યક્તિ તરીકે કોઈ ગણના નહોતી. એ બધાથી બાબુભાઈના કોમળ હૃદયમાં સતત દર્દ થતું અને ઉપાય શોધવા મંડતા. પણ એકવાર કુટુંબને દેવામાંથી અને ગીરો જમીનમાંથી છોડાવી પછી સમાજ સેવા કરવા કુરબાની કરવાનું નક્કી કર્યું.

મોમ્બાસામાં એમણે શિક્ષક તરીકે ખૂબ આદર્શ સ્થાન મેળવ્યું. બાળકોના એક આદર્શ પિતા તરીકે દરેક રીતે તેમને વિવેક, નમ્રતા, વફાદારી, સત્યતા, ચોકસાઈ, ચોખ્ખાઈ વિગેરે પાયાની વસ્તુઓ શીખવતા. સમયપાલનના ચુસ્ત આગ્રહી રહીને સૌને તે આદર્શને અનુસરવાની પ્રેરણા વગર કહ્યે આપી દેતા. મોમ્બાસામાં પપ્પાજી ધાર્મિક કરતાં વિશેષ સામાજિક સંશુદ્ધિના કાર્યો કરતા.

મોમ્બાસામાં હનુમાનજીના મંદિરમાં બધા શનિવારે તેલ ચડાવી જતા અને પૂજારી એ સિંદુરવાળુ તેલ ગરીબોને વેચતા, તેની જાણ પપ્પાજીને થતાં તેમણે કડક નિયમ કર્યો. તેલ જો ચડાવવું હોય તો એક-બે ચમચી જેટલું, બાકીનું બધું જ બાજુમાં એક ડબ્બો રાખતા, જેમાં તેલ ભેગું કરાતું અને ગરીબોને તે પ્રસાદીનું તેલ ભેટમાં વહેંચવામાં આવતું. આવા ધરખમ ફેરફાર પપ્પાજીએ કરેલા.

પપ્પાજી સૈફબીન સલીમ લાયબ્રેરીમાં પુસ્તકો મંગાવતા પહેલા અને મૂકતા પહેલા બધાં જ પુસ્તકો 'રોજનું એક' એ પ્રમાણે વાંચી લેતા, તેની નોંધ રાખતા અને જે સારા આદર્શ, જીવન ઉપયોગી અને

સુસંસ્કાર અને સત્ય, અહિંસા, વિવેક, નમ્રતા, શૂરવીરતા, કુરબાની જેવા ગુણો વિકસાવવામાં ઉપયોગી થાય તેવા જ પુસ્તકો મંગાવતા.

તો વળી ટ્યુશનની ખોટી પ્રથા મોમ્બાસામાં હતી. તવંગર બાળકો ટ્યુશનો રાખી શકતા. શિક્ષકોને બમણી કમાણી થતી. પણ ગરીબ કે મધ્યમવર્ગના બાળકોને ટ્યુશન ફી પોસાય નહીં. માંડ માંડ શાળાની ફી ભરી શકતા. તેથી પપ્પાજી એ સૌ શિક્ષકોની વિરુદ્ધ થઈને આવા બાળકો માટે મફત ટ્યુશન પોતે સામેથી ગરજુ થઈને આપતા અને તેવાં બાળકોને પ્રોત્સાહન આપીને પ્રત્યેક વિષયમાં ખૂબ સૂઝ, સમજ અને કોઠાસૂઝ જગાડતા.

તો વળી પોતાના પુત્ર રમેશને પણ આદર્શ શીખવતા. રમેશભાઈ એકવાર બસમાં મુસાફરી કરતા હતા ત્યારે ટિકીટ આપનાર કંડક્ટર મળી ન શક્યા અને તેમને ઉતરવાનું સ્ટેન્ડ આવી ગયું તેથી ટિકીટ લીધા વિના ઉતરી ગયા. ઘરે આવીને તેમણે પપ્પાજીને વાત કરી તો પપ્પાજીએ તરત ને તરત જ તેને પાછા બસ સ્ટેન્ડ પર મોકલ્યા અને એ બસ પાછી આવી અને તેમણે ટિકીટના પૈસા કંડક્ટરને આપ્યા અને પછી જ ઘરે આવ્યા. આમ વિના શિક્ષારૂપે પપ્પાજીએ પ્રામાણિકતાના પાઠ શીખવ્યા. જે આપણા સૌ માટે આજે ય આદર્શ છે.

માતાપિતા સીનેમા જોવા જાય ત્યારે બાળકો સાથે જવા જીદ કરે, રડે વગેરે પણ પપ્પાજી જરા પણ દયા ખાધા વિના જે એના હિતમાં નથી તેવું નહીં જ થવા દેવાનું. રમેશને રડતો મૂકીને તેઓ એકલા સીનેમામાં જતા. એક-બે વાર આવું બન્યું તે રમેશે જોયું. પછી તેઓ સમજી ગયા અને રડ્યા વિના માતાપિતાને સાથ આપવા મંડ્યા. અને જીદ પકડવાની બંધ થઈ ગઈ. ઉંમર પ્રમાણે જે સંસ્કાર શીખવવા અને બાળહઠને વશ નહીં થવાનું પણ તેના ભવિષ્યના હિત માટે મન, બુદ્ધિ, હૃદયના આદર્શ વિકાસ માટે જે જરૂરી હોય તેવું ને તેટલું જ પિતા તરીકે વર્તતા અને આગ્રહ રાખીને વર્તાવતા.

૧૯૫૨માં દાદુકાકાને સાક્ષાત્કાર થયો અને સમાચાર આવ્યા કે સોનાબાએ ભૂરકી નાખી છે. આ વાત પપ્પાજીના બુદ્ધિશાળી મનમાં

બેઠી જ નહીં. તો વળી કોઈ કહે, 'શાસ્ત્રીજીમહારાજ પ્રગટ્યા છે.' તો પપ્પાજી આવી અંધશ્રધ્ધામાં માન્યા વિના પોતે નજરોજનજર તટસ્થ બુદ્ધિથી જોવા એપ્રિલ ૧૯૫૨માં ભારત દેશમાં આવ્યા.

અંધશ્રધ્ધાઓ, આવા ભૂતપ્રેત અને ભૂવાઓની બીકથી આખા સમાજને તેમણે ઉપર લીધો અને સૌને સમજાવ્યું કે આ બાપાની દિવ્ય શક્તિનું કાર્ય છે. ઉપશમ છે. તે બાપા એમના સમયે શમાવી દેશે. તેમ સત્સંગમાં આવતાની સાથે જ આવા વિચિત્ર રીતરિવાજોથી સત્સંગ સમાજને પર કરી દીધો.

પટેલસમાજમાં સ્ત્રીઓની ખૂબ અવદશા પપ્પાજીએ નજરોનજર નિહાળેલી અને તેનું ભરણ પોષણ પિયરમાંથી જ થવું જોઈએ તેવો નિયમ તે વખતે પૈઠણ વગેરે અનેક ખર્ચાઓ-બાળકો જન્મે તો તે સમયે અને આખી જિંદગી મોસાળમાંથી જ તેનું ભરણપોષણ થતું તેવો નિયમ. તેથી પપ્પાજીએ પહેલેથી જ મક્કમ નિશ્ચય કરેલો કે મારે દીકરી જોઈતી જ નથી. તેથી મહારાજે તેમની આ ઈચ્છાને, મનોરથને માન્ય કરીને દીકરી આપી જ નહીં.

તારદેવ આવીને સર્વ કોઈની ભૂમિકા, કક્ષા અને લાચારી, મર્યાદા અને આંતરિક વેદનાઓ, તકલીફો વણકહ્યે પપ્પાજીને સમજાઈ, અનુભવાઈ. પૂ.સોનાબાની દીકરીઓ માટેની આંતરિક ચિંતા. ને દાદુભાઈમાં મહારાજે પ્રવેશ કર્યો ને પપ્પાજીને કહ્યું કે તમે ગોંડલ જાવ છો તો બાપાને જ્યોતિ-તારાનું પૂછતા આવશો ? ને શરદપૂનમે ૩જી ઑક્ટોબર ૧૯૫૨માં યોગીબાપાને પૂછવા ગયા. જે કાર્ય માટે પૃથ્વી પર અવતાર ધારણ કરેલો તે કાર્ય છત્રાયુ થયું. બાપાએ આર્ષ વચનો વહાવ્યાં : 'બહેનો ભગવાન ભજે તો શું ખોટું ? તે કામ તમારે કરવાનું છે.' આ આર્ષ વાણીમાં બે બહેનોની નહીં પણ ગુજરાતમાં વસતી અનેક યુવતીઓ, ગૃહસ્થ બહેનોનાં અંતરની ભાવના - ભગવાન ધારીને ભગવાન પ્રેરિત જીવન જીવીને તે રીતે પ્રત્યેક પળે જીવીને જીવનને અક્ષરધામરૂપ ઘડી દેવું. એ ધન્ય ધન્યભાવમાં જીવન વિતાવવું. તે આંતરિક પોકાર બાપાનાં વચનોમાં ઝીલાયો. અને બે બહેનોમાંથી આજે અનેક સંન્યાસિનીઓ અને

ગૃહસ્થ બહેનો નૂતન રીતે આધ્યાત્મિક સ્વતંત્રતા સાથે ભગવાન માટે, ભગવાનની રીતે અને ભગવાન ધારીને ભક્તિમય પળેપળ જીવતી થઈ ગઈ છે.

એ કાર્યની વિશેષતાઓ અને નૂતન આધ્યાત્મિક યુગનો જન્મ થયો. બહેનો માટે અદ્‌ભુત ક્રાંતિ થઈ ગઈ.

ગુરુહરિ પપ્પાજીને ગૃહસ્થાશ્રમ માત્ર નામનો જ રહ્યો. સંસારમાં રહી, સર્વ જવાબદારીઓ અને કર્તવ્યકર્મો કરીને અખંડ ભગવાનમય રહેવું. એકમાત્ર એની જ જ્ઞાનસમાધિમાં રહી, એનાં જ કાર્યો, એની જ રીતે, એક એની જ પ્રસન્નતાર્થે કરવા તે એક માત્ર જીવનનો ઉદ્યમ રહ્યો.

યુવાનવયમાં જે દઢપણે ઠરાવ કર્યો હતો અને શ્રી અરવિંદોના પુસ્તકોમાંથી અમૂલ્ય જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું જેને જીવનમાં વર્તનમાં મૂકવાનો સમય હવે આવી ગયો છે તેમ માન્યું. જ્યારે કુટુંબનું દેવુ છૂટી ગયું, જમીન ગીરો મૂકી હતી તે પાછી મળી ગઈ, પોતાના ગામ કરમસદ અને મોસાળ નડિયાદના મકાનો પાછા લેવાઈ ગયાં તે રીતે દેશકાળમાં સ્થિરતા અને શાંતિ સ્થપાતા અધ્યાત્મ માર્ગે જવા ડગ ભરવાનો નિશ્ચય કર્યો ને તરત જ પૂ.જોગીમહારાજે સાક્ષાત્કાર કરાવીને જન્મનો હેતુ  આજ્ઞા કરીને સોંપી દીધો.

## સામાજિક, કૌટુંબિક ઉત્થાન

Charity begins at home. તારદેવ જે પોતાનું ઘર હતું તે ભગવાન ભજનારાં બહેનો માટે ખુલ્લુ મૂકી દીધું. પોતાની માતા દિવાળીબા, બેન કમળાબેન, પત્ની પૂ.કમળાબેન, દાદુભાઈના પત્ની લલિતાબેન એમ ચાર સ્ત્રીઓમાં એકતા રખાવતા હતા; તે હવે પૂ.તારાબેન, પૂ.જ્યોતિબેન ત્યાં રહેવા આવતાં છ બેનોમાં એકતા રખાવવાનું જબરજસ્ત કાર્ય હાથમાં લીધું. ચાર ગૃહસ્થ અને બે સાધક બહેનો. જબરું ભજન અને સમતા માંગી લે તેવા સંજોગોમાં પપ્પાજીએ દિવ્ય પ્રીતિ અને ધીરજથી અન્યોન્યમાં એકતા અને સુહૃદભાવ જગાડ્યો.

આ નારીઓના ભાવસભર તંત્ર પર જબરી જીત મેળવી – સાધક

બેનો ગરજ રાખીને મૌનભાવે બધાની સેવા કર્યા કરતાં અને એના ફળ સ્વરૂપે પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થતી રહેતી અને તેઓની સાધનામાં સરળતા અને હળવાશ, પ્રસન્નતા વધતી ગઈ. જે ચાર ગૃહસ્થ બેનોથી અજાણી ન રહી અને તેઓ પણ નમ્રભાવે તેઓની સંગે પ્રીતિભર્યા ભાવથી વર્તન કરવા લાગ્યાં.

## સંપ, એકતા અને સુહૃદભાવની પરાકાષ્ટા

ત્યાં વળી જોગીબાપાએ સમાજમાં એકતા અને સુહૃદભાવની વિશેષ દઢતા કરાવવા કાકાજી-પપ્પાજી અને પૂ.સોનાબાના કુટુંબને આજ્ઞા આપી અને તારદેવના બંને કુટુંબોનું એક જ રસોડે જમવાનું શરૂ થયું. કાકાજી-પપ્પાજી ચરોતરના છ ગામના પટેલ- સમાજના પટેલોમાં ઉચ્ચ જાતિ, જ્ઞાતિ વાદ ટાળ્યો. સોનાબા વીરસદના અમીન. પૂ.સોનાબા, પૂ.લલિતાકાકી અને દીકરીઓ પૂ.ધર્મિષ્ઠાબેન, પૂ.સાધનાબેન, પૂ.ભાવનાબેન એમ પાંચ બેનો ઉમેરાયાં. આ આંતરિક શુધ્ધિકરણની ભઠ્ઠી - જેમાં સ્ત્રીભાવ મૂકાતો. પોતાના હક્ક મૂકાતા અને હઠ, માન, ઈર્ષા ટળતા ગયાં. પોતાના અધિકારો માગતા પહેલા સૌની નજર પોતાની ફરજો પર જતી ગઈ. આ રીતે એકતાની આધ્યાત્મિક ભઠ્ઠી તારદેવમાં શરૂ કરી અને તેનું સર્વ પ્રકારે જતન પોતાની આધ્યાત્મિક દોરવણી અને સ્થિતિને લઈને સૌ સાથે એક સરખી આત્મબુદ્ધિ અને પ્રીતિથી વ્યવહાર કરીને સૌનાં દિલ જીતી લીધાં. અને તેથી જ સૌ બહેનો પપ્પાજીની શું મરજી છે ? અથવા તો પપ્પાજીને આવું નહીં ગમે તો તેવું કરવું નથી જ. તેવો આત્માનો નિશ્ચય કરીને જીવન જીવતા થયાં. આ એક જબરજસ્ત સામાજિક ક્રાંતિ હતી. ભગવાનનો સંબંધ જ જોવાનો અને પોતાને જે જે મળી આવે તે તે સેવા દેહાધ્યાસ છોડીને, દેહાતીત અને ભાવાતીત બનીને સૌ કરતા થયા. ૧૯૫૨થી ૧૯૫૬ સુધીમાં આ રીતે પોતાના ઘરના અને પૂ.સોનાબાના ઘરના એક જ છીએ તેવી કૌટુંબિક ભાવના સંપૂર્ણ ઉદય થઈ ગઈ.

## બૃહદ સમાજમાં પપ્પાજીની પ્રેરક શક્તિથી ચૈતન્યોને શુદ્ધિકરણના માર્ગે દોર્યા

તો વળી ૧૯૫૬માં હંસાદીદી પધાર્યા અને સોનામાં સુગંધ ઉમેરાતા કર્મયોગ શિક્ષિકાનો ચાલુ જ રખાવીને સાધના શરૂ કરાવી. આ નૂતન પ્રણાલિ શરૂ કરી. સાધના કરવાની અને તે વળી કર્મયોગ સાથે ? યુવાન બહેનો સ્વતંત્ર રીતે શાળામાં જાય-આવે અને પાછું આધ્યાત્મિક રીતે જતન કરવાનું તે અટપટુ કાર્ય પપ્પાજીએ શરૂ કરાવ્યું.

## ધર્મ, જાતિના બંધનો હટાવ્યાં

અનેક રીતે પટેલ-બ્રાહ્મણના વર્ણાશ્રમના પ્રશ્નો તો સૂલઝાવ્યા પણ આ તો ભક્તિયોગ નહીં પણ કર્મયોગ! અને તે પ્રમાણે વિવેક, મર્યાદા અને પતિવ્રતાની આંતરિક પ્રેરણા પપ્પાજીએ પોતાના સંકલ્પ ભજનથી જગાડી - અદ્ભુત નિષ્કપટભાવ સ્ત્રીઓમાં ઉગાડવો અને એ રીતે તેઓને સાંભળી, જાણી, દોષને અવગણવાના નહીં ને ટોકવાના કે રોકવાના નહીં પણ અંદરથી ઉજાગર કરવાના તેવી તપશ્ચર્યા પપ્પાજીના દિવ્ય પ્રેમ અને પ્રાર્થનાથી શરૂ થઈ.

આમાં પપ્પાજીની સાધના કંઈ ઓછી હતી ? તો વળી નવો જ આધ્યાત્મ પથ અને નવી જ રીતે સ્ત્રીઓમાં સંપૂર્ણ વફાદારી અને આંતરિક એકતા જગાડી. ક્યાંયે બહાર દેખાતી આજ્ઞા કે દેખરેખ નહીં પણ આંતરિક જાગ્રતતા અને અનુશાસન આ એક ભવ્ય સમાજસુધારણા જ હતી ને પપ્પાજી કહેતાઃ પહેલાં એકાંતિકોને તૈયાર કરું છું અને તેઓ એવા ગુણાતીત સ્થિતપ્રજ્ઞતામાં રહેતા થશે કે પછી એમના હાથ નીચે અનેક ચૈતન્યો આ માર્ગે સુખે સુખે આગળ વધતા રહેશે.

## અનાદિ અક્ષરમુક્તોને ચૈતન્યોનું અધુરું પૂરું કરવા ગ્રહણ કર્યા.

## સમાજના આંતરિક શુદ્ધિકરણની શરૂઆત

૧૯૫૯માં પૂ.લક્ષ્મીદેવી પધાર્યા જે વકીલ હતાં અને એલ.આઈ. સી.ની ઑફિસમાં ઊંચી પદવી પર નોકરી કરતાં હતાં. અને તેઓ પણ દૃઢ નિશ્ચય કરીને તારદેવમાં સાધના કરવા આવી ગયાં. તો તેઓની નોકરી પણ ચાલુ રખાવી અને કર્મયોગના માર્ગે સાધના કરાવી રહ્યા.

સંકલ્પની એવી જબરજસ્ત રખવાળી અને પ્રેમ, પ્રાર્થનાની દોરીથી એવા બધા ચૈતન્યોને પપ્પાજીએ બાંધ્યા હતા કે કોઈ જ વિટંબણા આવી નહીં. તે બહેનોની કોઈ અંગત ફરિયાદ નહીં. સામાજિક પ્રશ્નો તો ચાલ્યા કરે પણ સાધકનો દૃઢ ઠરાવ – તેથી આ બધી મુશ્કેલીઓ મુશ્કેલી લાગતી નહીં. ભક્તિયોગના માર્ગે તો સરલ સાધના કરાવીને એ યુગમાં પપ્પાજીએ અદ્‌ભુત આધ્યાત્મિક ક્રાંતિ કરાવી. એક સાથે ૧૨-૧૨ બહેનોનું શુદ્ધિકરણ અને સ્વભાવ, પ્રકૃતિ અંદરોઅંદર સહેજ સહેજ અથડાતા કરમાતા અને પપ્પાજીની પ્રત્યક્ષ હાજરીથી એ સર્વે પાછા વળી જતા, ખીલી જતા અને સુહૃદભાવને એકતાના તાંતણે પાછા આધ્યાત્મિક આનંદમાં આવી જતાં. નારીઓને એક રાખીને પ્રગતિ કરાવવી તે અશક્ય કાર્ય પપ્પાજીએ ૧૯૫૨ થી ૧૯૬૬ સુધીમાં શક્ય કરી દીધું.

આ એક સામાજિક સેવા જ કહેવાયને ! તમે શેને સમાજ ગણો? એક એક વ્યક્તિમાં સ્વતંત્ર રીતે પ્રભુની વફાદારી અને આંતરિક જાગ્રતતા, વિવેક, નમ્રતા અને અન્યોન્યને સ્વીકારવાની તૈયારી આવી જાય, જતુ કરવાની ભાવના, સામાને રાજી કરવાની ઈચ્છા અને સામે તે વ્યક્તિ નથી પણ મહારાજે મોકલેલ મુક્ત છે તેવી ભાવનાથી એને માન અને પ્રેમ આપી સેવા કરીને જીતી લેવાની ટ્રેનીંગ પપ્પાજીએ આપી.

એક એક વ્યક્તિ જો આ રીતે જીવન જીવે તો તે સમાજની સુધારણા જ કહેવાયને ! રૂપાંતર પ્રથમ પોતાના ઘરમાં, પૂ.સોનાબાના ઘરમાં અને પછી આવેલ નૂતન સાધક બહેનોમાં ! આવી ચૈતન્યોના શુદ્ધિકરણની ભઠ્ઠીઓ તારદેવમાં ચાલતી હતી. તેમાં કોઈ દાઝે નહીં, તાપ ધીમો પડે નહીં અને સૌ કોઈ પોતપોતાના સ્વધર્મમાં રહીને પપ્પાજીને અંતર્યામી માની પોતાના ગમતાનો અર્ઘ્ય આપતાં રહ્યાં તે જ પપ્પાજીની જવલંત જીત બની. અને એકાંતિકો તૈયાર થઈ ગયા. ગુણાતીત સમાજના નારી રત્નોને તૈયાર કરવાનું કાર્ય સંપૂર્ણ થયું. તે પછી એ જ ધરા પર તારદેવમાં અન્ય બાર બહેનો પધાર્યા. જેઓ આ ચાર બેનોના હાથ નીચે આધ્યાત્મિક દોરવણી પામીને પ્રગતિના

પથ પર સુખ, શાંતિથી ચાલતાં થયાં.

## સામાજિક કાર્યમાં પ્રધાન કાર્ય સ્વચ્છતા

એ દરમ્યાન તારદેવમાં સ્વચ્છતા પર ધ્યાન અપાતું. દરેક વસ્તુની ગોઠવણી, વ્યવસ્થા ભક્તિભાવે થતી. એકવાર જમવામાં વાળ આવતાં પપ્પાજીએ વાળ ઓળીને કાંસકામાંથી વાળ કાઢીને કાગળની પડીકી બનાવીને કચરાપેટીમાં નાંખવાની શિસ્ત શીખવી જે આજ સુધી ગુણાતીત જ્યોતમાં તે અમલમાં છે. અને સાધુઓનું જીવન જોઈને ગૃહસ્થો પણ આ રીતે વાળની પડીકી કરતા થયા. આ નાનીસૂની સૂઝ પણ સમાજ સુધારણા જ છે ને !

## સાદગી

સાદગી એ આદર્શ માનવની શોભા છે. અહીં રહેનાર દરેક વ્યક્તિ જાણે અજાણે ભક્ત, મુક્ત બની ગયા અને જીવનની જરૂરિયાતો ઓછી થતી ગઈ. દેશકાળની ઘેરી છાયામાં જ્યારે ત્યારે, જેવું તેવું, જેમ તેમ, વસ્ત્રોમાં, ખોરાકમાં, વ્યવહારમાં આનંદથી સ્વીકારાતું થયું. એકમેકને અર્થે પોતે જતુ કરે. રસોઈમાં શાક ઓછું હોય તો – 'મને નથી ભાવતું.' કહીને બીજાને માટે બચાવી રાખે. કપડામાં ૧૫-૧૭ નાના નાના રફુ તો સ્હેજે હોય જ. ગુજરાતી સાડી પહેરવાનો વણકહ્યો નિયમ સૌ પાળવા લાગ્યા. બેંગાલી સાડીની ફેશનનો ભાવ મનમાં આવ્યો જ નહીં. દાગીના, અલંકારોની કોઈ જરૂરિયાત લાગી નહીં અને સાદગીમાં દિવ્યતાની આભા પ્રસરવા લાગી. મોં પર સ્મિત અને સમતા.

## સમાજ સુધારક સ્વરૂપે...

અત્યાર સુધી આપણે જે જે વાત કરી તેમાં ટૂંકમાં જ પપ્પાજીએ મોમ્બાસાનાં ચૌદ વર્ષમાં સાત્વિક અને વિરાટનારાયણરૂપે વર્તીને એ સમયે સમાજ માટે જે જે જરૂરી હતું તે અને વિશેષ કરીને બાળકોમાં સંસ્કાર સિંચન પોતે પોતાના વર્તનથી કર્યું.

પછી તારદેવ પધારી, સાક્ષાત્કાર પછી જે નૂતનક્રાંતિ બ્ર.સ્વ. યોગીજીમહારાજને કરાવવી હતી તેમાં ચાહોમ કરીને સંપૂર્ણપણે તન, મન, ધન, કુટુંબ, પરિવાર સહ કુરબાની કરી અને શિરસાટે અનેક

વિધ વિરોધોનાં વંટોળની સામે નારી જાતિના સર્વ પ્રકારના ઉત્થાન માટે હોમાયા. તેમાં નારીઓની સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ક્રાંતિ કરી. સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ એક નવું જ કાર્ય નિષ્કામી પુરુષ સિવાય કોઈ જ કરી ન શકે. તેવા અશક્ય કાર્યમાં સર્વોપરી શ્રીજી સ્વરૂપ યોગીજીએ પપ્પાજી પૂર્ણપણે નિષ્કામી છે તેવું આત્મદર્શન કરેલું હતું. તેથી જ તત્કાળ આ કાર્યની સોંપણી થઈ. આપણે આગળ જોયું એમ તારદેવના એમના પોતાના જ ઘરને મંદિર બનાવી ૧૫-૧૬ સાધક બહેનોને રહેવાનો અને સર્વે પ્રકારના આશ્રય આપીને પ્રેમ, પ્રાર્થના અને સ્વવર્તનના પ્રકાશથી સામાન્ય લાગતી નારીઓને પ્રતિપળે અંતર્યામીપણે આંતરિક દોરવણી – પ્રેરણા આપી અને તેઓમાં સહજભાવે વફાદારી અને નિષ્કપટભાવ ઉદય કરાવી દીધો.

એ સમયના કપરા આર્થિક દેશકાળમાં વગર ફરિયાદે અને કોઈ જ અપેક્ષા રાખ્યા વિના જ સર્વે કુટુંબીજનો, સાધક બહેનો એકમેકમાં રસબસ થઈને જીવતા ગયાં. જેના ફળસ્વરૂપે તેઓમાં પંચવર્તમાનેયુક્ત સંતતા પ્રગટતી ગઈ.

સોનામાં સુગંધ ભળે તેમ તેમાં પપ્પાજીનાં ધર્મપત્ની પૂ.કમળાબેને પણ એક સાધકની અદાથી ઝૂકાવ્યું અને અંતરમાં પપ્પાજીમાં પ્રભુનો ભાવ પ્રગટી ગયો. જેથી આ અજોડ અને અદ્વિતીય કાર્યમાં તેમનો સાથ કલ્પનાતીત છે. ઈતિહાસમાં ધર્મગુરુઓ કે ક્રાંતિકારી યુગપરિવર્તન કરાવનાર વિરલ પુરુષોનાં ધર્મપત્નીઓનો લગભગ સાથ ન હોય, એક અલગાવ રાખીને તેઓ જીવતા હોય. મને-કમને તેમાં ભળતા હોય તેવું જોવા મળ્યું છે. જ્યારે ‘ન ભૂતો ન ભવિષ્યતિ’ કમળાબેન આ બહેનોના કાર્યમાં સહર્ષ ભળીને બધાં જ બહેનોને પોતાની દીકરીઓ જેવી માનીને, પતિની સાથોસાથ મદદકર્તા બનીને  અદ્‌ભુત જીવન જીવતાં.

તારદેવમાં જે જે હરિભક્તો સેવા, સમાગમ માટે આવતા તેઓનાં ધર્મપત્ની, બાળકો વગેરેને પણ લૌકિક, વ્યવહારિક, સામાજિક મદદ અને પ્રેરણા આપીને તેઓના ઘર અને દેહને મંદિર બનાવવાની શરૂઆત

કરી. બાળમંડળ, કિશોર મંડળ, યુવક મંડળ, ગૃહસ્થ મંડળ, આશિષ મંડળની વિશેષ રચનાઓ થઈ અને વારેવારે તેઓ તારદેવ પધારી વ્યવહારિક સમજ અને ભક્તિ, પ્રાર્થનાના ઉપાયો વગેરે જીવંત દાખલા પામીને, અનુભવીને જીવન જીવતા થયા. નાનો તો નાનો પણ આદર્શ સમાજનું સર્જન થયું. ૧૯૫૨થી શરૂ થયેલ આ ઉત્થાન ૧૯૬૬માં તારદેવથી ગુજરાત - વિદ્યાનગરમાં પધાર્યા તેના ચૌદ વર્ષની ફલશ્રુતિ છે. બાળકોના અભ્યાસમાં પણ ખૂબ ધ્યાન અપાતું. પૂ.હંસાદીદી, પૂ.હેમાબેન ભટ્ટ, પૂ.દયાબેન વગેરે બાળકોને અંગત કેળવણી, ટ્યુશન આપતાં અને પ્રગતિ કરાવતાં. ગૃહસ્થોની ગરીબાઈમાં પણ તારદેવથી ખૂબ મદદ થતી અને તેઆની સર્વ પ્રકારે બીમારીમાં સેવા-સુશ્રુષા અને દેખભાળ પપ્પાજી સ્વયં રાખતા અને પૂ.સોનાબા પોતાના ઘરે રાખીને તેઓના ખાવા-પીવાની અન્ય કોઈ વ્યવસ્થા સ્વયં કરતા. તેથી ગૃહસ્થ સમાજમાં અનન્ય એકતાનો આત્મીયભાવ ઉદય થયો.

એ રીતે હરિભક્તોને તનની સર્વે સુખાકારી ને સુવિધા આપીને તેઓના જીવમાં સત્પુરુષ સાથે આત્મબુદ્ધિ અને પ્રીતિ ઉદય કરાવીને જીવમાં પ્રતીતિ કરાવતા કે આ મારા ગુણાતીત ગુરુ છે. અને યોગીજીમહારાજ સ્વયં મારા સર્વોપરી શ્રી સ્વામિનારાયણ ભગવાનનું પ્રત્યક્ષ સ્વરૂપ છે તેવી નિષ્ઠા અને અનુભૂતિ ને પ્રતીતિ થતી ગઈ.

એવું જ બાલિકા મંડળ. સત્સંગી કુટુંબમાં જે જે દીકરીઓ હતી તેઓને સંસ્કાર અને આદર્શ જીવન જીવવાની પ્રેરણા મળે તે રીતે સર્વ પ્રકારે જાળવણી થતી રહી. શિબિરો અને આનંદબ્રહ્મ, દરેક ઉંમર પ્રમાણે વિભાગીય સભાઓ, શિબિરો થતા ગયાં અને તેઓમાં ભક્તિની ભાવના ઉદય કરાવી શ્રી સ્વામિનારાયણ મંત્રની સર્વોપરિતા અને બોલવા, જપવાથી જે પરિણામો આવે છે તેના તેઓના જીવનના સર્વે કક્ષાએ અનુભવો કરાવ્યા અને નિષ્ઠા ઉદય કરાવી.

જ્યારે જ્યારે ગણેશપુરી, વરસોવા, લોનાવાલા વગેરે વગેરે તીર્થધામોમાં શિબિરો થઈ ત્યારે ત્યારે સાધક બહેનો તો ખરા જ પણ ગૃહસ્થ હરિભક્તોને પણ તેનું સિંચન કરાતું અને ગૃહસ્થોને પણ એકત્વનો ભાવ રહેતો. ત્યાગી કે ગૃહી તેમાં કાંઈ ભેદ નથી.

જેને જે આધ્યાત્મિક સ્થિતિએ પહોંચવું હશે ત્યાં પહોંચાશે. ગુરુહરિ પપ્પાજી, કાકાજી, સોનાબાએ પોતાના જીવન ઉદાહરણથી તેઓને સેવા-ભક્તિની સૂઝ, સમજ આપીને અનુભવ કરાવ્યા કે અંતર ટાઢુ ને શુભ સંકલ્પ થઈ જાય તે જ આ સત્સંગમાં મોટેરો સંત. એ રીતે મુંબઈના વિવિધ મંડળોમાં સર્વે કક્ષાએ, સૌને સાથે લઈને સહુનો વિકાસ કરવાની સામાજીક ક્રાંતિ શરૂ થઈ ગઈ.

બાહ્ય દેખાતી ગરીબાઈ, અમીરાઈ, ભણેલા, વધુ ભણેલા કે ન ભણેલા તેનો કોઈ ભેદ ન રાખતા, તેથી સૌ કોઈને સમાનભાવે પ્રેમ અને સન્માન અપાતા. ધર્મ-જ્ઞાતિના ભેદ પણ વિસરાઈ ગયાં. વર્ણાશ્રમના ધર્મોના રૂઢિચુસ્ત નિયમોને છોડીને એકાંતિક ધર્મના નિયમોને તારદેવમાં પ્રચલિત કર્યા. સર્વના જીવનમાં એ જ એક ઉત્થાન રહ્યું. પટેલની જ્ઞાતિ તેમાં હંસાબેન, હેમાબેન બ્રાહ્મણ, લવાણા પૂ.શાંતાબેન પોપટ, વણિક પૂ.શોભનાબેન ગાંધી, પૂ.દયાબેન ગોસર એ પણ જ્ઞાતિ ભૂલીને એકમના થઈને ‘હું ભગવાનની અને બ્રહ્મ અમારી જાતિ છે, બ્રહ્મ અમારી જ્ઞાતિ છે.’ ધાર્મિક ભેદો છોડવા એ કાળમાં પણ ખૂબ અઘરા હતા. પણ સર્વમાં સમાનભાવે સમન્વયપૂર્વક એકાત્મકતાથી પપ્પાજી, સોનાબા વર્તન કરતા. તેથી સૌ કોઈ જ્ઞાતિભેદ ભૂલી ગયા. તો તેવું જ સર્વે હરિભક્તોમાં પણ મનાઈ ગયું.

ગરીબ અને તવંગરના ભેદ અંદરથી ભૂલાઈ ગયા. કારણ કે સૌને પપ્પાજી, યોગીજી સંગે પ્રીતિ હતી અને એકમના થઈને જીવવાની આંતરિક શક્તિ ઉદય થઈ ગઈ. ખૂબ ભણેલા કે ઓછું ભણેલા તેનો કોઈ ભેદ ક્યારેય નહીં; બ્રહ્મવિદ્યા ભણવી છે અને તેમાં જેની સેવકભાવના ને નિષ્ઠાભક્તિ વિશેષ તે સાચો અમીર છે. અને તેનાં જ વિશેષ ગુણાનુવાદ થતા.

સ્ત્રીભાવથી બહેનોને પર કરવાનો ઉદ્યમ – તો સાથે રાખીને સરખે સરખા પ્રેમથી રહેતા. ગુરુહરિ પપ્પાજીના આધ્યાત્મિક જતનમાં જ હઠ, માન, ઈર્ષા ધોવાતા જતાં. અને સાધક તરીકે સ્ત્રી-પુરુષની મર્યાદામાં અચૂક રહેતા થઈ ગયા.

ગુણાતીત જ્યોત
પપ્પાજી માર્ગ
વલ્લભ વિદ્યાનગર – ૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત